ભક્તિનું ભાથું ભાગ-૨

આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત

# કલ્યાણમંદિર સ્તોત્ર

(ઉપક્રમ-અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-સમાસાદિ સહિત)



ભક્તિનું ભાથું ભાગ-૩

# ચતુર્વિંશતિ જિન સ્તુતિ

(સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા સહિત)

::: સંયોજક-વિવેચક :::

મુનિ રત્નવલ્લભવિજય

# સાધારણની રકમના લાભાર્થી

## શ્રુતસ્તંભ



સુશ્રાવક
શ્રી કાંતિભાઈ કચરાલાલ શાહ
લેખક મુનિરાજના સંસારી પિતાશ્રી



સુશ્રાવિકા
જયકોરબેન કાંતિભાઈ શાહ
સંસારી માતુશ્રી



હસ્તે રમીલાબેન કાંતિલાલ શાહ
માસી

માતાએ ધર્મના સંસ્કાર આપ્યા, ઉદારમના પિતાએ સંયમની અનુમતિ આપી, પરિવારે સહકાર આપ્યો. પૂ. ગુરુમાનો અનુગ્રહ અને પ્રભુની કૃપાથી મળેલ સંયમજીવન વિશુદ્ધ બની રહે એ જ અભિલાષા...

આપના ઔદાર્યપૂર્ણ આર્થિક અનુદાનની
ખૂબ...ખૂબ...ખૂબ અનુમોદના.

ભવઅટવીમાં ભટકતાં ભૂખ્યા ભવ્ય જીવોને માટે

# ભક્તિનું ભાથું ભાગ-૨

આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત

# કલ્યાણમંદિર-સ્તોત્ર

(ઉપક્રમ-અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-સમાસાદિ સહિત)

# ભક્તિનું ભાથું ભાગ-૩

# ચતુર્વિંશતિ જિન સ્તુતિ

(સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા સહિત)

આ પુસ્તકનું પ્રકાશન જ્ઞાનખાતાની રકમમાંથી થયેલ હોવાથી
સાધુ-સાધ્વી અને જ્ઞાનભંડાર સિવાય બીજા કોઈએ માલિકી કરવી નહીં.

**::: સંયોજક-વિવેચક :::**
યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ
પંન્યાસપ્રવર **શ્રી ચન્દ્રશેખરવિજયજી** મહારાજાના
શિષ્ય **મુનિ શ્રી રત્નવલ્લભવિજય મ.સા.**

**::: પ્રકાશક :::**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ, આનંદનગર,
પોસ્ટ ઓફિસ પાસે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
Phone

પુસ્તક : ભક્તિનું ભાથું ભાગ-૨...કલ્યાણમંદિર-સ્તોત્ર
(ગુજરાતી વિવેચન સહિત)
ભક્તિનું ભાથું ભાગ-૩...ચતુર્વિંશતિ જિન સ્તુતિ
(સંસ્કૃત ટીકા સહિત)

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦

© સર્વાધિકાર સુરક્ષિત

મૂલ્ય : ૮૫/-

મુદ્રક : મન ગ્રાફિક્સ, સુરત.
મો. ૯૨૬૫૭ ૩૧૨૦૨

...પ્રાપ્તિસ્થાન...

**૧) અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ (સંસ્કૃતિ ધામ)**
સુભાષ ચોક, મેઈન રોડ,
લક્ષ્મીભુવનની બાજુમાં, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૯૩૩૭

**૨) અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
એ-૧૦૨, ચંદનબાળા કોમ્પ્લેક્ષ,
આનંદનગર પોસ્ટઓફિસ પાસે,
ભટ્ઠા, પાલડી, અમદાવાદ
જશવંતભાઈ ૯૯૦૯૫ ૫૪૬૪૨

**૩) વર્ધમાન સંસ્કારધામ**
૬/૨, મહાવીરનગર, શોપ નં. ૪,
શંકરલેન, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.
સમય : ૯ થી ૧૨, સાંજે ૪ થી ૮
ફોન : ૦૨૨ ૨૮૬૧૯૫૩૨

**૪) જનકભાઈ પંડિત (પાઠશાળાના સાહેબ)**
આદિનાથ જૈન સંઘ
નવસારી
મો. ૯૫૩૭૨ ૭૧૨૦૧

**૫) પ્રકાશભાઈ ડી. શાહ**
P.D.Enterprise
EC-1100, BDB, BKC,
બાંદ્રા, (ઈસ્ટ), મુંબઈ
મો. ૯૯૬૭૫ ૪૫૨૭૩

**૬) આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધનાભવન** (ફક્ત જ્ઞાન ખાતા માટે)
ગોપીપુરા, સુભાષચોક, સુરત.
**સેવંતિભાઈ એ. મહેતા**
**મો. ૯૮૨૪૧ ૫૨૭૨૭**

# પ્રાસ્તાવિકમ્

પ્રાચીનકાળથી સાહિત્યમાં સ્તુતિ-સ્તોત્ર-સ્તવ-સ્તવનોનું આગવું મહત્ત્વ છે અને તેની પરંપરા ચાલી આવે છે. સામાન્યથી સ્તોત્રાદિ શબ્દો એકાર્થક છે અને તે **સ્તુ** ધાતુ ઉપરથી બનેલા છે. તેનો અર્થ છે 'ગુણોનું કીર્તન' કરવું. દરેક દર્શનોમાં આનો પ્રવાહ ચાલતો આવ્યો છે.

જૈનદર્શનમાં પણ સ્તોત્ર-સ્તવાદિરૂપ કાવ્યોની પરંપરા અવિરત ચાલુ છે. સ્તોત્રનું મહત્ત્વ જણાવતાં જ્ઞાનીઓ કહે છે -**'पूजा कोटिसमं स्तोत्रम्'** = દ્રવ્ય-પૂજા કરતાં સ્તોત્રપાઠરૂપી ભાવપૂજા ઘણી ચઢીયાતી છે. આ ભાવવાહી સ્તોત્રને જો અર્થસહિત-અર્થમાં ઉપયોગસહિત બોલાય તો તે પરમ આત્મિક-આહ્લાદનું કારણ બને છે. પુણ્યાનુબંધીપુણ્ય અને કર્મક્ષયનું કારણ બને છે. પરમાત્માનું સ્તોત્રબોલતાં પરમાત્માના ગુણોનું સ્મરણ થાય છે અને તેથી મોહનીય કર્મ શિથિલ થવાથી સ્વમાં પરમાત્માના ગુણોની આંશિક અનુભૂતિ થાય છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે, 'સૂત્ર-અર્થ-તત્ત્વ કરી સદ્દહું'. ફક્ત સૂત્ર ગોખી લેવાથી સંતોષ ન મનાય. સૂત્ર ગોખ્યા પછી અર્થને પણ જાણવો આવશ્યક છે. તેથી સૂત્ર-સ્તોત્ર બોલનારને વિશિષ્ટ શુભ ભાવો જાગ્રત થાય છે. એકાકારતા આવે છે. જ્ઞાનીઓ કહે છે કે, ગોખવું એટલે ખેતરમાં પાક (ફસલ)નું તૈયાર થવું. જ્યારે અર્થનું જ્ઞાન કરવું એટલે તે તૈયાર થયેલા પાકને લણીને, તેને સાફ કરી, દળાવી, કણક બાંધી, તેમાંથી રસોઈ તૈયાર કરીને ભોજન કરવું. તેનાથી તૃપ્તિ થાય. ભોજન કરે છે તે પાકનું ફળ મેળવે છે. આમ સૂત્ર એટલે ફસલ, અર્થ એટલે ભોજન અને અર્થના પરિશીલનપૂર્વક તત્ત્વનું (હેય-જ્ઞેય-ઉપાદેયરૂપે) પરિણમન થવું તે તૃપ્તિ છે. કમસે કમ અર્થ તો જાણવો જોઈએ.

પ્રસ્તુતમાં પણ ભક્તિનું **ભાથું ભાગ-૨** રૂપે **કલ્યાણમંદિર** સ્તોત્રનો અર્થ પ્રસિદ્ધ કરાય છે. પૂર્વે ભક્તામર સ્તોત્રના અર્થનું ભક્તિનું ભાથું ભાગ-૧ રૂપે પ્રકાશન થયેલ છે. સૂરતમાં મારી સ્થિરતા દરમ્યાન એક જિજ્ઞાસુ યુવક મારી પાસે ભણવા માટે આવતો હતો. આ યુવાન પ્રશ્નોત્તરી દ્વારા સૂત્રનો અર્થ ખૂબ ચોક્કસ થાય ત્યારે જ સંતોષ પામતો. સીધો અર્થ ન બેસે ત્યારે ટીકાઓ-શબ્દકોષો વગેરે આધારે બેસાડતો. આ યુવાને મને વારંવાર આ સ્તોત્રોના અર્થ લખવા આગ્રહભરી વિનંતી કરી તેથી હું આ સ્તોત્રના અર્થનું સંયોજન કરવા પ્રેરાયો છું.

જો કે ભૂતકાળમાં અનેક પુસ્તકો દ્વારા પ્રસ્તુત સ્તોત્રના અર્થો પ્રગટ થયા છે. પરંતુ, અહીં મુખ્યત્વે ટીકાઓનો આધાર લઈને અર્થની સંયોજના કરી છે. વળી, ઉપક્રમ (અવતરણિકા)-ગાથા-અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-વિશેષાર્થ સમાસાદિ વિભાગપૂર્વક સંયોજન કરેલું છે. જે અતિ વિસ્તારરૂપ નથી અને ફક્ત સૂત્રનો સામાન્ય અર્થ કરવા રૂપે અતિ સંક્ષિપ્ત પણ નથી. કિંતુ, મધ્યમ વિસ્તારરૂપે છે. ખાસ કરીને અભ્યાસપ્રેમીઓ, અભ્યાસકોને ધ્યાનમાં રાખીને આ અર્થ-સંયોજના કરી છે. છતાં દરેકને ઉપયોગી થઈ શકે છે.

આ રચનામાં પ્રસ્તુત સ્તોત્રના અર્થને સ્પષ્ટ કરવા માટે પ્રયાસ કરેલો છે. સાથે ક્યાંક ક્યાંક વિવેચન પણ કરેલું છે. વાચકો વધુમાં વધુ પ્રભુમય બને એ રીતે કંઈક વિવેચન કરવા પ્રયત્ન કરેલો છે.

આ સાથે **ભક્તિનું ભાથું** ભાગ-૩ રૂપે **'ચતુર્વિંશતિ જિન સ્તુતિ'** એટલે કે ચોવીશ ભગવાનની સ્તુતિઓ પણ પ્રગટ થઈ રહી છે. આ સ્તુતિઓ સંસ્કૃતમાં છે. તે દરેકનો ગુજરાતી ભાવાર્થ અને સંસ્કૃત ટીકાની પણ રચના દેવ-ગુરુની કૃપાથી થવા પામી છે. પ્રભુભક્તિ દ્વારા પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત થાય એ જ આશય છે.

આ કાર્યમાં મારા અનંતોપકારી **યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ પંન્યાસપ્રવર ગુરૂમા શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.**ની અવ્યક્ત દિવ્યકૃપા જ કારણભૂત છે. તેઓશ્રી આવા કાર્યની મને પ્રેરણા આપતાં. માટે જ આ કાર્ય કરતાં તેઓનું પરોક્ષ સાંન્નિધ્ય અનુભવાય છે.

આ કાર્ય નિમિત્તે મને પણ સ્તોત્રનો, સંસ્કૃત ટીકાઓનો સ્વાધ્યાય થયો તે આનંદપ્રદ બન્યો છે. પ્રાન્તે, આ પ્રકાશનમાં કાંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો અધિકૃત વિદ્વાનો ધ્યાન દોરશે તો સુધારી લેવાશે. એ જ.

આ કૃતિ સ્વ-પર સૌને 'ભક્તિનું ભાથું' બનીને મોક્ષમાર્ગમાં સહાયક બને એ જ અભ્યર્થના.

યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ
પંન્યાસપ્રવર **શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજાના શિષ્ય**
**મુનિ રત્નવલ્લભવિજય**

શ્રી દિવાળીબાગ જૈન સંઘ, સુરત.
સંવત ૨૦૭૪, માગસર સુદ-૧૧

આચાર્ય શ્રી આત્મ-કમલ-વીર-
દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-
ચંદ્રશેખરસદ્ગુરુભ્યો નમઃ

સૂરિપ્રેમ સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી ત્યાગ-બ્રહ્મચર્ય નિમિત્તે

# સાદર સમર્પણમ્

જેમણે...

પ્રચંડ વૈરાગ્યથી સંયમનું ગ્રહણ કર્યું...
નિષ્કપટભાવે જીવનને ગુરુને ચરણે સમર્પિત કર્યું...
અપ્રમત્તભાવે સ્વાધ્યાયના રંગે સ્વને રંજિત કર્યો...
તેમજ જેઓ...
નિર્મળ પુણ્ય, વિરાટ વાત્સલ્ય અને સચ્ચારિત્રના પ્રભાવે,
જ્ઞાની-ધ્યાની-તપસ્વી-શાંત-દાંત-સંયમી-પ્રભુભક્ત
વગેરે સ્વરૂપે ગુણવાન અને
શાસનપ્રભાવક-પ્રવચનકાર-વક્તા-લેખક-કવિ-તર્ક-
શાસ્ત્રનિપુણમતિ વગેરે સ્વરૂપે પુણ્યવાન સેંકડો
મુનિવરોના સર્જનના શિલ્પી બન્યા
તે
સચ્ચારિત્રચૂડામણિ, બ્રહ્મચર્યસમ્રાટ, કર્મસાહિત્યનિપુણમતિ
દાદાગુરુ

**આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

ના કરકમલમાં
આ પુસ્તક-પુષ્પને સાદર સમર્પિત કરું છું.

- મુનિ શ્રી રત્નવલ્લભવિ.

# ભક્તિયોગાચાર્ય પ.પૂ.આચાર્ય
# શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજાની આશીર્વર્ષા

॥ દેવાધિદેવ પરમ તારક શ્રી ઋષભદેવસ્વામિને નમઃ ॥

॥ સદ્ગુરુદેવ શ્રી સિદ્ધિ-વિનય-ભદ્ર-વિલાસ-ૐકાર-ભદ્રંકર-અરવિંદસૂરિભ્યો નમઃ ॥

## આચાર્ય યશોવિજયસૂરિ

4/1

આત્મીય

મુનિપ્રવર શ્રી

રત્નવલ્લભ વિજયજી,

સાદર અનુવંદન.

ભક્તિ વિષયક સુચારુ સંપાદન બદલ હાર્દિક આશિષ.

પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ ભક્તિ પદારથની સરસ વ્યાખ્યા આપતાં કહે છે:

'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો...'

ભક્તિ એ છે, જે અનુભૂતિ ભણી ભક્તને લઈ જાય.

'રામચરિત માનસ'માં એ અનુભૂતિની વાતો આ શબ્દોમાં આવી:

'કરત ભક્તિ મમ પુલક શરીરા,
ગદ્ ગદ ગિરા, નયન બહે નીરા.'

ભક્તિ કરતાં શરીરે રોમાંચ પ્રગટે, કંઠે ડૂસકાં પ્રગટે અને આંખોમાંથી અશ્રુધારા પ્રગટે ....

ભક્તિયોગાચાર્ય પૂજ્ય રામવિજય એક ડગલું આગળ વધે છે: 'સુણતાં જન મુખ પ્રભુની વાત, હરખે મારા સાતે ધાત...'

પ્રભુના ગુણો સાંભળતાં, ભક્તિ કરતાં મારા લોહી, માંસ અને ચરબી સુધી સુખની અનુભૂતિ પ્રસરે છે.

ધી..

...જ્ઞાનખાતાની રકમના લાભાર્થી...

# શ્રી
# શત્રુંજય-સુમેરૂ
# શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

પાલ, સુરત.



**શ્રી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ**

**દિવાળી બાગ, નાનપુરા, સુરત.**

**શ્રી સેઈન્ટ પાર્ક જૈન સંઘ**

**અડાજણ, સુરત.**

આપની શ્રુતભકિતની ખૂબ ખૂબ અનુમોદના

# સ્તોત્રકાર આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજીના જીવનની ઝલક

જિનશાસનરૂપી ગગનમાં સૂર્ય સમાન આચાર્યશ્રી **સિદ્ધસેનદિવાકર-સૂરીશ્વરજી મહારાજ** એક અતિવિશિષ્ટ પ્રતિભાવંત, શાસનપ્રભાવક, પ્રકાંડ વિદ્વાન આચાર્ય થઈ ગયા. તેઓશ્રી અદ્‌ભૂત કવિત્વ શક્તિ તેમજ વાદલબ્ધિ ધરાવતા હતા. પ્રભુ મહાવીરના શાસનની પરંપરામાં થયેલાં પ્રથમ હરોળના ૫-૭ વિશિષ્ટ પ્રભાવકોના નામ લઈએ તો તેમાં આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકર-સૂરિજીનું નામ અવશ્ય આવે એમ લાગે છે. આમ તો તે તે કાળે થયેલ ધુરંધર મહાત્માઓ - યુગપ્રધાન આચાર્યો અતિ વિશિષ્ટ જ હતાં. પણ અત્યારે પણ લોકમુખે જલ્દી ચઢી જાય એવા નામોમાં તેઓનું નામ જરૂર આવે છે.

આપણે ત્યાં પાટ પરંપરામાં છ જ શ્રુતકેવલી (ચૌદ પૂર્વોને ધારણ કરનાર) થયા છે. છેલ્લાં **આ.સ્થૂલભદ્રસૂરિજી** થયા. તે પછી કોઈ શ્રુતકેવલી થયા નથી છતાં પણ સૂરિપુરંદર **આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે પણ **'પંચવસ્તુક'** ગ્રંથમાં તેઓને શ્રુતકેવલી તરીકે બિરદાવ્યા છે. તેમણે કહ્યું છે કે-

**भण्णइ एगंतेणं, अम्हाणं कम्मवाय णो इट्ठो ।**
**ण य णो सहाववाओ, सुअकेवलिणा जओ भणियं ॥१०४७॥**
**आयरिय सिद्धसेणेण, सम्मईए पइट्ठियजसेण ।**
**दूसम-णिसादिवायर-कप्पत्तणओ तदक्खेणं ॥१०४८॥**

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી જેવી વિરાટ પ્રતિભા પણ તેમને **'શ્રુતકેવલી'** અને દૂષમ આરારૂપી રાત્રિમાં સૂર્યસમાન જણાવે છે તે તેઓની વિરાટ પ્રતિભાને ઝંકૃત કરે છે.

તેઓએ દર્શન-પ્રભાવક ગ્રંથ કહી શકાય એવા 'સન્મતિતર્ક' પ્રકરણની રચના કરી છે. જે ગ્રંથને ભણવા માટે ગીતાર્થ ગુરુની સમ્મતિથી યોગ્ય સાધુને જો એવા ક્ષેત્રમાં જ રહેવું પડે જ્યાં શુદ્ધ આહાર ઉપલબ્ધ ન હોય તો જયણાપૂર્વક અકલ્પ્ય આધાકર્માદિનું સેવન કરે તો પ્રાયશ્ચિત ન આવે એમ નિશીથસૂત્રની ચૂર્ણિમાં **શ્રીજિનદાસગણિ મહત્તરે** કહ્યું છે. આવા જુજ દર્શન પ્રભાવક ગ્રંથોમાં દ્રષ્ટાંત તરીકે તેમણે **'સન્મતિતર્ક'** ગંથનો ઉલ્લેખ કરેલો છે. આથી આવા વિશિષ્ટ ગ્રંથના રચયિતા **આચાર્યશ્રી સિદ્ધસેનસૂરિજી** પણ કેવા પ્રતિભાવંત હશે તેવી વિદ્વાનો કલ્પના કરી શકે છે.

તેઓની ભવ્ય પ્રતિભાને અભિવ્યક્ત કરતાં આવા અનેક પ્રમાણો છે અહીં આટલો પરિચય આપી હવે તેઓના જીવનનો પરિચય કરીએ. આ.શ્રી **વજસ્વામીજી**ના શિષ્ય આ.શ્રી વજસેનસૂરિજીના ચાર શિષ્યોથી તેઓના નામના ચાર કુળો પ્રસિદ્ધ થયા - નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃતિ અને વિદ્યાધર. તેમાં વિદ્યાધર કુળમાં આ.શ્રી સ્કંદિલસૂરિ નામે પ્રભાવક આચાર્ય થયા. જેઓની વડપણમાં મથુરામાં માથુરી-વાચના રૂપે અનેક આચાર્યો આદિ સહિત મોટું શ્રમણ સંમેલન (સમવાય) થયું હતું. તેઓના શિષ્ય આચાર્યશ્રી **વૃદ્ધવાદિદેવ-સૂરિજી**ના શિષ્ય આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિ હતાં.

**આ. શ્રી વૃદ્ધવાદિદેવસૂરિજીએ** વૃદ્ધપણામાં દીક્ષા લીધી હતી. પહેલાં તેઓ ગૌડ દેશમાં **કોશલા** ગામમાં નિવાસ કરતા **મુકુંદ** નામના સાત્ત્વિક બ્રાહ્મણ હતાં. એક વખત **આ.શ્રી સ્કંદિલસૂરિજી** સ્વયં વિહાર કરતાં કોશલા પધાર્યા. તેઓના સમાગમથી તેઓના મુખે વૈરાગ્યવાસિત થયેલ **મુકુંદે** કહ્યું, 'વિષયોથી હું છેતરાયો છું, હવે મને સંસારથી ઉગારો.' આચાર્ય ભગવંતે તેમને દીક્ષા આપી કૃપા કરી.

વિહાર કરતાં 'લાટ' દેશના અલંકારરૂપ **ભરૂચ** પધાર્યા. ત્યાં મુકુંદમુનિએ પ્રૌઢ વયના હોવા છતાં તેઓને ભણવાનો રસ ઘણો હતો. ખૂબ જોરજોરથી મોટા અવાજે ગાથા ગોખે છે. ચડે ઓછું પણ ઉત્સાહ ઘણો છે. આ શબ્દના ઊંચા ઘોષથી બીજા સાધુઓને સ્વાધ્યાય, આરામ અને અન્ય પ્રવૃત્તિ કરતાં ખલેલ પડવા લાગ્યો, અંતરાય થવા લાગ્યો. ગુરુ ભગવંતે શાંતિથી સમજાવ્યું, પણ ભણવા બેસે ત્યારે એવા લીન થાય કે, બધું ભૂલી જાય. આથી કોઈકે કટાક્ષ કર્યો કે 'આટલી ઉંમરે ભણવા માટે બહાદૂર થઈને નીકળ્યા છો તો શું તમે સાંબેલા ઉપર ફૂલ ઉગાડવાના છો ? આ વચન તેમને હાડોહાડ લાગી ગયું. 'મારું જ્ઞાનાવરણ કર્મ ઉદયમાં હોવાથી જ આ સાંભળવું પડયું છે ને ! તેથી હવે હું શ્રુતદેવતાની આરાધના કરીશ. જેથી એ મ્હેણું ખોટું ઠરશે. ભરૂચના નાલિકેર વસતિના જિનાલયમાં એકાગ્રતાપૂર્વક - દ્રઢતાપૂર્વક ૨૧ દિવસ શ્રુતદેવીની આરાધના કરી. દેવી પ્રસન્ન થઈ. 'તારા સર્વ મનોરથો પૂરા થાઓ' મુકુંદમુનિ આનંદિત થઈ ઉપાશ્રય પધાર્યા. તેજસ્વીમુખ જોઈ બધાં ઉત્સુક બન્યા. ત્યાં ખૂણે પડેલ સાંબેલાને જોયું. મુકુંદમુનિને મ્હેણું યાદ આવતા મુખમાંથી શબ્દો સરી પડ્યા -

**अस्मादृशा अपि यदा, भारति ! त्वत्प्रसादतः ।**
**भवेयुर्वादिनः प्राज्ञा, मुशलं पुष्प्यतां ततः ॥**

'હે સરસ્વતિ દેવી ! જો અમારા જેવા જડ લોકો પણ તારી કૃપાથી પંડિત અને વાદી થઈ જતાં હોય તો આ સાંબેલા ઉપર ફૂલ ઉગો.' અને ખરેખર સાંબેલા ઉપર ફૂલ ઉગી નીકળ્યા. તેથી ગુરુ પણ પ્રસન્ન થયા.

ત્યાર પછી તેઓએ આહ્વાન કર્યુ કે, 'જે કોઈ વાદી કોઈપણ વિષયમાં વાદ કરવા ઈચ્છતો હોય તો આવી જાય, હું વાદ કરવા તૈયાર છું. આ સાંભળી બધા વાદીઓ ડરી ગયા. તેઓ અજેય વાદી બન્યા એટલે તેઓની **વૃદ્ધવાદી** તરીકે જગતમાં પ્રસિદ્ધ થઈ. ગુરુએ યોગ્ય જાણી આચાર્ય પદવી આપી અને પોતે અનશન કરીને સ્વર્ગે સિધાવ્યા. પછી વૃદ્ધવાદિસૂરિજી વિહાર કરીને **વિશાલા** (ઉજ્જયિની) નગરી તરફ પધાર્યા.

તે અરસામાં **વિશાલા** નગરીમાં **વિક્રમાદિત્ય** નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં કાત્યાયન ગોત્રીય **દેવર્ષિ** બ્રાહ્મણ અને **દેવશ્રી**નો પુત્ર **સિદ્ધસેન** નામનો પ્રખ્યાત વિદ્વાન વિપ્ર હતો. તે ૪ વેદ અને ૧૪ વિદ્યાનો પારગામી હતો. તેઓ ષડ્‌દર્શનના વિશદ જ્ઞાતા હતા. અસ્ખલિત વાદશક્તિ ધરાવતાં હતાં. આખા જગતને તૃણવત્ માનતા હતાં. તેમણે એવી પ્રતિજ્ઞા કરેલી કે, 'જે મને વાદમાં જીતે તેના મારે શિષ્ય થવું.' તેણે વૃદ્ધવાદિસૂરિની પ્રસિદ્ધિ સાંભળી. તેથી તેઓ સાથે વાદ કરવા તેમની શોધ ચલાવી. તેમને સમાચાર મલ્યા કે તેઓ ભરૂચ બાજુ છે. તો તે તરફ પ્રયાણ કર્યુ.

સિદ્ધસેન પંડિત **ભરૂચ** (ભૃગુકચ્છ) પહોંચ્યા. ત્યાં સમાચાર મલ્યા કે આચાર્ય વૃદ્ધવાદિદેવસૂરિએ વિહાર કર્યો છે. પંડિત સિદ્ધસેન તે તરફ ઉતાવળે આગળ વધ્યા. રસ્તામાં વૃદ્ધવાદિદેવસૂરિ મલ્યા. તેમને જ તેમના અંગે પૂછ્યું, તેઓએ કહ્યું, 'હું જ વૃદ્ધવાદિસૂરિ છું, બોલો શું કામ છે ?' આમ ગામ બહાર તે બંને વાદીઓનું મિલન થાય છે. પં. સિદ્ધસેને ત્યાં જ વાદ કરવાનો આગ્રહ રાખ્યો, આથી ગોવાળોને લવાદી-મધ્યસ્થી તરીકે સ્વીકારી વાદ થયો. જેમાં વૃદ્ધવાદિદેવસૂરિએ વ્યવહારકુશળતાથી ગોવાળોને પ્રસન્ન કર્યા. જેથી ગોવાળો તેઓની તરફેણમાં ચુકાદો આપવા પ્રેરાયા.✽

---

✽ આ ઘટના 'સ્તોત્ર-ઉદ્‌ભવ કથા' વિભાગમાં આગળ કહેલી છે. તેથી અહીં વિસ્તાર કરાતો નથી. વિશેષ વાત જ વિશેષથી કહેવાશે.

પછી તો વૃદ્ધવાદિદેવસૂરિએ સર્વજ્ઞની તર્કબદ્ધ રીતે સિદ્ધિ કરી બતાવી એટલે સિદ્ધસેનની હાર થતાં તેમના શિષ્યત્વનો સ્વીકાર કર્યો. પોતાની પ્રતિજ્ઞા પાળવા જૈન શ્રમણ થયા. ત્યારે તેમનું **કુમુદચંદ્ર** નામ રાખેલું. તેઓ વિશિષ્ટ પ્રજ્ઞાવાન તો હતાં જ. આથી થોડાં જ સમયમાં જૈન આગમો અને શાસ્ત્રોના પારગામી થયા. તેઓને યોગ્ય અને સમર્થ જાણી ગુરુએ આચાર્યપદે સ્થાપિત કર્યા. ત્યારે આ. સિદ્ધસેનસૂરિજી નામ રાખીને તેઓને ગચ્છ સોંપી પોતે અન્યત્ર વિહાર કર્યો.

સ્તોત્રકાર **આ.શ્રી સિદ્ધસેનસૂરિજી**ના જીવનને અનેક પાસાઓથી જોઈ શકાય છે. દા.ત. (૧) તેઓના બાહ્ય વ્યક્તિત્વનો કેટલીક ઘટનાઓ-પ્રસંગોથી પૂર્વે વિચાર કરેલો છે અને આગળ કરીશું. (૨) બીજું પાસુ તેઓના બૌદ્ધિક વ્યકિતત્વનું છે અને (૩) ત્રીજું તેઓની આંતરિક સંવેદનાઓ-અનુભૂતિઓ દ્વારા આધ્યાત્મિક પાસુ પણ વિચારી શકાય છે.

હાલ તેઓના બૌદ્ધિક વ્યક્તિત્વ તરફ નજર કરીએ. તેઓએ અર્થગંભીર અને વિદ્વજ્જનોના માનસરૂપી હંસોને આનંદ ઉપજાવનારા માનસ સરોવર જેવા અનેક ગ્રંથોની રચના કરી છે. જો કે હાલમાં તેઓના પ્રાયઃ ચાર જ ગ્રંથ પ્રાપ્ત થાય છે. જેના નામ છે - **૧. ન્યાયાવતાર, ૨. સન્મતિ તર્ક, ૩. દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા અને ૪. કલ્યાણમંદિર સ્તોત્ર.**

તેમાં પ્રથમ ૩૨ શ્લોકમય **'ન્યાયાવતાર'**ની રચના કરેલી છે. આ ગ્રંથ જૈન ન્યાય, જૈન તર્ક-પરિભાષાનો પહેલો ગ્રંથ મનાય છે. વૈદિક પરંપરામાં ગૌતમઋષિએ **ન્યાયસૂત્ર**ની રચના કરી અને ત્યારબાદ બૌદ્ધ પરંપરામાં નાગાર્જુને **'મધ્યમાવતાર'** રચીને તર્ક-પરંપરાનો આરંભ કર્યો હતો. અને તે ગ્રંથો દ્વારા વાદ વગેરેથી તર્કશાસ્ત્રીય યુદ્ધ થવા લાગ્યા હતા ત્યારે તર્કપ્રધાન વાદથી અલિપ્ત જૈન નિર્ગ્રંથો-સાધુઓ આત્મસાધનામાં લીન રહેતાં છતાં વિદ્વજ્જગતમાં પ્રભુ વીરનો મોક્ષમાર્ગ ઉપહાસનું કારણ બનવા લાગેલો. ત્યારે તે કાળને ઉચિત શાસનરક્ષાના ઉપાય તરીકે જૈન તર્ક શાસ્ત્રની રચના કરવાની આવશ્યકતા ઉભી થઈ. એમ વિદ્વાનોનું માનવું છે.

જો કે નિર્ગ્રંથ-સાધુ પરંપરામાં આ વિષયમાં પ્રથમ ઈંટ મૂકવાનું શ્રેય વાચક **શ્રી ઉમાસ્વાતિજી મહારાજ**ને ફાળે જાય છે. તેઓએ સંસ્કૃતભાષામાં સૂત્ર પદ્ધતિથી 'તત્વાર્થાધિગમસૂત્ર'ની સૌ પ્રથમ રચના કરી હતી. આ ગ્રંથમાં

તેઓએ જીવાદિ તત્વોનો બોધ કઈ રીતે થાય ? એવા પ્રશ્નના ઉત્તર રૂપે **प्रमाणनयैरधिगमः (१-६)** એટલે 'પ્રમાણ અને નયો વડે તત્ત્વોનો બોધ થાય છે.' એવા સૂત્રની રચના કરી હતી. ત્યારબાદ પ્રમાણો અને નયો વગેરેનું સૌ પ્રથમ 'ન્યાયાવતાર'માં તર્ક દ્રષ્ટિથી નિરૂપણ કરનાર મહાત્મા તે આ.શ્રી **સિદ્ધસેનસૂરિજી.** તેમાં પરાર્થાનુમાનનું નિરૂપણ કરતાં તેઓ વડે પક્ષ, સાધ્ય, હેતુ, હેત્વાભાસ વગેરેના લક્ષણો જૈન દ્રષ્ટિથી ચર્ચવામાં આવ્યા છે. અને છેવટે નયવાદ અને અનેકાંતવાદ વચ્ચેનું અંતર સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે. આમ પદ્ધતિસરનો જૈન ન્યાય અને તર્કપરંપરાનો આરંભ થયો. અગત્યની વાત તો એ છે કે તેમણે જે જૈન તર્કપરિભાષા પ્રસ્થાપિત કરી છે તે જ પદ્ધતિ આજ સુધી અખંડિત છે. જેમકે 'પ્રમાણ' નું જે લક્ષણ **'स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्'** એવું કરાયું છે, અત્યારે પણ પ્રમાણનું તે જ લક્ષણ છે.

તેમણે રચેલ **સન્મતિતર્ક** પ્રકરણ ગ્રંથનો દર્શન-પ્રભાવક ગ્રંથમાં સમાવેશ કરેલો છે. એનો વિચાર પૂર્વે કરેલો છે. આ ગ્રંથમાં જૈનશાસનમાં સારભૂત પદાર્થો જેવા કે, નય, પ્રમાણ, સપ્તભંગીનું નિરૂપણ અને તેની સાથે એકાંતવાદ ઉપર આધારિત તે કાળના પ્રચલિત અનેક મિથ્યાવાદોનું ખંડન કરીને અનેકાંતવાદ આધારિત સમ્યગ્વાદની સિદ્ધિ કરેલી છે. નયો પરસ્પર ગૌણ-મુખ્યભાવે પણ સાપેક્ષ હોય તો જ સમ્યક્-સુનય કહેવાય. નહિતર મિથ્યા-દુર્નય કહેવાય એ વાત સિદ્ધ કરી છે.

સન્મતિના પ્રથમ કાંડમાં સર્વે પદાર્થો ત્રિપદીમય તેમજ દ્રવ્યપર્યાયમય છે એમ જણાવેલું છે. બીજા કાંડમાં જ્ઞાન અને દર્શનરૂપ બંને ઉપયોગો અભિન્ન રૂપે છે. પણ પ્રચલિત ક્રમવાદ અને સહવાદ રૂપે નથી એમ તર્કથી સ્થાપિત કર્યું છે. અને ત્રીજા કાંડમાં સામાન્ય-વિશેષવાદ, કાર્યકારણપણું ભેદાભેદપણું, તર્ક અને આગમવાદ, પાંચ કારણવાદ વગેરે અનેક પદાર્થોની અનેકાંતદષ્ટિથી વિચારણા કરી છે. અનેકાંતવાદની વ્યાપકતા દષ્ટાંતપૂર્વક એટલી હદે જણાવી છે કે 'જેના વિના લોકના વ્યવહારો પણ ઠરીઠામ થતા નથી, ઘટતાં નથી એવા ત્રણેય ભુવનના ગુરુ સ્યાદ્વાદ, અનેકાંતવાદને નમસ્કાર થાઓ'. એમ જણાવ્યું છે

બીજા પણ કેટલાંક સુંદર પદાર્થોનું નિરૂપણ કરતાં શ્લોકો જોઈએ.

**णाणं किरियारहियं किरियामेत्तं च दोवि एगंता।**
**असमत्था दावेउं जम्म-मरणदुखं मा भाई॥६८॥**

'ક્રિયા વિનાનું એકલું જ્ઞાન અને જ્ઞાન વિનાની એકલી ક્રિયા એ બંને એકાંતદૃષ્ટિ છે. તે બંને એકાંત માર્ગો જીવને જન્મ-મરણના દુ:ખથી ભય ન પામે એવી સ્થિતિમાં મૂકવાને અસમર્થ છે.

**कालो सहाव णियई, पुव्वकयं पुरिसकारणेगंता।**
**मिच्छत्तं ते चेवापूव्वं समासओ हौंति सम्मत्तं॥**

'કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષ (જીવ) અર્થાત્ પુરુષાર્થ આ પાંચ કારણો એકાંતે અર્થાત્ એકલાં અથવા છુટા છુટા કારણ માનો તો તે મિથ્યાત્વ છે. અને તે પાંચેયને ભેગા કારણ તરીકે માનો તો તે સમ્યક્ત્વ છે.

**'जह जह बहुस्सुओ सम्मओ अ सिस्सगण संपुरिवुडो अ।**
**अविणिच्छिओ अ समए, तह तह सिद्धंतपडिणीओ॥**

આ ગાથાનો જ અર્થ ઉપાધ્યાયજી મહારાજે શ્રી શ્રીપાળરાસમાં આલેખ્યો છે - જેમકે,

**જિમ જિમ બહુશ્રુતને બહુજન સમ્મત, બહુલ શિષ્યનો શેઠો રે,**
**તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ અનુભવ નેઠો રે...**

અર્થાત્ જેમ જેમ બહુશ્રુત હોય ઘણા શાસ્ત્રોને ભાવાર્થ વિના ભણી લે અને તેવા ઘણા ભોળા લોકોને માન્ય બની જાય અને વળી ઘણા શિષ્ય પરિવારથી યુક્ત હોય તેમ તેમ, જો સમયના-આગમના સારને ન જાણ્યો હોય તો- જો અનુભવ ન હોય તો, તે જિનશાનસનો-સિદ્ધાંતનો શત્રુ બને છે.

**चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा।**
**चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण याणंति॥**

'જે સાધુઓ ચરણ-કરણમાં અર્થાત્ ચારિત્રપાલનની ક્રિયાઓમાં જ ઓતપ્રોત છે, પરંતુ સ્વઆગમ અને પરઆગમમાં શું કહ્યું છે એ બાબતમાં મુક્ત વ્યાપારવાળા છે. અર્થાત્ ઉદાસીન છે. તેઓ ચરણ-કરણના નિશ્ચયથી શુદ્ધ સારને-રહસ્યને જાણતા નથી.'

છેલ્લે તેઓએ જિનશાસનને સર્વદર્શનોના સમૂહરૂપ જણાવી તેના કલ્યાણની કામના કરી છે -

**भद्दं मिच्छादंसणसमूहमइयस्स अमयसारस्स।**
**जिणवयणस्स भगवओ संविग्गसुहाहिगम्मस्स॥**

'સર્વ મિથ્યાદર્શનોના સમૂહ સ્વરૂપ, અમૃત તુલ્ય સારવાળા અને માત્ર સંવેગી જનોથી જ સુખેથી જાણી શકાય તેવા ભગવત્-સ્વરૂપ જિનવચનનું-જિનશાસનનું કલ્યાણ થાઓ. અર્થાત્ વીતરાગના શાસનની ઉન્નતિ થવા દ્વારા તે સર્વનું કલ્યાણ કરનાર થાઓ.'

આમ હૃદયમાં સોંસરવા ઉતરી જાય એ રીતે આવા ટંકશાળી વચનો કેવા તર્કબદ્ધ રીતે રજૂ કર્યા છે ! આવી તેઓની અનુભવ-નિષ્પન્ન બૌદ્ધિક પ્રતિભા હતી. હવે તેઓના જીવનની અન્ય ઘટનાઓ તરફ દ્રષ્ટિપાત કરીએ-

આવા સમર્થ જ્ઞાની પ્રતિભાવંત આ.**શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી** દીક્ષાના પૂર્વકાળથી રાજા વિક્રમાદિત્યના પરિચિત હતા. અને રાજા પણ સિદ્ધસેનસૂરિજીના પરિચિત હતા. એક વખત સિદ્ધસેનસૂરિજી સપરિવાર ઉજ્જયિની નગરે પધારે છે. સકળ સંઘમાં 'સર્વજ્ઞપુત્ર' તરીકે એમની પ્રસિદ્ધિ હતી. વાજતે-ગાજતે સામૈયું થયું છે. તે વખતે રજવાડીએ નીકળેલાં વિક્રમ રાજાએ તેમને જોયા અને 'સર્વજ્ઞપુત્ર' તરીકેની પરીક્ષા કરવાનું મન થયું. તેથી મનથી જ નમસ્કાર કર્યો. રાજાના મનના ભાવ પામી ગયેલાં સૂરિજીએ તેમને ધર્મલાભ આપ્યો. ત્યારે ખુશ થયેલાં રાજાએ તેઓને એક કરોડ સુવર્ણટંકનું દાન જાહેર કર્યું. ગુરુ કહે - અમને ન ખપે. જ્યાં ઠીક લાગે ત્યાં ધર્મકાર્યમાં ઉપયોગ કરો. ત્યારે રાજાએ સાધારણ ભંડાર કરાવી અનુકંપા, સાધર્મિક ભક્તિ અને જીર્ણોદ્ધાર વગેરેમાં તેનો ઉપયોગ કરાવ્યો.

સૂરિજી ઉજ્જયિની નગરીથી વિહાર કરી ચિત્તોડ ગઢ (ચિત્રકૂટ) તરફ પધાર્યા. ત્યાં પર્વતની આસપાસ એક પ્રાચીન સ્તંભ જોયો. આ સ્તંભ પથ્થર, માટી, ઈંટ કે લાકડાનો ન હતો, કિંતુ, લેપ્યમય- અનેક ઔષધિઓથી બનેલો હતો. વજ્ર જેવો અભેદ્ય હતો. સૂરિજીએ તેને વિશુદ્ધ ઔષધિઓ દ્વારા સ્તંભમાં છિદ્ર પાડયું. તેમાં હજારો પુસ્તકો હતાં. તેમાંથી એક પુસ્તક લઈને તેનું પ્રથમ પાનું વાંચ્યું. તેમાંથી બે વિદ્યાઓ ❁ સર્ષપવિદ્યા અને સુવર્ણસિદ્ધિયોગ પ્રાપ્ત થઈ. તેઓ આગળ વાંચે ત્યાં તો શાસનદેવીએ પુસ્તક લઈ લીધું અને સ્તંભનું છિદ્ર-દ્વાર બંધ કરી દીધું. કારણકે કાળના દોષથી તેવા સમર્થ પુરુષોની પણ યોગ્યતા ન જણાઈ, ઉલટું સત્ત્વહાનિ થવાનો સંભવ જોયો.

---

❁ મંત્રિત સરસવો પાણીમાં નાંખવાથી તેટલા પ્રમાણમાં શસ્ત્રોપકરણ સહિત ઘોડેસવારો પેદા થાય તે સર્ષપ વિદ્યા અને સુવર્ણસિદ્ધિયોગ વડે અનેક ધાતુઓમાંથી સોનું બનાવી શકાય છે.

ત્યારબાદ તે બંને વિદ્યાસહિત સૂરિજી વિહાર કરતાં **કર્માંરપુર** આવ્યા. ત્યાંના **દેવપાલ** રાજાને સૂરિજીએ પ્રતિબોધ પમાડ્યો. રાજાએ પ્રીતિથી આગ્રહ કરી તેમને ત્યાં જ રોકી લીધા. એકવાર **કામરુ** દેશના વિજયવર્મા રાજાએ આક્રમણ કરી નગરને ઘેરી લીધું. મોટા સૈન્યવાળા શત્રુ રાજાથી ગભરાઈ ગયેલ રાજાએ સૂરિજીનું શરણ લઈ રક્ષાનો ઉપાય પૂછ્યો. સૂરિજીએ સુવર્ણસિદ્ધિ અને સર્ષપ વિદ્યાના બળે અનુક્રમે ઘણું સોનું અને સૈન્ય ઉત્પન્ન કરી રાજાને સહાય કરી. તેથી તેણે શત્રુ રાજાને હરાવ્યો. દેવપાલને આપત્તિમાંથી બચાવ્યો. આથી પ્રસન્ન થયેલ રાજાએ સૂરિજીને **દિવાકર** એવું બિરુદ આપ્યું, કેમકે, શત્રુના ભયરૂપી અંધકારમાંથી સૂર્ય સમાન એવા સૂરિજીએ રાજાનો ઉદ્ધાર કર્યો હતો. હવે સૂરિજી વિશેષ રાજમાન્ય બન્યા. રાજા પણ તેઓને ભક્તિથી આગ્રહ કરી હાથી અને પાલખી ઉપર બેસાડીને રાજભવન લઈ જતા. ગુરુ સ્વયં શિથિલ થયા. શિષ્યોમાં અભિમાનની વૃદ્ધિ થઈ. શ્રાવકોને પૌષધશાળામાં પ્રવેશ જ નહોતો મળતો. આ બધાથી અપયશ ફેલાયો અને આ વાત લોકો દ્વારા **વૃદ્ધવાદિસૂરિજી** સુધી પહોંચી. એટલે ગુરુ પોતે ભાવ-કરુણા કરી વેશ બદલીને **કર્માંરપુર** પધાર્યા. અનેક બિરુદાવલી પૂર્વક પાલખીમાં બેસી રાજસભામાં જતાં સૂરિજીને જોયા. ત્યાં આવીને કહ્યું કે, હું તમારી પ્રસિદ્ધિ સાંભળીને આવ્યો છું, આ શ્લોકનો મને અર્થ સમજાવો. દિવાકરજીએ કહ્યું, કે ભલે તે શ્લોક કહો. વૃદ્ધવાદિસૂરિજીએ શ્લોક કહ્યો -

**अणहुल्ली फुल्ल म तोडहु, मन आरामा न मोडहु।**
**मणकुसुमेहिं अच्चि निरंजणु, हिंडइ काइं वणाओ वणू॥**

અપભ્રંશ ભાષાના શ્લોકનો અર્થ સિદ્ધસેનસૂરિજીને બેઠો નહીં. આથી કહ્યું, બીજું કાંઈક પૂછો. પણ ગુરુજીએ કહ્યું કે આનો અર્થ બેસે તો જ બીજો પ્રશ્ન પુછાય. સિદ્ધસેનજીએ ઘણો વિચાર કર્યો પણ તે શ્લોકનો અર્થ બેઠો નહીં. ત્યારે કહ્યું કે, તમે જ શ્લોકનો અર્થ કહો.

ગુરુ ભગવંતે અર્થ કહ્યો કે, ‘ સાવધાન થઈ અર્થ સાંભળો.. રાજ-સન્માન અને તેનાથી થતાં ગર્વ વડે આયુષ્યરૂપ પુષ્પને તોડ નહીં. યમ, નિયમ, સંયમાદિરૂપી મનના બગીચાને ભાંગ નહીં, તથા ક્ષમા,મૃદુતા, ઋજુતા અને સંતોષાદિ મનરૂપી પુષ્પોથી નિરંજન-વીતરાગ પ્રભુની પૂજા કર. મોહાદિ વૃક્ષોથી ગીચ એવા સંસારરૂપી વનમાં એક સ્થાનથી (રાજસત્કારરૂપી) બીજા

સ્થાને શા માટે ભટકે છે ?' ગુરુએ સન્માર્ગ ઉપર લાવવા આવા અનેક અર્થો કરી બતાવ્યા. સિદ્ધસેનજી આ અર્થો સાંભળીને પીગળી ગયા. તેઓએ વિચાર્યું કે, નક્કી આ વચનો મારા ગુરુભગવંત સિવાય કોઈના ન હોય. ધારીને જોયું અને ઓળખી ગયા કે આ મારા ગુરુભગવંત જ છે. તરત કૂદકો મારી પાલખી પરથી નીચે ઉતર્યા અને તેમના પગે પડી ગયા. ક્ષમા માંગી. ગુરુભગવંતે ઠપકો આપતાં કહ્યું કે, 'આમાં તારો દોષ નથી. આ કાળ જ એવો છે કે ભલભલાના પરિણામો નબળા પડે. પણ તારા જેવો શ્રુતજ્ઞાની પણ પચાવી ન શકે તો બીજા અલ્પ સત્વવાળા જીવો શું કરવાના ? દેવતાએ તારા હાથમાંથી પુસ્તક લઈ લીધું તેમાં પણ આ જ કારણ છે. ગંભીરતા કેળવીને જ્ઞાનને પચાવવાની કોશિશ કર.'

સિદ્ધસેનજીએ કહ્યું કે, 'આપની વાત સાચી છે, પરંતુ અજ્ઞાન-પ્રમાદના દોષથી શિષ્ય ભૂલ જ ન કરે તો આ પ્રાયશ્ચિતના ગ્રંથો સાર્થક શી રીતે થાય. માટે કૃપા કરી અવિનીત એવા મને પ્રાયશ્ચિત આપી શુદ્ધ કરો.' ગુરુભગવંતે આલોચના-પ્રાયશ્ચિત આપ્યું. પછી ગુરુભગવંતે સિદ્ધસેનસૂરિજીને પોતાના પદે સ્થાપીને, પોતે અનશનપૂર્વક આરાધના કરીને સ્વર્ગે સિધાવ્યા. હવે સિદ્ધસેનસૂરિજી પણ રાજસત્કાર અને આડંબર ત્યજીને નિર્મળ સંયમ પાળતાં ભૂમિ પર વિચરવા લાગ્યા.

શ્રી સિદ્ધસેનસૂરિજી સંસ્કૃત ભાષાના પક્ષપાતી અને કુશળ હતાં. પ્રાકૃત ભાષાનું વિદ્વાનોમાં તેવું ગૌરવ ન હતું. આથી તેમને જૈન સિદ્ધાંતને સંસ્કૃત ભાષામાં પરિવર્તિત કરવાનો વિચાર આવ્યો. તેમણે ❁ સંઘને ભેગો કરીને પોતાની ઈચ્છા દર્શાવી, રજા માંગી. સંઘ સ્થવિરોએ કહ્યું કે, આ તો તમે તીર્થંકરો-ગણધરોની આશાતના કરી. સામાન્ય બાળ વગેરે જીવો સમજી શકે તે માટે તેમણે આગમોની પ્રાકૃત ભાષામાં રચના કરી છે. શું તેમને સંસ્કૃત ભાષા નહોતી આવડતી ? સમસ્ત ૧૪ પૂર્વો સંસ્કૃત ભાષામાં જ રચાયા હતા અને તે વિચ્છેદ પામ્યા છે. આવા સંસ્કૃતિકરણના વિચારમાત્રથી પણ મોટું પ્રાયશ્ચિત આવે અને પ્રાયશ્ચિત તો શ્રુતના આધારે સ્થવિરો જ આપી શકે.

સિદ્ધસેનસૂરિજીએ વિનયપૂર્વક તેમની ક્ષમા માંગી અને પ્રાયશ્ચિતની યાચના કરી. સ્થવિરોએ તેમને પારાંચિત પ્રાયશ્ચિત આપ્યું. જેમાં સાધુ વેષ છુપાવી ગચ્છનો ત્યાગ કરી, ૧૨ વર્ષ સુધી દુષ્કર તપ કરવાનું. તેના વિના

❁અન્ય ઠેકાણે ગુરુ સમક્ષ વાત મૂકી એવું પણ કહ્યું છે.

આવા દોષની શુદ્ધિ ન થાય. એમાં એક જ અપવાદ કે તે ૧૨ વર્ષ દરમ્યાન જૈનશાસનની પ્રભાવનાનું મહાન કાર્ય કરે તો તેમને નિશ્ચિત કરેલાં કાળની પહેલાં પણ સંઘમાં લઈ લેવાય અને બાકીનો કાળ માફ થાય.

સિદ્ધસેનસૂરિજીએ નતમસ્તકે સ્વીકારી લીધું. આવી સરળતા એ જ મહાનતા છે. આ ગુણ તેમનામાં પહેલેથી જ છે. એ દીક્ષાદિ પ્રસંગે જોવા મળે છે. તેથી પ્રાયશ્ચિત સ્વીકારી, ગચ્છ છોડી, ગુપ્ત વેશે ઉગ્ર તપ કરતાં ૭ વર્ષ અજ્ઞાતપણે વિચર્યા.

એકવાર અજ્ઞાતવેશમાં જ ઉજ્જયિની પધાર્યા. રાજમંદિરના દ્વાર પર જઈને દ્વારપાલને જણાવ્યું કે રાજાજીને પૂછો કે,

**दिदृक्षुर्भिक्षुरायातस्तिष्ठति द्वारि वारितः।**
**हस्तन्यस्तचतुःश्लोक उतागच्छतु गच्छतु॥**

'તમારા દર્શનની ઈચ્છાવાળો એક ભિક્ષુક હાથમાં ચાર શ્લોક લઈને આવેલો છે, પરંતુ દ્વારપાળો વડે રોકવાથી બારણે ઉભેલો છે. આપ કહો તો તે આવે કે પાછો જાય.'

રાજા તો શ્લોક સાંભળીને ચમકી ઊઠ્યો. આવું કવિકર્મ કોનું હશે ? અનુમતિ માટેનો શ્લોક આવા તો બીજા કેવા હશે ? સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાયમાં **ઉપાધ્યાયજી મહારાજ** આઠ પ્રભાવકની ઢાળમાં જણાવે છે કે,

**" કાવ્ય સુધારસ મધુર અર્થભર્યા, ધર્મ હેતુ કરે જેહ;**
**સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ..**
**ધન ધન શાસન મંડન મુનિવરા..."**

આમ સજ્ઝાયમાં કવિ પ્રભાવક તરીકે શ્રી સિદ્ધસેનસૂરિજીનું ઉદાહરણ આપ્યું છે. હકીકતમાં તેઓની બહુ આગામી પ્રતિભા હતી. તેમની તાર્કિક-માંત્રિક-ઉદ્દામવાદી તરીકેની છાપ પ્રમુખ બની ગઈ. ન્યાયાવતાર-સંમતિતર્ક જેવા ગ્રંથો વધુ ધ્યાન ખેંચનારા બન્યા અને તર્કવાદ જ તેમની ઓળખ બની ગઈ. પરંતુ વાસ્તવમાં આંતરિક પોત ઘણાં પાસા ધરાવતું હતું. તેઓ તાર્કિક હોવા ઉપરાંત ભક્ત-ભાવક-સાધક-ચિંતક-કવિ હતાં. આથી જ શબ્દાનુ-શાસનમાં **આ.હેમચંદ્રસૂરિજી**એ **अनु सिद्धसेनं कवयः** અર્થાત્ કવિઓમાં સિદ્ધસેન શ્રેષ્ઠ છે એવું **उत्कृष्टेऽनूपेन** સૂત્રના ઉદાહરણમાં કહ્યું છે. વળી હેમચંદ્રાચાર્યજી સિદ્ધસેનસૂરિજીની સ્તુતિઓ અનેકવાર બોલતાં હતા. ત્યારે કોઈએ પૂછ્યું કે 'આપશ્રી પણ મહાકવિ છો. તો સિદ્ધસેનસૂરિજીની

સ્તુતિ શા માટે ?' ત્યારે સરળતા અને ગુણાનુરાગથી યુક્ત તેઓએ કહ્યું કે, સિદ્ધસેનસૂરિજીની સ્તુતિઓ ખૂબ ભાવવાહી અને અર્થગંભીર છે. **क्व सिद्धसेनस्तुतयो महार्थाः अशिक्षितालापकला क्व चैषा ?** એવું કહીને તેમનું કવિત્વ-ચિંતકત્વ સ્વીકાર્યું છે, સિદ્ધ કર્યું છે. અને સાચા કવિઓ સાથે ભાવુક-સંવેદનશીલ હૃદય હંમેશા જોડાયેલું જ હોય છે. વળી, કેટલાંય ગ્રંથકારોએ **यदाह स्तुतिकारः** – કહીને એમના ચિંતનોને પ્રમાણિત કર્યું છે.

તેમના વ્યક્તિત્વના આ બધા પાસાઓ તો ખરેખર **द्वात्रिंशद्-द्वात्रिंशिका** ગ્રંથમાં નિખર્યા છે. તેમાં તેઓના ભાવ-વિશ્વનો પદે પદે પરિચય થાય છે. તેનો થોડો રસાસ્વાદ લઈએ.

પોતે વાદ વિદ્યાના પારંગત અને વાદવિજેતા હતાં. તેથી વાદ-વિષયક સર્વ અવસ્થાઓનું વાદ-બત્રીશીમાં વર્ણન કર્યું છે. અને છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ તેમણે વાદોને સહેજ પણ મહત્વ આપ્યું નથી. તેઓ કહે છે કે-

**अन्यत एव श्रेयांस्यन्यत एव विचरन्ति वादिवृषाः।**
**वाक्संरम्भं क्वचिदपि, न जगाद मुनिः शिवोपायम्॥८-१॥**

'કલ્યાણનો માર્ગ એક તરફ રહ્યો અને વાદ-વિજેતા ધુરન્ધરો બીજી દિશામાં જ દોડ્યે જાય છે. વાણીના આડંબરને જ્ઞાનીએ ક્યાંય પણ મુક્તિનો ઉપાય કહ્યો નથી.'

ભગવાન મહાવીર સ્વામી પ્રત્યેની ઊંડી શ્રદ્ધા તેમની સ્તુતિઓમાં પ્રગટ થાય છે. ભગવાનને તેઓ કહે છે -

**तिष्ठन्तु तावदतिसूक्ष्मगभीरगाधाः, संसारसंस्थितिभिदस्तव, वाक्यमुद्राः।**
**पर्याप्तमेकमुपपत्तिसचेतनस्य, रागार्चिषं शमयितुं तव रूपमेव॥२-२५॥**

"અતિસૂક્ષ્મ, અતિગંભીર અને ભવભ્રમણનો અંત કરનારી તમારી વાણી તો બાજુએ રહો, તમારું રૂપ જ સંવેદનશીલ સુજ્ઞજનના રાગ-દ્વેષની જ્વાળાઓને શાંત કરવા પૂરતું છે."

વળી અનુભવવાણી વહાવતાં તેઓએ કહ્યું છે કે,

**यत्नः श्रुताच्छतगुणः शम एव कार्यः।**

"જેટલો પ્રયત્ન શ્રુતજ્ઞાન મેળવવા કરો, તેનાથી સો ગણો પ્રયત્ન શાંત-સ્વસ્થ થવા કરવો જોઈએ." તેઓએ જૈનશાસનનો બોધ મેળવ્યા પછી તેમાં ય છ કાયના જીવોનું વિભાગીકરણ વાંચીને વીતરાગના શાસન ઉપર આફરીન

પોકારી ગયા હશે એમ નીચેના શ્લોકથી જણાય છે-

**य एष षड्जीवनिकायविस्तरः परैरनालीढपथस्त्वयोदितः।**
**अनेन सर्वज्ञपरीक्षणक्षमास्त्वयि प्रसादोदयसोत्सवाः स्थिताः॥**

'હે દેવાધિદેવ ! આપે જે આ છ કાયના જીવોનું વિભાગીકરણ કરીને બતાવ્યું છે તેનાથી આપ સર્વજ્ઞ હતા તે વાત સચોટ સાબિત થઈ જાય છે આપે કહેલા માર્ગના ઊંડાણનો તાગ બીજા તત્વજ્ઞ પુરુષો પામી શક્યા નથી. અમે પણ જાણે આપના જેવા માલિકને પમાવા બદલ-આપની કૃપાના ઉદયથી-મહોત્સવ યુક્ત બની ગયા છીએ. આમ પ્રાસંગિક સિદ્ધસેનસૂરિજીના શ્રદ્ધાળુ-ભાવક-સંવેદનશીલ કવિ હૃદયની વાત કરી હવે મૂળ વાત ઉપર આવીએ.

રાજાને દ્વારપાળે **શ્રી સિદ્ધસેનસૂરિજી**એ કરેલી વાત કહી એટલે રાજાએ પ્રસન્ન થઈ જલ્દીથી પ્રવેશ કરાવવા વિનંતિ કરી. સૂરિજી ધીર-ગંભીર ચાલે અંદર આવી રાજાની સામે ઉભા રહે છે. અને સ્તુતિ કરતાં કહે છે -

**अपूर्वेयं धनुर्विद्या, भवता शिक्षिताः कुतः।**
**मार्णणौघः समायाति, गुणो याति दिगन्तरम्॥१॥**

'હે રાજન્ ! તમે આ અપૂર્વ (નવી) ધનુર્વિદ્યા ક્યાંથી શીખ્યા ? કે જેમાં માર્ગણ-બાણ પોતાની તરફ આવે અને ગુણ = પણછ ધનુષ્યની દોરી દૂર ચાલી જાય છે !

હકીકતમાં બાણનો સમૂહ દૂર જવો જોઈએ અને દોરી પાસે આવવી જોઈએ. આમ વિરોધ આવે છે, પણ શ્લેષ-અલંકાર હોવાથી વિરોધ ટળી જાય છે. માર્ગણૌઘ-એટલે યાચકોનો સમૂહ અને ગુણ એટલે ગુણ-ગાન, યશકીર્તિ-આથી આ પ્રમાણે અર્થ થશે.

'હે રાજન્ ! તમારી ધનુર્વિદ્યા અપૂર્વ છે કે જેમાં યાચકનો સમૂહ દાન લેવા પાસે આવે છે અને આપની યશકીર્તિ દૂર દિગંતમાં ફેલાઈ જાય છે.'

આ શ્લોક સાંભળી રાજા પૂર્વદિશામાંથી ઉઠીને દક્ષિણ દિશા તરફ બેઠો. ફરી સૂરિજીએ તેઓની સામે રહી શ્લોક લલકાર્યો-

**सरस्वती स्थिता वक्त्रे, लक्ष्मीः करसरोरुहे।**
**कीर्तिः किं कुपिता राजन्! येन देशान्तरं गता?॥२॥**

'હે રાજન્ ! સરસ્વતી તમારા મુખમાં વસે છે. અને લક્ષ્મી કરકમલમાં રહે છે. તો કીર્તિ શું ગુસ્સે ભરાઈ છે કે જેથી દેશાન્તર ચાલી ગઈ ?'

આ સાંભળી રાજા ઉઠીને પશ્ચિમાભિમુખે બેઠો એટલે સન્મુખ જઈ આચાર્યે ફરી શ્લોક ગાયો -

**सर्वदा सर्वदोऽसीति, मिथ्या संस्तूयसे बुधैः।**

**नारयो लेभिरे पृष्ठं, न वक्षः परयोषितः॥ ३॥**

'રાજન્ ! પંડિતો 'સર્વકાળે સર્વ વસ્તુને આપનારા છો' એ પ્રમાણે આપના વખાણ કરે છે તે મિથ્યા છે, કારણકે, શત્રુઓને આપે પીઠ આપી નથી અને નારીઓને વક્ષ:સ્થળ આપ્યું નથી.'

હવે રાજા ઉત્તર દિશા સન્મુખ થઈ બેઠા એટલે આચાર્યે તેઓના સન્મુખ થઈને ચોથો શ્લોક ઉચ્ચાર્યો -

**भयमेकमनेकेभ्यः, शत्रुभ्यो विधिवत् सदा।**

**ददासि तच्च ते नास्ति, राजंश्चित्रमिदं महत् !॥ ४॥**

'હે રાજન્ ! કોઈપણ વસ્તુ પોતાની પાસે હોય તો જ બીજાને આપી શકાય છે. પણ તમે હંમેશા તમારા અનેક શત્રુઓને વિધિપૂર્વક ભય આપો છો, પણ તે તો તમારી પાસે છે જ નહીં. હે રાજન્ ! આ કેવી આશ્ચર્યજનક વાત છે !'

આ સાંભળીને રાજા ફરી પૂર્વદિશા તરફ બેસી ગયો. અને ચાર શ્લોકો વડે ચારેય દિશાનું રાજ્ય આપ્યાની વાત જણાવી. પણ **સૂરિજીએ** કહ્યું કે, 'અમે અકિંચન છીએ. માટે રાજ્યથી સર્યું.' રાજા પ્રભાવિત થયો અને દરરોજ ધર્મોપદેશ સંભળાવવા રાજસભામાં પધારવા આમંત્રણ આપ્યું. સિદ્ધસેન-સૂરિજી રાજાને ધીમે ધીમે જૈન ધર્મનો અનુરાગી બનાવી અનેક શાસન પ્રભાવનાના કાર્ય કરાવે છે. જૈનધર્મનો મહિમા વધારે છે.

આ જોઈને સંઘે તેમના પ્રાયશ્ચિતના પાંચ વર્ષ માફ કર્યા અને તેમને સંઘમાં-ગચ્છમાં લઈને ફરી પોતાના પદે સ્થાપિત કર્યા. શાસનનો જબરદસ્ત ઉદ્યોત કર્યો એટલે તેમને **'દિવાકર'** એવું બિરુદ મલ્યું. સિદ્ધસેનસૂરિજી હવે સિદ્ધસેન દિવાકરસૂરિજી બન્યા.

રાજા ઉપર વિશિષ્ટ પ્રભાવ પાડીને તેને જૈન ધર્મની અભિમુખ કરવામાં મહાદેવના મંદિરમાં લિંગના ભેદ દ્વારા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનું પ્રગટી-કરણ કરવાનો પ્રસંગ પણ કારણ બનેલો. તે પ્રસંગ આગળ 'સ્તોત્ર-ઉદ્દભવ કથા'માં કહેલો છે.

હવે એકદા **સિદ્ધસેનસૂરિજીએ** ઉજ્જયિનીથી વિહાર કરી ભરૂચ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં તે સ્થળ આવ્યું, જ્યાં વૃદ્ધવાદીજી સાથે વાદ થયેલો. આ

સ્થળે તેઓએ તે જ રાસ-કડીઓ ગાઈ. **'नवि मारियइ नवि चोरियइ'** વગેરે અને ગોવાળોને પ્રતિબોધ પમાડ્યો. ગોવાળો પણ ધર્મ પામી પ્રસન્ન થયા અને તે સ્થળે **તાલારાસક** ગામ વસાવ્યું તથા જિનચૈત્યનું નિર્માણ કરી તેમાં શ્રી ઋષભદેવની પ્રતિષ્ઠા કરી.

ત્યારબાદ તેઓ ભરૂચ પધાર્યા. ત્યાં **ધનંજય** નામનો ભક્તિવંત જૈન રાજા હતો. તેને વિશેષ પ્રતિબોધ પમાડ્યો. અને શત્રુ રાજાના આક્રમણ વખતે સર્વષ વિદ્યાથી મોટું સૈન્ય રચી સહાય કરી. આ રીતે સૂરિજી સેના કરી શકતાં હોવાથી 'સિદ્ધસેન' એવું નામ સાર્થક થયું. પછી ત્યાં રાજાએ વૈરાગ્યપૂર્વક સૂરિજી પાસે દીક્ષા લીધી.

ભરૂચથી શાસન પ્રભાવનાપૂર્વક વિહાર કરતાં તેઓ દક્ષિણાપથમાં **પ્રતિષ્ઠાનપુર** નગરમાં પધાર્યા. ત્યાં પોતાના પદે યોગ્ય શિષ્યને સ્થાપી, અનશનપૂર્વક સ્વર્ગે ગયા.

તેમના બેન **સિદ્ધશ્રી** જૈન દીક્ષા લઈને સાધ્વી થયા હતા. તે નગરથી કોઈ ચારણ **વિશાલા** નગરમાં આવ્યો. ત્યાં તેણે સાધ્વીજીને મળી શ્લોક દ્વારા સમાચાર આપે છે -

**स्फुरन्ति वादिखद्योताः साम्प्रतं दक्षिणापथे।**

હાલમાં દક્ષિણ દેશમાં વાદીરૂપી ખજુઆ-આગિયા ચમકી રહ્યા છે. આ સાંભળી સાધ્વીજી સમજી જાય છે, દુઃખપૂર્વક શ્લોકનો ઉત્તરાર્ધ પૂરો કરે છે.

**नूनमस्तङ्गतो वादी सिद्धसेनदिवाकरः॥**

'ખરેખર વાદી શ્રી સિદ્ધસેનસૂરિ રૂપી સૂર્ય આથમી ગયો લાગે છે.' પછી **સિદ્ધશ્રી** પણ પોતાના શરીરની નશ્વરતા વિચારી અનશન કરી સ્વર્ગે સિધાવ્યા. આમ શાસનપ્રભાવક અનેક કાર્યોની હારમાળા જેઓના જીવનમાં રચાઈ હતી. જેઓ દર્શન પ્રભાવક ગ્રંથની રચના દ્વારા વિદ્વજ્જનોના ચિત્તને ચમત્કૃત કરનારા હતા. અને આથી જ આજ સુધી જેઓનો પ્રભાવ અવિસ્મરણીય છે એવા મહાકવિ પ્રૌઢ પ્રતિભાવંત શ્રી **સિદ્ધસેનસૂરિજી**ના જીવનની કેટલીક ઝલકોનું અત્ર પ્રાચીન અને અર્વાચીન પ્રબંધોના આધારે આલેખન કર્યુ છે. તે પૂર્ણ થયું.

# સ્તોત્રકારના સમય અંગે વિચારણા

સ્તોત્રકાર શ્રી સિદ્ધસેનસૂરિજીનો સત્તાકાળ નિશ્ચિત એક રૂપે તો વર્તમાનમાં જાણી શકાયો નથી કારણકે આ મહાપુરુષે તેઓના કોઈપણ ગ્રંથમાં તેઓના સમય વગેરેનો નિર્દેશ કર્યો નથી. પણ તેના નિર્ણયની નજીક જરૂર પહોંચી શકાય છે. કેટલાંક પુરાવાના આધારે વિદ્વાનો અને ઈતિહાસવિદો તેઓને વિક્રમની ચોથી-પાંચમી સદીમાં થયા હોવાનું સ્વીકારે છે. તે અંગે થોડો વિચાર કરીએ.

વિક્રમ સંવત ૧૩૩૪માં રચાયેલાં **પ્રભાવક-ચરિત્ર**માં આ.શ્રી **પ્રભાચંદ્ર-સૂરિ**એ શ્રી સિદ્ધસેનસૂરિજીની પરંપરા આ પ્રમાણે જણાવી છે. વિદ્યાધર આમ્નાય (વંશ) માં થયેલ આ.શ્રી પાદલિપ્તસૂરિજીના વંશમાં આ.શ્રી સ્કંદિલસૂરિ થયા. તેઓના શિષ્ય **વૃદ્ધવાદિસૂરિ** થયા. તેઓના શિષ્ય રૂપે આ.શ્રી **સિદ્ધસેનસૂરિ** થયા હતા.

(૧) વિદ્યાધરવંશમાં માથુરી વાચનાના સૂત્રધાર આ.**શ્રી સ્કંદિલસૂરિ** થયા હતા. આ વાચના વીર સંવત ૮૪૦માં વર્ષે થઈ હતી. એટલેકે (૮૪૦-૪૭૦=) વિક્રમ સંવત ૩૭૦માં વર્ષે થઈ હતી. આ દ્રષ્ટિએ આર્ય સ્કંદિલ સૂરિનો સત્તાકાળ વિક્રમની ચોથી સદીનો ઉત્તરાર્ધ ભાગ લગભગ આવે છે. ક્યારેક પ્રશિષ્ય સમકાલીન પણ હોઈ શકે છે. આથી સિદ્ધસેનસૂરિનો કાળ ચોથી સદીનો ઉત્તરાર્ધ માની શકાય. અથવા સમકાલીન ન માનીએ તો પાંચમી સદીનો પૂર્વાર્ધ માની શકાય. આમ તેઓ ચોથા-પાંચમા સૈકામાં થયા હોય એમ અનુમાન કરાય છે.

(૨) બીજુ આ.શ્રી **હરિભદ્રસૂરિજી**એ અનેકાંત-જયપતાકા નામના ગ્રંથમાં **શ્રી મલ્લવાદિસૂરિ**એ સંમતિતર્ક ઉપર ટીકા લખી હતી એવો ઉલ્લેખ કરેલો છે. **શ્રી મલ્લવાદિસૂરિજી**નો કાળ વીરનિર્વાણ સંવત્ ૮૮૪ આસપાસ મનાય છે. કેમકે વીર સંવત ૮૮૪મા વર્ષે એટલેકે વિક્રમ સંવત (૮૮૪-૪૭૦=) ૪૧૪ મા વર્ષે બૌદ્ધોને અને બૌદ્ધ વ્યંતરદેવોને શ્રી મલ્લવાદીજીએ જીત્યા હતા. એમ સ્પષ્ટ જણાવેલ છે. હવે જો **શ્રી મલ્લવાદિજી** વિ. સં.૪૧૪માં બૌદ્ધોને જીતનારા થયા હોય અને સંમતિ પ્રકરણ ઉપર ટીકા રચી હોય તો સંમતિતર્કના બનાવનાર શ્રી **સિદ્ધસેન દિવાકરસૂરિજી** અવશ્ય વિ.સં ૪૧૪ પહેલાં થયેલાં

હોવા જોઈએ. એટલેકે વિ.સં. ૩૭૦ થી ૪૧૪ વચ્ચે ૪/૫ મા સૈકામાં થયેલા હોવા જોઈએ.

(૩) જૈન પરંપરાનો ઈતિહાસ-૧ મા ત્રિપુટી મહારાજ જણાવે છે કે વિક્રમ તરીકે ખ્યાતિ પામનારા અનેક રાજાઓ થયા છે. તેમાં ચોથી સદીમાં થયેલા ગુપ્તવંશી ચંદ્રગુપ્ત બીજા પણ **વિક્રમાદિત્ય** તરીકે મનાય છે. તેમના સમકાલીન સિદ્ધસેનસૂરિને માનેલા છે. તેથી ચોથી સદીમાં તેઓનો સત્તા સમય સિદ્ધ થાય છે. વિક્રમાદિત્યની સભામાં કાલિદાસ, ક્ષપણક વગેરે નવ રત્નો હતા. તેમાં ક્ષપણક તરીકે સિદ્ધસેનસૂરિજી હોય તો પણ તેઓની ચોથી સદી સિદ્ધ થાય છે.

**પ્રશ્ન :** શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી વિક્રમ રાજાના પ્રતિબોધક તરીકે જૈન-શાસનમાં પ્રસિદ્ધ છે. તો તેઓ ચોથી-પાંચમી સદીમાં થયા હોય એવું કેમ બને ? અને જો ચોથી-પાંચમી સદીમાં થયા હોય તો તેઓ વિક્રમ સંવતના પ્રવર્તક વિક્રમ રાજાના સમકાલીન અને પ્રતિબોધક કેમ કહેવાય ?

**સમાધાન :** સાચી વાત છે. પરંતુ ઉજ્જયિની નગરીમાં **વિક્રમ** નામના ઘણા રાજા થયા છે. વિક્રમ સંવત ચલાવનાર વિક્રમ રાજા કે જેમનું બીજું નામ **બલમિત્ર** હતું. તેઓએ વીરનિર્માણથી ૪૫૩મા વર્ષે શકોને હરાવીને ઉજ્જયિની નગરનું રાજ લીધું હતું. ૧૭ વર્ષ ગાદી પર રહી બરાબર વીરનિર્માણથી ૪૭૦મા વર્ષે વિક્રમ સંવત ચલાવી છે. ત્યારબાદ આશરે ૪૦૦ વર્ષ પછી ઉજ્જયિનીમાં બીજા વિક્રમરાજાનું રાજ્ય હતું. તેઓના સમકાલીન અને પ્રતિબોધક શ્રી **સિદ્ધસેનદિવાકરસૂરિજી** હતાં. જો આમ ન માનીએ તો પ્રભાવકચરિત્રમાં શ્રી સ્કંદિલાચાર્યનો વીરનિર્વાણથી ૮૪૦મા વર્ષે માથુરી વાચનાનો ઉલ્લેખ કર્યો છે તે સંગત થાય નહીં. કેમકે, તેમના પ્રશિષ્ય તરીકે **સિદ્ધસેનદિવાકરસૂરિજી**ને કહ્યા છે. તે સંવત પ્રવર્તક સિદ્ધસેનસૂરિજી કરતાં જુદા છે. અને તેથી વિ.સં.ની ચોથી સદીનો અંત કાળ અને પાંચમી સદીનો પ્રારંભ કાળ એ આ સૂરિજીનો હયાતીનો કાળ હતો. એમ આધુનિક વિદ્વાનોનું માનવું છે.

છતાં આગમિક (= પ્રબંધો અને અનુશ્રુતિક) પરંપરા એમ જણાવે છે કે વિક્રમ સંવતનો પ્રારંભ કરનાર જે વિક્રમ રાજા હતા તેના જ સમકાલીન અને પ્રતિબોધક આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી હતા. તેથી તેઓ પ્રથમ સૈકામાં થયા હતાં.

આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીને કેટલાંક દિગંબર સંપ્રદાયના મનાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ, તેઓ શ્વેતાંબર પરંપરાના જ હતાં તે નિર્વિવાદ વાત છે. તેઓએ કેવળી ભગવંતને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ સમકાળે અને અભિન્ન રૂપે હોય છે. એ વાત તર્કથી સિદ્ધ કરેલી છે. આ હકીકત જો કે આગમિક પ્રસિદ્ધ પરંપરા અને માન્યતાથી જુદી હતી. છતાં તેઓએ સાપેક્ષ રીતે આગમ-પાઠને બાધ ન આવે એ રીતે તર્કથી સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. આ તર્કાનુસારી મતનું આગમિક પરંપરાને અનુસરનારા **શ્રી જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણ આદિએ ખંડન કર્યું છે. પરંતુ કોઈએ તેઓને મૂળભૂત પરંપરાથી ભિન્ન હોવાનું જણાવ્યું નથી. બલ્કે, એટલા જ આદર અને બહુમાનપૂર્વક તેઓને પોતાની જ શ્વેતાંબર પરંપરાના હોવાનો સ્વીકાર કરેલો છે અને પોતાના ગ્રંથમાં તેઓના સંમતિતર્ક વગેરે ગ્રંથના અનેક ઠેકાણે ઉદ્ધરણો પણ લીધા છે.

શ્રી **સિદ્ધસેનસૂરિજી**ના સન્મતિતર્ક વગેરે ગ્રંથોના અનેક સંદર્ભો તેઓ પછી થનારા શ્વેતાંબર-દિગંબર પરંપરામાં થનારા મહાપુરુષોએ પોતે રચેલાં ગ્રંથોમાં ટાંકેલા છે. દા.ત. (૧) શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ (૨) દેવનંદી પૂજ્યપાદ (૩) આ.શ્રી હરિભદ્રસૂરિજી (૪) શ્રી જિનદાસગણિ મહત્તર (૫) ભટ્ટ અકલંક (૬) અનંતવીર્ય (૭) વાદિરાજસૂરિ (૮) વાદિદેવસૂરિ (૯) પ્રભાચંદ્રસૂરિ અને મુનિચંદ્રસૂરિ વગેરેએ પોતાના રચેલા ક્રમશઃ (૧) વિશેષાવશ્યક ભાષ્ય (૨) જૈનેન્દ્રવ્યાકરણ તથા તત્ત્વાર્થસૂત્રની 'સર્વાર્થસિદ્ધિ' ટીકામાં (૩) પંચવસ્તુક (૪) નિશીથ ચૂર્ણિ (૫) તત્ત્વાર્થસૂત્રની રાજવાર્તિક વૃત્તિ (૬) સિદ્ધિ વિનિશ્ચય (૭) પાર્શ્વનાથ ચરિત્ર (૮) સ્યાદ્વાદ રત્નાકર અને પ્રમાણનયતત્ત્વાલંકાર (૯) પ્રભાવકચરિત્ર અને (૧૦) અમમચરિત્ર વગેરે ગ્રંથોમાં સિદ્ધસેનસૂરિજીના ગ્રંથોના ક્યાં તો સંદર્ભો લીધાં છે અથવા તો તેઓની પ્રતિભાની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે. આ બધાં જ મહાત્માઓ છટ્ઠી સદી પછીના છે. આથી તેઓ કરતાં સિદ્ધસેનસૂરિજી પૂર્વવર્તી હતાં તે પણ નક્કી થઈ જાય છે.

# પ્રસ્તુત સ્તોત્રની મહાનતા અને વિષય

સ્તોત્રકાર **આ. સિદ્ધસેનદિવાકરસૂરિજી**ના જીવનની અને સર્જનની વિચારણા હમણા કરી. હવે પ્રસ્તુત 'કલ્યાણમંદિર' સ્તોત્ર અંગે જ કંઈક પ્રકાશ પાડીએ.✽ 'વસંત-તિલકા' છંદમાં રચાયેલા આ સ્તોત્રની અનેક રીતે વિચારણા કરી શકાય. અહીં (૧) ચમત્કારની/પ્રભાવની દ્રષ્ટિએ (૩) કાવ્યની દ્રષ્ટિએ અને (૩) અર્થની ગંભીરતાની અપેક્ષાએ એમ ત્રણ રીતે વિચાર કરીએ.

(૧) ચમત્કારની દ્રષ્ટિએ વિચારીએ તો આ સ્તોત્રનો ઉદ્ભવ જ ચમત્કારિક રીતે થયો છે. આ સ્તોત્રના કર્તા આ.શ્રી **સિદ્ધસેનસૂરિજી**એ સ્વયં ચાહીને, પૂર્વ-તૈયારીપૂર્વક આ સ્તોત્ર રચેલું નથી. પરંતુ, અવંતિ (ઉજ્જયિની)ના મહાકાલના મંદિરમાં પાર્શ્વનાથ પ્રભુની જે પ્રતિમા લિંગની નીચે ભૂગર્ભમાં હતી તેને પ્રગટ કરીને તેનો પ્રભાવ બતાવી રાજાને પ્રતિબોધ પમાડવા માટે આ સ્તોત્રની રચના કરી છે. માટે સહજ-તત્કાળ રચના કરી છે અને આથી જ આ સ્તોત્રના શબ્દો આત્માના અતલ ઊંડાણમાંથી નીકળેલાં છે. સ્તોત્રનું ૧૧મુ કાવ્ય રચાતાં લિંગ ફાટીને તેમાંથી **શ્રી પાર્શ્વનાથ પ્રભુનું** બિંબ પ્રગટ થયેલ. જે અયવંતિ-સુકુમાલના પુત્ર મહાકાલે ભરાવેલ હોવાથી પ્રાચીન પણ હતું. આમ સ્તોત્ર ચમત્કારિક છે, એ નિર્વિવાદ છે.

જો કે વર્તમાનમાં 'ભક્તામર' સ્તોત્રની અધિક પ્રસિદ્ધિ છે. એનું એક કારણ એ પણ હોઈ શકે કે તેમાં ભયહરરૂપે આઠ સ્તુતિઓ રચેલી છે. કેમકે, સામાન્ય જનના મનને ભયહરપણું વધુ આવર્જિત અને અભિરંજિત કરનારું બને છે. જ્યારે 'કલ્યાણમંદિર'માં પ્રાયઃ એક પણ પદ્ય ભયહરરૂપે નથી. જો કે સામાન્યથી ભય કે દુઃખના નાશ માટેની પ્રાર્થનાવાળા અને દોષહરતા જણાવનારા અનેક પદ્યો છે. આથી આધ્યાત્મિકતાની દ્રષ્ટિએ તો આ સ્તોત્ર અવ્વલ કક્ષાનું છે.

(૨) કાવ્યની નજરથી જોઈએ તો આ સ્તોત્ર એક શ્રેષ્ઠ કક્ષાનું કાવ્ય છે. તેના શબ્દોમાં પદલાલિત્ય ખૂબ મનોહર છે. તેના પદ્યોમાં અનેક શબ્દાલંકાર અને અર્થાલંકારનો છૂટથી ઉપયોગ કરેલો છે. પ્રાસ, યમક, શ્લેષ,

✽ છેલ્લો શ્લોક આર્યા છંદમાં રચાયેલો છે.

અર્થાન્તરન્યાસ, ઉપમા, રૂપક, વિરોધાભાસ, નિદર્શન, ઉત્પ્રેક્ષા જેવા કાવ્ય-અલંકારોનો છૂટથી ઉપયોગ કરેલો છે. કવિના હૃદયના ભાવોને શબ્દોના માધ્યમથી પ્રગટ કરવામાં ક્યાંય સહેજ પણ ખેંચતાણ કરવી પડી હોય એવું અનુભવાતું નથી. જેમ જેમ મનમાં ભાવો પ્રગટ થતાં ગયાં, તેમ તેમ તેને વ્યક્ત કરતા શબ્દોરૂપી પુષ્પો યોગ્ય સ્થાને ગોઠવાઈને સ્તોત્રરૂપી પુષ્પ-માળામાં ગૂંથાતા ગયા અને એક સુંદર કાવ્યરૂપ પુષ્પમાળા રચાઈ ગઈ, એવું સહૃદયી શ્રોતાને લાગ્યા વિના ન રહે એવી સુંદર આ રચના છે. સમાસો પણ કોઈ ઠેકાણે અલ્પ નહિવત્ છે તો કોઈ કાવ્યમાં ઘણા મોટા સમાસો રચેલાં છે. આમ વૈવિધ્યસભર આ કાવ્ય છે. ટૂંકમાં, **આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ**ની અપ્રતિમ પ્રતિભા પડઘાય એવી આ રચના છે.

(૩) હવે સ્તોત્રની અર્થગંભીરતાનો વિચાર કરીએ. આ અંગે ટૂંકમાં જ કહેવું હોય તો કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરિજીએ તેઓ માટે કહેલાં **'क्व सिद्धसेनस्तुतयो महार्थाः '** આટલાં શબ્દો જ પૂરતાં છે. તેઓની સ્તુતિઓ મહાન અર્થવાળી છે. એમ કલિકાલ સર્વજ્ઞ ભગવંતે કહેલું છે. આ સ્તોત્રમાં બે રીતે અર્થનું ઊંડાણ છે. (૧) કેટલાંક પદ્યો ઉત્પ્રેક્ષા-કલ્પના રૂપે ઊંડા અર્થથી ભરપૂર છે. જેમ કે, અષ્ટપ્રાતિહાર્યનું વર્ણન કરનાર પ્રાયઃ તમામ શ્લોકો અને શ્લોક ૨૮, ૨૯માં શ્લેષ-વિરોધાભાસ અલંકારસહિત અર્થની વિશાળતા વિદ્વદ્જનોના ચિત્તને ચમકાવનારી છે. અને ૨૬, ૨૭, ૨૮માં શ્લોકમાં તો અદ્ભુત કલ્પનાઓ કરી છે.

(૨) બીજી રીતે અર્થનું ઊંડાણ-પરમાત્મધ્યાન, દોષનાશ અને આત્મ નિરીક્ષણ-સ્વદોષદર્શન વગેરે રૂપે ગંભીર-મહાન અર્થવાળા અનેક શ્લોકો છે. શ્લોક ૧૪, ૧૫, ૧૬, ૧૭મા પરમાત્માના ધ્યાનનો પ્રભાવ-મહિમા વર્ણવેલો છે. શ્લોક ૮, ૯, ૧૧, ૨૪ વગેરે દોષનાશનું લક્ષ્ય સૂચિત કરે છે. અને (૩) શ્લોક ૩૫, ૩૬, ૩૭, ૩૮ વગેરે આધ્યાત્મિકમાર્ગના-યોગમાર્ગના પ્રવેશદ્વાર રૂપ સમ્યક્ આત્મનિરીક્ષણવાળા શ્લોકો છે. સ્તોત્રકારશ્રીની સરળતા, સંવેદના અને સાત્ત્વિકતા છાની રહી શકતી નથી. આમ આ સ્તોત્રના અર્થની ગંભીરતા અંગે ટૂંકમાં વિચાર કર્યો. વિશેષ પદાર્થ તો આ પુસ્તકના અભ્યાસથી જ સમજાશે. અહીં માત્ર દિશાસૂચન કરેલું છે.

# સ્તોત્રના વિષયનો વિશેષથી નિર્દેશ

પ્રથમ બે શ્લોકમા સ્તુતિકારે અનેક વિશેષણો સહિત શ્રી જિનેશ્વર પ્રભુના ચરણકમળને નમસ્કાર કરેલો છે અને વિશેષણ-પદો દ્વારા સૂચિત એવા **શ્રી પાર્શ્વનાથ પ્રભુ**ના સ્તોત્રની રચના કરવા માટે પ્રતિજ્ઞા કરી છે.

શ્લોક ૩ થી ૬ માં સ્તોત્ર રચના અંગેની જ વિચારણા કરી છે. જેમ કે, સ્તોત્ર રચવાની અસમર્થતા બતાવી છે. છતાં શા માટે રચું છું વગેરે ભૂમિકા સ્વરૂપ સુંદર વાતો વિવિધ ઉપમાઓ, દ્રષ્ટાંતો સાથે કરી છે.

૭માં શ્લોકમાં સ્તોત્રનો મહિમા બતાવેલો છે. ૮માં શ્લોકમાં પ્રભુના ચિંતનનો મહિમા, ૯માં કાવ્યમાં ભગવાનના દર્શનનું માહાત્મ્ય અને ૧૦મા પદ્યમાં પ્રભુને હૃદયમાં રાખવાનું ગૌરવ સુંદર દ્રષ્ટાંતપૂર્વક બતાવ્યું છે.

૧૧મા પદ્યમાં અરિહંત પ્રભુનું રાગ-દ્વેષથી રહિતપણું બતાવીને તેઓની સર્વ દેવોથી ઉત્કૃષ્ટતા જણાવી છે.

૧૨મા શ્લોકમાં પ્રભુને હૃદયમાં ધારણ કરવાનો અચિંન્ત્ય મહિમા, ૧૩મા શ્લોકમાં પ્રભુ સ્વયં દ્વેષરહિત છતાં કર્મરૂપી ચોરોને નાશ કરનારા છે અને ૧૪માં પદ્યમાં યોગીઓ શા માટે સદા પ્રભુનું હૃદયકમળની કર્ણિકામાં ધ્યાન કરે છે વગેરે વાતો સરસ ઉદાહરણપૂર્વક વર્ણવી છે.

શ્લોક ૧૫-૧૬-૧૭માં શ્રી જિનેશ્વર પ્રભુનું ધ્યાન કરવાથી જિન સરિખા થવાય છે એ હકીકત જુદી જુદી રીતે જણાવી છે.

૧૮મા શ્લોકમાં અન્ય દર્શનીઓએ પણ જુદા જુદા નામથી વીતરાગ પ્રભુનો આશ્રય કરેલો છે એ વાત ઉદાહરણસહિત જણાવી છે.

૧૯મા શ્લોકથી ૨૬મા શ્લોક સુધીના ૮ પદ્યોમાં પ્રભુના અશોકવૃક્ષથી માંડીને છત્રત્રય સુધીના આઠે ય પ્રાતિહાર્યોને અદ્‌ભુત કલ્પનાઓ અને ઉપમાઓ પૂર્વક વર્ણવ્યા છે.

શ્લોક ૨૭-૨૮માં પણ પ્રભુના ત્રણ ગઢ રૂપી અલૌકિક બાહ્ય-વૈભવરૂપ અને દેવેન્દ્રો વડે પૂજ્યપણા રૂપ ભક્તિભાવને વધારનાર બે અતિશયોનું વર્ણન કરેલું છે.

શ્લોક ૨૯મા જિનેશ્વર પ્રભુના માર્ગે ચાલનારને પરોક્ષ છતાં પ્રભુ તારે છે એ વાત દ્રષ્ટાંતપૂર્વક સમજાવી છે અને ૩૦માં પદ્યમાં શ્લેષ અને વિરોધાભાસ અલંકારપૂર્વક પ્રભુના અદ્‌ભુત સ્વરૂપને વર્ણવ્યું છે.

૩૧ થી ૩૩મા પદ્યમાં કમઠ દ્વારા થયેલ ઉપસર્ગમાં નિશ્ચલ રહેવાથી તે ઉપદ્રવ તેનો જ ઉપદ્રવકારી બન્યો! એ વાત આલેખી છે.

૩૪મા શ્લોકમાં તો કવિએ પ્રભુના ભકતની પણ પ્રશંસા કરવા દ્વારા વિશેષથી પોતાની પ્રભુભક્તિ દર્શાવી છે.

૩૫ થી ૩૯ એ ચાર શ્લોકમાં કવિ પોતાને આવી પડતી બાહ્ય અને આંતરિક આપત્તિમાં સુંદર આત્મ-નિરિક્ષણ કરતાં જોવા મળે છે. પ્રથમ ત્રણ શ્લોકમાં પ્રભુનું ક્રમશઃ શ્રવણ-પૂજન-દર્શન નહીં કર્યુ હોય એમ કવિ અનુમાન કરે છે. ચોથા શ્લોકમાં કહે છે કે શ્રવણ વગેરે કર્યુ હશે પણ ભક્તિભાવપૂર્વક પ્રભુને ચિત્તમાં ધારણ ન કર્યા. તેથી દુઃખી થયો, સંસારમાં ભટક્યો. કેમકે સમ્યગ્ ભાવ વિનાની ક્રિયા સફળ થતી નથી.

૩૯ થી ૪૧મા શ્લોકોમાં પણ સરળ-સંવેદનશીલ હૃદયવાળા કવિનું આત્મનિરીક્ષણ ચાલુ જ છે. આ ત્રણ શ્લોકોમાં અનેક વિશેષણોપૂર્વક પ્રભુની સ્તુતિ કરીને દુઃખ દૂર કરવા માટે પ્રાર્થના કરી છે અને પ્રભુનું સ્થિર મનથી ધ્યાન નહિ કરી શકવા બદલ ખેદ વ્યક્ત કરેલો છે.

૪૨મા શ્લોકમાં કવિ પરંપરાથી સંચય કરેલી પ્રભુની ભક્તિના ફળ સ્વરૂપે પ્રભુભક્તિની જ માંગણી કરે છે.

૪૩-૪૪મા શ્લોકના જોડકા વડે કવિ સ્તોત્રનું ફળ જણાવે છે. જે ભવ્યજીવો વિધિવત્ એકાગ્રતાપૂર્વક ભક્તિ કરે છે તેઓ (પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરવા દ્વારા અનાસક્તપણે) સ્વર્ગના સુખ પામીને પરંપરાએ અલ્પકાળમાં (માનવ-ભવ-પ્રવ્રજ્યાદિ પામીને) મોક્ષના સુખ પામે છે.

આમ એકંદરે સુંદર વિષયની સજાવટ છે. સ્તોત્રના ૪૩ શ્લોકો વસંતતિલકા છંદમાં છે અને છેલ્લો શ્લોક 'આર્યા' છંદમાં છે.

## ટીકાઓ અને ટીકાકારો (વૃત્તિકાર) નો પરિચય

જે સંસ્કૃત ટીકાઓનો પ્રસ્તુત સ્તોત્રના અર્થ અને વિવેચનની રચનામાં ઉપયોગ કર્યો છે તે નીચે મુજબ છે.

**(૧) શ્રી કનકકુશલગણિવર :** તેઓ જગદ્‌ગુરુ આ.શ્રી હીરસૂરિ મ.સા.ના શિષ્ય આ.શ્રી સેનસૂરિ મ.ના શિષ્ય શ્રી સોમકુશલ ગણીના શિષ્ય હતાં. તેઓએ વિ.સં. ૧૬૫૨માં ૭૨૦ શ્લોક પ્રમાણ ટીકાની રચના કરી છે. આ જ વર્ષમાં તેઓએ ભક્તામર સહિત પાંચ ટીકાઓ બનાવી હતી. પ્રસ્તુત ટીકા સરળ-સ્પષ્ટ-સુબોધિકા અને સમાસસહિત છે.

**(૨) ઉપાધ્યાય શ્રી સમયસુંદર ગણિ :** તેઓશ્રી જિનચંદ્રસૂરિજીના શિષ્ય હતાં. તેઓએ અનેક ટીકાઓ રચી છે. પ્રસ્તુત ટીકા (Commentary) પણ સરળ-સ્પષ્ટ અને સંક્ષિપ્ત છે. પ્રસ્તુત ટીકા વિ.સં. ૧૬૯૫માં રચેલી છે.

**(૩) મહોપાધ્યાય શ્રી સિદ્ધિચંદ્રગણિ :** તેઓ આ.શ્રી હીરસૂરિ મ.ના શિષ્ય ઉપા.શ્રી ભાનુચંદ્રગણિના શિષ્ય હતાં. આ વૃત્તિ સરળ, સ્પષ્ટ અને સમાસવિગ્રહ સહિત છે. ૨જી અને ૩જી ટીકામાં ગ્રંથનું પ્રમાણ લખ્યું નથી.

**(૪) શ્રી માણિક્યચંદ્ર મુનિ :** ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રસૂરિના શિષ્ય શ્રી બુધરત્નચંદ્ર હતા. તેઓની કૃપાથી માણિક્યચંદ્ર મુનિએ આ વૃત્તિ બનાવી છે એમ પ્રશસ્તિમાં કહેલું છે. સૂત્રસહિત ટીકા ગ્રંથ ૭૨૦ શ્લોક પ્રમાણ છે. આ ટીકામાં તેઓએ સમાસો ઉપરાંત કેટલાંક શબ્દોની વ્યુત્પત્તિ પણ સિદ્ધહેમ-વ્યાકરણના આધારે આપી છે.

## ઉપસંહાર

આ પુસ્તકની રચના મુખ્યત્વે અભ્યાસુઓને અનુલક્ષીને તૈયાર કરવામાં આવી છે. તેમજ સ્તોત્રપાઠ કરનારને સ્તોત્ર-સ્તોત્રકાર ઉપર વિશેષ બહુમાન જાગૃત થાય અને આનો પાઠ વિશેષ ભાવવિભોર બનીને થાય તે માટે જ આ સઘળો પ્રયત્ન કરેલો છે. કારણકે, શ્રદ્ધા-બહુમાન અહોભાવ-પૂર્વકનો પાઠ વિશિષ્ટ ફળદાયક બને છે.

અહીં સ્તુતિ-સ્તોત્ર-સ્તવ-સ્તવનમાં જો કે પરમાત્માના ગુણોનું ઉત્કીર્તન (કથન)રૂપ અર્થ સમાન છે. તો પણ વ્યવહારમાં થોડોક ભેદ જણાય છે. **ઉપદેશમાલા**ની ટીકામાં કહ્યું છે કે, ભક્તામર વગેરે **'સ્તવ'** કહેવાય છે. કાયોત્સર્ગ કર્યા પછી અંતે જે બોલાય છે તે 'સ્તુતિ' કહેવાય છે. વર્તમાનમાં પણ તેને માટે સ્તુતિ કે થોય શબ્દ વપરાય છે. ઉત્તરાધ્યયનના ૨૯માં અધ્યયનની સૂ.૧૪ની ટીકામાં કહ્યું છે કે, દેવેન્દ્રસ્તવ વગેરે **'સ્તવ'** કહેવાય અને ૧ થી ૭ શ્લોક સુધી **'સ્તુતિ'** કહેવાય છે (તેથી અધિક સ્તવ અથવા સ્તોત્ર કહેવાય.) હાલ ૫-૭ કડીના ગેય કાવ્યને સ્તવન કહેવાય છે. પ્રસ્તુત કલ્યાણ-મંદિરને અને 'ચતુર્વિંશતિ જિનસ્તુતિ'ને પણ સ્તોત્ર કે સ્તવ કહી શકાય છે.

**છંદ :** ચાર ચરણો (પાદ) જેમાં હોય તેવા નિયત વર્ણ (અક્ષર) અથવા માત્રાનો સમુદાય તે **'છંદ'** કહેવાય. છન્દોમય કાવ્યરચના આહ્‌લાદક હોય છે. સંપૂર્ણ કલ્યાણમંદિર સ્તોત્ર 'વસન્તતિલકા' છંદમાં રચાયેલું છે. કવિઓનો આ પ્રિય છંદ છે. તેમાં દરેક પાદમાં ચૌદ અક્ષરો છે. તેમાં ૧-૨-૪-૮-૧૧-૧૩-૧૪ એ ૭ અક્ષર ગુરુ હોય છે અને ૩-૫-૬-૭-૯-૧૦-૧૨ એ ૭ અક્ષર લઘુ હોય છે. એકંદરે પરમાત્મ-ભક્તિ, શૌર્ય, દેશપ્રેમ વગેરે વિષયના પ્રતિપાદન માટે આ છંદનો ઉપયોગ થાય છે. આ છંદના બીજા નામ ઉદ્ધર્ષિણી, સિંહોન્નતા અને મધુમાધવી છે. કલ્યાણમંદિરનો છેલ્લો શ્લોક 'આર્યા' છંદમાં છે.

આ પુસ્તક પરમાત્મ-ભક્તિ વિષયક હોવાથી હૃદયને ભીનું ભીનું બનાવે તેવું છે. બુદ્ધિના શુષ્ક તર્કને અથવા દાર્શનિક ચર્ચાને અહીં સ્થાન નથી. અહીં તો સ્તોત્રકારે વહાવેલ પરમાત્મા ભક્તિના શુભ ભાવોની નદીમાં સ્નાન કરીને હૃદયને શીતલ, નિર્મળ અને કોમળ બનાવીને શુભ ભાવનાની પુટ આપવાનું પ્રયોજન છે. સાધનામાર્ગે જરૂરી આત્માની પાત્રતાનો વિકાસ જેનાથી થાય એવી પ્રભુભક્તિની શક્યતા આ સ્તોત્રના ગાન અને તેના વિવેચનના પઠનમાં પડેલી છે.

વાચકો આ પુસ્તકને એમને એમ અભરાઈ ઉપર ન મૂકી દે. ફેસબુક, ટ્વિટર, ઈન્ટરનેટ અને મોબાઈલનો શોખ ખાતર ઉપયોગ ક્ષણિક આનંદ આપે છે. વાચકો જો આ પુસ્તકને એકવાર પણ સંપૂર્ણ વાંચશે તો જરૂર હૃદયમાં પ્રભુભક્તિ પ્રગટ થશે અને પ્રભુ ભક્તિ પ્રગટેલી હશે તો તે વધુ જોરદાર બનશે એવી આશા રાખું છું.

# ઔચિત્ય

અહીં પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં ઉપકારક-સહાયક બનેલાં મહાત્માઓનું કૃતજ્ઞતાભાવે સ્મરણ કરું છું.

- શાસનપ્રભાવક ભક્તિયોગાચાર્ય પ.પૂ.**આચાર્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ. સાહેબ** કે જેઓએ લાગણીપૂર્વક 'આશીર્વચન' લખી આપીને શુભાશિષ પાઠવી.

- પ.પૂ. શ્રુતઉદ્ધારક પ.પૂ. **આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ** કે જેઓએ પ્રસ્તાવના-વિભાગનું મેટર તપાસી આપ્યું અને ઉપયોગી સૂચનો કર્યા.

- આ સ્તોત્રના વિવેચનનું મેટર તપાસી આપનાર પૂ. મુનિરાજ **શ્રી અનંતસુંદરવિજયજી મ.સા.**ની અત્ર ખૂબ ખૂબ અનુમોદના કરું છું.

- **'ચતુર્વિંશતિ-જિન-સ્તુતિ'** રૂપ સ્તોત્રના સંસ્કૃત શ્લોકો અને ટીકાનું મેટર પ.પૂ.દીક્ષાદાનેશ્વરી શાસનપ્રભાવક આચાર્ય **શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન વિદ્વદ્વર્ય આચાર્ય **શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય વિદ્વાન **મુનિરાજ શ્રી યશરત્નવિજયજી**એ ચીવટપૂર્વક તપાસી આપ્યું છે. તેઓની ખૂબ ખૂબ અનુમોદના કરું છું.

- 'મન ગ્રાફિક્સ-સુરત'ના પારસભાઈએ સ્તુત્ય પરિશ્રમ લઈને કમ્પોઝ-ડીઝાઈનીંગ-પ્રીન્ટીંગ કરી પુસ્તક તૈયાર કરી આપ્યું છે. તે બદલ ધન્યવાહાર્દ છે.

- પુસ્તકના પ્રકાશનમાં કાળજી રખાઈ હોવા છતાં મતિમંદતા, દ્રષ્ટિદોષ અથવા છદ્મસ્થપણાથી ક્ષતિ રહી ગઈ હોય તો વાચકો તેને સુધારીને વાંચે અને ક્ષન્તવ્ય ગણે એવી આશા.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો અંતઃકરણથી ત્રિવિધ ત્રિવિધ મિચ્છા મિ દુક્કડં.

**ગુરુપાદપદ્મરેણુ**
**મુનિ રત્નવલ્લભવિજય**

# સમાસ વગેરેમાં મૂકેલાં સંકેતોની સમજ

| | | |
|---|---|---|
| અ. | = | અધ્યાય / અધ્યયન |
| ઉ./ઉપ. | = | ઉપમાન |
| ક. ધા. | = | કર્મધારય |
| કાવ્યાનુ. | = | કાવ્યાનુશાસન |
| ત. પુ. | = | તત્પુરુષ |
| તૃ. | = | તૃતીયા |
| દશવૈ. | = | દશવૈકાલિક |
| પં | = | પંચમી |
| પ્ર. | = | પ્રકાશ |
| પૂ. પ. | = | પૂર્વપદ |
| બ. વ્રી. | = | બહુવ્રીહિ |
| વિ. સં. | = | વિક્રમ સંવત |
| વીત. સ્તો. | = | વીતરાગ સ્તોત્ર |
| વ્યધિ. | = | વ્યધિકરણ |
| ષ. | = | ષષ્ઠી |
| શ્લો. | = | શ્લોક |
| સ. | = | સપ્તમી |
| સિ.હે. | = | સિદ્ધહેમશબ્દાનુશાસન |
| સૂ. | = | સૂત્ર |

# અનુક્રમણિકા

## પ્રસ્તાવના વિભાગ


| અનુક્રમ | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧) | પ્રાસ્તાવિકમ્ | ૩ |
| ૨) | સમર્પણમ્ | ૫ |
| ૩) | આશીર્વર્ષા | ૬ |
| ૪) | સુકૃત-સહયોગી | ૭ |
| ૫) | આ.શ્રી સિદ્ધસેનસૂરિજીના જીવનની ઝલક | ૮ |
| ૬) | પ્રસ્તુત સ્તોત્રની મહાનતા અને વિષય | ૨૫ |
| ૭) | વિષયનો વિશેષથી નિર્દેશ | ૨૭ |
| ૮) | ટીકાઓ અને ટીકાકારોનો પરિચય | ૨૯ |
| ૯) | ઉપસંહાર | ૨૯ |
| ૧૦) | ઔચિત્ય | ૩૧ |
| ૧૧) | સંકેતોની સમજ | ૩૨ |
| ૧૨) | અનુક્રમણિકા | ૩૩ |


## સ્તોત્ર વિભાગ


| | | |
|---|---|---|
| ૧) | સ્તોત્ર ઉદ્ભવ કથા | ૧ |
| ૨) | કલ્યાણમંદિર-સ્તોત્રનો આરંભ શ્લોક ૧-૨... | ૫ |
| ૩) | ચોવિશ જિન સ્તુતિ (ભૂમિકા) | ૧૪૫ |
| ૪) | પ્રથમાદિ-જિન સ્તુતિનો આરંભ | ૧૫૧ |
| ૫) | (ચોવીશ જિન સ્તુતિનો) ઉપસંહાર | ૧૮૩ |
| ૬) | ભક્તિનું ભાથું ભાગ-૧ ભક્તામર સ્તોત્ર અંગે પ્રતિભાવો | ૧૮૮ |
| ૭) | પૂજ્યશ્રી દ્વારા પ્રકાશિત ગ્રંથો | ૧૯૦ |



**શ્રી અવંતિ પાર્શ્વનાથ ભગવાન (ઉજ્જૈન)**

# સ્તોત્ર-ઉદ્‌ભવ-કથા

## (આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીનો સંક્ષિપ્ત પરિચય)

સૌ પ્રથમ આ સ્તોત્રની ઉત્પત્તિનું (રચનાનું) નિમિત્ત કહેવાય છે. ઉજ્જયિની નગરીમાં **વિક્રમ-પુરોહિત**નો પુત્ર અને **દેવસિકા**ની કુક્ષિથી જન્મેલ **મુકુંદ** નામનો વાદપ્રિય બ્રાહ્મણ પંડિત વાદ માટે **ભૃગુકચ્છ** (ભરૂચ) નગર તરફ ચાલવા માંડ્યો. માર્ગમાં જતાં વચ્ચે આચાર્યશ્રી **વૃદ્ધવાદિસૂરિ** મળ્યા. તેઓ સાથે વાદ ચાલુ કર્યો. તેમાં આસપાસમાં બીજા કોઈ ન દેખાતા ગોવાળોને સાક્ષી બનાવ્યા. સંસ્કૃતમાં બોલવા માંડ્યું. સંસ્કૃત નહીં જાણતા ગોવાળો કહે, "આ કંઈ જાણતો નથી." પછી ગુરુ વૃદ્ધવાદિસૂરિએ લોક-ભાષામાં બોલવાનું શરૂ કર્યું-

**"નવિ મારીએ નવિ ચોરીયે પરદારાગમન નિવારીયે,**
**થોવાથોવં દાઈએ, સ્વર્ગે ટકુટકુ જાઈયે. (૧)"**

અર્થાત્ **"કોઈને મારવું નહીં, કોઈની હિંસા ન કરવી, પરદારાગમન ન કરવું, થોડું થોડું આપતા રહીએ, તો ઝટપટ સ્વર્ગે જવાય."** આ રીતે ગાતા ગાતા રાસ લેવા લાગ્યા. ગોવાળિયા પણ સાથે જોડાયા. ખુશ થયેલાં ગોવાળોએ એવો નિર્ણય કર્યો કે, "આ ગુરુદેવ જીતી ગયા." ગોવાળિયા જેવા અનપઢ લોકોને મધ્યસ્થી કરનારા બનાવેલા જાણી વૃદ્ધવાદિદેવસૂરિએ ગીતાર્થતાથી- ચાલાકીથી ટાબોટા (રાસ) લઈ હરાવ્યા. પછી તો વાદસભામાં પણ વિધિસર વાદ કરીને હરાવીને વૃદ્ધિવાદિદેવસૂરિએ તેને શિષ્ય રૂપે દીક્ષા આપી ત્યારે તેમનું **'કુમુદચંદ્ર'** નામ રાખ્યું. ફરી જ્યારે આચાર્યપદ પ્રાપ્ત કર્યું ત્યારે **'સિદ્ધસેનદિવાકરસૂરિ'** એવું નામ આપ્યું.

એક વખત તેઓએ વાદ માટે આવેલા કોઈ બ્રાહ્મણને સંભળાવવા માટે **'नमो अरिहंताणं'** વગેરે નવકાર મંત્રના પાઠને બદલે **'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः'** એવો ચૌદ પૂર્વની શરૂઆતમાં રહેલ સંસ્કૃત પંચ પરમેષ્ઠિ નમસ્કારરૂપ સૂત્ર બોલ્યા. વળી કોઈવાર ગુરુને કહ્યું કે જે આગમો પ્રાકૃત ભાષામાં છે તે સર્વને હું સંસ્કૃતમાં પરિવર્તિત કરું ? ગુરુએ કહ્યું કે,

**बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।**
**अनुग्रहाय तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥ १ ॥**

અર્થાત્ "ચારિત્રની ઈચ્છાવાળા બાળક, સ્ત્રી, મંદ અને મૂર્ખ મનુષ્યોના ઉપકાર માટે તત્ત્વજ્ઞોએ સિદ્ધાંતની પ્રાકૃત-ભાષામાં (લોકભાષામાં) રચના કરી છે. આથી આમ (વિરુદ્ધ) બોલવાથી તને મોટું પ્રાયશ્ચિત્ત આવ્યું." આમ કહીને તેમને ગચ્છની બહાર કર્યા. તેથી સંઘે વિનંતી કરી કે, આ (કવિ તરીકે) પ્રભાવક આચાર્ય છે. આથી ગચ્છની બહાર ન કરવા જોઈએ. સંઘ વડે ઘણો આગ્રહ કરાતા ગુરુએ કહ્યું કે, જ્યારે ૧૮ રાજાઓને પ્રતિબોધ કરીને જૈન બનાવીશ ત્યારે ગચ્છમાં લઈશ, એ સિવાય નહીં.

ગુરુના આદેશને માથે ચઢાવી તે આચાર્ય વિહાર કરી **ઉજ્જયિની** (ઉજ્જૈન) નગરે ગયા. ત્યાં એકવાર અશ્વ ખેલાવવા નીકળેલાં **શ્રી વિક્રમ** રાજાએ રસ્તે જતાં **આ.શ્રી સિદ્ધસેનસૂરિને** જોયા. તેમણે પૂછ્યું, "તમે કોણ છો ?" આચાર્યે કહ્યું, "હું સર્વજ્ઞપુત્ર છું." પછી રાજાએ મનમાં જ નમસ્કાર કર્યા. એટલે આચાર્યએ 'ધર્મલાભ' આપ્યા. રાજા કહે, "કોને ધર્મલાભ આપો છો ?" આચાર્યએ કહ્યું, "જેણે મને નમસ્કાર કર્યા તેને ધર્મલાભ આપું છું." **ધર્મલાભ આપવાથી ખુશ થયેલા રાજાએ એક કરોડ સોનામહોર ભેટ આપી.**

ફરી એકદા શ્રી સિદ્ધસેનસૂરિ વિક્રમ રાજા માટે નવા ચાર શ્લોકો રચી રાજદ્વારે ગયા. દ્વારપાળના મુખે આ પ્રમાણે સંદેશો કહેડાવ્યો...

**दिदृक्षुर्भिक्षुरायातो द्वारे तिष्ठति वारितः ।**
**हस्तन्यस्तचतुःश्लोको यद्वाऽऽगच्छतु गच्छतु ॥ १ ॥**

(૧) અર્થાત્ "(તમને) જોવાની ઈચ્છાવાળો ભિક્ષુક સાધુ આવેલો છે પણ અટકાવવાથી દ્વારે ઉભો છે. તેમના હાથમાં ચાર શ્લોકો છે. તો તે આવે કે જાય ?

આ સાંભળીને સૂરિજી રાજા પાસે ગયા. પછી રાજા પૂર્વાદિ ચાર દિશામાં સિંહાસન ઉપર બેઠો ત્યારે એક એક શ્લોકનો પાઠ કરતાં સૂરિજીને એક એક દિશાનું રાજ્ય આપતો ગયો. આમ ચાર શ્લોક વડે ચાર દિશાનું રાજ્ય આપ્યું.

આચાર્યએ કહ્યું, "અમે કંચન-કામિનીના ત્યાગી છીએ, મારે રાજ્યનું

કંઈ કામ નથી.”

રાજાએ કહ્યું, “તો આપ શું ઈચ્છો છો ?”

આચાર્ય : “જ્યારે રાજસભામાં હું આવું ત્યારે મારો ઉપદેશ સાંભળવો.”

રાજા : “મને કબૂલ છે.”

એક સમયે **આ. સિદ્ધસેનસૂરિ** મહાકાલના મંદિરમાં શિવપિંડ ઉપર બે પગ કરીને સૂતાં. ઘણા લોકોએ ઉઠાડ્યા છતાં ઉઠ્યા નહીં. ત્યારે લોકોએ રાજાને વાત કરી. રાજાએ કહ્યું, “તેને માર મારીને દૂર કરો.” પછી રાજાની આજ્ઞાથી તેઓ ચાબૂક વગેરેથી મારવા લાગ્યા. પણ તે પ્રહારો અંતઃપુરમાં રાણીના શરીરે વાગવા લાગ્યા. કોલાહલ થયો. રાજા પણ વિસ્મય અને ખેદથી સહિત પૂછે છે, “શું થયું ?”

કોઈએ હકીકત જણાવી. ત્યારે રાજા પોતે મહાકાલ પ્રાસાદમાં ગયો. આચાર્યને જોયા, ઓળખ્યા, અને પછી પૂછ્યું, “આ શું ? મહાદેવના માથા પર બે પગ શા માટે રાખ્યા છે ? મહાદેવ તો મહાન દેવ છે, સ્તવનને યોગ્ય છે.” આચાર્યએ કહ્યું, “મહાદેવ તો બીજો જ છે. જે મહાદેવ છે તેની હું સ્તુતિ કરીશ જ. તમે તેને સાવધાન થઈને સાંભળો.” એમ કહીને **‘કલ્યાણમંદિર’** સ્તોત્ર રચવાનો આરંભ કર્યો. ૧૧મું કાવ્ય (પદ્ય/વૃત્ત) રચાતું હતું ત્યાં જ કંપન થવાપૂર્વક ધૂમાડો નિકળ્યો અને લિંગને ભેદીને પહેલા તેજ-પુંજ ફેલાયો અને તેમાંથી **ધરણેન્દ્ર** સહિત **‘પાર્શ્વનાથ’** પ્રભુનું બિંબ પ્રગટ થયું.

આચાર્ય ભગવંતે સ્તોત્રની રચનાને પૂર્ણ કરીને કહ્યું, “આ પાર્શ્વનાથ પ્રભુનું બિંબ આ જ ઠેકાણે પૂર્વે **ભદ્રા** શેઠાણીના પુત્ર **અવંતિસુકુમાલ**ના પુત્ર **મહાકાલે** પોતાના પિતા અવંતિસુકુમાલના નલિનીગુલ્મ વિમાનમાં જવા માટે કરાતા કાર્યોત્સર્ગના સ્થાને નવો પ્રાસાદ કરાવીને પ્રતિષ્ઠા કરાવી હતી. કેટલોક કાળ પસાર થયા પછી અન્ય મતવાળા લોકોએ તેના ઉપર કબ્જો લઈને રુદ્રનું લિંગ સ્થાપિત કરેલું છે. હાલ મારી સ્તુતિ વડે પાર્શ્વનાથ પ્રભુનું બિંબ પ્રગટ થયું છે.”

આ સાંભળીને રાજાના ચિત્તમાં આનંદ પ્રમોદ ઉત્પન્ન થયો. તેણે પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં પૂજાદિના ખર્ચ માટે રકમ આપીને આચાર્ય પાસે સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો, તેથી તે શ્રાવક થયો. પછી સિદ્ધસેનાચાર્યે તે રાજાને અનુસરતા બીજા ૧૮ રાજાઓને પ્રતિબોધ પમાડ્યા. રાજાએ તેઓના ગુણોથી રંગાઈને સુખાસન (પાલખી) આપ્યું અને તેના ઉપર

બેસીને દરરોજ રાજભવન જવા લાગ્યા. આ બધી વાત ગુરુ **વૃદ્ધવાદિદેવ-સૂરિ**એ સાંભળી અને વિચાર્યું કે ૧૮ રાજાને પમાડવા ગયો હતો ઉલટું, તે પણ આરંભમાં (હિંસાદિમાં) ડૂબી ગયો છે, ચારિત્રમાં શિથિલ થયો છે, તેથી ત્યાં જઈ બોધ પમાડું. આથી ગુરુ પોતે ઉજ્જયિનીમાં જઈને સુખાસનના (પાલખી) વાહક (ભોયો) બનીને તેને વહન કરતા રાજભવન તરફ જાય છે. ત્યારે વૃદ્ધવાદિદેવસૂરિ મંદ મંદ ડોલતાં ચાલે છે. આથી સિદ્ધસેનાચાર્યે કહ્યું, **"भूरिभाराक्रान्तः स्कन्धः किं तव बाधति ?"** અર્થાત્ ઘણા ભારથી લદાયેલો તારો ખભો શું તને દુઃખે છે ? (કે જેથી ડગમગ થતો ચાલે છે ?) અહીં **बाधति** શબ્દમાં સંસ્કૃત વ્યાકરણના નિયમ મુજબ આત્મનેપદના સ્થાને પરસ્મૈપદનો પ્રયોગ કરવાથી અપ-શબ્દ, ખોટા શબ્દ-રૂપનો પ્રયોગ કર્યો તે ગર્વથી જણાયું નહીં. ત્યારે **વૃદ્ધવાદિદેવસૂરિ** કહે છે, **'न तथा बाधति स्कन्धः, यथा बाधति बाधते ॥१॥"** અર્થાત્ ખભો તેટલી પીડા નથી કરતો જેટલી પીડા **बाधति** શબ્દ પ્રયોગ કરે છે.

ગુરુના આ શબ્દો સાંભળીને ચોંટ લાગી. મારી ભૂલ કાઢનાર આ કોણ છે ? પૂછતાં ખ્યાલ આવ્યો. પશ્ચાતાપ થયો. ગુરુએ પ્રતિબોધ પમાડી સંઘની હાજરીમાં ગચ્છમાં લીધા. આવા મહાપ્રભાવક, સરળ, સાત્ત્વિક, પુણ્યવંત, પ્રતિભાસંપન્ન શ્રી સિદ્ધસેનાચાર્યે **'કલ્યાણમંદિર'** સ્તોત્રની રચના કરી છે. આ ઉપરાંત સ્તોત્રકારના જીવન વિષે વિશેષ માહિતી પ્રસ્તાવના-વિભાગમાં **'સ્તોત્રકારના જીવનની ઝલક'** એવા મથાળા હેઠળ આપી છે તે ત્યાંથી જાણી લેવી.

**'પુરુષ વિશ્વાસે-વચન વિશ્વાસ'** એ ન્યાયથી યોગ્ય જીવોની રુચિ અને પ્રવૃત્તિ માટે ઉપાધ્યાય **શ્રી સિદ્ધિચંદ્રજી મ.**ની ટીકાના આધારે સ્તોત્રકાર આચાર્ય ભગવંતનું સંક્ષિપ્ત ચરિત્ર અને સ્તોત્રની રચનાના કારણભૂત કથા-ભૂમિકા જણાવીને હવે તે સ્તોત્રનો ઉપક્રમ-શબ્દાર્થ-સરલાર્થ-વિશેષાર્થ-સમાસાદિ વિભાગ દ્વારા વિવેચન શરૂ કરાય છે.

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥ ॥ ऐँ नमः ॥

આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત

# કલ્યાણ-મંદિર-સ્તોત્ર

(ઉપક્રમ-અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-સમાસાદિ સહિત)

**ઉપક્રમ (ભૂમિકા) :** આ સ્તોત્રની રચનાની ભૂમિકા પૂર્વે સ્તોત્રની રચનાની ઉદ્ભવ કથામાં જણાવેલ છે. અહીં મંગલાદિ ચતુષ્ટય જણાવતા પ્રથમ બે શ્લોક કહે છે -

**कल्याणमन्दिरमुदारमवद्यभेदि**
**भीताभयप्रदमनिन्दितमङ्घ्रिपद्मम् ।**
**संसारसागरनिमज्जदशेषजन्तु-**
**पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥ १ ॥**

**यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः**
**स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् ।**
**तीर्थेश्वरस्य कमठस्मयधूमकेतो-**
**स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ॥ २ ॥ (युग्मम्)**

**અન્વય+શબ્દાર્થ :** (૧) **किल एष अहं** (સાચે જ આ હું આ.શ્રી સિદ્ધસેન-દિવાકરસૂરિ) **कल्याणमन्दिरं** (કલ્યાણના ઘર, મંગલના/શ્રેયના આશ્રયરૂપ / સ્થાન-રૂપ) **उदारं** (ઉદાર=મહાન અથવા ભવ્ય જીવોના વાંછિત અર્થને આપનારા હોવાથી દાતા, પ્રશસ્ત) **अवद्यभेदि** (પાપનો નાશ કરનાર) **भीता-ऽभयप्रदं** (ભય પામેલાઓને અભય આપનારા અર્થાત્ જન્મ-જરા-મરણાદિ ઘણા દુઃખવાળા સંસારરૂપી શત્રુથી ભય / ત્રાસ પામેલાં, ગભરાયેલાં જીવોને અભય આપનારા) **अनिन्दितं** (અગર્હિત, પ્રશંસનીય, સર્વદોષરહિત) **संसार-सागरनिमज्जदशेषजन्तुपोतायमानं** (સંસારરૂપી સાગરમાં ડૂબતાં સર્વ જીવોનો ઉદ્ધાર કરવામાં વહાણ સમાન એવા) **जिनेश्वरस्य** (શ્રી જિનેશ્વર પ્રભુના) **अङ्घ्रिपद्मम्** (બે ચરણરૂપી કમળોને) **अभिनम्य** (નમસ્કાર કરીને) (૧)

(૨) **गरिमाम्बुराशेः यस्य** (ગૌરવના / મહિમાના સાગર સમાન જેઓનું) **स्तोत्रं विधातुं** (સ્તોત્ર કરવાને/રચવાને માટે) **सुविस्तृतमतिः** (સુવિશાળ

બુદ્ધિવાળા) **स्वयं सुरगुरुः** (સ્વયં સુરગુરુ = દેવોના ગુરુ, બૃહસ્પતિ પણ) **न विभुः** (સમર્થ નથી) **तस्य कमठस्मयधूमकेतोः** (તે કમઠના અહંકારનો / ગર્વનો નાશ કરવામાં ધૂમકેતુ સમાન. ધૂમકેતુ એટલે પુચ્છ સહિત અથવા શિખાસહિત એક ગ્રહ અથવા ધૂમ છે કેતુ=ચિહ્ન જેનું એવા અગ્નિસમાન) **तीर्थेश्वरस्य** (તીર્થંકર પ્રભુના અર્થાત્ શ્રી પાર્શ્વનાથ પ્રભુના) **संस्तवनं** (સ્તવનને/સ્તુતિને) **करिष्ये** (કરીશ/રચીશ.)(૨)

**સરલાર્થ :** સાચે જ આ હું (આચાર્ય સિદ્ધસેનસૂરિ) કલ્યાણના આવાસ સમાન, ઉદાર, પાપનો નાશ કરનાર, (જન્મ-જરા-મરણાદિ) સંસારના ભયથી ગભરાયેલાં જીવોને અભય આપનારા, અનિંદિત-પ્રશંસનીય તથા સંસારરૂપી સાગરમાં ડૂબતાં સર્વ જીવોને તારવા (ઉદ્ધાર કરવા) માટે વહાણ સમાન એવા શ્રી જિનેશ્વર પ્રભુના બે ચરણોને નમસ્કાર કરીને...(૧)

ગૌરવના સાગર સમાન-મહામહિમાવાળા જેઓનું સ્તોત્ર રચવા માટે સુવિશાળ બુદ્ધિવાળા સ્વયં બૃહસ્પતિ (દેવોના ગુરુ) પણ સમર્થ નથી, તે કમઠના અહંકારનો નાશ કરવામાં ધૂમકેતુ સમાન તીર્થંકર પ્રભુની (શ્રી પાર્શ્વનાથ પ્રભુની) સ્તવના કરીશ. (૨)

**વિશેષાર્થ :** 'કલ્યાણમંદિર' સ્તોત્રના કંઈક વિવેચનનો આરંભ કરાય છે. સ્તોત્રના રચયિતાનો પરિચય અને રચનાનું કારણ 'સ્તોત્રની ઉદ્ભવ કથા' વિભાગમાં જણાવી દીધું છે. હવે સ્તોત્રને લગતી વિશેષ વિચારણા કરાય છે.

આ સ્તોત્રનો આરંભ પણ ભક્તામર સ્તોત્રની પદ્ધતિ (Style) થી જ કરવામાં આવ્યો છે. ભક્તામર સ્તોત્રમાં પ્રથમ ગાથામાં જિનેશ્વરના ચરણ યુગલ (જિનપાદયુગં) ને વિશેષણો (Adjectives) સહિત નમસ્કાર કરેલો છે. આ સ્તોત્રમાં પણ શ્રી જિનેશ્વરના ચરણકમળને (અંઘ્રિ / અંહ્રિ – પદ્મને) વિશેષણોપૂર્વક નમસ્કાર કરેલા છે. બન્નેય સ્તોત્રમાં બીજી કેટલીક પણ સમાનતા છે. દા.ત. (૧) બન્નેય સ્તોત્રના બીજા શ્લોકમાં ઈન્દ્ર-બૃહસ્પતિરૂપ વિશિષ્ટ દેવો વડે પ્રભુની સ્તુતિ કરવા અંગેની વાત કરેલી છે. (૨) બન્નેય

---

❀ વ્યાકરણની દ્રષ્ટિએ પણ પહેલાં બે શ્લોકમાં સરખા પ્રકારનો પ્રયોગ કરેલો છે. બન્નેય સ્તોત્રમાં 'શ્રી જિનેશ્વરના ચરણોને નમસ્કાર કરીને' (એમ પૂર્વ-કાલીન ક્રિયા જણાવીને) પછી 'હું તેઓની સ્તવના કરીશ' એમ ઉત્તરકાલીન ક્રિયા સાથે સંબંધ જોડેલો છે.

સ્તોત્રમાં વિશેષણો દ્વારા જ પ્રસ્તુત (અધિકૃત) દેવને (ભગવાનને) જણાવેલ છે. પણ સાક્ષાત્ તેઓના નામનો ઉલ્લેખ કરેલો નથી. (૩) બન્નેય સ્તોત્રની રચના પાછળ ચમત્કારિક કથા રહેલી છે. (૪) બે ય સ્તોત્રો **વસંતતિલકા છંદ**માં રચાયેલા છે. (૫) બન્નેય સ્તોત્રના શ્લોકની સંખ્યા ૪૪ છે. (૬) બન્નેય સ્તોત્રના કવિઓએ શરૂઆતના કાવ્યોમાં પોતાની સ્તોત્ર રચવાની અસમર્થતા જણાવી છે અને તેમ છતાં કયા હેતુથી સ્તોત્ર રચના કરી છે તે પણ જણાવેલું છે. (૭) બન્નેય સ્તવોમાં ઉપમા-અર્થાન્તરન્યાસ-દ્રષ્ટાંત (નિદર્શન)-ઉત્પ્રેક્ષા (કલ્પના) જેવા કાવ્ય-શાસ્ત્રમાં કહેલા કાવ્ય-અલંકારોનો ઠીક ઠીક ઉપયોગ કરેલો છે. (જો કે વિસ્તારના ભયથી અહીં તેનું વિવેચન કરાશે નહીં.) આમ બન્નેય સ્તોત્ર વચ્ચે ઘણું સરખાપણું છે. તેમ છતાં કેટલાંક તફાવતો પણ છે. પણ અહીં તેનું વિવેચન કરવું અપ્રસ્તુત છે. કારણકે, બન્નેય સ્તોત્ર પોતપોતાના વિષયમાં મહાન છે. આપણે તો આ સ્તોત્રમાં રહેલ ભક્તિરસ-શાંતરસ-વૈરાગ્યરસને જ માણવાનો છે.

આ સ્તોત્રની પ્રથમ ગાથામાં 'જિનેશ્વરના ચરણકમળ' (અંહ્રિપદ્મ) ❁ને નમસ્કાર કરેલો છે.

આપણે ત્યાં તથા લૌકિક સંપ્રદાયોમાં પણ ચરણ-સ્પર્શ અને ચરણ-પૂજાનું ઘણું મહત્ત્વ અંકાયેલું છે. પરમાત્માના પૂજનની શરૂઆત જમણા પગના અંગુઠાથી થાય છે. ગુરુપૂજન વખતે પણ અંગુઠાના પૂજન દ્વારા ગુરુપૂજન થયાનો સંતોષ મનાય છે. કેમ કે, ત્યારે ચરણ અને તેમાંય અંગુઠો એ સમસ્ત દેહનું પ્રતિનિધિત્વ કરે છે. પરમાત્માના પણ સર્વ અંગ પૂજનીય હોવા છતાં ૯ અંગે ૧૩ તિલક કરીને સર્વ દેહની પૂજા કરવાનો અહેસાસ થાય છે. કારણકે આ રીતે વ્યવસ્થા કરવામાં આવી છે. સર્વ અંગોમાં ચરણની-અંગુઠાની અધિક મહત્તા છે. કારણકે એમ કહેવાય છે કે, જમણા પગના અંગુઠામાંથી શરીરની સૌથી વધુ ઊર્જાનો-ઓરાનો પ્રવાહ વહે છે. આથી ચરણસ્પર્શ દ્વારા અથવા ચરણ-અંગુષ્ઠના પૂજન દ્વારા કૃપાસ્વરૂપે તે ઓરાને ઝીલવાના પ્રતિકરૂપે સદ્‌ગુરુદેવોની ચરણ-પૂજા અને ચરણ-સ્પર્શ કરવામાં આવે છે.

---

❁ અહીં **अङ्घ्रिपद्म** અને **अंह्रिपद्म** એમ બે પ્રયોગો દેખાય છે. બન્નેય સાચા છે. ટીકાઓમાં **अंह्रिपद्म** પાઠ જ મળે છે. પણ ક્યાંક **अङ्घ्रिपद्म** દેખાય તો પણ મૂંઝાવું નહીં કારણકે બન્નેયનો અર્થ સમાન છે.

વળી, જિનેશ્વર પ્રભુ જ્યારે વિચરતાં હોય, વિહાર કરતાં હોય ત્યારે તેઓ જ્યાં પગલાં પાડે છે ત્યાં દેવતાઓ ૯-૯ સુવર્ણકમળોની રચના કરે છે. બે આગળ અને સાત પાછળ. પ્રભુના પાદ નિક્ષેપના સ્થાને દેવતાઓ આગળ આગળ કમળો રચતાં જાય છે. આ પણ એક વૈજ્ઞાનિક ઘટના છે. પ્રભુના ચરણોમાંથી નીકળતી પવિત્ર ઊર્જા સુવર્ણકમળોમાં ઝીલાય છે અને એ ઝીલાયેલી ઊર્જા સુવર્ણ કમળો દ્વારા સીધી ધરતીમાં ઉતરી જઈને ચારેય દિશામાં ૧૨૫ યોજન સુધી વ્યાપી જાય છે. તેના પ્રભાવથી પ્રાયઃ તે ક્ષેત્રમાં મારી, મરકી, રોગચાળો, દુષ્કાળ, અતિવૃષ્ટિ વગેરે ઉપદ્રવ થતાં નથી. કારણકે સુવર્ણ-કમળો એ સૌથી વધુ ઊર્જાને પ્રસારિત કરનારું માધ્યમ મનાયું છે. આમ કાવ્યોમાં, સ્તોત્રોમાં વર્ણવેલી અને વ્યવહારમાં પણ કરાતી ચરણ-પૂજા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પણ મહત્ત્વ ધરાવે છે.

હવે પ્રસ્તુત સ્તોત્રમાં જ કહેલ 'જિનેશ્વરના ચરણ કમળ'ના કેટલાક વિશેષણોનો વિચાર કરીએ.

**उदारम्** - 'ઉદાર' એટલે વિશાળ અથવા ભવ્ય જીવોના એટલે કે, મુક્તિમાં જવાને યોગ્ય જીવોના મનના ઈષ્ટ પદાર્થોને આપનાર હોવાથી દાતા-દાનવીર. પ્રભુ વર્ષીદાન આપવા દ્વારા જગતની દ્રવ્યથી દરિદ્રતા ફેડે છે અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવવા દ્વારા ભાવ-દરિદ્રતાને દૂર કરે છે.

**भीताभयप्रदम्** એટલે જન્મ-જરા-મરણ વગેરે ચિક્કાર દુઃખો જેમાં છે એવા સંસારરૂપી શત્રુથી ભય પામેલાં ભવ્ય જીવોને 'અભય આપનારા' છે.

**શંકા :** કઈ રીતે અભય આપે છે ?

**સમાધાન :** ભગવાન સર્વજ્ઞ છે. સર્વજ્ઞતાના પ્રકાશમાં જોઈને ષટ્કાય (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એ ૭ કાય) રૂપ જીવોના સમૂહના રક્ષણનો અને પાલનનો (પોષણનો) ઉપદેશ આપે છે. એથી જગતના યોગ્ય મનુષ્ય વગેરે જીવો અહિંસા-ધર્મમાં પ્રવૃત્તિ કરે છે અને તેથી અનેક જીવોને અભયદાન મળે છે.

**શંકા :** આ તો બીજા જીવને અભય આપવાની વાત થઈ. પોતાના જીવને કઈ રીતે અભય પ્રાપ્ત થાય ?

**સમાધાન :** જે બીજા નાના-મોટા જીવોને અભયદાન આપે છે તે જીવ એવું પુણ્ય મેળવે છે કે જેનાથી પોતાને પણ અભયની પ્રાપ્તિ થાય છે. કુટુંબમાં

સંપ, જીવનમાં શાંતિ, ચિત્તમાં પ્રસન્નતા અને શરીરમાં આરોગ્ય વગેરેની પ્રાપ્તિ થાય જ છે. આ રીતે જ વાસ્તવિક 'અભય'ને પામી શકાય છે. બીજાને ભય આપનાર અને તિરસ્કાર કરનાર જીવ પોતે જ ભય અને તિરસ્કારનું પાત્ર બનીને રહે છે. (૨) અથવા બીજી રીતે પણ અભયદાન આ રીતે પ્રાપ્ત થાય. ભગવાનના ચરણકમળની ભક્તિથી જીવ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. તેનો જ્યારે ઉદય થાય ત્યારે 'અભય'ની સુખની સ્થિતિને પામે છે. (૩) અથવા અભય = એટલે જ્યાં બિલ્કુલ ભય❀ નથી એવી અવસ્થા. અર્થાત્ મોક્ષ (નિર્વાણ). આવી સ્થિતિ આપવાની તાકાત ફક્ત પરમાત્મા ભક્તિ અને તેઓની સંપૂર્ણ આજ્ઞાના પાલનમાં જ છે. આ રીતે પણ પ્રભુ ચરણોની એવા અભયને આપનારી છે.

**अनिन्दितम् :** પ્રભુના ચરણકમળને 'અનિન્દિત' કહ્યા છે એટલે કે અણુમાત્ર-લેશમાત્ર દોષથી રહિત, નિર્દોષ છે. અર્થાત્ વીતરાગ-સ્વરૂપ પ્રગટ થયેલ હોવાથી સર્વદોષોથી રહિત છે. અહીં 'અનિંદિત'નો અર્થ પ્રશંસનીય અથવા અગર્હિત કરીએ તો છદ્મસ્થ જીવો માટે પણ તેવા વિશેષણો વાપરી શકાય છે. માટે અનિન્દિતનો અર્થ 'સર્વદોષરહિત' કર્યો છે. જે ફક્ત ભગવાન માટે કહી શકાય છે.

અહીં પણ ભગવાનનું નામ વિશેષણોથી સૂચવેલું છે, સાક્ષાત્ કહ્યુંનથી. તે આ રીતે - **तीर्थेश्वरस्य** = એટલે તીર્થંકરની...સ્તુતિ કરીશ. **તીર્થ** એટલે (૧) પ્રથમ ગણધર. (વર્તમાન શાસનમાં ગૌતમસ્વામીજી છે.) (૨) અથવા તીર્થ એટલે જિન-શાસન (બાર અંગરૂપ શ્રુત, પ્રવચન) (૩) અથવા તીર્થ એટલે ચતુર્વિધ સંઘ. તેમના ઈશ્વર = સ્વામી / નાયક તે તીર્થેશ્વર એટલે તીર્થંકર પ્રભુ. કેવા છે તે તીર્થંકર ? તે કહે છે-**कमठस्मय-धूमकेतोः** । કમઠના ગર્વને ગાળવામાં ધૂમકેતુ ગ્રહ સમાન. પાર્શ્વનાથ પ્રભુના જીવ સાથે દશ દશ ભવથી જેણે વૈરભાવ બાંધેલો એવા અસુરનિકાય (પ્રકાર)ના **મેઘમાળી** નામના દેવનો જે સ્મય = એટલે ગર્વ, તેને માટે ધૂમકેતુ સમાન. જૈન ધર્મ પ્રમાણે 'ધૂમકેતુ' ગ્રહ ચંદ્રના અથવા સૂર્યના ૮૮ ગ્રહો પૈકી એક ગ્રહ છે. તેની પૂંછ દેખાય છે. તે

---

❀ શાસ્ત્રમાં સાત પ્રકારના ભયો બતાવેલા છે. (૧) આલોકનો ભય (મનુષ્યને, મનુષ્યથી વગેરે) (૨) પરલોકનો ભય (મનુષ્યને દેવ વગેરેથી ભય) (૩) અકસ્માતનો ભય (૪) આજીવિકાનો ભય (૫) મરણનો ભય (૬) ચોરનો ભય (૭) અપયશનો ભય. મોક્ષમાં આ સાતેય ભયનો અંશમાત્ર ન હોય.

ગ્રહ જે દિશામાં ઉદય પામે છે (ઉગે છે) તે દિશામાં ઉપદ્રવ કરે છે. વિનાશ નોંતરે છે. અહીં કમઠના ગર્વનો પણ નાશ કરવામાં 'ધૂમકેતુ' સમાન પાર્શ્વનાથ પ્રભુ હતાં. તેમણે છેલ્લાં ભવમાં પંચાગ્નિ તપ કરતાં કમઠને બળતાં લાકડાં ફાડીને તેમાં બળતો સર્પ બતાવી કમઠના તપનો મદ ઓગળેલો હતો. અને જીવદયા-કરુણા વિનાનો ધર્મ ન હોઈ શકે એમ શીખવ્યું હતું. તેમ જ પાર્શ્વનાથ પ્રભુના સાધનાકાળ દરમ્યાન કમઠના જીવ મેઘમાળી દેવના ઉપસર્ગોને સમ્યક્ રીતે - યોગ્ય રીતે સહન કરવા દ્વારા તેના બળના મદનો (અભિમાનનો) નાશ કરેલો હતો. અહીં 'ધૂમકેતુ'નો બીજો અર્થ 'અગ્નિ' પણ થાય છે તેથી 'કમઠ-સ્મયધૂમકેતુ'નો અર્થ 'મદને (અભિમાન) બાળવામાં અગ્નિ સમાન' એમ પણ લઈ શકાય છે.

'સમર્થ વિશેષણ પદોના ઉલ્લેખથી વિશેષ્ય પદ ન મૂકેલું હોય તો પણ જણાય છે' (**समर्थविशेषणात् विशेष्यं लभ्यते**) એ પ્રમાણે ન્યાય છે. દા.ત.'પ્રભુ મહાવીરના પહેલાં ગણધર' એમ કહેવાથી 'ગૌતમસ્વામીજી' જણાઈ આવે છે તેમ અહીં પણ ઉપર કહેલા વિશેષણ દ્વારા 'પાર્શ્વનાથ ભગવાન' જ સ્તોત્રના વિષય તરીકે, સ્તોત્રના નાયક તરીકે જણાય છે.

**पोतायमानं** એ નામ-ધાતુનો પ્રયોગ છે. **पोतं इव आचरत् इति पोताय-मानम्।** (વહાણ જેવું આચરણ કરનાર-વહાણ સમાન એમ અર્થ છે.)

**एष अहं** (આ હું) એવા શબ્દથી કવિએ પોતાને આત્મ-પ્રત્યક્ષ એવા સ્તોત્રના કર્તા આચાર્ય **શ્રી સિદ્ધસેનસૂરિ**નો નિર્દેશ કરેલો છે.

તથા **किल** શબ્દ 'સત્ય' અર્થમાં છે. એટલે કે જેઓના સ્તોત્રની રચના કરવા બૃહસ્પતિ પણ અસમર્થ છે, તેઓના સ્તોત્રની રચના સાચે જ હું કરીશ. ❁ આમ સ્તોત્રની રચના કરવા હું અસમર્થ છું છતાં આગળના શ્લોકોમાં જણાવેલાં કારણોથી આ સ્તવન / સ્તુતિ કરીશ એમ ભાવ છે. અથવા **શ્રી કનકકુશલ ગણિ**ની ટીકામાં **किल** નો અર્થ અલીક = એટલે ફોગટ-અસત્ય કરેલો છે. આનો **ભાવાર્થ** એ છે કે જેઓના સ્તોત્રને રચવા માટે સુરગુરુ = બૃહસ્પતિ પણ અસમર્થ છે, તેઓની સ્તવના હું આ મંદબુદ્ધિવાળો છતાં

---

❁ **करिष्ये** પ્રયોગમાં ભક્તામરની જેમ અહીં પણ कृ ધાતુ ઉભયપદી છે. છતાં 'ફળવાન કર્તા'ની વિવક્ષા-તાત્પર્ય હોવાથી **करिष्यामि (परस्मैपद)**ને બદલે **ईंगितः** (૩-૧-૯૫) સૂત્રથી આત્મને પદી પ્રત્યયનો પ્રયોગ કરેલો છે એમ જાણવું.

કરીશ-તેથી આ સર્વથા અસત્ય જ છે. આ વિષયની સ્પષ્ટતા ૩જા, ૪થા શ્લોકમાં કરાશે.

આ બે શ્લોકમાં મંગલાદિ ચાર વસ્તુ જણાવેલ છે. તે આ પ્રમાણે - (૧) **મંગલ : जिनेश्वरस्य अंह्रिपद्मं अभिनम्य** એવા પદોથી શ્રી જિનેશ્વર પ્રભુના પદ-કમળને નમસ્કાર કરવા વડે ઈષ્ટદેવતાને નમસ્કાર કરવારૂપ મંગલ કરેલું છે. તેનાથી વિઘ્નનાશ થાય છે. (૨) **પ્રયોજન :** બે પ્રકારના પ્રયોજન (ફળ) છે. (૧) નજીકનું (અનંતર) અને (૨) દૂરનું (પરંપર) તેમાં (૧) શ્રી જિનેશ્વરના સ્તોત્રની રચના એ નજીકનું પ્રયોજન છે અને (૨) મુકિતની પ્રાપ્તિ એ પરંપર પ્રયોજન છે. તે **कल्याणमन्दिरं** વગેરે જિનેશ્વર પ્રભુના વિશેષણોથી સૂચિત છે. (૩) **સંબંધ :** અહીં સાક્ષાત્ સંબંધ કહેલો નથી, પરંતુ ગુરુપરંપરારૂપ અથવા તો વાચ્ય-વાચકભાવ, સ્તોતવ્ય-સ્તોતૃભાવ વગેરેરૂપ સંબંધ સ્વયં વિચારી લેવો. (શ્રી જિનેશ્વર પ્રભુના ગુણો સ્તોતવ્ય-વાચ્ય છે અને આ સ્તોત્ર એ વાચક કહેનાર છે.) (૪) **વિષય :** શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગુણોનું સ્તવન એ વિષય (અભિધેય) છે. તેનો **तस्य संस्तवनं करिष्ये** વગેરે પદોથી નિર્દેશ કરેલો છે.

શ્રી તીર્થંકર પ્રભુના ચાર મહાન (મુખ્ય) અતિશયો છે તેને પ્રથમ શ્લોકમાં સૂચવેલાં છે. તેમાં પ્રથમ (૧) **અપાય-અપગમ** (ઉપદ્રવનો નાશ કરનાર) રૂપ અતિશય **भीताभयप्रदम्** અને **संसारसागर...पोतायमानम्** એ પદોથી જણાવેલ છે. (૨) **જ્ઞાનાતિશય : जिनेश्वरस्य** પદથી 'જ્ઞાનાતિશય' સૂચવેલ છે. કારણકે જિનેશ્વર હોય તે સર્વજ્ઞ હોય જ. (૩) **વચનાતિશય :** પહેલાં અપાયાપગમ અતિશયમાં જણાવેલ જે બે વિશેષણો છે તેના વડે વચનાતિશય પણ સૂચવેલ છે. કારણકે ભગવાન વચન/વાણી દ્વારા જ મુક્તિના માર્ગને બતાવે છે. જેને અનુસરીને જગતના ભય પામેલાં જીવો નિર્ભય બને છે અને સંસારમાં પડતાં જીવોનો ઉદ્ધાર થાય છે. (૪) **પૂજાતિશય :** એટલે અત્યંત પૂજ્યપણું. **कल्याणमन्दिरं उदारं** અને **अनिन्दितं** એવા પ્રથમ શ્લોકના પદો દ્વારા પ્રભુના પૂજાતિશય રૂપ ગુણનો નિર્દેશ થાય છે. આ સ્તોત્રની સંસ્કૃત ટીકાઓમાં કોઈ કથાઓ કે મંત્રો દેખાતા નથી એમ જાણવું.❁ (૧-૨)

---

❁ આ સ્તોત્રના છેલ્લાં શ્લોકની સંસ્કૃત ટીકાઓમાં મંત્રો હોવાની સંભાવના કરી છે, પણ મળતાં નથી.

**સમાસવિચાર :** (૧) कल्याणानां मन्दिरं इति कल्याणमन्दिरम् (ष.त.पु.) तत् तथा (२) अवद्यं (पापं) भिनत्ति इत्येवंशीलं इति अवद्यभेदि । तत् तथा । (ઉપપદ त.पु.) (૩) न भयं इति अभयम् (भयाभावः) (નઞ્ त.पु.) अभयं प्रददाति इत्येवंशीलं इति अभयप्रदम् । भीतानां अभयप्रदम् इति भीताभय-प्रदम् । तत् तथा । (४) न निन्दितं इति अनिन्दितम् (નઞ્ त.पु.) तत् तथा (५) अंह्री एव पद्मं इति अंह्रिपद्मम् । तत् तथा । (ક.ધા.) (૬) संसार एव सागर इति संसारसागरः (ક.ધા.) संसार-सागरे निमज्जन्तः इति संसारसागरनिमज्जन्तः (સ.ત.પુ.) न विद्यते शेषः येषु ते अशेषा : । (બ.વ્રી.) अशेषाश्च ते जन्तवश्च इति अशेष-जन्तवः । (ક.ધા.) संसारसागरनिमज्जन्तश्च ते अशेषजन्तवः इति संसार-सागरनिमज्जदशेषजन्तवः (ક.ધા.) तेषु पोतायमानं इति संसारसागर-निमज्जदशेषजन्तुपोतायमानम् । तत् तथा । (સ.ત.પુ.) (पोत इव आचरत् इति पोत + य ('क्यङ्') + आन + अम् =) पोतायमानम् અહીં ('क्यङ्' સિ.હે. ૩-૪-૨૬) સૂત્રથી य (क्यङ्) પ્રત્યય લાગીને નામ ધાતુ બનેલો છે. (૭) सुराणां गुरुः इति सुरगुरुः । (ષ.ત.પુ.) (૮) गरिम्णः अम्बुराशिः इव इति गरिमाम्बुराशिः । तस्य तथा । (ઉપમેય પૂ.પ.તત્પુ.) (૯) सुष्ठु विस्तृता इति सुविस्तृता (પ્રાદિ ત.પુ.) सुविस्तृता मतिः यस्य स सुविस्तृतमतिः । (બ.વ્રી.) (૧૦) तीर्थस्य ईश्वरः इति तीर्थेश्वरः । तस्य तथा (ષ.ત.પુ.) (૧૧) कमठस्य स्मयः इति कमठस्मयः (ષ.ત.પુ.) तत्र धूमकेतुः इव इति कमठस्मयधूमकेतुः । तस्य तथा । (१-२)

> यद् ध्यायति यत्कुरुते, रतिं बध्नाति यत्र च ।
> तदवाप्तोत्ययत्नेन, यो हिनस्ति न किञ्चन ॥ १ ॥
> (મનુસ્મૃતિ, અ.૫, શ્લો.૪૭)
>
> અર્થ : જે પુરુષ કોઈપણ પ્રાણીને હણતો નથી, તે પુરુષ જે વસ્તુનુ મનમાં ધ્યાન કરે છે, જે કાંઈ શુભ કામ કરે છે અને જે વસ્તુ ઉપર અભિલાષા કરે, તે સર્વ વસ્તુને યત્ન વિના જ પામે છે. (૧)

**ઉપક્રમ :** મંદ-મતિના કારણે હું દરેક ગુણની સ્તુતિ ન કરી શકું પણ સામાન્યથી તો સ્તુતિ કરી શકું ને ? એવી શંકા કરીને કવિ આગળનો શ્લોક કહે છે. અથવા પૂર્વે બીજી ગાથાના અંતે **किल** શબ્દથી અલીક-મિથ્યા સ્તુતિ કરીશ એમ સૂચવેલું, તેને જ સ્પષ્ટ કરે છે -

**सामान्यतोऽपि तव वर्णयितुं स्वरूप-**
**मस्मादृशा कथमधीश! भवन्त्यधीशाः ।**
**धृष्टोऽपि कौशिकशिशुर्यदिवा दिवान्धो**
**रूपं प्ररूपयति किं किल घर्मरश्मेः? ॥ ३ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे अधीश !** (હે અધીશ ! નાથ ! સ્વામિન્ !) **अस्मदृशाः** (અમારા જેવા = મંદમતિવાળા મનુષ્યો-છદ્મસ્થ-કર્મયુક્ત જીવો) **सामान्य-तोऽपि** (સામાન્યથી પણ, સાધારણરૂપે, વિશેષ વિના પણ) **तव स्वरूपं** (આપના સ્વરૂપનું) **वर्णयितुं** (વર્ણન કરવાને, કહેવાને) **कथं अधीशाः भवन्ति** (શી રીતે સમર્થ થાય ? અર્થાત્ ન જ થાય. દ્રષ્ટાંત કહે છે-) **यदिवा** (અથવા, દ્રષ્ટાંતસૂચક પદ છે) **किल** (ખરેખર, અથવા પ્રસિદ્ધ અર્થનો સૂચક અવ્યય-શબ્દ) **दिवान्धः** (દિવસે અંધ, ચક્ષુ વડે નહીં દેખતું) **धृष्टोऽपि** (ખોટી, વધુ પડતી હિંમત બતાવનાર, બહાદુર પણ) **कौशिकशिशुः** (ઘુવડનું બચ્ચું) **किं** (શું) **घर्मरश्मेः** (ઉષ્ણ કિરણવાળા સૂર્યના) **रूपं** (સ્વરૂપને) **प्ररूपयति** (કહે છે ? કહી શકે છે ? અર્થાત્ નથી જ કહી શકતું.) (૩)

**સરલાર્થ :** હે અધીશ ! હે સ્વામિન્ ! અમારા જેવા મંદમતિવાળા મનુષ્યો સામાન્યથી પણ તમારું સ્વરૂપ કહેવાને શી રીતે સમર્થ થાય ? અર્થાત્ સમર્થ ન જ થાય. અથવા (પ્રસિદ્ધ છે કે) દિવસે ચક્ષુથી જોઈ ન શકનાર, દ્રઢ પ્રયત્નવાળું-બહાદુર પણ ઘુવડનું બચ્ચું શું સૂર્યના બિંબના સ્વરૂપને કહી શકે છે ? અર્થાત્ નથી જ કહી શકતું. (૩)

**વિશેષાર્થ :** કવિ આ પદ્યમાં (કાવ્યમાં) પોતાનું ભગવાનની સ્તુતિ કરવાનું અસામર્થ્ય જણાવે છે અને એ રીતે પૂર્વના શ્લોકમાં **किल** શબ્દથી જે અલીક-મિથ્યા-સ્તુતિ કહેલ તેને વિશેષરૂપે પ્રગટ કરે છે. હે પ્રભો ! અમારા જેવા મંદબુદ્ધિવાળા મનુષ્યો વિશેષથી તો શું, સામાન્યથી પણ તમારા સ્વરૂપનું

વર્ણન કરવાને શી રીતે સમર્થ થાય ? અર્થાત્ ન જ થાય. અહીં **સમર્થ-વિશેષણાદ્ વિશેષ્યં લભ્યતે** એ ન્યાયથી **અસ્માદૃશાઃ** વગેરે વિશેષણોથી 'મંદમતિવાળા છદ્મસ્થ (કર્મસહિત) મનુષ્યો' એવું વિશેષ્ય જણાઈ આવે છે. આ પ્રમાણે અન્ય શ્લોકમાં પણ સાક્ષાત્ નહીં કહેલા વિશેષ્યનું ગ્રહણ (અધ્યાહાર) કરવું.

આ વિષયને સુંદર **દૃષ્ટાંત**થી સમજાવે છે. ઘુવડ દિવસે જોઈ શકતું નથી માટે 'દિવાંધ' કહ્યું છે. (દિવા=દિવસે અંધ) આ વાત લોકમાં પ્રસિદ્ધ જ છે. એવા ઘુવડનું દ્રઢ પ્રયત્નવાળું અર્થાત્ ઘણી હિમ્મતવાળું, બહાદૂર પણ બચ્ચું શું સૂર્યના સ્વરૂપનું વર્ણન કરી શકે છે ? અર્થાત્ નથી જ કરી શકતું. દિવસે સૂર્ય હોય છે ત્યારે તેના પ્રકાશના કારણે અંજાઈ ગયેલ, અંધ જેવું બનેલું ઘુવડ સ્વાભાવિક રીતે જ જોઈ શકતું નથી અને રાત્રે જ્યારે જોઈ શકે છે ત્યારે સૂર્ય હોતો નથી. માટે કઈ રીતે તેનું વર્ણન કરી શકે ? એમ ભાવ છે.

તેવી જ રીતે હે પ્રભુ ! હું પણ આપની સ્તુતિ કરવા માટે હિમ્મતવાળો, પ્રયત્નશીલ, બહાદૂર બનેલો હોવા છતાં, હે અધીશ ! હે નાથ ! ઘુવડ જેવો હું સામાન્યથી પણ તમારા સ્વરૂપનું વર્ણન કરવાને સમર્થ નથી. આમ કવિવરે ભગવાનની સ્તુતિ કરવાનો પોતાનો પ્રયત્ન મિથ્યા હોવાનો સ્વીકાર કરેલો છે. કારણકે પ્રભુના પરોક્ષ ગુણો કહી શકાતાં નથી.

અહીં કવિએ લોક પ્રસિદ્ધ ઘુવડના સામાન્ય દ્રષ્ટાંત વડે પોતે અસમર્થ હોવાની વાતની પુષ્ટિ કરી છે. આથી 'અર્થાન્તર ન્યાસ'રૂપ કાવ્યઅલંકાર જાણવો. આ પ્રમાણે આગળ પણ વિચારવું.

અહીં અસમર્થતાના કારણે પરમાત્માની સ્તુતિની પ્રવૃત્તિને ખોટી કહી છે. તે એક અપેક્ષાએ વાત કરી છે પણ સર્વથા ખોટી નથી. એક તરફ પરમાત્મા = પરમ-શ્રેષ્ઠતમ આત્મા છે. તેઓ અનંતગુણોના સ્વામી છે. વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી છે. ક્ષમા-સરળતા-નિરભિમાનતા-કરૂણા-ગંભીરતા-ધીરતા-વૈરાગ્ય વગેરે સર્વોત્કૃષ્ટ સર્વગુણથી સંપન્ન (યુક્ત) છે. આપણામાં પણ આવા ગુણો હોઈ શકે, પણ તે આંશિક રૂપે જ હોય છે. જ્યારે પરમાત્માના તો સર્વ કર્મો બળીને ખાખ થઈ ગયા હોવાથી ફક્ત અનંત જ્ઞાનાદિ શુદ્ધગુણવાળો તેજપુંજ જ બાકી રહે છે. તેવા ગુણોનું વર્ણન આપણા જેવા કર્મબંધનયુક્ત, અજ્ઞાની જીવો શી રીતે કરી શકે ? વળી તે ગુણો અનુભવગમ્ય

છે પણ બોલી શકાતાં નથી. સાકરની મીઠાશ કેવી ? એમ કોઈ પૂછે તો માત્ર વર્ણવી શકાય. પણ તેનો અનુભવ તો મોઢામાં મૂકીએ તો જ થઈ શકે. માટે પરમાત્માના ગુણો ખરેખર તો અનુભવનો વિષય છે, પણ તે તો બહુ મોટો પડકાર છે. પહેલાં તો પરમાત્મા પ્રત્યે પ્રેમ-પ્રીતી ઉભી થવી જોઈએ અને જેને પ્રેમ ઉભો થાય તે પ્રભુની સ્તુતિ ગાયા વિના રહી શકે ખરો ? ભલેને કદાચ શબ્દો વામણા પડે, પણ પોતાનો ભક્તિ-ભાવ હોવાથી તે સ્તુતિ કરવા ઉત્કંઠિત બનશે અને સ્તુતિ શોભી ઉઠે છે. બાળક પણ કાલીઘેલી ભાષામાં મા-બાપ સમક્ષ બોલે તો પ્રિય જ લાગે છે. જેને ઘેબર બહું ભાવતુ હોય તેવા ઘેબરરસિયાની સામે ઘેબરનું, કેરી ખૂબ ભાવતી હોય તેની સામે કેરીનું વર્ણન પણ મોઢામાં પાણી લાવી દે છે; રસાસ્વાદ તો દૂર રહ્યો. તેમ પ્રભુ પ્રત્યે પ્રીતિ જાગી હોય તેને તેઓના ગુણોનો અનુભવ તો દૂર રહો, સ્તુતિ પણ આહ્લાદક બને છે. માટે વાસ્તવિક રીતે અશક્ય હોવા છતાં પ્રભુની સ્તુતિ, તેના કરનારના દોષનાશનું અને ગુણવૃદ્ધિનું કારણ બને છે. આગળ જતાં પરમાત્માના આંશિક ગુણોની અનુભૂતિમાં પણ પરિણમે છે. માટે પ્રભુની અપૂર્ણ પણ સ્તુતિ પૂર્ણ ભાવથી કરાય તો પૂર્ણ ફળ આપે છે. જેટલાં અંશમાં ઉત્તમ ભાવ એટલાં અંશમાં ઉત્તમ ફળ પ્રાપ્ત થાય જ છે. ફળની પ્રાપ્તિમાં ભક્તના ભાવો મુખ્ય કારણ છે. એ ભાવો ઉત્પન્ન કરવામાં પરમાત્મા, તેઓની પ્રતિમા, સ્તુતિ વગેરે આલંબન રૂપ છે, માધ્યમ છે. કહ્યું છે ને કે ‘ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન, ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન’. ચોથા, પાંચમા, છઠ્ઠા શ્લોકમાં પણ આ વાત વિચારવી. (૩)

**સમાસવિચાર :** (૧) **अधि = अधिकश्च असौ ईशश्च इति अधीशः** (પ્રાદિ. ત.પુ.) **तस्य सम्बोधनं तथा ।** (૨) **कौशिकस्य शिशुः इति कौशिकशिशुः ।** (ષ.ત.પુ.) (૩) **दिवा अन्धः इति दिवान्धः ।** (ત.પુ.) (૪) **घर्माः (उष्णाः) रश्मयः यस्य स घर्मरश्मिः । तस्य तथा** (બ.વ્રી.) (૩)

**सर्वेषामपि पापानां, निमित्तं लोभ एव हि,**
**चातुर्गतिक संसारे, भूयोभ्रमनिबन्धनम् ॥ १ ॥** (ધર્મપરીક્ષા, પૃ.૪૬)

**અર્થ : લોભ જ સર્વ પાપનું કારણ છે, તથા ચાર ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરવાનું કારણ પણ લોભ જ છે.**

**ઉપક્રમ :** મંદમતિવાળા એવા મારી વાત જવા દો, પરંતુ કેવળજ્ઞાની પણ કેવળજ્ઞાન વડે જાણવા છતાં જિનેશ્વરના ગુણો કહેવાને સમર્થ નથી તે કહે છે -

**मोहक्षयादनुभवन्नपि नाथ! मर्त्यो**
**नूनं गुणान् गणयितुं न तव क्षमेत ।**
**कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मान्**
**मीयेत केन जलधेर्ननु रत्नराशिः ? ॥ ४ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे नाथ !** (હે નાથ !) **ननु** (નિશ્ચે, નિશ્ચિત રૂપે) **मर्त्यः** (મનુષ્ય) **मोहक्षयाद्** (મોહનીય કર્મના ક્ષયથી, અથવા મોહ = અજ્ઞાન, તેના વિનાશથી) **गुणान्** (ગુણોને) **अनुभवन् अपि** (જ્ઞાનથી જાણવા છતાં પણ) **तव गुणान्** (તમારા ગુણોને) **गणयितुं** (ગણવાને, ગણતરી કરવાને અથવા કહેવાને) **न क्षमेत** (સમર્થ ન થાય) **ननु** (પ્રશ્ન અથવા સંભાવનાઅર્થમાં) **यस्मात्** (જે કારણથી) **कल्पान्तवान्तपयसः** (કલ્પાંતકાળે/પ્રલયકાળે વમી નાંખેલ-ઉલેચી નાંખેલા અર્થાત્ ખાલી થયેલાં પાણીવાળા) **जलधेः** (સમુદ્રના) **प्रकटः अपि रत्नराशिः** (પ્રગટ, ખુલ્લો થયેલ પણ રત્નનો ઢગલો/સમૂહ) **केन मीयेत ?** (કોના વડે માપી શકાય? અર્થાત્ કોઈના પણ વડે નહીં.) (૪)

**સરલાર્થ :** હે નાથ ! (યોગક્ષેમ કરનારા પ્રભુ !) નિશ્ચે મનુષ્યો મોહનીય કર્મનો નાશ થવાથી (અથવા અજ્ઞાનનો સંપૂર્ણ નાશ થવાથી) કેવળજ્ઞાન વડે જાણવા છતાં આપના ગુણોને ગણવાને / કહેવાને સમર્થ થતાં નથી. કારણકે, કલ્પાંતકાળે (પ્રલયકાળે) જેમાંથી પાણી સંપૂર્ણ ઉલેચાઈ ગયેલ છે, ખાલી થયેલ છે એવા સમુદ્રનો પ્રગટ (ખુલ્લો) થયેલો રત્નનો ઢગલો કોનાથી માપી શકાય ? (અર્થાત્ તેના રત્નસમૂહને કોણ માપી શકે ? કોઈ નહીં.) (૪)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિ આચાર્ય **શ્રી સિદ્ધસેનસૂરિ** પોતાની સ્તોત્ર રચવાની અસમર્થતા રૂપ દોષ પ્રત્યે Soft Corner રાખીને બચાવ કરે છે. તેઓ કહે છે કે મંદમતિવાળા મારી વાત તો જવા દો, મોહનો સંપૂર્ણપણે નાશ થવાથી અને તેથી જ્ઞાનાવરણ-દર્શનાવરણ-મોહનીય-અંતરાય એ ચાર ઘાતી-કર્મનો નાશ થવાથી જેઓને કેવળજ્ઞાન પ્રગટ થયેલ છે, જેઓ આપના

ગુણોનો અનુભવ કરનારા છે અર્થાત્ પ્રત્યક્ષરૂપે જાણનારા છે એવા પણ મનુષ્યો એટલે કે કેવળજ્ઞાની ભગવંતો આપના ગુણોને જણાવવાને સમર્થ થતાં નથી તો મારા જેવા છદ્મસ્થ (ઘાતીકર્મથી બંધાયેલા) મંદમતિ જીવની તો શી વાત કરવી ? અર્થાત્ તે ગુણોને હું ન કહી શકું તેમાં શી નવાઈ ? આમ આડકતરી રીતે કવિએ પોતાની અસમર્થતાનો બચાવ કરેલો છે. આ વાત સારી રીતે સમજાય તે માટે સુંદર **ઉદાહરણ** આપે છે -

લૌકિક માન્યતા એવી છે કે, પ્રલય કાળે સમુદ્રોનું પાણી ઉલેચાઈ જાય છે. આથી સમુદ્ર ખાલી થઈ જાય છે. આમ થવાથી સમુદ્રના પેટાળમાં રહેલાં ચંદ્રકાંત-સૂર્યકાંત વગેરે રત્નનો સમૂહ પ્રગટ થવાથી પ્રત્યક્ષ થાય છે. હવે અતિ વિશાળ સમુદ્રના પેટાળમાં રહેલાં રત્નનો જો ઢગલો કરાય તો બહુ મોટો ગંજાવર સમૂહ થાય. જેની કોઈપણ મનુષ્યથી ગણતરી થઈ શકે નહીં. આ વાત સામાન્યજનને પણ સમજાય તેવી છે. તેવી જ રીતે પરમાત્માના ગુણો અનંત છે. મોહનીય આદિ ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન વડે તે ગુણોનો અનુભવ કરનાર પ્રત્યક્ષથી જાણનાર એવા પણ કેવળી ભગવંત તે ગુણોને કહી શકતાં નથી. કારણકે ગુણો અનંત અને કહેવાનો કાળ-જીવનું આયુષ્ય મર્યાદિત છે. વળી, ક્રમથી જ વાણી નીકળી શકે છે, આથી કહી શકતાં નથી. તો મારા જેવો મંદમતિવાળા છદ્મસ્થ (કર્મથી સહિત) જીવ તો શી રીતે વર્ણવી શકે ? અશક્ય જ છે.

ઉપરોક્ત દૃષ્ટાંત જો કે કાલ્પનિક છે તો પણ નવું અને આકર્ષક છે.

એમ કહેવાય છે કે હજારો જિહ્વા વડે લાખ્ખો વર્ષ સુધી કોઈ વર્ણવે તો પણ પ્રભુના ગુણોનો પાર આવતો નથી. આથી જ કોઈ કવિએ કહ્યું છે ને કે...

**સાત સમંદર સ્યાહી કરું, કલમ કરું વનરાય,**
**ધરતી કો કાગજ કરું, ગુરુ (પ્રભુ) ગુણ લિખ્યો ન જાય. (૧)**

સાત સમુદ્રો એટલે સર્વ સમુદ્રોને સ્યાહી બનાવું, (લોકમાં ૭ જ સમુદ્ર હોવાની પ્રસિદ્ધિ છે. જૈન દર્શનમાં અસંખ્ય છે.) સમસ્ત વનરાજી, વૃક્ષ વગેરેને કલમ બનાવું, ધરતીને કાગળ કરું અને લખવા માંડુ તો પણ પ્રભુના ગુણો લખી શકાતાં નથી. આટલી સામગ્રી પણ ઓછી પડે છે.

આમ સ્તુતિ દ્વારા પરમાત્માના ગુણોનું વર્ણન કરવામાં તો ઘણી મર્યાદા નડે જ છે. તેઓના વાસ્તવિક સંપૂર્ણ ગુણો અનુભવનો વિષય છે, પણ કથનનો વિષય નથી. આથી જ કહ્યું છે ને કે **देवो भूत्वा देवं यजेत**। આપણે

સ્વયં દેવ-ભગવાન બનીને જ ભગવાનની સંપૂર્ણ પૂજા-સ્તુતિ-ભક્તિ કરી શકીએ છીએ. પરમાત્માની પ્રીતિ-ભક્તિ-સ્તુતિ એ શરૂઆત (Starting Point) છે. તેનાથી જેમ જેમ અજ્ઞાનતા-રાગ-દ્વેષનો નાશ થાય છે તેમ તેમ આત્મામાં જ પરમાત્માના ગુણોની અનુભૂતિ થાય છે. અરીસો જેમ સ્વચ્છ હોય તેમ જોનારનું પ્રતિબિંબ સરસ ઉપસે છે. મલિન હોય તો મલિન પ્રતિબિંબ પડે છે. તેમ આત્મા-ચિત્તવૃત્તિ જેટલી સ્વચ્છ થાય તેટલું પરમાત્માનું પ્રતિબિંબ આત્મામાં-અંતઃકરણના અરીસામાં સ્પષ્ટ પડે છે. આ રીતે ક્રમશઃ અધિક અધિક આજ્ઞાપાલન સહિત પ્રભુની ભક્તિ દ્વારા જે સંપૂર્ણ પરમાત્મા જેવા જ આત્મસ્વરૂપનો આવિર્ભાવ-પ્રાગટ્ય થવું તે અંતિમ પડાવ છે, મંજિલ (Ending Point / Goal) છે.

આમ હોવાથી કવિ કહે છે કે, હું પ્રભુના ગુણોને સામાન્યથી પણ વર્ણવી ન શકું તો તે કાંઈ મોટો દોષ નથી. વસ્તુતઃ પૂર્વ શ્લોકમાં અમારા જેવા છદ્મસ્થો વડે સામાન્યથી પણ આપના ગુણોનું વર્ણન કરવાની અસમર્થતા બતાવી છે, તે પ્રભુના અપાર-અપરિમિત ગુણો હોવાનો સ્વીકાર અને તે અંગે સાવધાની સૂચવે છે. કવિ પ્રભુના ગુણોને જરા પણ નજરઅંદાજ કરતાં નથી એ આના ઉપરથી ખ્યાલ આવે છે. (૪)

**સમાસવિચાર** : (૧) **मोहस्य क्षय इति मोहक्षयः । तस्मात् तथा** (ષ.ત.પુ.) (૨) **कल्पान्तेन (युगान्तेन) वान्तं कल्पान्तवान्तम्** । (તૃ.ત.પુ.) **तत् पयः यस्य स कल्पान्तवान्तपयाः (जलधिः) । तस्य तथा** । (બ.વ્રી.) (૩) **जलं धीयते अस्मिन् इति जलधिः । तस्य तथा** । (ઉપપદ ત.પુ.) (૪) **रत्नानां राशिः इति रत्नराशिः** । (ષ.ત.પુ.) (૪)

**दुष्कृतं न गुरोर्बूयात्, क्रुद्धं चैतं प्रसादयेत् ।**
**परिवादं न श्रुणुयादन्येषामपि जल्पताम् ॥ ६८ ॥**
(મહાભારત, શાંતિપર્વ, અધ્યાય.૧૧૦, શ્લો. ૧૦૭)

અર્થ : ગુરુના દૂષિત કાર્ય ખુલ્લાં કરવા નહીં,
ગુરુ ક્રોધ પામ્યા હોય તો તેને (વિનયાદિક વડે) પ્રસન્ન કરવા
અને બીજાએ કરેલાં અવર્ણવાદને (નિંદાને) સાંભળવા નહીં.

**ઉપક્રમ :** આમ હોવા છતાં પણ પ્રભુની સ્તુતિ કરવાનો હેતુ જણાવે છે - અથવા જો કે ભગવાનના ગુણો અસંખ્ય છે અને તે કહેવાને અસમર્થ છે તો પણ ભક્તિના કારણે શક્તિ અનુસારે હું સ્તુતિ કરીશ એવા આશયથી કહે છે -

**अभ्युद्यतोऽस्मि तव नाथ जडाशयोऽपि**
**कर्तुं स्तवं लसदसंख्य-गुणाकरस्य ।**
**बालोऽपि किं न निजबाहुयुगं वितत्य**
**विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ? ॥ ५ ॥**

**અન્વય + શબ્દાર્થ : हे नाथ** ! (હે નાથ !) **अहं** (હું) **जडाशयः अपि ।** (જડ આશયવાળો, મૂર્ખ, અજ્ઞ હોવા છતાં પણ) **लसदसंख्यगुणाकरस्य** (દીપતાં અસંખ્ય ગુણોની ખાણ/આશ્રય સ્થાન એવા) **तव** (આપના) **स्तवं कर्तुं** (સ્તોત્રને રચવા માટે) **अभ्युद्यतोऽस्मि** (ઉદ્યમવાળો થયો છું) **बालः अपि** (બાળક પણ) **निजबाहुयुगं वितत्य** (પોતાના બે બાહુને વિસ્તારી = પહોળા કરીને) **स्वधिया** (પોતાની બુદ્ધિથી) **अम्बुराशेः विस्तीर्णतां** (સમુદ્રના વિસ્તારને) **किम् न कथयति ?** શું કહેતો નથી ? અર્થાત્ કહે જ છે.) (૫)

**સરલાર્થ :** હે નાથ ! હું જડ આશયવાળો (ચિત્તના અભિપ્રાયવાળો) હોવા છતાં પણ દીપતાં-શોભતાં અસંખ્ય ગુણોની ખાણ સ્વરૂપ આપના સ્તોત્રને કરવા માટે (સાવધાન બનીને) ઉદ્યમવાળો થયો છું. (દ્રષ્ટાંતથી સમજાવે છે -) બાળક પણ પોતાના બે બાહુને વિસ્તારીને, પહોળા કરીને પોતાની બુદ્ધિ પ્રમાણે સમુદ્રના વિસ્તારને શું જણાવતો નથી ? અર્થાત્ જણાવે જ છે. (૫)

**વિશેષાર્થ :** પ્રભુના અસંખ્ય ગુણોને કહેવાની અશક્તિ હોવા છતાં સ્તુતિ કરવાનું પ્રયોજન કહે છે કે, હે પ્રભુ ! હું જડ આશયવાળો, અર્થાત્ મંદમતિ-વાળો = મંદબુદ્ધિ (ચિત્તના અભિપ્રાયવાળો) છું છતાં પણ ભક્તિના વશથી તમારા સ્તોત્રને રચવા માટે તત્પર બન્યો છું.

**પ્રશ્ન :** કવિમાં રહેલી પ્રભુભક્તિ શાથી જણાય છે ?

**જવાબ : लसदसंखगुणाकरस्य** એવા વિશેષણથી જણાય છે. કવિ ભગવાનને માટે દીપતાં-શોભતાં-કમનીય-મનોહર-સુંદર અસંખ્ય ગુણવાળા તરીકે વર્ણવે

છે. આ જ પદો જણાવે છે કે, કવિ તે ગુણોની લાલચવાળા બનીને સ્તુતિ કરે છે. આમ કવિની ભક્તિ પ્રદર્શિત થાય છે. તે જ સ્તુતિની રચનાનું પ્રેરક બળ છે.

ઉક્ત વાતને લોકસિદ્ધ **દ્રષ્ટાંત**થી સમજાવે છે-કોઈ બાળક ડુમસનો દરિયો જોઈને આવેલો હોય અને કોઈ તેને પૂછે કે દરિયો કેવડો મોટો હતો ? ત્યારે બાળક તો આનંદિત થયેલો હોવાથી સમુદ્રનું માપ જણાવવાની લાલચથી પોતાની અશક્તિનો વિચાર કરતો નથી. કિન્તુ, સ્વબુદ્ધિ અનુસારે સમુદ્રનું માપ જણાવશે અને બે હાથ વિસ્તારીને કહેશે કે "દરિયો તો આટલો બધો મોટો હતો. બહુ મોટો હતો." સમુદ્રને જોઈને આનંદિત થવાથી બાળકને તેનું માપ બનાવતાં કોઈ નાનમ કે છોછ અનુભવાતો નથી.

બસ, એવી જ ભૂમિકામાં રહેલ હોય તેમ કવિ **આ.શ્રી સિદ્ધસેન-દિવાકરસૂરિ** પણ કહે છે કે, ભલે અલ્પમતિવાળો હોઉં તો પણ આપના દેદીપ્યમાન ગુણોને યત્કિંચિત જાણીને ઉત્પન્ન થયેલી ભક્તિવાળો હું તેને કાવ્યરૂપે કહેવાને પ્રેરાઉ છું. ભલે તે બાળ ચેષ્ટા હોય પણ ભક્તિથી કરાયેલ હોવાથી આપની સ્તુતિ શોભાને-પ્રશંસાને પાત્ર જ કહેવાશે. કાલીઘેલી ભાષામાં બોલતો બાળક પણ શું આનંદ આપતો નથી ?

અહીં ઉપા. **શ્રી સમયસુંદરસૂરિ**એ પોતાની ટીકામાં સુંદર અવતરણિકા કરેલી છે. તેઓના કથનનો **ભાવ** છે કે, જો ભગવાનના ગુણોની સ્તુતિ કરવાની શક્તિ કવિની નથી તો શા માટે સ્તોત્ર રચવાનો આરંભ કર્યો છે ? આવું કોઈ કહે તો તે બરોબર નથી. કારણકે એકાંતે એવો નિયમ નથી કે સંપૂર્ણ શક્તિ હોય તો જ કાર્ય કરવાનો આરંભ કરાય. કેમકે ભમરીની શક્તિ ગરુડની જેમ આકાશમાં ઊંચે ઉડવાની નથી. તો પણ શું તે ભમરી પોતાના ચાર વડે એટલે કે પોતાને ભમવાના નિયત-મર્યાદિત ક્ષેત્રમાં ફરતી નથી ? ફરે જ છે. તેમાં ફરતી તેને કોણ રોકી શકે ? કોઈ નહીં. આથી જિનેશ્વર પ્રભુને યોગ્ય સદ્‌ભૂત-સંપૂર્ણ સ્તુતિ કરવાની શક્તિ ન હોય તો પણ ભક્તિની પ્રબળતાથી પ્રેરાયેલ હું કવિ આ.સિદ્ધસેનસૂરિ પોતાની શક્તિ અનુસારે સ્તોત્ર રચવામાં પ્રયત્નશીલ થયેલો છું, તેથી તેમાં દોષની શંકા (સંભાવના) ન કરવી જોઈએ. એવા આશયથી પ્રસ્તુત કાવ્ય રચેલું છે. આમ અશક્ય છતાં ભક્તિભાવથી સરળ હૃદયી મનુષ્યને શક્તિ અનુસારે સ્તુતિ કરવામાં લાભ જ છે, દોષ નથી. કવિએ એક નવા અને ઉચિત દ્રષ્ટાંતથી મૂળ વાતને સમજાવી છે. (૫)

**સમાસવિચાર** : (૧) जड : आशयः (चित्ताभिप्रायः) यस्य स जडाशयः। (બ.વ્રી.) (૨) न विद्यते संख्या येषां ते असंख्यः। (નञ् બ.વ્રી.) असंख्याश्च ते गुणाश्च इति असंख्यगुणाः। (ક.ધા.) लसन्तश्च ते असंख्यगुणाश्च इति लसदसंख्यगुणाः। (ક.ધા.) तेषां आकरः इति लसदसंख्यगुणाकरः। (ષ.ત.પુ.) तस्य तथा। (૩) बाहोः युगं इति बाहुयुगम् (ષ.ત.પુ.) निजस्य बाहुयुगं इति निजबाहुयुगम्। (ષ.ત.પુ.) तत् तथा। (૪) स्वस्य धीः इति स्वधीः (ષ.ત.પુ.) तया तथा। (૫) अम्बुनः राशिः इति अम्बुराशिः (ષ.ત.પુ.) तस्य तथा (૫)

यो नात्मने न गुरवे न च बन्धुवर्गे,
दिने दयां न कुरुते न च भृत्यवर्गे।
किं तस्य जीवितफलं हि मनुष्यलोके,
काकोऽपि जीवति चिरं च बलिं च भुङ्क्ते॥१॥

(જૈન પંચતંત્ર, પૃ.૬, શ્લો. ૧૧)

...અર્થ...

જે મનુષ્ય પોતાના આત્મા ઉપર,
ગુરુ ઉપર,
બંધુ વર્ગ ઉપર,
દીન માણસ ઉપર
અને ચાકર વર્ગ ઉપર દયા કરતો નથી,
તેના જીવિતનું ફળ આ મનુષ્યલોકમાં શું છે ?
અર્થાત્
તેનું જીવતર નિષ્ફળ છે.
કારણકે કાગડો પણ ચિરકાળ જીવે છે
અને બલિદાન ખાય છે,
પણ તેનું જીવતર નકામું છે.
તેમ દયા વિનાના મનુષ્યનું જીવન પણ નકામું છે.

**ઉપક્રમ :** પૂર્વે કહેલા બે કાવ્યોના અર્થને જ પુષ્ટ કરતા કહે છે -

**ये योगिनामपि न यान्ति गुणास्तवेश !**
**वक्तुं कथं भवति तेषु ममावकाशः ? ।**
**जाता तदेवमसमीक्षितकारितेयं**
**जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ॥ ६ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे ईश !** (હે સ્વામી ! હે નાથ !) **ये तव गुणाः** (જે તમારા ગુણો) **योगिनां अपि** (યોગીઓને = કેવળજ્ઞાનીઓને પણ) **वक्तुं न यान्ति** (વાણીનો વિષય બનતાં નથી. અર્થાત્ તેઓ પણ કહી શકતા નથી) **तेषु** (તે ગુણો વિષે) **वक्तुं** (કહેવાને, કહેવા માટે) **मम अवकाशः कथं भवति ?** (મને અવકાશ ક્યાંથી હોય? મારે માટે શક્યતા ક્યાંથી હોય ?) **तद्** (તે કારણથી) **एवम्** (આ પ્રમાણે અર્થાત્ સ્તુતિ કરવાનો અવકાશ ન હોવા છતાં) **इयं** (આ, સ્તુતિ કરવા સંબંધી) **मम असमीक्षित-कारिता** (મારી વિચાર્યા વિનાની ક્રિયા/કરવાપણું/પ્રવૃત્તિ) **जाता** (થઈ.) **वा** (અથવા, પક્ષાન્તર-અન્યપક્ષ સૂચવે છે) **ननु** (વિતર્ક-કલ્પના-વિચારણા અથવા સમ્યગ્વાદ અર્થનો સૂચક અવ્યય-શબ્દ) **पक्षिणः अपि** (પક્ષીઓ પણ) **निजगिरा** (પોતાની ભાષા વડે) **जल्पन्ति** (બોલે છે.) (૬)

**સરલાર્થ :** હે પ્રભુ ! જે આપના ગુણો યોગીઓને (કેવળજ્ઞાનીઓને) પણ વાણીનો વિષય બનતાં નથી, અર્થાત્ તેઓ પણ કહી શકતાં નથી, તે ગુણો વિષે કહેવાનો મને અવકાશ ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. તે કારણથી આ પ્રમાણે શક્તિ નથી છતાં મારી આ સ્તુતિ સંબંધી વિચાર્યા વિનાની પ્રવૃત્તિ (ક્રિયા) થઈ. અથવા (કવિ કલ્પના કરે છે કે,) પક્ષીઓ પણ પોતાની ભાષા વડે બોલે છે. (મનુષ્ય જેવી સ્પષ્ટ ભાષા વડે બોલી શકતાં નથી તો પણ પોતાની અવ્યક્ત ભાષા વડે બોલે જ છે.) (૬)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં પૂર્વોક્ત બન્ને કાવ્યના અર્થને વધુ પુષ્ટ કરાય છે. કવિએ કહેલું કે સ્તુતિ કરવાની શક્તિ નથી અને છતાં હેતુવિશેષથી (ભક્તિ વિશેષથી) સ્તુતિ કરાય છે. આ વાત જ અહિ વિસ્તારાય છે-હે પ્રભુ ! યોગીઓ= એટલે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીના યોગની વિશુદ્ધ

આરાધનથી ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાનવાળા સર્વજ્ઞ ભગવંત એવા યોગીઓ વડે પણ આપના જે ગુણો વાણીથી સંપૂર્ણપણે કહી શકતાં નથી, તે આપના ગુણોને કહેવાનો મને તો અવકાશ જ ક્યાંથી હોય ? અર્થાત્ મંદમતિ છદ્મસ્થ એવા મારી તો તે કહેવાની શક્તિ ક્યાંથી હોય ? ન જ હોય.

તો પછી મારો આ સ્તુતિ કરવાનો પ્રયત્ન એ વિચાર્યા વિનાની જ પ્રવૃત્તિ થઈને ? આથી સ્તુતિ ન કરવી જોઈએ. આટલી વાત કરીને કવિ ફરી બીજા પક્ષનો (વિકલ્પનો) વિચાર/કલ્પના રજૂ કરે છે. અથવા તો સંપૂર્ણ રીતે સ્તુતિ કરવાની પોતાની શક્તિ ન હોવા છતાં પણ યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ. એ માટે **દ્રષ્ટાંત** કહે છે-પક્ષીઓ પણ પોતાની ભાષામાં બોલે જ છે. અર્થાત્ મનુષ્ય જેવી સ્પષ્ટ ભાષા તેઓ બોલી શકતા નથી. તેથી કાંઈ બોલવાનું બંધ કરી દેતાં નથી. કિન્તુ, પોતાની શક્તિ મુજબ પોતાના પ્રિય વિષયમાં પોતાની ભાષામાં બોલે જ છે. આથી હે પ્રભુ ! હું પણ તારા ગુણોથી લલચાયો હોવાથી ભક્તિવશાત્ મારી શક્તિ મુજબ મારી ભાષામાં આપની સ્તુતિ કરું તો તે ઉચિત જ છે. એમાં કોઈ દોષ નથી. એ વિચાર્યા વિનાનું કાર્ય નથી. એમ કવિએ સમાધાન આપેલું છે. આમ કવિએ ખૂબ ઉચિત દ્રષ્ટાંત દ્વારા સ્તોત્રની રચનાને વ્યાજબી ગણાવીને સમાધાન કરેલું છે. (૬)

**સમાસવિચાર :** (૧) અહીં **असमीक्षितकारिता** નો શબ્દાર્થ સમજવા જેવો છે. **समीक्षितं करोति इति समीक्षितकारी** અર્થાત્ વિચારેલું કરનાર (ઉપપદ ત.પુ.) **समीक्षितकारिणः भावः इति समीक्षितकारिता** (વિચારીને કરવાપણું) અહીં 'તેનો ભાવ' અર્થમાં **ता (तल्)** પ્રત્યય થયો છે. પછી **न समीक्षित-कारिता इति अमीक्षितकारिता** (નઞ્ ત.પુ.) વિચારીને (વિચારેલું) નહિ કરવા-પણું. અર્થાત્ વિચાર્યા વિના કરવાપણું. **कारिता** = કરવાપણુંનો કરવું-ક્રિયા-પ્રવૃત્તિ એમ અર્થ થઈ શકે છે. કારણકે **ता** પ્રત્યય દ્વારા અહીં **कारि** = 'કરનારનો ભાવ' કહેવાય છે. અને કરનારનો 'ભાવ' એટલે પ્રવૃત્તિનિમિત્ત. તે અહીં કરણ-ક્રિયા 'કરવું' સ્વરૂપ જ છે. આથી **कारिता**નો અર્થ કરવાપણું એટલે કે કરવુ-ક્રિયા-પ્રવૃત્તિ એમ ફલિત થાય છે. આથી **असमीक्षितकारिता** એટલે વિચારીને કરવાપણું (ક્રિયા-પ્રવૃત્તિ) ન થયું એમ અર્થ સમજવો. આથી (શક્તિ વિના કરવાથી) 'મારી આ સ્તુતિ સંબંધી વિચારપૂર્વકની ક્રિયા-પ્રવૃત્તિ ન થઈ.' એમ અર્થ છે. અહીં ટીકામાં બીજી રીતે પણ સમાસનો વિગ્રહ

કરેલો દેખાય છે. **न समीक्षितं इति असमीक्षितं** (નઞ્ ત.પુ.) (નહિ વિચારેલું) **तं करोति इति असमीक्षितकारी** (ઉપપદ ત.પુ.) નહીં વિચારેલું કરનાર અર્થાત્ વિચાર્યા વિના કરનાર. **तस्य भावः इति असमीक्षितकारिता** (ભાવમાં તદ્ધિતનો **ता** પ્રત્યય) અર્થાત્ નહીં વિચારેલું (વિચાર્યા વિનાનું) કરનારપણું, કરવું, અર્થાત્ 'વિચાર્યા વિનાની પ્રવૃત્તિ-ક્રિયા' એમ સમાન જ અર્થ થાય છે.

બંનેય માં તફાવત એટલો જ છે કે, પ્રથમ વિગ્રહમાં **न** (નિષેધ)નો સંબંધ **कारिता** (કરણક્રિયા) પદ સાથે કરેલો છે અને બીજા વિગ્રહમાં **न** (નિષેધ) નો સંબંધ **समीक्षित** (વિચારપૂર્વક) પદ સાથે કરેલો છે. (૨) **निजस्य गीः इति निजगीः। तया निजगिरा।** (ષ.ત.પુ.) (૬)

**ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो,**
**ज्ञानस्योपशमो श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः।**
**अक्रोधस्तपसः क्षमा प्रभवितुधर्मस्य निर्व्याजता,**
**सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ॥१॥**

(ભર્તુહરિ, નીતિશતક, શ્લો. ૮૦)

...અર્થ...

ઐશ્વર્યનું ભૂષણ સજ્જનપણું છે,
શૂરતાનું ભૂષણ વાણીનો સંયમ છે,
જ્ઞાનનું ભૂષણ ઉપશમ (શાંતિ) છે,
શાસ્ત્રનું ભૂષણ વિનય છે,
પાત્રને વિષે દાન કરવું તે ધનનું આભૂષણ છે,
ક્રોધ ન કરવો તે તપનું આભરણ છે,
ક્ષમા રાખવી તે સમર્થ મનુષ્યોનું ભૂષણ છે,
કપટરહિતપણું એ ધર્મનું ભૂષણ છે,
સર્વ મનુષ્યોનું પરમ (શ્રેષ્ઠ) ભૂષણ શીલ છે...
અને તે શીલ (ચારિત્ર) સર્વગુણોને ઉત્પન્ન કરવામાં કારણભૂત છે.

**ઉપક્રમ :** કવિ પ્રભુના નામના ગ્રહણનો અને સ્તોત્રનો મહિમા કહે છે

**आस्तामचिन्त्यमहिमा जिन! संस्तवस्ते**
**नामापि पाति भवतो भवतो जगन्ति ।**
**तीव्राऽऽतपोपहतपान्थजनान् निदाघे**
**प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥ ७ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन !** (હે જિનેશ્વર પ્રભુ !) **ते** (આપનું) **अचिन्त्य-महिमा** (અચિન્ત્ય-અકલ્પનીય મહિમાવાળું) **संस्तवः आस्ताम्** (સ્તોત્ર તો દૂર રહો) **भवतः** (આપનું) **नामापि** (નામ પણ, નામનું રટન પણ) **भवतः** (સંસારથી) **जगन्ति** (જગતને, જગતના જીવોને) **पाति** (રક્ષે છે) **निदाघे** (ગ્રીષ્મઋતુમાં, ઉનાળામાં) **पद्मसरसः** (પદ્મસરોવરનો) (**आस्तां जलं** = પાણી તો દૂર રહો) **सरसः अनिलः अपिः ।** (સરસ = રસયુક્ત-જલકણ સહિત એવો પવન પણ) **तीव्रातपोपहतपान्थजनान्** (તીવ્ર આતપથી = ગરમીથી વ્યાકુળ થયેલાં / થાકેલાં પથિક જનોને / મુસાફરોને) **प्रीणाति** (સંતુષ્ટ કરે છે, આનંદ આપે છે, થાક ઉતારી સ્વસ્થ કરે છે.) (૭)

**સરલાર્થ :** હે જિનેશ્વર પ્રભુ ! આપનું અચિંત્ય મહિમાવાળું સ્તોત્ર તો બાજુ પર રહો, આપના નામનું ગ્રહણ પણ જગતનું (જગતના જીવોનું) સંસારથી રક્ષણ કરે છે. (દ્રષ્ટાંત કહે છે - જલ તો દૂર રહો,) પદ્મસરોવરનો સરસ = રસયુક્ત = જલકણસહિત પવન પણ તીવ્ર ગરમીથી વ્યાકુલ બનેલાં રસ્તે જતાં મુસાફરોને સંતોષ પમાડે છે. અર્થાત્ થાક, ઉકળાટ દૂર કરીને ખુશ / પ્રસન્ન કરે છે. (૭)

**વિશેષાર્થ :** પરમાત્માની સ્તુતિ કરવાની અશક્તિ હોવા છતાંય કયા (પ્રશસ્ત-સારા) સ્વાર્થના કારણે તમે આમ આદરપૂર્વક પ્રભુની સ્તુતિનો આરંભ કરો છો ? એવા બીજાના પ્રશ્નનું જાણે સમાધાન કરતા હોય તેમ આ કાવ્યમાં કવિશ્રી કહે છે કે, જે કારણથી સ્તોત્રની વાત તો દૂર રહો, ભગવાનના નામનું ગ્રહણ પણ જીવોને ભવના ભયથી બચાવે છે, તો અચિંત્ય-અનંત મહિમા-વાળા સ્તોત્રની તો શું વાત કરવી ? એ તો જરૂર સંસારથી રક્ષણ કરશે જ, એવા આશયથી - પ્રશસ્ત સ્વાર્થથી આદરપૂર્વક (શ્રદ્ધાપૂર્વક) સ્તોત્રની રચના કરું છું. એ જ વાત કહે છે કે, હે પ્રભુ ! અચિંત્ય મહિમાવાળા આપના સ્તવનની વાત તો જવા દો, આપનું **'શ્રી પાર્શ્વનાથ પ્રભુ'** એવું નામ પણ જગતના જીવોનું

સંસારથી-ભવથી-જન્મજરામરણથી રક્ષણ કરે છે.

આ વાત **દૃષ્ટાંતથી** જણાવે છે-ભર ઉનાળો હોય, સૂર્ય મધ્યાહ્ને તપતો હોય અને ત્યારે ઘણો લાંબો પંથ કાપીને આવેલા, તાપ અને તૃષાથી પીડિત થયેલાં મુસાફરો-વટેમાર્ગુઓ ઠંડકની શોધમાં હોય છે ત્યારે તેઓને કમળો-વાળા સરોવરનું પાણી જોવા મળે છે. તે મુસાફરો સરોવરના પાણીનો સ્પર્શ કરતા નથી પણ તેના કિનારે બેસે તો પણ તે પદ્મસરોવરના સરસ જલકણથી મિશ્રિત, ફરફર-ઠંડા પવનથી પણ તે પ્રવાસીઓનો ઉકળાટ- થાક ઉતરી જાય છે. તેઓ સંતુષ્ટ-ખુશ-પ્રસન્ન (ફ્રેશ) થઈ જાય છે. ઠંડક અનુભવે છે.

આમ જો પદ્મસરોવરનો ઠંડો પવન પણ તાપથી પીડિત થયેલાં લોકોને ઠંડક આપે છે, તો પછી સ્વાદિષ્ટ-મધુર-શીતલ પાણીથી ભરેલ પદ્મ-સરોવરની તો શી વાત કરવી ? એ તો ઠંડક કરે જ. એના પાણીનું પાન કરનાર અથવા તેનાથી સ્નાન કરનાર મુસાફર જરૂર થાક રહિત સ્વસ્થ થઈ જાય એ સ્વાભાવિક છે. આ પ્રમાણે તીર્થંકર પ્રભુનું નામ પણ ભવના / સંસારના ભયથી રક્ષણ આપે છે, તો પછી તેઓના સ્તવનની તો વાત જ શી? એ તો જરૂર ભવ-ભયથી રક્ષણ કરે, એમ ભાવ છે. અહીં પેલી સૂક્તિ યાદ આવે છે -

**क्षणमपि सज्जन सङ्गतिरेका, भवति भवार्णवतरणे नौका ।**

અર્થાત્ એક ક્ષણ માટે પણ સજ્જનની એક માત્ર સંગતિ-મેળાપ થઈ જાય તો તે ભવસાગરને તરવા-પાર ઉતરવા માટે નાવડી સમાન બની રહે છે.

પ્રભુ સર્વશ્રેષ્ઠ સજ્જન છે. તેઓની સંગતિ-શરણાગતિ આત્મિક ઉપશમભાવની ઠંડક આપીને પાર ઉતારે તેમાં શી નવાઈ ?

આમ આ કાવ્યમાં સુંદર ઉદાહરણ વડે પ્રભુના નામ-સ્મરણનો મહિમા જણાવેલ છે. (૭)

**સમાસવિચાર :** (૧) **न चिन्त्यः इति अचिन्त्यः ।** (નઞ્ ત.પુ.) **अचिन्त्यः महिमा यस्य सः अचिन्त्यमहिमा ।** (બ.વ્રી.) (૨) **तीव्रश्च असौ आतपश्च इति तीव्रातपः ।** (ક.ધા.) **तेन उपहताः इति तीव्रातपोपहताः ।** (તૃ.ત.પુ.) **पान्थाश्च ते जनाश्च इति पान्थजनाः ।** (ક.ધા.) **तीव्रातपोपहताश्च ते पान्थ-जनाः इति तीव्रातपोपहतपान्थजनाः । तान् तथा ।** (ક.ધા.) (૩) **पद्मैः उप-लक्षितः सरः इति पद्मसरः । तस्य तथा ।** (મધ્યમપદ લોપી ત.પુ.) (૪) **सह रसेन (जलेन) वर्तते यः स सरसः ।** (બ.વ્રી.) (**सहस्य सोऽन्यार्थे** (સિ.હે.૩-૨-૧૪૩) સૂત્રથી **सह** નો **स** થયો છે.) (૭)

**ઉપક્રમ :** જે દેવનું (પ્રભુનું) ચિંતન, દર્શન અને ચિત્તમાં ધારણ કરવામાં ભક્તજનને કંઈપણ ફળ ન મળે તો તે દેવની સ્તુતિ કરવાનું પણ શું પ્રયોજન ? શું અર્થ ? એવી શંકા વિચારીને કવિવર આચાર્ય હવે સ્તોતવ્ય-સ્તુતિના વિષયભૂત જિનેશ્વરના ચિંતન, દર્શન અને સતત ચિત્તમાં ધારણ કરવાનું ક્રમશઃ ફળ જણાવતાં ત્રણ કાવ્યો કહે છે. તેમાં પ્રથમ પ્રભુના ચિંતનનું-ધ્યાનનું માહાત્મ્ય કહે છે -

**हृद्वर्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति**
**जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।**
**सद्यो भुजङ्गममया इव मध्यभाग-**
**मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य ॥ ८ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे विभो!** (હે પ્રભુ !) **त्वयि हृद्वर्तिनि** (આપ હૃદયમાં-હૃદયના મધ્ય ભાગમાં હોતે છતે) **जन्तोः** (જીવના) **निबिडाः अपि कर्मबन्धाः** (ગાઢ = સુદૃઢ પણ કર્મના બંધન અર્થાત્ અગ્નિ અને લોખંડના ગોળા (પિંડ) ની જેમ પરસ્પર એકમેકતા સ્વરૂપ કર્મોના બંધો) **क्षणेन शिथिलीभवन्ति** (ક્ષણવારમાં, તુરત જ શિથિલ-ઢીલા થઈ જાય છે.) **इव** (જેમ) **वनशिखण्डिनि मध्यभागं अभ्यागते** (વનનો મોર (વનના) મધ્યભાગમાં આવેલો હોય ત્યારે, તેના ટહુકાથી) **सद्यः** (તત્કાળ) **चन्दनस्य** (ચંદનવૃક્ષના) **भुजङ्गममयाः बन्धाः शिथिलीभवन्ति** (સાપોના બંધનો-શાખાઓ ઉપર કુંડલાકારે વીંટળાઈને રહેલાં સર્પોના શરીરના આંટાઓ/વીંટળામણ જેમ શિથિલ થાય છે, તેની જેમ...) (૮)

**સરલાર્થ :** હે પ્રભુ ! જેમ વનનો મોરલો વનની મધ્યમાં આવેલો હોય ત્યારે તેના ટહુકારથી ચંદનના વૃક્ષના સર્પોની સાથે થયેલાં બંધનો તત્કાળ શિથિલ થઈ જાય છે, તેમ આપ હૃદયના મધ્યભાગમાં હોવ ત્યારે જીવોના સુદ્રઢ (ગાઢ) પણ કર્મના બંધનો ક્ષણવારમાં તત્કાળ શિથિલ (ઢીલાં) થઈ જાય છે. (૮)

**વિશેષાર્થ :** આ સ્તોત્રમાં કવિ પરમાત્માના ચિંતનનું-ધ્યાનનું ફળ બતાવે છે-હે પરમાત્મન્ ! આપ હૃદયમાં હોતે છતે અર્થાત્ હૃદયમાં આપનું એકાગ્રભાવે ચિંતન-ધ્યાન કરાય છે ત્યારે જીવોના ગાઢ-દ્રઢ પણ કર્મોના બંધનો એટલે

કે અગ્નિ અને લોખંડના પિંડની જેમ અથવા દૂધ અને પાણીની જેમ પરસ્પર એકમેકતા / એકરૂપતા રૂપે થયેલાં કર્મોના બંધો તત્કાળ શિથિલ થઈ જાય છે, ઢીલા પડી જાય છે.

આ વાત સુંદર **દ્રષ્ટાંત**થી સમજાવે છે-મલયગિરિ પર્વત ઉપર વનનો મોરલો જ્યારે વનની મધ્યમાં આવે છે અને ટહુકાર કરે છે ત્યારે આસપાસ રહેલાં ચંદનના વૃક્ષોની શાખાઓ સાથે કુંડલાકારે વીંટળાઈને-બંધનરૂપે રહેલાં સર્પો ગભરાઈ જવાથી તેઓના વૃક્ષની શાખા (ડાળ) સાથેના બંધનો શિથિલ-ઢીલા પડી જાય છે. અર્થાત્ સર્પો ભાગવા માંડે છે. આ એક સ્વાભાવિક બનતી ઘટના છે. તેવી જ રીતે હે પ્રભુ ! આપ હૃદયમાં હોતે છતે, હૃદયમાં આપનું ધ્યાન-એકાગ્રભાવે ચિંતન કરાતું હોય ત્યારે જીવોના-આત્માના કર્મ સાથેના બંધનો (સંબંધો) પણ ઢીલા શિથિલ થઈ જાય છે. અર્થાત્ બંધમાં જે રાગ-દ્વેષની તીવ્ર ચિકાસ (રસ) હતી તે મંદ થઈ જવાથી, તૂટી જવાથી જે ગાઢ બંધનો હતાં તે નબળા-શિથિલ થઈ જાય છે. આમ અહીં (૧) સર્પના વીંટળાવાના સ્થાને કર્મના સંબંધો-બંધનો છે, (૨) ચંદનવૃક્ષની ડાળીઓના સ્થાને જીવ અને (૩) મોરલાના ટહુકારના સ્થાને પરમાત્માનું હૃદયમાં ધ્યાન છે.

આ દ્રષ્ટાંતથી એક વાત જણાય છે કે, ચંદનના વૃક્ષો ઉપર વીંટળાયેલ-બંધન રૂપે રહેલાં સર્પો ગમે તેટલા ખરાબ હોય તો પણ તેને સીધે સીધા દૂર કરી શકાતા નથી. તેમ કરવા જતાં તેઓ કદાચ ડંખ મારી દે તો તે જીવલેણ બની જાય. આથી તેને દૂર કરવા તો મોરલો જ લાવીને મૂકી દેવો જોઈએ. તેના ટહુકારથી તે સર્પોના બંધનો ઢીલા પડીને કદાચ ભાગી જશે. તે જ પ્રમાણે અજ્ઞાનતા / અહંકાર, રાગ-દ્વેષ વગેરેથી થયેલાં જ્ઞાનાવરણાદિ કર્મના બંધનો ગમે તેટલાં ખરાબ હોવા છતાંય તેને સીધેસીધા દૂર કરવા મુશ્કેલ છે, પરંતુ જે પરમાત્માના તે બંધનો સર્વથા દૂર થયા છે, જેઓ વીતરાગ-સર્વજ્ઞ બન્યા છે, તેઓના ધ્યાનરૂપી - ભક્તિરૂપી મોરલાના ટહુકારનું હૃદયમાં ગુંજન થયા કરે તો તેનાથી રાગદ્વેષ વગેરેનો રસ તૂટી જાય છે, અહંકાર જર્જરિત થઈ જાય છે. તેથી આત્મારૂપી ચંદનવૃક્ષ ઉપર જે કર્મો રૂપી સર્પોની તીવ્ર પકડ છે તે શિથિલ થયે જ છૂટકો.

આ જ વાતને જરા વિશેષથી વિચારીએ. અંધકારને દૂર કરવો હોય તો તે ધોકા મારવાથી દૂર ન થાય. તે તો દીવો લાવીને મૂકીએ એટલે એની મેળે દૂર થાય. બહારના અભક્ષ્ય ચોકલેટ, બિસ્કીટ, બ્રેડ ખાવાની જીદ કરતાં, રડતાં બાળકને ના પાડવાથી, માર મારવાથી જીદ નહીં છોડે, પણ તેને ઘરે નિર્દોષ

રીતે બનાવેલાં ભક્ષ્ય બિસ્કીટ આપવાથી તે સહેજે શાંત થઈ જશે. તે પ્રમાણે વિષય-કષાય, રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે દોષોને કે દોષવાળાઓને ધિક્કારવાથી તે દોષો દૂર નહીં થાય, પણ તેઓને પરમાત્માની ભક્તિ અને તેઓએ બતાવેલાં સન્માર્ગ (જિનશાસન) સાથે જોડી દેવાય તો આપોઆપ તે દોષો શિથિલ-નબળાં પડી જશે. આને change (transfermation) of subject કહેવાય. વિષયનો બદલાવ.

સામાન્યથી વાસનાના નાશના ચાર રસ્તા મનાયા છે. (૧) ભોગ (૨) દમન (૩) જ્ઞાન અને (૪) ભક્તિ. આ ચાર પૈકી પ્રથમ (૧) **ભોગ માર્ગે** વાસનાની તૃપ્તિ આભાસિક છે, વાસ્તવિક નથી. વિષયોના ભોગને આધીન થવું, શરણે જવું (Submission) તે વાસના નાશનો નિકૃષ્ટ, અધૂરો અને નિષ્ફળ માર્ગ છે. કેમકે વિષયોના ભોગવટાથી જીવને ક્યારેય વાસનાની-ઈચ્છાઓની કાયમી તૃપ્તિ થતી નથી. કામચલાઉ તૃપ્તિ થાય છે. એક ખભાનો ભાર બીજા ખભા ઉપર નાંખવાથી પહેલા ખભાને કામચલાઉ રાહત મળે છે, પણ બીજા ખભા ઉપર ભારનું દુઃખ અનુભવાય છે. તેમ ભોગથી એક ઈચ્છા શાંત થાય છે. તેથી કામચલાઉ સુખ અનુભવાય છે. પણ વળી બીજી ઈચ્છા વધુ પ્રબળ જાગે છે. તેથી તે સુખ છીનવાઈ જાય છે. આમ ભોગથી કામચલાઉ તૃપ્તિ જ મળે છે, કાયમી નહીં. ઉલ્ટું, ઈંધનથી અગ્નિ અને નદીઓના પાણીથી સમુદ્ર જેમ તૃપ્ત થવાને બદલે વધે છે તેમ ભોગથી વાસના સરવાળે વધે છે.

વાસનાની શાંતિ માટે બીજો ઉપાય (૨) **દમન યોગ :** (Suppression) છે. તેમાં ક્યારેક થોડી સફળતા મળે છે પણ જો તે શાસ્ત્રીય રીતનું ન હોય તો તેથી દબાવેલી ઈન્દ્રિયો-વિષય વાસના સ્પ્રીંગની જેમ જોરથી ઉછળે છે. માટે સલામત માર્ગ નથી. (૩) **જ્ઞાનયોગ :** (Sublimation) આસક્તિ નાશનો આ શ્રેષ્ઠ રસ્તો છે. છતાં લાંબાગાળે સાધ્ય છે. થોડાં જીવોને ઉપકારક બને છે. (૪) **ભક્તિયોગ :** (Devotion) આ માર્ગ જ આસક્તિને શાંત કરવા માટે સરળ અને સલામત છે. આથી ઘણાં જીવોને આ માર્ગ ઉપકારક બને છે.

ભક્તિયોગમાં (devotion માં) વિષયનું પરિવર્તન કરવાનું હોય છે.

જ્ઞાનયોગમાં વિષય-કષાય વગેરે દોષો અસાર હોવાનું, નુકસાન કરનારા હોવાનું જ્ઞાન ❀ (ભાન) મેળવી તેના પોષણની ઈચ્છાથી પીછેહઠ કરવાની હોય છે, અને તેના ક્ષયના ઉપાયમાં પ્રવૃત્તિ કરવાની હોય છે. એ રીતે

❀ જ્ઞાન એટલે રાગાદિ અસાર હોવાની સમજ અને ભાન એટલે તેની પ્રતીતિ 'આ આમ જ છે' એવો હાર્દિક સ્વીકાર-સંવેદના-અનુભવ.

વાસનાઓનું-ઈચ્છાઓનું ઊર્ધ્વીકરણ (sublimation) કરવાનું હોય છે. વિકારો અને વિભાવોથી ઉપર ઉઠવાનું છે. તેમાં પણ દેવગુરુની કૃપા તો જરૂરી હોય જ છે. માટે લાંબા ગાળે સાધ્ય છે. અનિત્યતા વગેરે બાર ભાવનાઓથી અને મૈત્રી વગેરે ચાર ભાવનાઓથી ભાવિત થવાનું હોય છે. અનિત્યતા વગેરે બાર ભાવનાઓથી જડ પદાર્થોનો રાગ તોડવાનો છે અને મૈત્રી વગેરે ચાર ભાવનાઓ વડે સર્વ જીવો સાથે મૈત્રીભાવથી જોડાવાનું છે. જડ-રાગ અને જીવ-દ્વેષ એ જ સંસારનું મુખ્ય કારણ છે.

ભક્તિયોગમાં (Devotion)માં વિષયનું પરિવર્તન કરવાનું હોય છે. અનંતકાળથી જીવે જે સ્ત્રી, ધન, ધાન્ય, માલ-મિલકત, પુત્ર-પરિવાર-શરીર વગેરે પદાર્થોનો તીવ્ર રાગ ઊભો કરેલો છે, જે બાહ્ય પદાર્થોની પ્રીતિ-રાગ-શરણાગતિ (Submission) સ્વીકારી છે તેના બદલે દેવ-ગુરુ-ધર્મ-જિનશાસનની પ્રીતિ-ભક્તિ-શરણાગતિ સ્વીકારવાની છે. દા.ત. સ્ત્રી પ્રત્યેની આસક્તિને પરમાત્મા પ્રત્યેની પ્રીતિમાં લઈ જવાની છે. કુટુંબ પ્રત્યેની મમતાને પ્રભુ દ્વારા સ્થાપિત ચતુર્વિધ શ્રમણસંઘના વાત્સલ્યમાં પરિવર્તિત કરવાની છે. ધન પ્રત્યેની મૂર્ચ્છાને સ્થાવર-જંગમ તીર્થો, ઉપાશ્રયો, જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણો વગેરે જિનશાસનની સંપત્તિના પ્રેમ-બહુમાન-ભાવમાં ફેરવવાની છે.

દેહના રાગને પરમાત્માના બિંબના પ્રેમમાં-બહુમાનમાં-અનુરાગમાં બદલવાનો છે. એટલું જ નહીં, અનાદિકાળથી જીવને દુઃખનો દાહ-દ્વેષ અને સુખનો ચાહ-લાલચ સંસારમાં બહિર્ભાવમાં ભટકાવે છે. તેમાં પણ વિષયનું પરિવર્તન કરવું આવશ્યક છે. અંતઃકરણની શુદ્ધિ માટે દુઃખના દાહને દોષના દાહમાં પરિવર્તિત કરવાનો છે અને સુખના ચાહને ગુણોના ચાહમાં બદલવાનો છે. આ રીતે જ પરમ-તત્ત્વની નજીક જઈ શકીશું. અરે ! ભૂલ્યો ! પરમાત્માની કૃપાથી જ આ કાર્ય શક્ય બને છે. માટે તેઓના કૃપાપાત્ર બનવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. આત્માની શુદ્ધિ કરવા માટે ભક્તિ એ પાણી જેવું છે. જ્ઞાન અને તપ એ સાબુ અને અરીઠાં જેવા છે. એકલા સાબુ-અરીઠાથી શુદ્ધિ ન થાય. પણ એકલાં પાણીથી ઘણી ખરી શુદ્ધિ થઈ શકે. એકલી ભક્તિથી પણ આત્માની શુદ્ધિ થાય. તેમાં જ્ઞાન અને તપ ભળે તો વિશેષ શુદ્ધિ થાય, સોનામાં સુગંધ.

આ રીતે વિષયના પરિવર્તન દ્વારા સહેલાઈથી રાગ-દ્વેષાદિ ખતરનાક પાપોને નબળા-દુર્બળ બનાવી શકાશે. અને દેવ-ગુરુ વગેરેના પ્રશસ્ત રાગાદિને

મજબૂત કરી શકાશે. પછી તો અપ્રશસ્ત રાગાદિ-પાપોના સંસ્કારો પણ પ્રશસ્ત રાગાદિના સંસ્કારો દ્વારા લગભગ ક્ષીણ કરી શકાશે. પછી જ પરમ શુદ્ધ-ધર્મના દ્વાર ખુલશે. (જેમાં આત્માના રાગ-દ્વેષાદિ દોષો વિશેષ ક્ષીણ થવાથી પરમ ઉપશમભાવની પ્રતીતિ થાય. સાચા નિજાનંદ-સહજાનંદ-ચિદાનંદની અનુભૂતિ થાય. અહોભાવથી શરૂ થયેલી યાત્રા આગળ વધતી અનુભૂતિના સ્તરે પહોંચે છે.) એ રાજમાર્ગ લાગે છે.

પણ પહેલાં તો અનાદિકાળના સ્ત્રી (સ્ત્રી માટે પુરુષ), દેહ વગેરે પર-ભાવના-પરપદાર્થના રાગને તોડવા પરમાત્મા, પરમાત્માનું બિંબ, શાસન વગેરે ઉપર રાગ જ નહિ, બલ્કે મહારાગ ઉભો કરવો તે જ મોક્ષનો યુક્તિપૂર્વકનો સલામત રાજમાર્ગ છે. કહ્યું છે કે,

**देहे धने कुटुम्बे च या मती रागिणां भवेत् ।**

**जिने जिनमते सङ्घे पुनर्मोक्षाभिलाषिणाम् ॥ १ ॥**

**અર્થ :** શરીર, મિલકત (ધન) અને કુટુંબ ઉપર રાગીઓને (સંસારીઓને) જેવી રાગ-બુદ્ધિ હોય છે, મોક્ષના અર્થી જીવોને તેવી રાગબુદ્ધિ (બલ્કે મહારાગ) ક્રમશઃ જિનેશ્વરદેવ ઉપર, જિનમત-જિનશાસન (સ્થાવર-જંગમ તીર્થ) ઉપર અને સંઘ ઉપર હોય છે. ભાવાર્થ કહેવાઈ ગયો છે. **ઉપા.શ્રી દેવચંદ્રજી મહારાજે** પણ **શ્રી નેમિનાથ પ્રભુના** સ્તવનમાં કહ્યું છે કે...

**રાગી સંગે રે રાગ દશા વધે, થાએ તિણે સંસારોજી,**

**નિરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી. (૪)**

નિરાગી પરમાત્મા ઉપર પ્રશસ્ત રાગ ઉભો કરવાની વાત તેઓને પણ મંજૂર છે. આમ પ્રસ્તુત શ્લોકમાં કવિએ આ વાતને ચંદન-વૃક્ષ, મોરલો અને સર્પના દ્રષ્ટાંતથી સુંદર રીતે સમજાવી છે. (૮)

**સમાસવિચાર :** (૧) **हृदि वर्तते इत्येवंशील: हृद्वर्ती । तस्मिन् तथा ।** (ઉપપદ ત.પુ.) (૨) **अशिथिला: शिथिला: भवन्ति इति शिथिलीभवन्ति ।** (તદ્ધિત **च्वि** પ્રત્યય લાગીને રૂપ બનેલું છે. અખંડ પદ છે.) (૩) **कर्मणां बन्धा: इति कर्मबन्धा: ।** (ષ.ત.પુ.) (૪) **भुजङ्गमा: प्रचुरा: अस्मिन् इति भुजङ्गममया: ।** (અહીં પણ તદ્ધિતનો **अस्मिन्** (૭-૩-૨) સૂત્રથી **मयट्** પ્રત્યય થયો છે.) (૫) **मध्यश्च असौ भागश्च इति मध्यभाग: । तं तथा ।** (ક.ધા.) (૬) **वनस्य शिखण्डी इति वनशिखण्डी । तस्मिन् तथा ।** (ષ.ત.પુ.) (૮)

**ઉપક્રમ :** કવિ હવે ભગવાનના દર્શનનો મહિમા બતાવે છે -

**मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र !**
**रौद्रैरुपद्रवशतैस्त्वयि विक्षितेऽपि ।**
**गोस्वामिनि स्फुरिततेजसि दृष्टमात्रे**
**चौरेरिवाशु पशवः प्रपलायमानैः ॥ ९ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिनेन्द्र !** (હે જિનેશ્વર પ્રભુ !) **स्फुरिततेजसि** (સ્ફુરિત થયેલ-પ્રગટેલ થયેલ તેજ (પ્રકાશ)વાળા અથવા પ્રતાપવાળા અથવા બળવાળા) **गोस्वामिनि** (સૂર્ય અથવા રાજા અથવા ગોવાળ) **दृष्टमात्रे** (દેખાતાં જ) **आशु** (શીઘ્ર, તત્કાળ) **प्रपलायमानैः चौरेः** (પલાયન થતાં, નાસી જતાં ચોરો વડે) **पशवः इव (मुच्यन्ते)** (પશુઓ જેમ મૂકી દેવાય, છોડી દેવાય છે તેમ..)**त्वयि वीक्षिते अपि** (આપ જોવાયે છતે પણ, આપના દર્શનમાત્રથી) **मनुजाः** (મનુષ્યો) **सहसा** (તત્કાળ, શીઘ્ર) **रौद्रैः उपद्रवशतैः** (ભયાનક સેંકડો ઉપદ્રવો વડે/કષ્ટો વડે) **मुच्यन्ते एव** (મુકાય જ છે, અર્થાત્ નિશ્ચિતપણે મુક્ત થાય છે, ત્યજાય છે-છુટી જાય છે.) (૯)

**સરલાર્થ :** હે જિનેન્દ્ર ! હે પ્રભુ ! વિસ્તૃત પ્રકાશવાળો સૂર્ય (અથવા પ્રગટ ઘણા પ્રતાપવાળો રાજા અથવા પ્રગટ ઘણા બળવાળો ગોવાળ) દેખાયે છતે તત્કાળ પલાયન થતાં ચોરો વડે પશુઓ જેમ મૂકી દેવાય છે, ત્યજાય છે, તેમ...આપ જોવાયે છતે પણ (આપના દર્શન માત્રથી) મનુષ્યો તત્કાળ ભયાનક સેંકડો ઉપદ્રવોથી મુક્ત થાય જ છે. (અર્થાત્ આપના દર્શનમાત્રથી સેંકડો ઉપદ્રવો મનુષ્યોને છોડીને નાસી જાય છે, દૂર થાય છે.) (૯)

**વિશેષાર્થ :** આ પદ્યમાં કવિ પ્રભુના દર્શનનું માહાત્મ્ય જણાવે છે. જિનેશ્વર પ્રભુનું દર્શન થતાં જ તત્કાળ સેંકડો ભયાનક ઉપદ્રવોથી દર્શન કરનાર મનુષ્ય મુક્ત થાય છે. ઉપદ્રવો બે પ્રકારના છે. **(૧) બાહ્ય ઉપદ્રવો :** ભય, સંકટ, આપત્તિ વગેરે અને **(૨) આંતર ઉપદ્રવો :** રાગ-દ્વેષ-કામ-ક્રોધ-અહંકાર, સ્વાર્થ વગેરે..પ્રભુના દર્શનથી જીવ બંનેયથી મુક્ત થાય છે. પ્રભુને જોતાં જ આત્મામાં વૈરાગ્ય-પ્રશમાદિ ભાવો ઉત્પન્ન થાય છે.

અહીં, દર્શન એટલે ફક્ત ચર્મચક્ષુથી જ જોવું નહીં પણ આંતર (જ્ઞાન)

ચક્ષુથી પ્રભુના સ્વરૂપનું દર્શન કરવું. ચર્મચક્ષુથી જોતાં કદાચ બાહ્ય ઉપદ્રવ કંઈક ઓછા થઈ જાય પણ આંતરિક ઉપદ્રવો તો પ્રભુના સ્વરૂપના દર્શનથી જ વિશેષે દૂર થાય છે. ત્રણ પ્રકારના જીવો છે. (૧) **નાસ્તિક** (૨) **આસ્તિક** (ધાર્મિક) અને (૩) **તાત્ત્વિક** (આધ્યાત્મિક) (૧) પ્રથમ પ્રકારના જીવોને પ્રતિમાના દર્શનમાં પાષાણથી વિશેષ કાંઈ ન દેખાય. (૨) બીજા પ્રકારના આસ્તિક-ધાર્મિક-શ્રદ્ધાળુ જીવોને પ્રતિમામાં ભગવાનની પ્રતિમા તરીકેના દર્શન થાય છે. પૂજ્યબુદ્ધિથી માને છે, પણ ત્રીજા (૩) પ્રકારના તત્ત્વ-દૃષ્ટિવાળા-તાત્ત્વિક-આધ્યાત્મિક જીવોને તો પ્રતિમામાં સાક્ષાત્ પરમાત્માના દર્શન થાય. આથી તેઓ તેમની સાથે વાતો પણ કરી શકે અને પ્રભુમાં પોતાના આત્માનું શોધન પણ કરી શકે છે. ઉત્તરોત્તર પ્રભુના દર્શનમાં અધિક-અધિક ઉપદ્રવોનો નાશ થાય અને શુદ્ધિનો લાભ થાય છે.

આ વાત સમજાવવા કવિશ્રી લોક-પ્રસિદ્ધ **ઉદાહરણ** આપે છે-

રાત્રે ચોરો પશુ વગેરેની ચોરી કરીને લઈ જતાં હોય અને તેમ કરતાં મોડું થઈ જાય છે. આથી સૂર્યોદય થયે પ્રભાત થઈ જાય છે. ચારે બાજુ અજવાળું-પ્રકાશ પથરાઈ જાય છે. આવા વખતે ચોરો પકડાઈ જવાના ભયથી પશુ વગેરે માલમત્તાને છોડીને પલાયન થઈ જાય છે, નાસી જાય છે. (૨) અથવા તો ચોરી કરતાં તેઓને મોટા પ્રતાપી રાજાનું દર્શન માત્ર થાય છે. તેથી તેઓ ગભરાઈને પશુ વગેરે માલમત્તા છોડી ચાલ્યા જાય છે. (૩) અથવા બળવાન ગોવાળ ફક્ત દેખાઈ જાય છે તો પણ તે ચોરો ઢોરોને મુકીને નાસી જાય છે. તેમ આપનું, આપની પ્રશાંત-આકારવાળી પ્રતિમાનું દર્શન માત્ર થવાથી મનુષ્યો સેંકડો ઉપદ્રવોથી મુક્ત થાય છે. તેઓના બાહ્ય કષ્ટો-દુઃખો અને આંતરિક દોષો દૂર થાય છે. આપના વીતરાગતા-વીતદ્વેષતા-પ્રશમભાવરૂપ સ્વરૂપને નિહાળીને ગભરાયેલાં અજ્ઞાનતા-રાગ-દ્વેષ વગેરે મોહરાજના સેવક રૂપી ચોરો ભક્તજીવના જ્ઞાનાદિ ગુણોને લૂંટવાનું છોડીને નાસી જાય છે એમ ભાવ છે.

સ્તોત્રમાં **स्फुरिततेजसि गोस्वामिनि** પદો ખૂબીવાળા છે. આથી તેના ત્રણ અર્થ કરેલાં છે. ત્રણેય ઘટે છે. (૧) **स्फुरिततेज**= (પ્રભાતના સમયે પૃથ્વીને પ્રકાશિત કરનાર તરીકે) પ્રગટ / વિસ્તૃત તેજવાળો, **गो:** કિરણોનો, **स्वामी** = સ્વામી-માલિક તે **गोस्वामी** = અર્થાત્ સૂર્ય. સૂર્ય ઉગતાં જ પૃથ્વી પ્રકાશમય બની જાય છે. તેથી ચોરો ચોરી કરવાનું છોડી દે છે. તેમ આપના

દર્શન થવાથી આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થવાથી મોહરૂપ ચોરો ગુણરૂપી સંપત્તિને ચોરી શકતાં નથી. અથવા (૨) **गो** = એટલે પૃથ્વી અને તેના સ્વામી એટલે પૃથ્વીપતિ-રાજા. અહીં **स्फुरिततेज** નો અર્થ અખંડ પ્રતાપવાળો (રાજા) એમ કરવો. અથવા **गो = गवां स्वामी** = એટલે ગાયોનો સ્વામિ-નાયક તે ગોસ્વામી એટલે ગોવાળ. અહીં **'स्फुरित तेज'**નો અર્થ પ્રગટ-ઘણા બળવાળો એમ કરવો. સામાન્યથી આ ત્રણેયના અભાવમાં જ ચોરો હિંમત કરી શકે છે. તેઓના દર્શન થતાં ભાગી જાય છે. તેવી જ રીતે સકળ ઉપદ્રવોથી રહિત એવા પ્રભુના દર્શન માત્ર થતાં જીવ બાહ્ય-આંતર સેંકડો ઉપદ્રવોથી મુક્ત થાય છે, તેમાં કોઈ આશ્ચર્ય નથી. આમ કવિએ લૌકિક ઉદાહરણથી શ્લોકના પૂર્વાર્ધની પુષ્ટિ કરી છે. ❁ (૯)

**સમાસવિચાર** : (૧) **जिनानां इन्द्रः इति जिनेन्द्रः ।** (ષ.ત.પુ.) **तत्सम्बोधनं तथा ।** (૨) **उपद्रवाणां शतानि इति उपद्रवशतानि । तैस्तथा ।** (ષ.ત.પુ.) (૩) **गवां गोः वा स्वामी इति गोस्वामी । तस्मिन् तथा** (ષ.ત.પુ.) (૪) **स्फुरितं तेजः यस्य स स्फुरिततेजाः । तस्मिन् तथा ।** (સ.ત.પુ.) (૫) **दृष्टः एव अथवा केवलं दृष्टः इति दृष्टमात्रम् । तस्मिन् तथा ।** (ત.પુ.) (૯)

**भवन्ति नम्रास्तरवः फलागमै,**
**र्नवाम्बुभिर्भूरिविलम्बिनो घनाः ।**
**अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः,**
**स्वभाव एवैष परोपकारिणाम् ॥ १ ॥**

...અર્થ...

જેમ જેમ ફળ આવતા જાય તેમ તેમ વૃક્ષો નીચા નમતાં જાય છે, અને નવા પાણીના ભારથી વાદળાઓ ખૂબ નીચા નમી જાય છે. એ જ પ્રમાણે સજ્જન પુરુષો પણ પોતાને ગમે તેટલી સંપત્તિ મળે તો પણ ફુલાઈ જતાં નથી. કારણ કે જે પરોપકારી પુરુષ હોય છે તેમનો આવો જ સ્વભાવ હોય છે.

❁ આમ કવિએ આ કાવ્યમાં એક નવી જ કલ્પના રજૂ કરેલી છે.

**ઉપક્રમ :** હવે પ્રભુના ચિંતનનો (હૃદયમાં ધારણ કરવાનો) મહિમા જણાવે છે -

**त्वं तारको जिन ! कथं भविनां त एव**
**त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।**
**यद्वा दृतिस्तरति यज्जलमेष नून-**
**मन्तर्गतस्य मरुतः स किलानुभावः ॥ १० ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन !** (હે જિનેશ્વર પ્રભુ !) **भविनां** (સંસારી જીવોના) **त्वं** (આપ) **कथं** (શી રીતે-કઈ રીતે) **तारकः** (તારનારા/ ભવસમુદ્રથી પાર કરનારા) **(भवसि** છો?) **यद्** (જે કારણથી) **ते एव (भविनः)** (તે ભવી-સંસારી જીવો જ) **उत्तरन्तः (सन्तः)** (ભવસમુદ્ર, પાર ઉતરતાં છતાં) **हृदयेन** (હૃદય વડે, અર્થાત્ હૃદયમાં / ચિત્તમાં) **त्वां** (આપને) **उद्वहन्ति** (વહન કરે છે, ધારણ કરે છે) **यद्वा** (અથવા) **दृतिः** (મશક, ચામડાની એક પ્રકારની કોથળી) **यत् जलं** (જે જલને, જલ-ઉપર) **तरति** (તરે છે) **नूनं** (નિશ્ચે / ચોક્કસ) **स एष** (તે આ) **अन्तर्गतस्य मरुतः** (અંદર રહેલાં વાયુનો) **किल** (ખરેખર, સાચે જ) **अनुभावः (अस्ति)** (પ્રભાવ છે.) (૧૦)

**સરલાર્થ :** હે જિનેશ્વર પ્રભુ ! સંસારી જીવોને આપ કઈ રીતે તારનારા છો ? જે કારણથી તે સંસારી જીવો જ (ભવસમુદ્રને) પાર ઉતરતાં છતાં આપને હૃદયમાં (ચિત્તમાં) વહન (ધારણ) કરે છે. (અર્થાત્ આપ વહન કરવા યોગ્ય છો, વાહક (વહન કરનાર) નથી. તેથી તારક ન કહી શકાય. આનું સમાધાન કરે છે -) અથવા મશક (નદી વગેરેના) પાણી ઉપર તરે છે તે સાચે જ, નિશ્ચિત રૂપે આ (પ્રત્યક્ષ) અંદર રહેલાં વાયુનો પ્રભાવ છે, મશકનો નહીં. (અર્થાત્ જેમ મશકનો તારક અંદર રહેલો વાયુ છે, તેમ ભવિ (સંસારી) જીવના હૃદયમાં રહેલાં આપ તેઓના તારક છો, બીજા કોઈ નહીં, માટે કાંઈ પણ અયોગ્ય નથી.) (૧૦)

**વિશેષાર્થ :** આ પદ્યમાં પ્રભુના ધ્યાનથી, પ્રભુને હૃદયમાં/ચિત્તમાં રાખવાથી પ્રભુ કઈ રીતે તારક છે એની દ્રષ્ટાંત દ્વારા સુંદર છણાવટ કરી છે. પહેલાં તો કવિ શંકા ઉપસ્થિત કરે છે અને પછી લૌકિક ઉદાહરણથી તેનું સમાધાન કરે છે.

કવિ કહે છે, હે જિનેશ્વર ! આપ ભવી-સંસારી જીવોના તારક શી રીતે કહેવાવ ? તે સંસારી જીવો જ ભવસમુદ્રથી પાર ઉતરતાં છતાં આપને હૃદયમાં વહન કરે છે-રાખે છે. આથી તમે તારક નથી. વાહ્ય (લઈ જવા યોગ્ય) અને વાહક (લઈ જનાર) એ બેમાં વાહક વસ્તુ જ તારક બની શકે છે, વાહ્ય નહીં. જેમકે, નાવ (વાહક) પણ પોતાનામાં બેસેલ પુરુષોને (વાહ્યને) તારે છે, પણ તે બેસેલાં પુરુષો નાવને તારતાં નથી. તેમ ભવ્ય જીવો પોતાના હૃદયમાં રહેલાં આપને તારે છે-વહન કરે છે. તો પછી આપ તેઓના તારક કઈ રીતે ? એમ કવિ વિચાર કરે છે.

અહીં કવિ પોતે જ **સમાધાન** મેળવે છે-**यद्वा** – અથવા આ વાત ઘટે છે, યુક્તિયુક્ત છે, કારણકે પાણીમાં રહેલી મશક (વાયુથી ભરેલી ચામડાની બનેલી મોટી કોથળી) પોતે પાણીમાં તરે છે અને તેના ઉપર બેઠેલાં પુરુષોને તારે છે. તેમાં ખરેખર તો અંદર રહેલો વાયુનો જ પ્રભાવ નિશ્ચે કામ કરે છે. જો મશક વાયુરહિત હોય તો તરી શકતી નથી, પણ ડૂબી જાય છે. અર્થાત્ મશકમાં અંદર વાયુ રહેલો હોતે છતે મશક તારક નથી, પણ વાયુ જ નિશ્ચિત પણે મશકને તરાવે છે, તેમ કહેવું ઉચિત છે. તે પ્રમાણે ભવ્ય જીવો પણ આપને હૃદયમા✱/ચિત્તમાં રાખનારા/ ધારણ કરનાર હોવા છતાંય આપ જ ખરેખરા (વાયુની જેમ) તારક છો, એમ ભાવ છે. આમ કવિએ સુંદર લૌકિક દ્રષ્ટાંત વડે પ્રભુ જ તારક હોવાનું સમાધાન કરેલું છે. ❁ (૧૦)

**સમાસવિચાર : (૧) अन्तर् (मध्ये) गतः इति अन्तर्गतः । तस्य तथा ।** (ત.પુ.) (૧૦)

---

✱ આમ આ કાવ્યમાં કવિએ જોરદાર તર્ક રજૂ કર્યો છે. અને ઉચિત દ્રષ્ટાંત આપેલું છે, એના દ્વારા પ્રભુની તારકતા સિદ્ધ કરી છે.

❁ કાવ્યમાં હૃદયેન = ચિત્ત વડે...વહન કરે છે - એમ કરણની વિવક્ષામાં તૃતીયા-વિભક્તિનો પ્રયોગ કરેલો છે. જ્યારે સરલાર્થમાં 'આધાર'ની વિવક્ષામાં સપ્તમી-વિભક્તિ રૂપે અર્થ કરેલો છે, તે અર્થની સુગમતા માટે સમજવું. બાકી બંનેય રીતે કહી શકાય છે.

**ઉપક્રમ :** પરમાત્મા જો રાગ-દ્વેષવાળા હોય તો તેઓ પરમાર્થથી-ખરેખર જોઈએ તો સ્તુતિ-પાત્ર ન બને, કારણકે તેઓ સંસારી જીવો જેવા જ કહેવાય. આથી કવિ ત્રણ કાવ્યો દ્વારા તેઓ સંપૂર્ણ રાગરહિત અને દ્વેષરહિત હોવાનું જણાવે છે. અર્થાત્ રાગ-દ્વેષના કારણે થતાં જે કામ-ક્રોધ છે, તેના સંપૂર્ણ ક્ષયને અને તે દ્વારા જિનેશ્વર પ્રભુની વિશિષ્ટતાને જણાવે છે. અથવા કવિ ત્રણ કાવ્યો વડે ભગવાનની સર્વદેવોથી ઉત્કૃષ્ટતા જણાવે છે -

**यस्मिन् हरप्रभृतयोऽपि हतप्रभावाः**
**सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ।**
**विध्यापिता हुतभुजः पयसाथ येन**
**पीतं न किं तदपि दुर्धरवाडवेन ? ॥ ११ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन !** (હે જિનેશ્વર પ્રભુ !) **यस्मिन्** (જેને વિષે, જે કામને વિષે) **हरप्रभृतयोऽपि** (મહાદેવ વગેરે પણ) **हतप्रभावाः (जाताः)** (હણાયેલ પ્રભાવવાળા=પ્રભાવહીન-પરાસ્ત થયા છે.) **सोऽपि रतिपतिः ।** (તે રતિનો પતિ એટલે કે કામદેવ, કામ પણ) **त्वया** (આપના વડે) **क्षणेन** (ક્ષણ-વારમાં, અલ્પકાળમાં) **क्षपितः (अस्ति)** (ક્ષય કરાયો છે, નાશ કરાયો છે) **अथ** (દષ્ટાંત રજૂ કરવાના અર્થમાં) **येन पयसा** (જે પાણી વડે) **हुतभुजः** (અગ્નિ) **विध्यापिताः** (બુઝાવાયો છે, ઓલવાયો છે) **तदपि (पयः)** (તે પણ પાણી) **दुर्धरवाडवेन** (દુર્ધર-ઉદ્ધત-ભડભડતી વડવાગ્નિ વડે=સમુદ્ર મધ્યે રહેલ અગ્નિ વિશેષ વડે) **किं न पीतम् ?** (શું પીવાયું નથી ? અર્થાત્ પીવાયું જ છે.) (૧૧)

**સરલાર્થ :** હે જિનેશ્વરદેવ ! જે કંદર્પને (કામને) વિષે હર (શંકર) વગેરે દેવો પણ પ્રભાવહીન-પરાસ્ત થયા છે, જીતાયા છે, તેવો પણ કામ તમારા વડે ક્ષણવારમાં નાશ કરાયો છે. (દૃષ્ટાંત-) જે પાણી વડે અગ્નિ બુઝાવાયો છે, તેવું પણ પાણી દુર્ધર-ઉદ્ધત એવા વાડવાગ્નિ વડે શું પીવાયું નથી ? અર્થાત્ પીવાયું જ છે. (૧૧)

**વિશેષાર્થ :** કવિ આ કાવ્યમાં પ્રભુના વીતરાગ-સ્વરૂપને પ્રગટ કરે છે, વર્ણવે છે. કામ ઉપર વિજય મેળવવો દુષ્કર છે આ વાત શાસ્ત્રોક્ત પણ છે અને

લોકમાં પણ પ્રસિદ્ધ છે. આથી સંપૂર્ણ કામવિજેતા પરમાત્મા જ ખરેખર સર્વશ્રેષ્ઠ પુરુષ હોઈ શકે. તેઓનું તેવું સ્વરૂપ જાણીને તેઓની ઉપાસના કરનાર મનુષ્યના પણ કામાદિ દોષ શાંત થઈ જતાં હોય છે.

અહીં કવિશ્રી **સિદ્ધસેનસૂરિ** કહે છે કે, હે નીરાગી પરમાત્મન્ ! જે કંદર્પના (કામના) વિષયમાં શંકર વગેરે દેવો પણ પ્રભાવહીન થયા છે, હારી ગયા છે, તેવા બળવાન કામને આપે ક્ષણમાં-સહેલાઈથી જીતી લીધો, વશ કરી દીધો છે. આ આપનું કેવું મોટું પરાક્રમ છે ! એમ કહેવાય છે કે, કંદર્પ વડે ઈશ્વર(શંકર) અડધા અંગે નારીને ધારણ કરનારા કરાયા છે. વળી, શંકરની પાસે પાર્વતી રહેલી છે. શ્રીકૃષ્ણને પણ પડખે લક્ષ્મી રહેલી છે અને તેઓ ગોવાળણના સમૂહ સાથે ક્રીડા કરનારા છે. બ્રહ્મા પણ ઈન્દ્રે મોકલેલ દેવીઓના નાટકને જોવા માટે ચાર મુખવાળા કરાયા છે. એ પ્રમાણે બીજા પણ દેવો કંદર્પ વડે જીતાયેલાં છે. આ વાત ઉપા.શ્રી સમયસુંદરગણિજીએ તેઓની ટીકામાં કહેલી છે.

**પ્રશ્ન :** તો પછી આવા ઘણી મુશ્કેલીથી જીતી શકાય એવા કામને શ્રી જિનેશ્વરપ્રભુએ શી રીતે જીતી લીધો ?

**જવાબ :** આ વાતને **દૃષ્ટાંત**થી સમજીએ- જે પાણીએ પોતાના પ્રભાવથી બળબળતાં અગ્નિને પણ બુઝાવી દીધો છે, ઓલવ્યો છે, તે જ પાણી સમુદ્રમાં ક્યારેક દેખાતાં વડવાનલ વડે શું પીવાયું નથી. અર્થાત્ પીવાયું જ છે. સામાન્ય અગ્નિને બુઝવનાર પાણી પણ વડવાનળને બુઝવી શકતું નથી. ઉલટું, તેને પીને જ વડવાનલ પુષ્ટ થાય છે. આ પ્રમાણે સુંદર ઉપમા છે. અગ્નિ સમાન હરિ, હર વગેરે દેવો છે. પાણી તુલ્ય કામ છે, અને વડવાગ્નિ સરખા ભગવાન છે એમ ઉપનય છે. કામદેવ પાણીરૂપી ઈશ્વર, વિષ્ણુ વગેરે રૂપ અગ્નિને બુઝવી શકે, જીતી શકે, પરંતુ વડવાનલ સમાન ભગવાનને બુઝવી ન શકે. ઉલટું, વડવાનલ જ તે પાણીનું પાન કરે છે. તેમ ભગવાન કંદર્પને પોતાનો દાસ બનાવે છે એમ ભાવ છે.

આ જ વાત **આ.શ્રી નયવિમલસૂરિ મ.સા.** એ સામાન્ય જિન સ્તવનમાં કહી છે-

**કામ સુભટ ગયો હારી રે, થાશું, કામ સુભટ ગયો હારી.**
**રતિપતિ આણ વહે સહુ સુરનર, હરિહર બ્રહ્મ મુરારિ...થાશું.'**

**અર્થ :** હે પ્રભુ ! આપના દ્વારા કામરૂપી સુભટ હારી ગયો છે. આપે કામ-

રૂપી મોટા યોદ્ધા ને હરાવીને પરાજિત કર્યો છે. કેવો છે તે કામરૂપી સુભટ? તો જે રતિપતિની (કામદેવની, કામની) આજ્ઞા સઘળા ઈન્દ્રો, હરિ (વિષ્ણુ), હર (શંકર), મુરારિ વગેરે મસ્તકે વહન કરે છે, એટલેકે સુરેન્દ્ર વગેરે પણ જેના દાસ છે એવા કામરૂપી બળવાન સુભટને આપે પરાસ્ત કરેલો છે. અહીં જે વડવાનળનું દષ્ટાંત આપેલું છે તે વડવાનલના દૃષ્ટાંતને જણાવતાં કવિ કહે છે કે...

**તે સાચું જિમ નીર પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી રે, થાશું...(૪)**
**પણ વડવાનળ પ્રબલ જબ પ્રગટે, તબ પીબત સવિ વારી-થાશું...(૫)**

આનો અર્થ ઉપર પ્રમાણે જ છે. તે સાચી વાત છે કે પાણીથી અગ્નિ બુઝાઈ જાય છે, શાંત થાય છે, પણ જ્યારે પ્રબળ વડવાનળ પ્રગટે છે ત્યારે તે વડવાનલ જ પાણીને પીએ છે, પાણી દ્વારા વધે છે. તેમ સુરનર, હરિહર વગેરે રૂપ અગ્નિ ભલે કામ રૂપી પાણીથી પરાસ્ત થતાં, પરંતુ પરમાત્મારૂપી વડવાનળ તો ઉલટું કામરૂપી પાણીનું ભક્ષણ કરે છે, પણ કામ-પાણીથી બુઝાતાં નથી, હારી જતાં નથી.

આ સ્તવનની કડીનું મૂળ આ શ્લોક જ હશે, એમ સહેજે જણાય છે. કવિઓની કૃતિઓમાં એકબીજાની કૃતિઓની છાયા હોય જ છે.

કામ ખરેખર દુર્જય છે. શાસ્ત્રમાં પણ તે પ્રમાણે કહેલું છે. એમાં પણ એકબાજુ અનાદિકાળના કામના સંસ્કારો હોય અને બીજી બાજુ બહારના ખરાબ નિમિત્તો, સ્વતંત્રતાઓ, મર્યાદા વિનાની ચેષ્ટાઓ હોય પછી તો શું અનર્થ ન સર્જાય? ચારિત્રની કેવી ખાનાખરાબી થાય છે એ પ્રત્યક્ષ દેખાય છે. યૌવનનું પુષ્પ ખીલે તે પહેલાં જ મુરઝાઈ જાય છે. અહીં પેલા કવિની પંક્તિઓ યાદ આવે છે,

**આશામય યૌવનના પુષ્પો અણધાર્યા મુરઝાતાં જોયા,**
**નિષ્ઠા કેરુ નામ મળે ના, ઘડી ઘડીમાં પડતાં જોયા,**
**સિંહ સૂતને બકરારૂપે જ્યારે બેં બેં કરતાં જોયાં,**
**સત્ય હકીકત કહું તો ત્યારે ઈશ્વરને મેં રડતાં જોયાં..(૧)**

આ વાત તો આજે સ્કૂલ-કોલેજમાં મળતાં દૂષિત વાતાવરણ, કુસંગ, સ્વતંત્રતા, મૂલ્યહીન, સંસ્કાર-સંસ્કૃતિ-સભ્યતાહીન શિક્ષણ, Media -પ્રચાર માધ્યમો દ્વારા ફેલાવાતાં અજ્ઞાનતા ભરેલાં વિચારોના દુષ્પ્રચારના માહોલમાં અને પ્રત્યેક વ્યક્તિના હાથમાં આવી ગયેલ ઈન્ટરનેટ, મોબાઈલનો અતિ

વપરાશ વગેરેના વાતાવરણમાં સમજાય એવી છે. આવા નિમિત્તોનું લિસ્ટ ઘણું લાંબુ થઈ જાય તેમ છે. આવા નિમિત્તોમાં ઝડપાયેલો જીવ ભાગ્યે જ બચી શકે છે. એનાથી બચવું હોય તો પહેલી શરત છે, નિમિત્તોથી બને તેટલું સો ગાઉ વેગળા રહેવું. અને સારા નિમિત્તોનું-સત્સંગનું સેવન કરવું. પછી તે સત્સંગ, સદ્‌ગુરુના પ્રવચનરૂપે, પ્રભુભક્તિરૂપે, સાધર્મિકો-સન્મિત્રોરૂપે અથવા સદ્‌વાંચન રૂપે પણ હોય. તેનાથી જ દુષ્કૃતોની ગર્હા અને પરિત્યાગ અને સુકૃતોની અનુમોદના અને તેઓનું આસેવન સુલભ બને છે.

આચાર્ય **શ્રી સિદ્ધસેનસૂરિજી** વડે આ કાવ્યનો પાઠ કરાયો ત્યારે જ અમોઘ વાણીની શક્તિના પ્રભાવથી મહાદેવના મંદિરમાં રહેલું શિવલિંગ ફાટ્યું હતું, ભેદાયું હતું, અને તેમાંથી વીતરાગના સ્વરૂપનું વર્ણન કરવાથી વીતરાગ શ્રી પાર્શ્વનાથપ્રભુની મૂર્તિ પ્રગટ થઈ હતી. આ અંગેની કથા 'સ્તોત્ર ઉદ્‌ભવ-કથા' વિભાગમાં કહેલી જ છે. (૧૧)

**સમાસવિચાર :** (૧) **हरः प्रभृतिर्येषां ते हरप्रभृतयः ।** (બ.વ્રી) (૨) **हतः प्रभावो येषां ते हतप्रभावाः ।** (બ.વ્રી.) (૩) **रत्याः पतिः इति रतिपतिः** (ષ.ત.પુ.) (૪) **हुतं भुञ्जन्ति इति हुतभुजः ।** (ઉપપદ ત.પુ.) (૫) **दुर्धरश्च असौ वाडवश्च इति दुर्धरवाडवः । तेन तथा** (ક.ધા.) (૧૧)

**विनयव्यपेतमनसो, गुरुविद्वत्साधुपरिभवनशीलाः ।**
**त्रुटिमात्रविषयसङ्गा-दजरामरवन्निरुद्विग्नाः ॥ १ ॥**
(પ્રશમરતિ, શ્લો. ૭૫)

...અર્થ...

ગુરુઓ, વિદ્વાનો અને સાધુપુરુષોનું અપમાન કરવાના સ્વભાવ-વાળા એવા વિનય વગરના માણસો, લેશમાત્ર પણ વિષયના સંસર્ગથી દેવતાની માફક (પોતાના મરણ અને વૃદ્ધાવસ્થા પ્રત્યે) બેદરકાર બને છે. (એટલે કે તેઓ એમ માને છે કે હું ઘરડો પણ થવાનો નથી અને મરવાનો પણ નથી. અને આ પ્રમાણે માનવાથી પાપ કરવામાં પાછી પાની કરતાં નથી.)

**ઉપક્રમ :** ભગવાનના અચિન્ત્ય પ્રભાવને બતાવે છે -

**स्वामिन्ननल्पगरिमाणमपि प्रपन्ना-**
**स्त्वां जन्तवः कथमहो हृदये दधानाः ।**
**जन्मोदधिं लघु तरन्त्यतिलाघवेन**
**चिन्त्यो न हन्त महतां यदिवा प्रभावः॥ १२ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे स्वामिन् !** (હે સ્વામી !) **(त्वां) प्रपन्नाः जन्तवः** (આપને સ્વામી તરીકે આશ્રય કરનારા, સ્વીકારનારા જીવો) **अनल्प-गरिमाणमपि** (ઘણા ગૌરવવાળા, ભારવાળા પણ) **त्वां** (આપને) **हृदये** (હૃદયમાં, ચિત્તમાં) **दधानाः (सन्तः)** (ધારણ કરતાં છતાં) **अहो!** (આશ્ચર્ય છે કે) **कथं** (શી રીતે) **अतिलाघवेन** (ઘણા હળવાપણાથી, હળવાશથી, સહેજ પણ ભાર ન હોવાથી) **जन्मोदधिं** (જન્મ રૂપ સમુદ્રને) **लघु** (શીઘ્ર) **तरन्ति** (તરી જાય છે ?) **यदिवा** (અથવા) **हन्त** (નિશ્ચિત રૂપે) **महतां प्रभावः** (મહાપુરુષોનો પ્રભાવ / મહિમા) **न चिन्त्यः** (ચિંતવી શકાતો નથી. અર્થાત્ અચિંત્ય હોય છે.) (૧૨)

**સરલાર્થ :** હે સ્વામી ! આપનો આશ્રય કરનારા જીવો ઘણા ગૌરવવાળા (ગુરુત્વ-ભારવાળા) એવા પણ આપને હૃદયમાં ધારણ કરવા છતાં આશ્ચર્ય છે કે, શી રીતે અત્યંત હળવા બનીને જન્મરૂપી સમુદ્રને શીઘ્ર તરી જાય છે ? (વજનદાર વસ્તુ હોય તો ઉલટું જલ્દી તરી ન શકાય. સમાધાન કરે છે -) અથવા મહાપુરુષોનો પ્રભાવ અચિંત્ય હોય છે. (૧૨)

**વિશેષાર્થ :** આ સ્તુતિમાં કવિરાજ અદ્ભુત કલ્પના વડે સ્તુતિ કરે છે, પરમાત્માનું સ્વરૂપ અત્યંત ગૌરવવાળું છે. પ્રભુ અનંત ગુણોથી ઘણા ગરિષ્ઠ છે, વજનદાર છે. આવા પ્રભુ અંગે કવિ વિચાર કરે છે કે, આવા વજનદાર-ભારવાળા-ગૌરવયુક્ત આપને હૃદયમાં ધારણ કરનારા ભવ્ય જીવો શી રીતે અત્યંત હળવા બનીને ભવરૂપી સાગરને જલ્દી તરી જાય છે ? આમાં ઘણું આશ્ચર્ય થાય છે ! કારણકે ઘણા ગુરુભૂત એટલે કે ભારવાળી-ગૌરવયુક્ત વસ્તુને સમુદ્રનો પાર પામવો ઉલટો મુશ્કેલ હોય છે. વહાણમાં જેમ જેમ

ઘણો ભાર હોય તેમ સમુદ્રને પાર કરતાં વધુ સમય લાગે અને વધુ અગવડ પડે. (વળી, મર્યાદાથી અધિક ભાર હોય તો વ્હાણ ડૂબવાનું જોખમ પણ ઉભું થાય છે.) આ લોકસિદ્ધ વાત છે. આમ વિરોધ આવે છે. છતાં અનંત ગુણના ભારથી યુકત-ગૌરવયુક્ત એવા આપને હૃદયરૂપી વહાણમાં ધારણ કરનારા જીવો, એકદમ કર્મોથી હળવા બનીને ભવસાગરને જલ્દી પાર ઉતરી જાય છે તેથી ઘણું...આશ્ચર્ય થાય છે.

અથવા તો આનું સીધે સીધું **સમાધાન** છે કે આ મહાપુરુષોનો પ્રભાવ જ અચિન્ત્ય હોય છે. તેઓના અસ્તિત્વથી ઘણો ભાર હોવા છતાં હળવા બનીને શીઘ્ર તરી જવાય છે. આ વિષયમાં પરમાત્મા **શ્રી મહાવીરદેવ**નું જ ઉદાહરણ છે. તેઓ પોતાની સાધનાના કાળમાં હોડીમાં બેસીને ગંગા નદીને પાર કરી રહ્યા હતાં ત્યારે આકાશમાં સમડી, ગીધ વગેરે ઉડતાં જોઈને ત્યાં બેઠેલાં નૈમિત્તિકે આગાહી કરેલી કે આજે આપણા ઉપર મરણાંત ઉપસર્ગ (કષ્ટ) આવશે. પરંતુ આ મહાત્માના પ્રભાવે આપણો બચાવ થશે. એવામાં જ કોઈ મિથ્યાદ્રષ્ટિ દેવ પૂર્વભવના વૈરથી નાવને ડૂબાડવા માટે હાલમડોલમ કરવા લાગ્યો, ત્યારે **કંબલ** અને **શંબલ** નામના દેવો - કે જેઓ પૂર્વભવમાં શ્રાવકના ત્યાં બળદ હતાં અને શુભધ્યાનથી મૃત્યુ પામી સમકિતી દેવ થયા હતાં - તેમણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. તેમણે જોયું કે પ્રભુ જે નાવમાં બેઠાં છે તેને કોઈ ડૂબાડી રહ્યું છે, ત્યારે તે બંનેએ આવીને પેલા મિથ્યાત્વી દેવને ભગાડીને નાવને ડૂબતા ઉગારી લીધી. બસ ! આનું જ નામ એ કે **'મહાપુરુષોનો પ્રભાવ જ કંઈક અચિંત્ય હોય છે.'** તેઓના પુણ્ય પ્રભાવથી બીજા સહવર્તીઓના પણ ઉપદ્રવો દૂર થાય છે. આમાં કોઈ આશ્ચર્ય નથી. મહાપુરુષના પુણ્યથી રેતીમાં ય નાવ ચાલે એમ કહેવાય છે. (પોતાના પુણ્યમાં ય પરંપરાએ પરમાત્માની જ કૃપા કારણભૂત માનવી જોઈએ.) આમ અહીં શ્રદ્ધા-પ્રધાન સમાધાન આપ્યું છે.

અહીં વસ્તુતઃ વિરોધ નથી પણ વિરોધાભાસ-કાવ્યાલંકાર છે, કારણકે પ્રભુ ગુણના ભારથી ગરિષ્ઠ-ગૌરવયુક્ત છે. ગુણો ભાવાત્મક હોવાથી વજનદાર હોઈ શકે જ નહીં. માટે પ્રભુને હૃદયમાં ધારણ કરવાથી ભાર લાગતો નથી. ઉલટું, પ્રભુ હૃદયમાં હોતે છતે જીવ કર્મોથી-દોષોથી હળવો બની જાય છે. તેથી ભવસમુદ્રને સહેલાઈથી પાર પામી જવું ઘટે જ છે. માટે વિરોધ નથી પણ વિરોધાભાસ છે.

અહીં જે સમાધાન આપ્યું છે કે 'મહાપુરુષોનો પ્રભાવ અચિંત્ય છે' તે 'અર્થાન્તરન્યાસ' અલંકાર છે, કારણકે, અહીં સામાન્ય વસ્તુ વડે વિશેષ વસ્તુનું સમર્થન કરાય છે.

**પૂ. માણિક્યચંદ્ર મુનિ**ની ટીકામાં સરસ રીતે **ભાવાર્થ** ખોલતાં કહ્યું છે કે, તુંબડા વગેરે હલકા પદાર્થને હૃદયમાં (છાતી ઉપર) ધારણ કરતો જીવ જળને તરી જાય છે. અહીં આશ્ચર્ય છે કે, ઘણી ગરિમાવાળા / ગૌરવવાળા (ભારે) આપને હૃદયમાં (ચિત્તમાં) ધારણ કરતાં જીવો જન્મ રૂપી સમુદ્રને પાર ઉતરી જાય છે. આ વ્યાખ્યા 'ગુરુ' શબ્દના બે અર્થ હોવાથી શબ્દ-છળથી કરેલી જાણવી. 'ગુરુ' શબ્દના બે અર્થ છે. (૧) **ગુરુ** એટલે ઘણા પુદ્ગલોના સંચયથી બનેલ. ગુરુ=ભારે વજનદાર કહેવાય અને (૨) જેઓ તત્ત્વને કહે (**गृणाति तत्त्वमिति गुरुः**) તે 'ગુરુ' અથવા ગુણો વડે ગુરુ (ભારે) તે ગુરુ કહેવાય. આમ બે અર્થ છે. 'ગરિમા' શબ્દ 'ગુરુ' શબ્દ ઉપરથી બનેલો છે. આથી **अनल्पगरिमाणं** ના પણ બે અર્થ થાય છે. (૧) ઘણી ગરિમા= ગુરુતા= વજનવાળા / ભારે અને (૨) ઘણા ગૌરવવાળા = ગુણગરિષ્ઠ = મહિમાવાળા. અહીં પ્રથમ અર્થ લઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે - ઘણા ભારવાળાને ધારણ કરવા છતાં શી રીતે સહેલાઈથી શીઘ્ર તરી જાય છે ? બાકી બીજો અર્થ લેવામાં કોઈ આશ્ચર્ય નથી. ઘણા-અનંતા ગુણો વડે ગરિષ્ઠ પ્રૌઢ = મહિમાવંત એવા પરમાત્માને હૃદયમાં ધારણ કરનાર જીવો કર્મોથી હળવા થવા વડે જલ્દી ભવસમુદ્રને તરી જાય તે સહેજ છે, તેમાં કોઈ આશ્ચર્ય નથી. કારણકે આત્માના ગુણો અરૂપી હોઈને તેમાં ભારેપણું હોતું નથી. (૧૨)

**સમાસવિચાર :** (૧) **गुरोः भावः इति (गुरु+इमन् =) गरिमा = गुरुत्वम्। न विद्यते अल्पः गरिमा यस्य स अनल्पगरिमा।** (બ.વ્રી.) અથવા **न अल्पः इति अनल्पः।** (નઞ્ ત.પુ.) **अनल्पः गरिमा यस्य स अनल्पगरिमा। तं तथा** (બ.વ્રી.) (૨) **जन्म एव उदधिः इति जन्मोदधिः।** (ક.ધા.) **तं तथा।** (૧૨)

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।**
**क्षणेन सप्तमीं याति जीवस्तण्डुलमत्स्यवत्॥ १॥**

અર્થ : કર્મના બંધ અને મોક્ષનું-છુટકારાનું કારણ મનુષ્યનું મન જ છે. જીવ ક્ષણવારમાં મનથી એવું ચિંતવે છે જેથી તંદુલિયા માછલાની જેમ સાતમી નરકે જાય છે.

**ઉપક્રમ :** દ્વેષરહિત તરીકે પરમાત્માની સ્તુતિ કરે છે -

**क्रोधस्त्वया यदि विभो ! प्रथमं निरस्तो**
**ध्वस्तास्तदा बत कथं किल कर्मचौराः ? ।**
**प्लोषत्यमुत्र यदिवा शिशिरापि लाके**
**नीलद्रुमाणि विपिनानि न किं हिमानी ॥ १२ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे विभो** (હે પ્રભુ ! હે નાથ !) **त्वया यदि** (તમારા વડે જો) **क्रोधः** (ક્રોધ) **प्रथमं** (પહેલાં, પૂર્વમાં જ) **निरस्तः** (મૂળથી દૂર/નાશ કરાયો છે) **तदा** (ત્યારે) **बत** (આશ્ચર્ય અથવા નિશ્ચય અર્થમાં) **कर्मचौरा** (કર્મોરૂપી ચોરો) **किल** (સાચે જ, ખરેખર) **कथं ध्वस्ताः ?** (શી રીતે નાશ કરાયા, હણાયા ? સમાધાન કરે છે-) **यदिवा अमुत्र** (અથવા આ લોકમાં) **शिशिराऽपि** (અત્યંત ઠંડા, શીતળ સ્વભાવવાળા પણ) **हिमानी** (મોટો હિમ, હિમનો સમૂહ) **नीलद्रुमाणि विपिनानि** (લીલાછમ વૃક્ષોવાળા વનોને) **किं न प्लोषति ?** (શું બાળતો નથી ? અર્થાત્ બાળે જ છે.) (૧૩)

**સરલાર્થ :** હે પ્રભુ ! આપના વડે જો ક્રોધ પહેલાં જ મૂળથી નાશ કરાયો છે, ત્યારે આશ્ચર્ય થાય છે કે કર્મરૂપી ચોરો ખરેખર શી રીતે હણાયા ? (ક્રોધવાળા મનથી હિંસા થાય. આપનામાં તો ક્રોધ જ નથી ?) અથવા આ લોકમાં અત્યંત ઠંડા સ્વભાવવાળો પણ મોટો હિમ-હિમનો સમૂહ શું લીલાછમ વૃક્ષોવાળા વનને બાળતો નથી ? અર્થાત્ બાળે જ છે. (તેમ ક્રોધરહિત ઉપશાંત છતાં આપના દ્વારા કર્મનો નાશ થવો ઘટે છે.) (૧૩)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં પણ સુંદર કલ્પના દ્વારા ભગવાનના ક્રોધરહિત-ઉપશમભાવને વ્યક્ત કરેલો છે. હે પ્રભુ ! આપે તો પહેલાં જ સર્વ જીવો પ્રત્યે ક્ષમાભાવ રાખવા દ્વારા ક્રોધને દૂર કર્યો છે, વશ કર્યો છે. તો પછી આપે કર્મોરૂપ ચોરટાઓને શી રીતે હણ્યા ? હણવાની ક્રિયા તો ❀કષાયથી વ્યાકુળ ચિત્તવાળા (મનવાળા) પુરુષને ઘટે છે. આપે તો વગર ક્રોધે, વિના કષાયે કર્મરૂપી ચોરોને ખત્મ કરી દીધા ! **बत** = આ આશ્ચર્યજનક વાત છે.

---

❀ ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો છે.

અહીં ઉપશાંતપણું અને હનનક્રિયા એ દેખીતી રીતે વિરોધી હોવા છતાંય વસ્તુતઃ વિરોધી નથી, પણ વિરોધાભાસ છે. કારણ કે, કર્મરૂપી ચોરોને હણવા માટે તો ઉલટું ઉપશમભાવ જ પ્રધાન કારણ છે. માટે જ **ઉપા.શ્રી શુભવીરવિજયજી** મહારાજે હૃદય-અંગની ચંદનપૂજાના દુહામાં કહ્યું છે કે-

**હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગ અને રોષ,**
**હિમ દહે વનખંડને, હૃદય-તિલક સંતોષ.**

પ્રભુએ હૃદયકમળમાં એવો ઉપશમભાવ-આંતરિક ઠંડકતા પ્રગટાવી કે નિમિત્ત મળવા છતાં રાગ અને રોષને ઉઠવા જ ન દીધા. અને તે ઠંડાઈથી પૂર્વે સંચિત - એકઠા કરેલા જે રાગ અને રોષ (દ્વેષ) હતાં તે પણ બળી ગયા. આવા પ્રભુના હૃદયે ચંદનનું તિલક કરતાં સહેજે સંતોષ પ્રગટે છે. અહીં 'હિમ દહે વનખંડને' એ ઉપમાનું મૂળ પ્રસ્તુત કાવ્ય હોય એમ જણાય છે.

પ્રસ્તુત કાવ્યના પૂર્વાર્ધમાં જે વિરોધ કહેલો છે, તેનું સમાધાન કરતા કહે છે કે, લોકમાં પણ અત્યંત ઠંડા હિમનો સમૂહ શું વનની વનરાજીને બાળતો નથી ? અર્થાત્ બાળે જ છે. સામાન્ય રીતે અગ્નિ વગેરે ઉષ્ણ પદાર્થો બાળવાના સ્વભાવભાળા છે. તેમ છતાં ક્યારેક અતિશય ઠંડી વસ્તુ પણ બાળવાનું કાર્ય કરે જ છે. માટે હે પ્રશમપયોનિધિ પ્રભુ ! આપ હૃદયમાં-અંતરમાં ઉપશમભાવરૂપી જે ઠંડકતાં ધારણ કરો છો, તેનાથી જ રાગ-દ્વેષાદિ દોષો અને આઠેય કર્મરૂપી ચોરો હણાઈ જાય તો તેમાં કોઈ વિરોધ નથી અને આશ્ચર્ય પણ નથી એમ ભાવ છે. (આમ આ કાવ્યમાં પૂર્વાર્ધમાં વિરોધ-અલંકાર અને તેના સમાધાનમાં અર્થાંતરન્યાસ અલંકાર છે.) (૧૩)

**સમાસવિચાર** : (૧) **कर्माण्येव चौराः इति कर्मचोराः ।** (ક.ધા.) (૨) **नीलाः द्रुमाः येषु तानी नीलद्रुमाणि** (બ.વ્રી.) **तानि तथा ।** (૧૩)

**बहिर्भावानतिक्रम्य, यस्याऽऽत्मन्यऽऽत्मनिश्चयः ।**
**सोऽन्तरात्मा मतस्तज्ज्ञैः विभ्रमध्वान्तभास्करैः ॥**

અર્થ : બાહ્ય પદાર્થોને છોડીને પોતાના આત્માની અંદર જ જેને આત્માનો નિશ્ચય છે, તેને ભ્રમણારૂપ અંધકાર માટે ભાસ્કર સમાન (અર્થાત્ સર્વજ્ઞ) પુરુષોએ અન્તરાત્મા માન્યો છે.

**ઉપક્રમ :** યોગીઓ વડે ધ્યાન કરવા યોગ્ય જિનેશ્વરનું સ્વરૂપ કહે છે -

**त्वां योगिनो जिन ! सदा परमात्मरूप-**
**मन्वेषयन्ति हृदयाम्बुजकोशदेशे ।**
**पूतस्य निर्मलरुचेर्यदि वा किमन्य-**
**दक्षस्य संभवि पदं ननु कर्णिकायाः ॥ १४ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन !** (હે જિનેશ્વર પ્રભુ !) **योगिनः** (યોગીઓ, મુનિઓ, રત્નત્રયીના સાધકો, મહર્ષિઓ) **सदा** (હંમેશા, નિરંતર) **हृदया-म्बुजकोशदेशे** (હૃદયરૂપી કમળની કર્ણિકાના ભાગમાં, પ્રદેશમાં) **परमात्म-रूपं** (પરમાત્મ સ્વરૂપવાળા, પરબ્રહ્મમય, ચિદાનંદરૂપ એવો **(त्वां)** આપને **अन्वेषयन्ति** (નિહાળે છે, જ્ઞાનરૂપી ચક્ષુ વડે જુએ છે. આ વાત યોગ્ય છે એમ કહે છે -) **यदिवा** (અથવા) **ननु** (નિશ્ચિતરૂપે) **पूतस्य निर्मलरुचेः** (પવિત્ર અને નિર્મળ કાંતિવાળા) **अक्षस्य** (કમળના બીજનું, લોકમાં જેનું કમલ-કાકડી એવું નામ પ્રસિદ્ધ છે, તેનું) **कर्णिकायाः** (કર્ણિકા = કમળનો મધ્યભાગ, તેનાથી, તેના સિવાય) **अन्यत् पदं** (બીજું સ્થાન) **किं संभवि ?** (શું સંભવે છે ? અર્થાત્ સંભવતું નથી.) (૧૪)

**સરલાર્થ :** હે જિનેશ્વર પ્રભુ ! યોગીઓ હંમેશા-નિરંતર હૃદયકમળની કર્ણિકાના પ્રદેશમાં પરમાત્મ (પરબ્રહ્મ) સ્વરૂપ એવા આપને જ્ઞાનરૂપી ચક્ષુથી જુએ છે. (આ વાત યોગ્ય પણ છે. તે કહે છે -) અથવા પવિત્ર અને નિર્મળ કાંતિવાળા કમળના બીજનું કર્ણિકા (કમળનો મધ્ય પ્રદેશ) સિવાય બીજું સ્થાન શું સંભવે છે ? અર્થાત્ નથી જ સંભવતું. (૧૪)

**વિશેષાર્થ :** કવિશ્રી આ કાવ્યમાં કંઈક ધ્યાનનું, ધ્યેયનું અને ધ્યાતાનું (ધ્યાન કરનારનું) સ્વરૂપ કહે છે. હે જિનેશ્વર પ્રભુ ! યોગીઓ=એટલે કે રત્નત્રયીરૂપ યોગના આરાધક મુનિઓ હૃદયકમળની કર્ણિકાના મધ્ય-ભાગમાં હંમેશા પરમાત્મસ્વરૂપ=પરબ્રહ્મમય એવા આપને જ્ઞાનરૂપી ચક્ષુ વડે નિહાળે છે, જુએ છે. કહેવાનું **તાત્પર્ય** એ છે કે પરમાત્મરૂપી પરમ પવિત્ર પદાર્થનું ધ્યાન કરવાનું સ્થાન પણ ઉત્તમ, પવિત્ર હોવું જોઈએ.

રાજાને સિંહાસન ઉપર બેસાડાય, જાજમ ઉપર નહીં. અથવા ચોખ્ખા નવા વસ્ત્રવાળો પુરુષ સારા શુદ્ધ સ્થાનમાં બેસવાનું પસંદ કરે, મલિન સ્થાનમાં નહીં.

આ જ વાતને **દ્રષ્ટાંત**થી સ્પષ્ટ કરે છે-અથવા આ વાત યોગ્ય જ છે. પવિત્ર અને વિમલ-કાંતિવાળા અક્ષનું એટલે કે કમળના બીજનું ❀(લોકમાં જેનું 'કમલકાકડી' એવું નામ પ્રસિદ્ધ છે એમ માણિક્યચંદ્ર મુનિની ટીકામાં કહ્યું છે.) કર્ણિકા એટલે કમળના મધ્યપ્રદેશ સિવાય બીજુ કયું યોગ્ય સ્થાન સંભવી શકે ? અર્થાત્ ન જ સંભવે. કમળનું બીજ ઉત્તમ છે તો તેનું સ્થાન પણ 'કર્ણિકા'રૂપે ઉત્તમ જોઈએ. માલવ પ્રદેશમાં પદ્મના બીજનો 'અક્ષ' તરીકે લોકોમાં વ્યવહાર કરાય છે. આથી કવિએ તેવો જ શબ્દપ્રયોગા કરેલો છે.

તે જ રીતે હે પ્રભુ ! આપ પણ સકળ કર્મરૂપી મેલ દૂર થવાથી પવિત્ર છો અને પ્રગટ થયેલાં પરમાત્મ સ્વરૂપવાળા છો. આપના અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણો આવિર્ભૂત-પ્રગટ થયા છે. આપ લેશમાત્ર કર્મ-રૂપી રજથી લેપાયેલા નથી. આવા ઉત્તમ, પવિત્ર અને વિમલકાંતિવાળા આપનું ધ્યાન કરવાનું સ્થાન પણ એવું ઉત્તમ જ જોઈએ ને ? માટે જ યોગીઓ-મુનિઓ આપને હૃદય-કમળની કર્ણિકાના પ્રદેશમાં જુએ છે, ધ્યાન કરે છે. એ જ આપના ધ્યાનનું યોગ્ય સ્થાન છે એમ ભાવ છે. ✱ (૧૪)

**સમાસવિચાર :** (૧) **परमश्च असौ आत्मा च इति परमात्मा ।** (ક.ધા.) **परमात्मा एव रूपं-स्वरूपं यस्य स परमात्मरूपः ।** (બ.વ્રી.) **तं तथा ।** (૨) **हृदयमेव अम्बुजं इति हृदयाम्बुजम्** (ક.ધા.) **तस्य कोशः इति हृदयाम्बुजकोशः ।** (ષ.ત.પુ.) **तस्य देशः इति हृदयाम्बुजकोशदेशः ।** (ષ.ત.પુ.) **तस्मिन् तथा ।** (૩) **निर्मला रुचिर्यस्य स निर्मलरुचिः ।** (બ.વ્રી.) **तस्य तथा ।** (૧૪)

---

❀ અક્ષ શબ્દના બે અર્થ છે. (૧) જીવ અને (૨) કમળબીજ. કમળબીજ જેમ પવિત્ર અને નિર્મળકાંતિવાળા છે તેમ પરમાત્મસ્વરૂપ જીવ પણ પવિત્ર અને નિર્મળ કાંતિવાળો છે. આથી ઉત્તમ એવા કમળના બીજનું સ્થાન જેમ કમળની કર્ણિકા (કોશ) રૂપ ઉત્તમ સ્થાન છે, તેમ પરમાત્મા સ્વરૂપ આપનું પણ હૃદયરૂપી કમળનો મધ્યપ્રદેશ (કર્ણિકા) રૂપે ઉત્તમ હોવું યોગ્ય જ છે એમ માણિક્યચંદ્રમુનિની ટીકામાં કહેલું છે.

✱ આ કાવ્યમાં રૂપક અને અર્થાન્તર ન્યાસ રૂપ કાવ્ય-અલંકાર છે.

**ઉપક્રમ :** શ્રી જિનેશ્વર પ્રભુનું ધ્યાન કરનાર જીવો પણ જિનેશ્વર સરખા થાય છે. આવો શ્રી જિનનો મહિમા કહેવા માટે આગળના ત્રણ કાવ્યો કહે છે -

**ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन**
**देहं विहाय परमात्मदशां व्रजन्ति ।**
**तीव्राऽनलादुपलभावमपास्य लोके**
**चामीकरत्वमचिरादिव धातुभेदाः ॥ १५ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिनेश !** (હે જિનેશ્વર પ્રભુ !) **भविनः** (સંસારી જીવો અથવા ભવ્ય જીવો) **भवतो ध्यानात्** (આપના ધ્યાનથી) **क्षणेन** (ક્ષણવારમાં) **देहं विहाय** (દેહને છોડીને) **परमात्मदशां व्रजन्ति** (પરમાત્મ-દશાને=પરમાત્માની અવસ્થાને-સિદ્ધાવસ્થાને પામે છે. દૃષ્ટાંત કહે છે- **इव** (જેમ) **लोके** (લોકમાં) **धातुभेदाः** (ધાતુના ભેદો-પ્રકારો અર્થાત્ વિશેષ-પાષાણો) **तीव्रानलाद्** (તીવ્ર-પ્રબળ અગ્નિના સંયોગથી) **उपलभावमपास्य** (પાષાણપણું છોડીને) **अचिरात्** (અલ્પકાળમાં) **चामीकरत्वं** (સુવર્ણપણાને) **व्रजन्ति** (પ્રાપ્ત કરે છે.) (૧૫)

**સરલાર્થ :** જેમ જગતમાં ધાતુના ભેદો=વિશેષ પાષાણો પ્રબળ અગ્નિના સંયોગથી પાષાણપણાને છોડીને અલ્પકાળમાં સુવર્ણપણાને પામે છે તેમ હે જિનેશ્વર દેવ ! ભવ્ય જીવો આપના ધ્યાનથી દેહને છોડીને પરમાત્મ-દશાને-સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે. અર્થાત્ આપના ધ્યાનથી આપના જેવા થાય છે. (૧૫)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિશ્રી પ્રભુના ધ્યાનથી પ્રભુ જેવા થવાય છે એ વાત **દૃષ્ટાંતપૂર્વક** જણાવે છે. જેમ ધાતુભેદો એટલે પાષાણમાં-કઠણ માટીમાં ભળેલી સોના, ચાંદી વગેરે ધાતુઓ, તીવ્ર અગ્નિનો સંયોગ થવાથી માટીથી-પાષાણથી છૂટા પડી જાય છે. આથી પાષાણપણાને છોડીને સુવર્ણાદિ રૂપે બની જાય છે. અર્થાત્ પોતાના મૂળ શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તેમ હે જિનેશ્વર પ્રભુ ! આપના ધ્યાનથી (ધ્યાનરૂપી અગ્નિથી) જીવો પણ કર્મરૂપી મલિન પર્યાયને/અવસ્થાને છોડીને અને પાંચેય પ્રકારના

દેહને છોડીને શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરીને પરમાત્મદશાને=કેવળજ્ઞાનાદિ સ્વરૂપ પરમ-શુદ્ધ-બુદ્ધ-મુક્ત સ્વરૂપ સિદ્ધાવસ્થાને પામે છે.

સામાન્ય રીતે જેવું ધ્યાન કરીએ તેવા બની જવાય એવો નિયમ છે. **યોગસાર**માં કહ્યું છે કે,

**वीतरागं यतो ध्यायन् वीतरागो भवेद् भवी।**
**ईलिका भ्रमरी जाता ध्यायन्ती भ्रमरीं यथा ॥**

**અર્થ :** ભમરીનું ધ્યાન કરતી ઈયળ જેમ પોતે ભમરી બની જાય છે, તેમ વીતરાગ ભગવાનનું ધ્યાન કરતો ભવિક જીવ પોતે વીતરાગ બની જાય છે. (યોગસાર-પ્રસ્તાવ ૧-૪૨) એ જ રીતે અશુભના ધ્યાનથી જીવ અશુભ બને છે.

**रागादिदूषितं ध्यायन् रागादिविवशो भवेत्।**
**कामुकः कामिनीं ध्यायन् यथा कामैकविह्वलः ॥ ४३ ॥**

**અર્થ :** રાગાદિ વડે દૂષિત વસ્તુનું ધ્યાન કરતો જીવ પોતે પણ રાગાદિને પરવશ થાય છે. જેમ કે કામુક વ્યક્તિ કામિની-સ્ત્રીનું ધ્યાન કરતો કામ વડે જ વિહ્વળ-કલુષિત થાય છે.

માટે જ વીતરાગનું ધ્યાન કરવું જોઈએ, તે કહે છે -

**वीतरागमतो ध्यायन् वीतरागो विमुच्यते।**
**रागादिमोहितं ध्यायन् सरागो बध्यते स्फुटम् ॥ ४५ ॥**

**અર્થ :** આથી વીતરાગ પ્રભુનું ધ્યાન કરતો જીવ વીતરાગ બનીને મુક્ત બને છે. જ્યારે રાગાદિથી મોહિતનું ધ્યાન કરનારો જીવ રાગયુક્ત થઈને સ્પષ્ટ રૂપે કર્મોથી અથવા રાગાદિથી બંધાય છે. (૧૫)

**સમાસવિચાર :** (૧) **जिनानां ईशः इति जिनेशः ।** (ષ.ત.પુ.) **तस्य सम्बोधनं तथा ।** (૨) **परमात्मनः दशा इति परमात्मदशा ।** (ષ.ત.પુ.) **तां तथा ।** (૩) **तीव्रश्च असौ अनलश्च इति तीव्रानलः ।** (ક.ધા.) **तस्मात् तथा** (૪) **उपलस्य भावः इति उपलभावः ।** (ષ.ત.પુ.) **तं तथा ।** (૫) **धातूनां भेदाः इति धातुभेदाः ।** (ષ.ત.પુ.) (૧૫)

**અવતરણિકા :** ફરી ધ્યાનનું સ્વરૂપ અને મહિમા જણાવે છે -

**अन्तः सदैव जिन ! यस्य विभाव्यसे त्वं**
**भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ? ।**
**एतत्स्वरूपमथ मध्यविवर्तिनो हि**
**यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥ १६ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन !** (હે જિનેશ્વર પ્રભુ !) **भव्यैः** (ભવ્ય જીવો વડે) **यस्य** (જેની, જે શરીરની) **अन्तः** (મધ્યમાં) **त्वं** (તમે) **विभाव्यसे** (ચિંતન કરાવ છે, તમારું ચિંતન / ધ્યાન કરાય છે) **तदपि शरीरं** (તે પણ શરીરનો) **त्वं कथं नाशयसे** (તમે શા માટે નાશ કરો છો ? સમાધાન કરે છે -) **अथ** (અથવા) **मध्यविवर्तिनः** (મધ્યસ્થ પુરૂષોનું) **हि** (નિશ્ચયથી) **एतत् स्वरूपं** (આ સ્વરૂપ છે, સ્વભાવ છે.) **यद्** (કે) **महानुभावाः** (મહા-પ્રભાવશાળી-મહાપુરુષો) **विग्रहं** (શરીરને અથવા સંગ્રામને-કલહને) **प्रशमयन्ति** (ઉપશાંત કરે છે.) (૧૬)

**સરલાર્થ :** હે જિનેશ્વર પ્રભુ ! ભવ્ય જીવો વડે જે શરીરની મધ્યમાં તમારું ચિંતન (ધ્યાન) કરાય છે તે પણ શરીરનો તમે શા માટે નાશ કરો છો ? (સમાધાન કરે છે-) અથવા મધ્યવર્તી=મધ્યસ્થ પુરુષોનો નિશ્ચિતરૂપે આવો સ્વભાવ હોય છે કે, મહાપ્રભાવશાળી પુરુષો (મહાનુભાવો) વિગ્રહનો-કલહનો-ઝઘડાનો ઉપશમ કરે છે. (વિગ્રહ શબ્દનો શરીર અને કલહ એમ બે અર્થ હોવાથી સમાધાનમાં શરીરને બદલે વિગ્રહ=કલહ, ઝઘડો અર્થ કર્યો છે.) (૧૬)

**વિશેષાર્થ :** આ પદ્યમાં પણ ધ્યાનની જ વાત કરી છે. કવિ કહે છે કે, હે પ્રભુ ! ભવ્ય જીવો વડે જે શરીરના મધ્યમાં આપ ચિંતન કરાવ છો, તે જ શરીરનો આપ શા માટે નાશ કરો છો ? અર્થાત્ ભવ્યજીવોને મુક્તિની પ્રાપ્તિ કરાવવા દ્વારા શરીરથી રહિત શા માટે કરો છો ? એમ અર્થ છે. **ભાવાર્થ** એ કે જે શરીરરૂપ સ્થાનમાં ભવ્યજીવો આપનું ચિંતન કરે છે, તે સ્થાનનો નાશ કરવો ઉચિત નથી, એમ પ્રશ્ન છે. હવે કવિવર અહીં

શબ્દ-છળપૂર્વક **સમાધાન** આપે છે. અર્થાત્ **વિગ્રહ** શબ્દનો 'શરીર' અને 'કલહ-ઝઘડો' એ બન્નેય અર્થ હોવાથી કવિ **શ્રી સિદ્ધસેનસૂરિ** શરીરનો નાશ કેમ કરો છો ? એવા પ્રશ્નનું સમાધાન શ્લોકના ઉત્તરાર્ધમાં છળથી એટલે કે અર્થ બદલીને કરે છે. તેઓ કહે છે કે, અથવા તો મધ્યવર્તીનો = મધ્યસ્થ પુરુષનો આ સ્વભાવ જ છે કે મહાનુભાવો વિગ્રહનો એટલેકે ક્લેશનો ઉપશમ કરે છે, નાશ કરે છે.

આનું **તાત્પર્ય** એ છે કે અહીં **મધ્યવર્તી** એટલે પરસ્પર વિવાદ કરતાં બે પુરુષોની વચ્ચે વર્તતો, બન્નેય પક્ષને વિષે સમાનભાવવાળો મધ્યસ્થ પુરુષ. તેવા પુરુષનો આવો સ્વભાવ જ હોવો યોગ્ય છે કે તેઓ વિવાદને, ઝગડાને શાંત કરે. **विग्रहं प्रशमयन्ति** અહીં વિગ્રહ શબ્દના બે અર્થ છે. (૧) શરીર અને (૨) કલહ-ઝગડો. 'વિગ્રહ'નો અર્થ ક્લેશ કરીએ ત્યારે તો અર્થ સરળતાથી સમજાઈ જાય છે, પણ મૂળ પ્રશ્ન 'શરીર' અંગેનો છે. પરમાત્મા શરીરનો નાશ શાથી કરે છે ? તેના સમાધાન માટે **વિગ્રહનો** અર્થ આ પ્રમાણે અર્થ કરવો કે, અનાદિ કાળથી આત્મા અને શરીરનો કર્મજનિત ઝગડો-ક્લેશ ચાલતો આવે છે. તેમાં અશરીરી એવા પરમાત્માનું ધ્યાન કરવાથી ભવ્ય જીવના કર્મો બળી જાય છે. તેથી તેનાથી ઉત્પન્ન થયેલ શરીર સાથેનો સંબંધ-સતત ગ્રહણ અને ત્યાગ કરવારૂપી ઝગડો કાયમ માટે શમી જાય છે. આત્મા મુક્તિ પામવાથી અશરીરી બનીને પરમાત્મ-સ્વરૂપ પોતાના અક્ષય સ્વભાવમાં લયલીન થાય છે અને શરીર પોતાના સડન-પડન-વિધ્વંસન અથવા પૂરણ-ગલનરૂપ પુદ્ગલ સ્વભાવમાં વિલીન થાય છે, ભળી જાય છે. આમ શરીર અને આત્મા બન્નેયનું પરસ્પર ચોંટવાનું અને વિઘ્ન કરવાનું બંધ થવાથી સદાકાળ માટે ઝગડો-ક્લેશ ટળી જાય છે.

આ રીતે નાશવંત શરીરને નાશવંત સ્વરૂપની અને શાશ્વત આત્માને શાશ્વત સ્વરૂપની પ્રાપ્તિ કરાવીને પરમાત્મા ઝગડાનો ઉપશમ કરે છે. માટે પ્રભુ શરીરનો નાશ કરવા દ્વારા પણ હકીકતમાં ક્લેશને-ઝગડાને દૂર કરે છે. કેમ કે, મહાપ્રભાવશાળી પુરુષોનો સ્વભાવ જ તેવો હોય છે એમ હાર્દ જણાય છે. આ રીતે 'વિગ્રહ' શબ્દના બન્નેય અર્થ ઘટી શકે છે.

અહીં **શ્રી કનકકુશલ ગણિ** વગેરેની ટીકામાં **नाशयसे** પ્રયોગની ચર્ચા લીધી છે.

**પ્રશ્ન :** કાવ્યમાં નાશયસે એવા પ્રયોગમાં **चल्याहारार्थेङ्बुधयुधप्रुद्रुनशजनः** (સિ.હે. ૩-૩-૧૦૮) સૂત્ર વડે નિષેધ કરેલો હોવાથી **णिग्** (પ્રેરક-અર્થવાળો) પ્રત્યય જેને અંતે છે એવા **नश्** ધાતુથી આત્મનેપદી પ્રત્યય શી રીતે થાય ?

**જવાબ :** તમે કહેલ પૂર્વોક્ત સૂત્રમાં ફક્ત **णिग्** (પ્રેરક) પ્રત્યયાન્ત **नश्** ધાતુથી આત્મનેપદનો નિષેધ કરેલો છે. જ્યારે અહીં **नाशयसे** માં **णिग्** અન્તવાળા **नश्** ધાતુથી ફરી બીજીવાર **णिग्** પ્રત્યય લગાડાય ત્યારે આત્મનેપદ થઈ જશે. તે આ રીતે - **नश्यति शरीरं ।** (શરીર નાશ પામે છે) **तद् नश्यद् भव्या प्रयुञ्जते (प्रेरयन्ति इति) नाशयन्ति** (સ્વયં નાશ પામતા શરીરને ભવ્યો પ્રેરણા કરે છે એટલેકે નાશ કરે છે) એમ પ્રથમ **णिग्** થયો. પછી **नाशयन्ति शरीरं भव्याः ।** (ભવ્યો શરીરનો નાશ કરે છે.) **तान् भव्यान् शरीरं नाशयतः त्वं प्रयुङ्क्षे** (શરીરનો નાશ કરતાં તે ભવ્યોને તમે પ્રેરો છો) **इति भव्यैः शरीरं नाशयसे त्वम् ।** (ભવ્ય જીવો દ્વારા / પાસે આપ શરીરનો નાશ કરાવો છો) અહીં પ્રથમ **णिग्**-અંતવાળા નાશિ ધાતુથી બીજો **णिग्** પ્રત્યય થવાથી બીજો **णिग्** **प्रत्ययान्त नाशि**-ધાતુ ઉભયપદી હોવાથી **नाशयते** એમ આત્મનેપદ થયેલું છે.

અથવા **नाशं कुर्वन्ति इति नाशयन्ति** એમ **नाश** રૂપ નામ ઉપરથી નામ-ધાતુ બનાવી **णिग्** પ્રત્યય થયે છતે **नाशयन्ति शरीरं भव्याः ।** (ભવ્યો શરીરનો નાશ કરે છે.) **तान् नाशयतः त्वं प्रयुङ्क्षे** (નાશ કરતાં તેઓને / ભવ્યોને આપ પ્રેરણા કરો છો) **इति भव्यैः शरीरं त्वं नाशयसे ।** (ભવ્યો દ્વારા / પાસે આપ શરીરનો નાશ કરાવો છો) એ રીતે **नाश** રૂપી નામ ધાતુથી **णिग्** (પ્રેરક-અર્થવાળો) પ્રત્યય થવાથી તે ઉભયપદી હોવાથી **नाशयसे** એવું આત્મનેપદી રૂપ થવું અયોગ્ય નથી. આ રીતે પૂર્વોક્ત **चल्याहारार्थ०** (સિ.હે.૩-૩-૧૦૮) સૂત્રથી નિષેધ છતાં **नाशयसे** એવું રૂપ અન્ય રીતે થવું સંભવે છે એમ ટીકાકારનો આશય છે. (૧૬)

**સમાસવિચાર :** (૧) **मध्ये विवर्तते इत्येवंशीलः इति मध्यविवर्ती । तस्य तथा** (ઉપપદ ત.પુ.) (૨) **महान् अनुभावः येषां ते महानुभावाः ।** (બ.વ્રી.) (૧૬)

**ઉપક્રમ :** પ્રભુ સાથે અભેદબુદ્ધિના ધ્યાનથી પ્રભુતુલ્ય થવાય છે, તે કહે છે -

**आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्ध्या**
**ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ।**
**पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं**
**किं नाम नो विषविकारमपाकरोति ? ॥ १७ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिनेन्द्र !** (હે જિનેશ્વર પ્રભુ !) **मनीषिभिः** (પંડિતો વડે, જ્ઞાનીઓ વડે) **अयं आत्मा** (આ આત્મા) **त्वदभेदबुद्ध्या** (તમારી સાથે અથવા તમારાથી અભેદ, અભિન્ન બુદ્ધિ વડે) **ध्यातः (सन्)** (ધ્યાન કરાયો છતો) **इह** (અહીં, આ જગતમાં) **भवत्प्रभावः** (આપના જેવા પ્રભાવવાળો) **भवति** (થાય છે. દૃષ્ટાંત કહે છે-) **पानीयं अपि** (પાણી પણ) **अमृतं इति चिन्त्यमानं** ('આ અમૃત છે' એ પ્રમાણે ચિંતન કરાતું છતું) **नाम** (કોમળ આમંત્રણ-સંબોધન અર્થમાં અથવા પ્રસિદ્ધ અર્થમાં) **किं** (શું) **विषविकारं** (વિષના વિકારને) **नो अपाकरोति ?** (દૂર / નાશ કરતું નથી ? અર્થાત્ કરે જ છે.) (૧૭)

**સરલાર્થ :** હે જિનેશ્વર પ્રભુ ! પંડિતો-જ્ઞાનીઓ વડે આ આત્મા આપની સાથે (અર્થાત્ આ આત્મા તમે જ છો એવી) અભેદ બુદ્ધિ વડે ધ્યાન કરાતો છતો આપના જેવા પ્રભાવવાળો થાય છે. (દૃષ્ટાંત કહે છે-) આ વાત પ્રસિદ્ધ છે કે પાણી પણ 'આ અમૃત છે' એ પ્રમાણે વારંવાર ચિંતન કરાતું છતું ખરેખર શું વિષના વિકારને દૂર કરતું નથી ? અર્થાત્ કરે જ છે. (૧૭)

**વિશેષાર્થ :** કવિશ્રી આ પદ્યમાં ફરીથી પ્રભુ સાથે અભેદ - ધ્યાનનો મહિમા બતાવે છે. હે જિનેશ્વર ! બુદ્ધિમાન પુરુષો વડે આ આત્મા = મારો આત્મા આપના આત્માથી અભિન્ન છે, એકરૂપ છે એવી અભેદ-બુદ્ધિપૂર્વક ધ્યાન કરાતો છતો આપના જેવા પ્રભાવવાળો થાય છે. અહીં **तत् त्वमसि** તે તું છે એવા આકારનું અથવા **सोऽहं** તે (પરમાત્મા) હું છું એવું વેદાદિ દર્શનમાં પ્રસિદ્ધ ધ્યાન અભિપ્રેત છે. **'तत् त्वं असि'** એટલે તે પરમાત્મા તું છે.

પરમાત્માના વીતરાગતા-સર્વજ્ઞતા-ચિન્મયતાદિ ગુણ સ્વરૂપ તું છે. **सोऽहं** નો અર્થ પણ આ જ છે. તે પરમાત્મા એ જ હું છું અર્થાત્ હું તે પરમાત્મા જેવો છું. આ રીતે આત્મા જ્યારે પરમાત્મા સાથે અભેદ-એકત્વ બુદ્ધિ વડે ધ્યાન કરે છે ત્યારે પરમાત્મા જેવા પ્રભાવવાળો થાય છે. આત્મામાં પણ અંશતઃ પરમાત્મા જેવા સ્વરૂપનું પ્રગટીકરણ થાય છે. આત્મામાં પરમાત્મા જેવા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીતરાગતા-ક્ષમા નમ્રતા-સરળતા-ગંભીરતા-ધીરતા-નિઃસ્પૃહતાદિ ગુણો પ્રગટે છે.

પ્રભુ સાથે અભેદ રૂપે ધ્યાન ત્યારે જ થાય જ્યારે જીવ પૈસો-પત્ની-પરિવાર-પદ-પ્રતિષ્ઠા-શરીર વગેરે પરભાવમાંથી પાછો ફરે અને સ્વભાવની સન્મુખ થાય. આથી પહેલાં તો પૈસો-પત્ની વગેરે ઉપર **'नाहं'** 'આ પૈસો વગેરે હું નથી' એવી બુદ્ધિ થાય. હું આ બધાથી કંઈક જુદો છું. પૈસા વગેરે નાશવંત છે, હું શાશ્વત છું. માટે તેનાથી જુદો છું. તો હું-મારો આત્મા કેવો છે ? 'પરમાત્મા જેવા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય-ઉપયોગ-સમતા-ક્ષમાદિ સ્વભાવવાળો છું. નિરંજન-નિરાકાર-નિર્વિકાર છું. આવું વારંવાર ધ્યાન કરવાથી જીવ પણ પરમાત્મા જેવા પ્રભાવવાળો થાય છે. અર્થાત્ તેનામાં પણ તેવા ગુણો પ્રગટે છે. આથી તેના સાંનિધ્યમાં આવનારા જીવોના પણ રાગ-દ્વેષાદિ દોષોનું ઉપશમન થાય છે.

અહીં **દૃષ્ટાંત** કહે છે- પાણી પણ 'આ અમૃત છે' એમ સતત ચિંતવાય, તેવી ભાવના અપાય તો શું અમૃતતુલ્ય ગુણવાળું નથી બનતું ? અર્થાત્ બને જ છે. આ વાત પ્રસિદ્ધ છે. તેવું પાણી વિષના વિકારને હરનારું બને છે. તે પીવાથી વિષનો વિકાર દૂર થાય છે. અહીં **ઉપા.શ્રી સિદ્ધિચંદ્રજી મ.સા.** કહે છે કે, પાણી પણ શ્વેત વર્ણના ધ્યાનપૂર્વક 'આ અમૃત છે' એ પ્રમાણે ચિંતન કરાય ત્યારે અથવા મણિ, મંત્રાદિ વડે સંસ્કારિત કરાયેલું છતું અથવા જાપ દ્વારા મંત્રિત કરાયેલું પાણી અમૃતની બુદ્ધિથી ચિંતવાયેલું છતું વિષથી થયેલાં વિકારને દૂર કરે છે, આ વાત પ્રસિદ્ધ છે.

**પં.શ્રી સમયસુંદર વિ.મ.**ની ટીકામાં કહ્યું છે કે, ફક્ત શ્વેત-વર્ણનું પણ ધ્યાન કરવાથી સર્પાદિના વિષના વિકારને દૂર કરવા સમર્થ થાય, તો પછી પાણીને 'અમૃત'રૂપે શ્વેત વર્ણપૂર્વક ધ્યાન કરવાથી શા માટે સર્પાદિ વિષનું દૂરીકરણ ન થાય? અર્થાત્ થાય જ. આ વાત સર્વ વિચક્ષણ પુરુષોમાં પ્રસિદ્ધ છે. મંત્રાક્ષર વિના પણ ફક્ત ધ્યાનના ફળને ઉદ્દેશીને 'કામરૂપપંચાશીતિકા'માં

કહ્યું છે કે✽(૧) તપ વડે તપેલું, જપ વડે જપેલું ઘણું બધું કાળાન્તરે સિદ્ધિ આપનારું થાય છે. પણ જેઓએ પોતાના સર્વ કર્મોનું સર્વથા દહન કર્યું છે, નાશ કરેલો છે એવા પરમાત્માના ધ્યાનથી તત્ક્ષણ સિદ્ધિ થાય છે. (૨)

અહીં બીજા પણ ઉદાહરણ વિચારવા. બહારના ટોળામાં જન્મથી માંડીને ભળી ગયેલું સિંહનું બચ્ચું બેં બેં કરતું હોય છે પરંતુ એક સિંહની ત્રાડ સાંભળીને પાણીમાં પોતાનું સિંહ જેવું રૂપ જુએ છે ત્યારે તે પણ બેં બેં કરવાનું છોડી ગર્જના કરવા લાગે છે. આ દ્રષ્ટાંત પ્રસિદ્ધ છે. આમાં પહેલા 'નાહં' થયું. હું બકરી નથી. પછી 'સોહં' તે હું છું, હું સિંહ જેવો છું. આમ સિંહત્વ જાગૃત થયું. તેમ પરમાત્માના ધ્યાનથી પણ તેવા પ્રભાવ-વાળા થવાય છે.

જો કે પરમાત્માનું ધ્યાન **'अहं'**નો નાશ થવાપૂર્વક જ થઈ શકે છે. ભક્ત અને ભગવાન વચ્ચે ભક્તનો અહં આડે આવે છે. કોઈ કવિએ કહ્યું છે કે,

**અનેક જુગ વીત્યા રે પંથે ચાલતાં રે,**
**તો ય અંતર રહ્યો રે લગાર,**
**પ્રભુજી છે પાસે ને, હરિ નથી વેગળા,**
**આડો પડ્યો છે એંકાર.**

એંકાર એટલે અહંકાર. પ્રભુ અને ભક્ત-સાધક વચ્ચે અંતર રહેવાનું કારણ અહંકાર નડે છે. ભૂતકાળના અનંતકાળમાં અહંકારે જ આપણને પ્રભુથી દૂર રાખીને સંસારમાં રખડાવ્યા છે. અહં જાય પછી ઘટમાં પ્રભુત્વ આપોઆપ પ્રગટે છે. અખાએ પણ કહ્યું છે ને કે,

**અહં રે અહં, તું જાને મરી,**
**પછી મારામાં બાકી રહી તે હરિ.**

આમ અહંનાશ આવશ્યક છે. એનાથી સર્વ જીવો સાથે મૈત્રી સુલભ થાય છે. એ માટે **नाहं** અને **सोऽहं** એ બે વચ્ચે ત્રીજું **दासोऽहं** નું પગથિયું પણ માનવું જોઈએ. પ્રભુના દાસત્વમાં **अहं** ને સ્થાન હોતું નથી. પછી ચોથું **सोऽहं** નું ભાન સરળતાથી થઈ જાય છે.

અહંનો નાશ કરી ચૂકેલો નરસૈયો (નરસિંહ મહેતા) કહે છે કે, 'હરિને હિંડતા લાગે મારો હાથ'. હરિ-ભગવાન એટલા નજીક છે કે ચાલતાં ચાલતાં

---

**✽ तवतविअं जवजविअं बहुविह कालेहिं होइ सिद्धिकरं ।**
**निद्दलिअसयलकम्मज्झाणेण य तक्खणं सिद्धि ॥ १ ॥**

મારો હાથ તેમને અડી જાય છે. મીરા કહે છે કે, 'પ્રેમ ગલી અતિ સાંકડી, તામે દો ન સમાય.' પ્રભુના પ્રેમની ગલી એટલી સાંકડી છે કે માત્ર ભગવાન અને ભક્ત બેનું અસ્તિત્ત્વ સંભવી જ ન શકે. ક્યાં પ્રભુ રહે, ક્યાં ભક્ત રહે. અંતે તો **'अहं अहं'**નું અથવા **अहं ब्रह्मास्मि** નું પાંચમું અંતિમ પગથિયું છે. જેમાં જીવ પોતે જ પરમાત્મા હોવાની અનુભૂતિ થાય છે. હું પોતે જ સિંહ છું, હું પોતે જ પરમાત્મા છું. **આનંદઘનજી મહારાજે** શ્રી શાંતિનાથ પ્રભુના સ્તવનમાં આવી અનુભૂતિનો અણસાર આપ્યો છે. શ્રી શાંતિનાથ પ્રભુના સ્તવનમાં પ્રભુની તત્ત્વવાણી સાંભળીને પરમશાંતિનો અનુભવ કરતાં આનંદઘનજી મહારાજ કહે છે કે, "હે પ્રભુ ! તારા દર્શનથી મારો નિસ્તાર થયો છે. મારા સર્વ કાર્યો સિદ્ધ થયા છે. અહો ! અહો ! હું મને નમું છું, હું મને નમસ્કાર કરું છું. અપાર ફળના દાતા એવા હે પ્રભુ ! તુજની = આપની ભેટ થઈ, આપ મને મળ્યા." પ્રભુ મળ્યાથી પોતાને ભાગ્યવાન સમજતાં અને શાંતિના ગુણનો અનુભવ કરતાં આનંદઘનજી મહારાજ પોતાને નમે છે. પોતાનામાં પરમાત્મપણાની અનુભૂતિ કરે છે. આ રહ્યા તે શબ્દો-

**તાહરે દરિસને નિસ્તર્યો, મુજ સીધાં સવિ કામ રે. શાંતિ૦ ૧૨**
**અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;**
**અમિત ફલ દાન દાતારની, જેહથી ભેટ થઈ તુજ રે. ૧૩**
**શાંતિજિન મુજ એ વિનંતિ૦**

આમાં પોતાના આત્માની આંતર-ભૂમિકાનું અવલોકન કરીને જ દરેકે આગળ વધવું જોઈએ. જેથી પગથિયું ચૂકી ન જવાય. એમ લાગે છે કે આજના મોટા ભાગના જીવો **दासोऽहं**ની ભૂમિકામાં આવી જાય અને અવસરે અવસરે **सोऽहम्** નો રણકાર કરતા થઈ જાય તો પણ ભયો ભયો. અસ્તુ.(૧૭)

**સમાસવિચાર :** (૧) **न विद्यते भेदो यस्यां सा अभेदा ।** (બ.વ્રી.) **अभेदा चासौ बुद्धिश्च इति अभेदबुद्धिः ।** (ક.ધા.) **त्वत्तो अभेदबुद्धिः इति त्वद-भेदबुद्धिः ।** (પં.ત.પુ.) **तया ।** (૨) **हे जिनेन्द्र !** પૂર્વવત્ સમાસ (૩) **भवत इव (भवद्वत्) प्रभावो यस्य स भवत्प्रभावः ।** (બ.વ્રી.) (૪) **विषस्य विकारः इति विषविकारः । तं तथा ।** (ષ.ત.પુ.) (૧૭)

**ઉપક્રમ :** હવે અન્યદર્શનીઓએ પણ અન્ય નામો વડે વીતરાગપ્રભુનો જ આશ્રય કરેલો છે તે કહે છે -

**त्वामेव वीततमसं परवादिनोऽपि**
**नूनं विभो हरिहरादिधिया प्रपन्नाः ।**
**किं काचकामलिभिरीश ! सितोऽपि शङ्खो**
**नो गृह्यते विविधवर्णविपर्ययेण ॥ १८ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे विभो !** (હે પ્રભુ !) **परवादिनोऽपि** (બીજા દર્શન (વાદ) વાળા મનુષ્યો પણ) **वीततमसं** (તમ=એટલે પાપ તેનાથી રહિત અથવા તમોગુણ એટલે રાગદ્વેષાદિ, તેનાથી રહિત અર્થાત્ વીતરાગ એવા) **त्वामेव** (આપને જ) **हरिहरादिधिया** (વિષ્ણુ, મહાદેવ વગેરેની બુદ્ધિથી) **प्रपन्नाः** (આશ્રય કરનારા છે.) **हे ईश !** (હે ઈશ !, હે પ્રભુ !) **काचकाम-लिभिः** (કાચકામલ નામના નેત્રરોગવાળા અર્થાત્ જેમને કમળો, પીળિયો થયેલ છે એવા મનુષ્ય વડે) **सितः अपि शंखः** (સફેદ પણ શંખ) **विविध-वर्णविपर्ययेण** (વિવિધ જુદા જુદા પ્રકારના પીળા વગેરે વર્ણોના વિપર્યય વડે-ઉલટાપણાથી) **किं न गृह्यते ?** (શું ગ્રહણ કરાતો નથી ? જણાતો નથી ? અર્થાત્ જણાય જ છે.) (૧૮)

**સરલાર્થ :** હે વિભુ ! બીજા દર્શનવાળાઓ પણ રાગ-દ્વેષરહિત વીતરાગ એવા આપને જ હરિ, હર (વિષ્ણુ, મહાદેવ) વગેરેની બુદ્ધિથી નિશ્ચે સ્વીકારનારા છે, આશ્રય કરનારા છે. (દ્રષ્ટાંત કહે છે-) હે પ્રભુ ! નેત્ર રોગવાળા (પીળિયો થયેલ) મનુષ્યો સફેદ પણ શંખને અનેક પ્રકારના (પીળા વગેરે) વર્ણના ઉલટાપણાથી (જુદા વર્ણવાળારૂપે) ગ્રહણ કરતાં (જાણતાં) નથી ? અર્થાત્ ગ્રહણ કરે જ છે. (જાણે જ છે.) (૧૮)

**વિશેષાર્થ :** આ સ્તોત્રમાં કવિ એમ કહે છે કે, 'સમસ્ત વિશ્વમાં અવ્યક્ત રૂપ એક જ વીતરાગ પરમાત્માનું શાસન જુદા જુદા સ્વરૂપે ચાલે છે.' હે પ્રભુ ! વીતરાગ એવા આપને જ અન્યવાદીઓ / અન્ય દર્શનીઓ પણ આશ્રય કરનારા છે અર્થાત્ પોતાના જૈનદર્શનમાં રહેલાં તો આપનો આશ્રય કરે છે,

કિન્તુ, લોકમાં જે બીજા વિષ્ણુ, રૂદ્ર (મહાદેવ) વગેરેના અનુયાયીઓ છે તેઓ પણ આપનો જ આશ્રય કરનારા છે, સ્વીકાર કરનારા છે. ફક્ત તેઓ હરિ, હર વગેરે અન્ય દેવોની બુદ્ધિથી આરાધના કરે છે. કારણકે, જગતમાં આપ જ વીતરાગ ભગવાન છો. બીજા દેવો રાગ-દ્વેષના અંશવાળા છે. આથી તેઓને વીતરાગ માનીને તેમની આરાધના ઉપાસના કરનારા વસ્તુતઃ આપનો જ આશ્રય કરનારા છે. ફક્ત નામનો તફાવત છે.

આ વાત **દૃષ્ટાંતથી** સમજાવે છે. જે મનુષ્યોને કાચ-કામલ એટલે કમળો અથવા પીળિયો રૂપ આંખનો એક પ્રકારનો રોગ થયો હોય તેઓને સફેદ-શુક્લ વર્ણવાળો પણ શંખ પીળો વગેરે દેખાય છે. જેમ કે 'આ પીળો છે' 'આ લીલો છે' વગેરે અનેક પરાવર્ત રૂપે, ફેરફાર-જુદા રૂપે શું દેખાતો નથી ? અર્થાત્ દેખાય જ છે. નેત્રના રોગવાળાઓ સફેદ પણ શંખને 'આ પીળો છે', બીજો 'આ ભૂરો છે' વગેરે બુદ્ધિ વડે જ ગ્રહણ કરે છે. પરંતુ તે શંખ ધોળો જ હોય છે. આ પ્રમાણે બીજા દર્શનવાળાઓમાં પણ કોઈ 'આ હરિ છે' બીજા 'આ શંકર છે' એ પ્રમાણે જુદા નામથી આરાધના કરે છે.

પરંતુ હકીકતમાં તો તે તમે વીતરાગ પ્રભુ જ હોવ છો, બીજું કોઈ નહીં. નેત્રનો દોષ દૂર થતાં જેમ તે નેત્રના રોગવાળા પુરુષને પણ તે 'શંખ' ધોળો દેખાવા લાગે છે, તેમ મિથ્યાત્વ અથવા દ્રષ્ટિ-રાગાદિ મનના-આત્માના દોષો દૂર થતાં અન્ય દર્શનીઓને પણ આપ જ વીતરાગ સ્વરૂપ દેખાવા લાગશો એમ ભાવ છે.

ક્યારેક આંખના તિમિર-દોષથી આકાશમાં બે ચંદ્ર વગેરે દેખાય છે. રેલ્વેના પાટા આગળ જતાં દૂર દૂર ભેગા થઈ જતાં લાગે છે. ચાલતી ટ્રેઈનમાં બેઠેલ વ્યક્તિને બારીમાંથી ઝાડ, મકાન વગેરે ચાલતા જતાં દેખાય છે. તળેટી ઉપરથી પર્વતની ટોચ પર રહેલ માણસ કીડી જેવો દેખાય છે. પણ આ બધાનું દર્શન હકીકત કરતાં જુદા રૂપે થાય છે. સાચું હોતું નથી. દૂર-પણું વગેરે કારણે જુદા રૂપે દેખાય છે, નજીક જશે ત્યારે યથાવત્ દેખાવા લાગશે. તેમ વીતરાગ પણ હરિ, હર આદિ રૂપે દેખાય છે. પરંતુ ભ્રાંતિ દૂર થશે ત્યારે વાસ્તવિક વીતરાગ રૂપે દેખાવા લાગશે. (૧૮)

**સમાસવિચાર** : (૧) वीतं विशेषेण इतं गतं तमः (तमोगुणं रागद्वेषादि) यस्मात् यस्य वा स वीततमाः । तं तथा (બ.વ્રી.) (૨) परे च ते वादिनश्च इति परवादिनः । (ક.ધા.) (૩) हरिश्च हरश्च इति हरिहरौ । (દ્વન્દ્વ) तौ आदी येषां ते हरिहरादयः । (બ.વ્રી.) तेषां धी इति हरिहरादिधीः । तया तथा । (ષ.ત.પુ.) (૪) काचकामलः (चक्षूरोगः) विद्यते येषां ते काचकामलिनः । ❋ तैः तथा (બ.વ્રી.) (૫) विविधाश्च ते वर्णाश्च इति विविधवर्णाः । (ક.ધા.) तेषां विपर्ययः इति विविधवर्णविपर्ययः । (ષ.ત.પુ.) तेन तथा । (૧૮)

**दिव्यात्कामरतिसुखात्, त्रिविधं त्रिविधेन विरतिरिति नवकम् ।**
**औदारिकादपि तथा, तद् ब्रह्माष्टादशविकल्पम् ॥ १ ॥**

(પ્રશમરતિ પ્રકરણ, શ્લો. ૧૭૭)

...અર્થ...

દિવ્ય (દેવ સંબંધી)
મૈથુનને-કામભોગને સેવવું નહીં,
સેવરાવવું નહીં,
અને અનુમોદવું નહીં.
એ ત્રણ કરણ વડે કરીને
મનથી, વચનથી અને કાયાથી
ત્યાગ (વિરતિ) કરવો,
એ નવ ભેદ થયા.
એવી જ રીતે ઔદારિક શરીરથી
અર્થાત્ મનુષ્ય અને તિર્યંચના સંબંધી
મૈથુનનો પણ ઉપર પ્રમાણે નવ ભેદોથી ત્યાગ કરવો.
આ પ્રમાણે બ્રહ્મચર્યના અઢાર ભેદો થાય છે.

---

❋ અહીં મત્વર્થીય **इन्** પ્રત્યય લાગ્યો છે. **શ્રી કનકકુશલગણિવર**ની ટીકામાં બહુવ્રીહિ સમાસ કહ્યો છે. પણ અહીં એક જ શબ્દ છે- **काचकामल** તેનો સમાસ શી રીતે થાય ? તે વિચારણીય છે. અન્ય ટીકાઓમાં પણ ક્યાંય પ્રત્યય અંગે સ્પષ્ટતા કરી નથી. માત્ર વ્યુત્પત્તિ-વિગ્રહ કરેલો છે.

**ઉપક્રમ :** હવે આઠ કાવ્યો વડે ભગવાનના આઠ મહાપ્રાતિહાર્યના વર્ણન દ્વારા ભગવાનની સ્તુતિ કરે છે. કહ્યું છે કે,

**अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।**
**भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥ २ ॥**

(૧) અશોકવૃક્ષ (૨) સુરો (દેવો) દ્વારા પુષ્પોની વૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર (૫) આસન (૬) ભામંડળ (૭) દુંદુભિ અને (૮) ત્રણ છત્ર. આ આઠ જિનેશ્વર પ્રભુના સદ્ભૂત પ્રાતિહાર્યો (પૂજાના પ્રકારો) છે.

તેમાં પહેલાં અશોકવૃક્ષ રૂપ અતિશયને (પ્રાતિહાર્યને) કહે છે -

**धर्मोपदेशसमये सविधानुभावा-**
**दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।**
**अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि**
**किं वा विबोधमुपयाति न जीवलोकः ॥ १९ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन !** (હે જિનેશ્વર !) **धर्मोपदेशनविधौ** (ધર્મનો ઉપદેશ-દેશના આપવાના સમયે, અવસરે) **ते सविधानुभावात्** (તમારા સમીપપણાના / સાન્નિધ્યના પ્રભાવથી) **जनः** (ભવ્યજીવલોક) **दूरे तिष्ठतु** (દૂર રહો, કિંતુ) **तरुः अपि** (વૃક્ષ પણ) **अशोकः भवति** (અશોક થાય છે / હોય છે. દ્રષ્ટાંત કહે છે.) **वा** (અથવા) **दिनपतौ अभ्युद्गते** (સૂર્ય ઉગતે છતે, ઉગે ત્યારે) **समहीरुहः अपि** (વૃક્ષો સહિત પણ) **जीवलोकः** (જીવલોક, જગતના સર્વ પ્રાણીઓનો સમૂહ) **किं विबोधं** (શું વિકાસને-જાગૃતિને) **न उपयाति ?** (પામતો નથી ? અર્થાત્ પામે જ છે.) (૧૯)

**સરલાર્થ :** હે વિભુ ! ધર્મની દેશના આપવાના સમયે આપના સાંનિધ્યના પ્રભાવથી (વ્યક્ત ચેતનાવાળો) ભવ્ય જીવલોક તો દૂર રહો, કિંતુ, વૃક્ષ પણ અશોક થાય છે / હોય છે. (દ્રષ્ટાંતથી સમજાવે છે-) સૂર્યનો ઉદય થયે છતે (કમળ વગેરે) વૃક્ષો સહિત પણ જીવલોક શું જાગૃત-વિકસિત થતો નથી ? અર્થાત્ થાય જ છે. (૧૯)

**વિશેષાર્થ :** કવિએ પ્રભુના આઠ પ્રાતિહાર્યોના વર્ણનનો આરંભ કરેલો છે. તેમાં પ્રથમ 'અશોકવૃક્ષ' રૂપ પ્રાતિહાર્યને વર્ણવે છે. પ્રભુ જ્યાં જ્યાં જાય ત્યાં 'અશોકવૃક્ષ' સાથે હોય છે. જિનેશ્વરપ્રભુને કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થંકર નામ કર્મનો વિપાક ઉદય = ફળ રૂપે અનુભવ થવાની શરૂઆત થાય છે. આ નામકર્મ રૂપ વિશિષ્ટ પુણ્ય-પ્રકૃતિના પ્રભાવે પરમાત્મા આઠ પ્રાતિહાર્યોથી પૂજ્ય બને છે. આવા પ્રાતિહાર્યો તીર્થંકરોને અવશ્ય હોય છે અને તીર્થંકરોને જ હોય છે.

અહીં પરમાત્મા સમવસરણમાં દેશના આપી રહ્યા છે ત્યારે પણ મસ્તક ઉપર પોતાની ઉંચાઈથી ૧૨ ગણું ઊંચું અશોક વૃક્ષ હોય છે. કવિ અહીં સુંદર કલ્પના કરે છે- હે જિનેશ્વર પ્રભુ ! આપ જ્યારે ધર્મોપદેશ આપો છો ત્યારે આપના સાંનિધ્યના પ્રભાવથી વ્યક્ત ચેતનાવાળો ભવ્ય જીવલોક તો દૂર રહો, પરંતુ, પેલું અવ્યક્ત ચેતનાવાળું વૃક્ષ પણ 'અશોક' થાય છે. અહીં શ્લેષ-અર્થ છે. 'અશોક' એટલે શોકરહિત. પણ વૃક્ષને શું શોકરહિત થવાનું ? આથી વૃક્ષ પણ નામથી-નામમાત્રથી 'અશોક' હોય છે એમ અર્થ છે.

આમ આપના નજીકપણાના પ્રભાવથી ભવ્ય જીવલોક તો અશોક= શોકરહિત થાય જ છે અને પેલું વૃક્ષ કે જેના નીચે બેસીને આપ ધર્મો-પદેશ આપો છો તે પણ વૃક્ષ નામથી 'અશોક' હોય છે. એક ભાવથી અશોક થાય છે. બીજું નામથી અશોક હોય છે.

અથવા **માણિક્યચંદ્ર મુનિ**ની ટીકામાં કહ્યું છે કે, 'જેનાથી શોક ન થાય તે 'અશોક'. **(न विद्यते शोकः यस्मात् स अशोकः)** એ અર્થ કરવાથી તે વૃક્ષ પણ 'અશોક' કહેવાય. કારણકે તેની નીચે બેસેલાઓનો શોક-તાપ દૂર થાય છે માટે વૃક્ષને (અન્વર્થ ઘટવાથી) 'અશોક' કહી શકાય છે.

અથવા તો પરમાત્માના સાન્નિધ્યથી હિંસાદિ પાપોનો ઉપશમ થવાથી અને પ્રતિકૂળ વાયુ-વાવાઝોડાનો અભાવ હોવાથી વૃક્ષ પણ અશોક એટલે કે ભાવથી શોકરહિત - ભયરહિત થાય એવી કલ્પના પણ ઘટી શકે છે.

આ વાતનું **દ્રષ્ટાંત**થી સમર્થન કરે છે. સૂર્યોદય થાય ત્યારે વૃક્ષો વગેરે વિવિધ વનસ્પતિઓ સહિત જીવલોક શું જાગૃત-વિકસિત થતો નથી ?અર્થાત્ થાય જ છે. સૂર્યોદય થતા વ્યક્ત ચેતનાવાળો જીવલોક તો નિદ્રા

છોડીને જાગૃત થાય જ છે. કિન્તુ, વનસ્પતિઓ પણ પાંદડાના સંકોચ આદિ રૂપ નિદ્રાનો ત્યાગ કરીને વિકાસને પામે છે. તેમ આપની સમીપતાના પ્રભાવથી ફક્ત વ્યક્ત ચેતનાવાળો ભવિક જીવલોક જ અશોક-શોકરહિત થતો નથી, કિંતુ  અવ્યક્ત ચેતનાવાળું વૃક્ષ પણ અશોક હોય છે, એમ ભાવાર્થ છે. (૧૯)

**સમાસવિચાર :** (૧) **धर्मस्य उपदेशः इति धर्मोपदेशः ।** (ષ.ત.પુ.) **तस्य समय इति धर्मोपदेशसमयः । तस्मिन्** (ષ.ત.પુ.) (૨) **सविधस्य (समीपस्य) अनुभावः इति सविधानुभावः । तस्मात् तथा ।** (ષ.ત.પુ.) (૩) **न विद्यते शोकः यस्य स अशोकः ।** (બ.વ્રી.) (૪) **दिनस्य पतिः इति दिनपतिः** (ષ.ત.પુ.) (૫) **सह महीरुहैः वर्तते यः स समहीरुहः ।** (સહાર્થ બ.વ્રી.) (૬) **जीवैः उपलक्षितः लोकः इति जीवलोकः ।** (મધ્યમપદ લોપી ત.પુ.) (૧૯)

**मणमरणेंदियमरणं, इंदियमरणे मरंति कम्माइं ।**
**कम्ममरणेन मुक्खो, तम्हा मन-मरणं पवरं ॥ १ ॥**

(ઉપદેશમાળા વૃત્તિ - કર્તા : પૂ.રામવિજયજી)

...અર્થ...

મનનું મરણ થતાં
(અર્થાત્ દેવગુરુમાં વિલીન-સમર્પિત થતાં)
ઈન્દ્રિયોનું મરણ થાય છે.
અર્થાત્ ઈન્દ્રિયોનું વિષય-આકર્ષણ દૂર થાય છે.
તેમાં રાગ-દ્વેષ થતાં નથી.
તેમ થતાં કર્મોનું મરણ થાય છે.
અર્થાત્ નિર્જરા થાય છે.
અને કર્મોનું મરણ થવાથી મોક્ષ થાય છે.
તેથી મનનું મારણ કરવું તે શ્રેષ્ઠ છે.
(સ્વતંત્રવૃત્તિ છોડીને પરતંત્ર બનવું.)

**ઉપક્રમ :** હવે દેવો વડે કરાયેલ પુષ્પવૃષ્ટિ રૂપ બીજા પ્રાતિહાર્યને કહે છે -

**चित्रं विभो ! कथमवाङ्मुखवृन्तमेव**
**विष्वक् पतत्यविरलासुरपुष्पवृष्टिः ।**
**त्वद्गोचरे सुमनसां यदिवा मुनीश !**
**गच्छन्ति नूनमध एव हि बन्धनानि ॥ २० ॥**

**અન્વય+શબ્દાર્થ : हे विभो !** (હે વિભુ ! હે પ્રભુ !) **अविरला** (નિરંતર અથવા સઘન એવી) **सुरपुष्पवृष्टिः** (દેવો વડે કરાયેલ પુષ્પોની વૃષ્ટિ-વરસાદ) **विष्वक्** (ચારે બાજુ) **अवाङ्मुखवृन्तं एव** (ઊંધા-ઉલટા મુખવાળુ દીંટુ (દીટિયું) જેમાં હોય તે રીતે જ) **कथं** (શાથી ?) **पतति ?** (પડે છે ? આકાશમાંથી ભૂમિ પર આવે છે ?) **चित्रं (एतद्)** (આ આશ્ચર્યરૂપ છે.) **यदिवा** (અથવા સમાધાન આપે છે -) **हे मुनीश !** (હે મુનિઓના ઈશ ! મુનિપતિ ! પ્રભુ !) **त्वद्गोचरे** (આપની પ્રત્યક્ષતામાં, હાજરીમાં, નજીકમાં) **सुमनसां** (સારા મનવાળા અર્થાત્ ભવ્ય જીવોના અથવા દેવોના) **बन्धनानि** (બંધનો, કર્મ, સ્નેહ વગેરે અભ્યંતર અને સાંકળ વગેરે બાહ્ય બંધનો) **नूनं** (નિશ્ચિતપણે) **अध एव गच्छन्ति** (નીચે જ જાય છે, અર્થાત્ તૂટીને નાશ પામે છે.) (૨૦)

**સરલાર્થ :** હે વિભુ ! દેવો વડે કરાયેલ પુષ્પોનો વરસાદ ચારે ય બાજુ ઊંધા મુખવાળા ડીંટા હોય તે રીતે જ શાથી પડે છે ? (આકાશમાંથી ભૂમિ ઉપર આવે છે ?) આ આશ્ચર્યરૂપ છે. (સમાધાન કરે છે-) અથવા હે મુનીન્દ્ર ! આપના વિષયમાં અર્થાત્ આપની સમીપે સારા મનવાળા ભવ્ય જીવોના અથવા દેવોના (સ્નેહ-કર્માદિ અથવા સાંકળાદિ) બંધનો નિશ્ચિતપણે નીચે જ જાય છે, તૂટીને નાશ પામે છે. (અર્થાત્ આપની પાસે ઊંધા મુખવાળા ડીંટા જેમાં છે એવા પુષ્પોનો જે વરસાદ થાય છે તે સૂચવે છે કે, આપના વિષયમાં-આપની પાસે સુમનોના = ભવ્ય જીવો અથવા દેવોના કર્મ-સ્નેહાદિ બંધનો (પુષ્પોના દીંટડાની જેમ) નીચે જાય છે અર્થાત્ તૂટીને નાશ પામે છે.) (૨૦)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિએ અદ્ભુત કલ્પના દ્વારા સુરપુષ્પવૃષ્ટિ-પ્રાતિહાર્યનું વર્ણન કરેલું છે. **'सुमनस्'** શબ્દમાં શ્લેષ-અલંકાર પણ છે.

કવિ કહે છે કે, 'હે વિભુ ! અવિરલ એટલે સઘન-પુષ્કળ અથવા નિરંતર એવી દેવોએ કરેલી પુષ્પોની વૃષ્ટિ ચારેય બાજુ ઊંધા મુખવાળા ડીંટા (બિંટ/બિંટડા) જે રીતે હોય તે રીતે જ શા કારણથી પડે છે ? સામાન્ય રીતે પુષ્પોની વૃષ્ટિ થાય તો પુષ્પનો વિકસિત ભાગ નીચે જમીન તરફ હોય અને દીંટનો ભાગ ઉપર તરફ હોય એવી સંભાવના વધુ છે. જ્યારે સમવસરણમાં પરમાત્માની દેશનાના અવસરે આકાશમાંથી દેવો દ્વારા પુષ્પોનો વરસાદ થાય છે અને તે પુષ્પો ભૂમિ ઉપર પડે ત્યારે સીધા રહે છે. દીંટનો ભાગ નીચે અને વિકસિત પત્રનો ભાગ ઉપર...કવિ કહે છે આ આશ્ચર્ય રૂપ વાત છે.

પછી કવિ પોતે જ **સમાધાન** આપે છે કે, આ રીતે ડીંટાનો ભાગ નીચે રહેવાપૂર્વક જે પુષ્પવૃષ્ટિ થાય છે તે સૂચવે છે કે, હે મુનીશ ! આપની સમીપે-આપ પ્રત્યક્ષ હોતે છતે સુમનસના એટલે ભવ્યજીવોના અથવા દેવોના બંધનો = કર્મરૂપી અને સ્નેહાદિ ભાવબંધન અથવા બેડીરૂપ દ્રવ્ય બંધન અવશ્ય નીચે જાય છે, અર્થાત્ નાશ પામે છે. 'સુમનસ્' શબ્દથી પુષ્પ અર્થ પણ કહેવાય છે. આથી તેઓના-પુષ્પોના બંધનરૂપ ડીંટ ભૂમિ ઉપર નીચા મુખવાળા થઈને પડે છે તે અયોગ્ય નથી, કિન્તુ તે પણ યોગ્ય જ છે, એમ ભાવ છે.

અહીં, 'સુમનસના' એટલે કે પુષ્પના સ્થાને ભવ્યજીવો અથવા દેવો છે. ડીંટના સ્થાને બંધનો છે. કર્મ-સ્નેહ વગેરે જીવના બંધન છે અને ડીંટ એ પુષ્પનું બંધન છે. કેમકે, પુષ્પને વીંટળાઈને રહેલું છે. હે પ્રભુ ! આપની સામે પુષ્પનું બંધન-ડીંટા નીચે તરફ મુખવાળું થઈને પડે છે તેમ આપના પ્રભાવથી ભવ્યજીવના કર્મો અને રાગાદિ બંધનો પણ નીચે જાય છે.અર્થાત્ નાશ પામે છે. આ પ્રમાણે 'સુમનસ્' વગેરેના બે અર્થ હોવાથી શબ્દ-છળથી અર્થ બદલીને વ્યાખ્યા કરી છે. આથી અહીં ઉપમા અને શ્લેષ એ બે કાવ્ય અલંકાર ❀ છે. (૨૦)

---

❀ જે શબ્દના અનેક અર્થો થતાં હોય તે શબ્દનો અર્થ બદલીને વ્યાખ્યા કરવી તે શબ્દછલ કહેવાય. દા.ત. 'નવ કંબલવાળો દેવદત્ત આવ્યો." એમ કોઈ કહે તો બીજો વ્યક્તિ શબ્દ છળથી કહે છે, 'નવ કંબલ (કામળી) નથી એક જ કંબલ છે.'

અહીં 'નવ' શબ્દનો 'નવ સંખ્યા' અને નવ=નવી એમ બે અર્થ છે. પ્રથમ બોલનારે 'નવ' એટલે 'નવી' (કામળી) અર્થ મનમાં રાખીને 'નવ' શબ્દનો પ્રયોગ કરેલો

**સમાસવિચાર :** (૧) **अवाङ् मुखानि येषां तानि अवाङ्मुखानि** (બ.વ્રી.) **अवाङ्मुखानि वृन्तानि यत्र क्रियायाम् तत् अवाङ्मुखम् ।** અથવા **अवाङ्मुखानि यथा स्यात् तथा इति अवाङ्मुखम् ।** (ક્રિયાવિશેષણ છે માટે દ્વિતીયા વિભક્તિ, નપું. લિંગ એકવચનમાં છે.) (૨) **न विरला इति अविरला** (ત.પુ.) (૩) **पुष्पाणां वृष्टिः इति पुष्पवृष्टिः । सुराणां** (કર્તા અર્થમાં ષષ્ઠી છે.) **सुरपुष्पवृष्टिः इति सुरपुष्पवृष्टिः ।** અથવા **सुरैः कृता पुष्पुवृष्टिः इति सुरपुष्पवृष्टिः ।** (તૃ.ત.પુ. **तृतीया तत्कृतैः** સિ.હે. (૩-૧-૬૫) સૂત્રથી સમાસ) (૪) **तव गोचरः इति त्वद्गोचरः । तस्मिन् तथा** (ષ.ત.પુ.) (૫) **शोभनं मनः येषां ते सुमनसः । तेषां तथा** (બ.વ્રી. સમાસ. સારા મનવાળા અર્થાત્ ભવ્યજીવો અથવા દેવો અર્થ પણ થાય. રૂઢિથી પુષ્પ અર્થ તો પ્રસિદ્ધ જ છે.) (૬) **मुनीनां ईशः इति मुनीश :** । (ષ.ત.પુ.) **तत्सम्बोधनं तथा ।** (૨૦)

**सर्वसत्त्वे दयां मैत्रीं, यः करोति सुमानसः ।**
**जयत्यसावरीन् सर्वान्, बाह्याभ्यन्तरसंस्थितान् ॥ १ ॥**

(તત્ત્વામૃત, શ્લો. ૨૬૩)

...અર્થ...

સાચા મનવાળો જે પુરુષ સર્વ પ્રાણી ઉપર દયાને અને મૈત્રીને કરે છે, તે પુરુષ બાહ્ય અને અભ્યંતર સર્વ શત્રુઓને જીતે છે.

---

છે. બીજાએ છળથી 'નવ'નો નવ-સંખ્યા અર્થ કરીને તેનું ખંડન કર્યું. વ્યવહારમાં આ દોષરૂપ મનાય છે. પણ કવિઓના વ્યવહારમાં (કાવ્ય-શાસ્ત્રમાં) આને 'શ્લેષ' નામનો કાવ્ય અલંકાર કહેલો છે. ૧૬માં શ્લોકમાં 'વિગ્રહ' શબ્દ અને અહીં 'સુમનસ્' શબ્દનો અનેક અર્થમાં પ્રયોગ કરેલો છે. જે અર્થને લઈને શંકા કરી હોય તેથી જુદો અર્થ કરીને સમાધાન અપાય છે. આને શ્લેષ નામનો કાવ્ય અલંકાર પણ કહેવાય છે. આ પ્રમાણે આ કાવ્યમાં અન્યત્ર પણ સમજવું.

**ઉપક્રમ :** કવિ હવે દિવ્યધ્વનિ રૂપ ત્રીજા પ્રાતિહાર્યને જણાવે છે -

**स्थाने गभीरहृदयोदधिसंभवाया:**
**पीयूषतां तव गिर: समुदीरयन्ति ।**
**पीत्वा यत: परमसम्मदसङ्गभाजो**
**भव्या व्रजन्ति तरसाप्यजरामरत्वम् ॥ २१ ॥**

**અન્વય+શબ્દાર્થ :** (**हे स्वामिन्** ! હે સ્વામી ! **श्रोतार:** શ્રોતાઓ - આ પદો શેષ છે માટે ઉમેરવું) **गभीरहृदयोदधिसम्भवाया:** (ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થનારી) **तव** (આપની) **गिर:** (વાણીના) **पियूषतां** (અમૃતપણાને અર્થાત્ 'વાણી અમૃત છે' એમ) **यत्** (જે) **समुदीरयन्ति** (કહે છે) (**तत्** તે) **स्थाने** (સ્થાને છે, યોગ્ય છે. 'યોગ્ય' અર્થમાં આ અવ્યય શબ્દ છે.) **यत:** (જે કારણથી) (**तां गिरं**=તે વાણીને-આ શબ્દો શેષ હોવાથી ઉમેરવા) **पित्वा** (પીને-બે કાનરૂપી અંજલિ વડે પાન કરીને અર્થાત્ સાંભળીને) **भव्या:** (ભવ્ય/યોગ્ય, આસન્નભવિક જીવો) **परमसम्मद-सङ्गभाज:** (પરમ આનંદના સંગવાળા, ચિદાનંદ સ્વરૂપવાળા અથવા પરમ પ્રમોદના સંબંધવાળા થયા છતાં) **तरसापि** (તત્કાળ, શીઘ્રપણે) **अजरामरत्वं** (અજરામરપણાને અર્થાત્ ઘડપણ અને મૃત્યુથી રહિતપણાને) **व्रजन्ति** (પામે છે.) (૨૧)

**સરલાર્થ :** હે વિભુ ! શ્રોતાઓ આપના ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલી વાણીના અમૃતપણાને અર્થાત્ 'આપની વાણી અમૃત છે' એમ જે કહે છે તે સ્થાને છે, યોગ્ય છે. જે કારણથી તે વાણીને સાંભળીને ભવ્ય જીવો પરમાનંદ-ચિદાનંદ સ્વરૂપવાળા થઈને શીઘ્ર અજરામરપણાને (ઘડપણ-મૃત્યુ રહિત અવસ્થાને અર્થાત્ સિદ્ધાવસ્થાને) પ્રાપ્ત કરે છે. (૨૧)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિ દિવ્યધ્વનિ રૂપ ત્રીજા પ્રાતિહાર્યના વર્ણન દ્વારા પરમાત્માની સ્તુતિ કરે છે. પરમાત્માની વાણીને અમૃત સાથે સરખાવી છે. કવિ કહે છે કે, ગંભીર એટલે જેના પેટાળની ઊંડાઈનો ખ્યાલ સામાન્યથી જોનારને ન આવે એવું. આવા ગંભીર હૃદયરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ

આપની વાણી 'અમૃત છે' એ પ્રમાણે શ્રોતાઓ જે કહે છે તે હે પ્રભુ ! સ્થાને છે, યોગ્ય છે. અસ્થાને નથી. અહીં સુંદર કલ્પના કરી છે. અમૃત સમુદ્રમાંથી ઉત્પન્ન થનારું હોય તેમ આપની વાણી પણ હૃદયમાંથી-હૃદયરૂપી ગંભીર સમુદ્રમાંથી ઉત્પન્ન થનારી છે. આવી વાણીને 'આ અમૃત છે' એમ શ્રોતાઓ જે કહે છે તે યોગ્ય છે.

કઈ રીતે અમૃતપણાનું કથન યોગ્ય છે ? તેનું **સમાધાન** આપે છે- જે કારણથી આપની વાણીનું પાન કરીને, બે કાન રૂપી અંજલિ વડે પીને અર્થાત્ સાંભળીને ભવ્ય જીવો પરમાનંદના સંગવાળા અર્થાત્ ચિદાનંદ સ્વરૂપવાળા થયા છતાં શીઘ્ર અજરામરપણાને પામે છે. જ્યાં **जरा**-ઘડપણ અથવા **मर**-મૃત્યુ નથી એવા સ્થાનને અર્થાત્ સિદ્ધપણાને પામે છે.

બીજો પણ જે વ્યક્તિ અમૃતને પીએ છે તે અજરામર થાય છે એમ લોકમાં કહેવાય છે. આપની વાણીના પાનથી-શ્રવણથી પણ જીવ જન્મ-જરા-મરણથી રહિત થાય છે. આથી અમૃત જેવું કાર્ય કરવાથી વાણીને અમૃત કહેવું ઉચિત જ છે.

પરમાત્માની વાણી મેઘ જેવા ગંભીર અવાજવાળી હોય છે. તે માલકૌંસ રાગમાં હોય છે. તેમાં દેવો પણ વાંસળી વગેરે વાજિંત્રો દ્વારા સુર પૂરાવે છે. આથી અતિશય કર્ણપ્રિય હોય છે. સાકર, ગોળ, દ્રાક્ષ, ખાંડ, અમૃત વગેરેની મિઠાશથી પણ અધિક મધુર વાણી હોય છે. દેવો, મનુષ્યો, તિર્યંચો, પશુ-પક્ષીઓને પોતપોતાની ભાષામાં સમજાઈ જાય એવા ૩૫ (પાંત્રીસ) અતિશયયુક્ત વાણી હોય છે. પરમાત્માની વાણી સાંભળીને દરેક જીવો પોતપોતાની ભૂમિકા પ્રમાણે આત્મવિકાસ કરે છે. તીવ્ર મિથ્યાદ્રષ્ટિ હોય તે મંદ-મિથ્યાદ્રષ્ટિ, સરળ પરિણામી થાય છે. અર્થાત્ માર્ગાનુસારિતા-માનવતાદિ ધર્મને પામે છે. માર્ગાનુસારી જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય, સમકિતી જીવ દેશવિરતિના પરિણામવાળો થાયે અને દેશવિરતિધર શ્રાવક સર્વવિરતિધર સાધુ પણ થાય છે. આમ પરમાત્માની વાણીનો અચિંન્ત્ય પ્રભાવ છે. પ્રભુની વાણીના ૩૫ ગુણો-અતિશયો શાસ્ત્રોમાં કહેલાં છે. તે અન્યત્રથી જાણી લેવા. (૨૧)

**સમાસવિચાર** : (૧) **हृदयमेव उदधिः इति हृदयोदधिः ।** (ક.ધા.) **तस्मात् सम्भवः उत्पत्तिः यस्याः सा हृदयोदधिसम्भवा । तस्याः तथा ।**

(વ્યધિ.બ.વ્રી.) (૨) परमश्चासौ सम्मदश्च इति परमसम्मदः । (ક.ધા.) तस्य सङ्ग इति परमसम्मदसङ्गः । (ષ.ત.પુ.) तं भजन्ति इति परमसम्मदसङ्ग भाजः । (ઉપ.ત.પુ.) (૩) जरा च मरश्च इति जरामरौ । न विद्येते जरामरौ येषां ते अजरामराः । (બ.વ્રી.) तस्य भावः अजरामरत्वम् । तं तथा । (તેનો ભાવ અર્થમાં त्व પ્રત્યય થયો છે.) (૨૧)

**जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ ।**
**किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥ १ ॥**

...અર્થ...

જેમાં
(૧) વિષયો પ્રત્યે વૈરાગ્ય હોય,
(૨) કષાયોનો ત્યાગ હોય,
(૩) બીજાના ગુણોને વિષે અનુરાગ (બહુમાન) હોય,
(૪) ક્રિયાઓમાં અપ્રમાદ (ઉલ્લાસ) હોય,
તે ધર્મ...
શિવ (મોક્ષ) સુખનો ઉપાય (કારણ) છે.
(આથી ઉલટો હોય તો...
તે ફક્ત ધર્મક્રિયા કહેવાય,
ધર્મ નહીં.)

**सम्यग्दृष्टिर्ज्ञानी, ध्यानतपोबलयुतोऽप्यनुपशान्तः ।**
**तं लभते न गुणं यत्, प्रशमगुणमुपाश्रितो लभते ॥ १ ॥**
(પ્રશમરતિ, શ્લોક ૧૨૭)

...અર્થ...

સમ્યગ્દૃષ્ટિ (સુશ્રદ્ધાવાળો), જ્ઞાની, ધ્યાન અને તપોબળથી યુક્ત હોવા છતાં પણ જો ઉપશાંત ન હોય, ઉપશમરહિત હોય તો તેવો ગુણ પામી શકતો નથી, જેવો ગુણ ઉપશમ(શાંતિ)યુક્ત સાધુ પામે છે.

**ઉપક્રમ :** ચોથા ચામરરૂપ પ્રાતિહાર્ય-અતિશયને કહે છે -

**स्वामिन् सुदूरमवनम्य समुत्पतन्तो**
**मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।**
**येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय**
**ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥ २२ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे स्वामिन् !** (હે સ્વામી !) **मन्ये** (હું માનું છું કે) **शुचयः** (પવિત્ર, નિર્મળ, ઉજ્જવળ) **सुरचामरौघाः** (દેવોએ આપની આગળ વીંઝેલા ચામરોના સમૂહ) **सुदूरं** (અત્યંત દૂર, ઘણા નીચા) **अवनम्य** (નમન કરીને, પછી) **समुत्पतन्तः** (સમ્યક્ રીતે, સારી રીતે ઉપર-ઊંચે આકાશમાં જતાં છતાં) **वदन्ति** (કહે છે કે) **ये (नराः)** (જેઓ/જે માણસો) **अस्मै मुनिपुङ्गवाय** (આ મુનિપુંગવને, મુનિઓમાં શ્રેષ્ઠને) **नतिं** (નમસ્કાર, પ્રણામ) **विदधते** (કરે છે) **ते** (તેઓ) **नूनं** (નિશ્ચયથી) **खलु** (વાક્ય-અલંકાર) **शुद्धभावाः** (વિશુદ્ધ ચિત્તવાળા થયા છતાં) **ऊर्ध्वगतयः** (ઊર્ધ્વ-ઊંચી-સિદ્ધિરૂપ-ગતિવાળા) (**भवन्ति** થાય છે. આ પદ શેષ છે, માટે ઉમેરવું.) (૨૨)

**સરલાર્થ :** હે સ્વામી ! હું માનું છું કે દેવોએ વીંઝેલા નિર્મળ ચામરોના સમૂહો અત્યંત નીચે નમીને પછી સમ્યક્ રીતે ઉપર (આકાશ તરફ) જતાં છતાં જાણે કહે છે કે, 'જે મનુષ્યો આ મુનિઓમાં શ્રેષ્ઠ પ્રભુને નમસ્કાર કરે છે, તેઓ નિશ્ચિતપણે શુદ્ધભાવવાળા (ચિત્તવાળા) થયા છતાં ઊર્ધ્વ-ઊંચી ગતિને અર્થાત્ મુક્તિને પામનારા થશે.' (૨૨)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિ ચામર-પ્રાતિહાર્યનું વર્ણન કરતાં સુંદર ઉત્પ્રેક્ષા (કલ્પના) રજૂ કરે છે. દેશના વગેરે સમયે જ્યારે દેવો પ્રભુના બન્ને પડખે ચામરો વીંઝે છે ત્યારે તે ચામરો અત્યંત નીચા ભૂમિ તરફ નમે છે, ઢળે છે અને પછી સમ્યક્ રીતે ઊંચે આકાશ તરફ જાય છે. આ દ્રશ્ય ખૂબ રમણીય હોય છે. આમાં ચામર વીંઝનારા દેવોના હૃદયમાં પ્રભુ પ્રત્યેનો સત્કારભાવ-અહોભાવ ધ્વનિત થાય છે. કવિ આ ક્રિયા જોઈને (વિચારીને) કહે છે કે, આ રીતે ચામરોની હારમાળા છેક નીચે જઈને પછી સુંદર રીતે ઊંચે આકાશ

તરફ જાય છે તે કહે છે કે, "જેઓ આ મુનિઓમાં પુંગવને-શ્રેષ્ઠને અર્થાત્ શ્રી પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરે છે, તેઓ નિશ્ચિતપણે ઊર્ધ્વગતિને પામનારા થાય છે. અર્થાત્ સ્વર્ગ અથવા મોક્ષ ગતિને પામનારા થાય છે. **પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયાજી** નોંધે છે કે અહીં ઉત્પ્રેક્ષા-મૂલક **નિદર્શન** (દ્રષ્ટાંત) રૂપ કાવ્ય અલંકાર છે.

પરમાત્માને મન, વચન, કાયાથી નમસ્કાર કરવાથી અભિમાનનો નાશ થાય છે. અને તેથી ભાવની-ચિત્તની શુદ્ધિ થાય છે. ભાવની વિશુદ્ધિ થવાથી જીવ વિશુદ્ધ-પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. તેથી તત્કાળ દેવલોકાદિ ઊર્ધ્વગતિને પામે છે અને પરંપરાએ મુક્તિરૂપી સર્વોત્કૃષ્ટ ઊર્ધ્વગતિને પામે છે.

**ભાવાર્થ** એ કે, અત્યંત નીચે નમીને ઊંચે ઉછળતાં ચામરો જાણે કહી રહ્યા છે કે, જે મનુષ્યો આ પ્રત્યક્ષ એવા મુનિઓમાં શ્રેષ્ઠ શ્રી પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરે છે, તેઓ નિશ્ચિતપણે ઊર્ધ્વગતિ-સ્વર્ગ-મોક્ષાદિને પામશે. શુદ્ધ ભાવવાળા = ઉજ્જવળ સ્વભાવવાળા એવા અમે (ચામરો) આ પરમાત્માને નમીને જેમ ઊંચી ગતિવાળા થઈએ છીએ, તેમ જે કોઈ પણ ભવ્ય જીવ આ જિનેશ્વરને નમસ્કાર કરશે તેઓ ઊંચી ગતિવાળા બનશે. એમ જાણે ચામરો કહી રહ્યા છે. આમ કવિએ સુંદર કલ્પના વડે બે ચામર-પ્રાતિહાર્યનું વર્ણન કરેલું છે. (૨૨)

**સમાસવિચાર** : (૧) **सुराणां चामराणि इति सुरचामराणि ।** (ષ.ત.પુ.) **तेषां ओघाः इति सुरचामरौघाः ।** (ષ.ત.પુ.) (૨) **मुनिषु पुङ्गव इति मुनि-पुङ्गवः । तस्मै तथा ।** (સ.ત.પુ.) (૩) **ऊर्ध्वा गतिर्येषां ते ऊर्ध्वगतयः ।** (બ.વ્રી.) (૪) **शुद्धः भावः येषां ते शुद्धभावाः ।** (બ.વ્રી.) (૨૨)

**आत्मबुद्धिः शरीरादौ यस्य स्यादात्मविभ्रमात् ।**
**बहिरात्मा स विज्ञेयो मोहनिद्राऽस्तचेतनः ॥**

અર્થ : આત્માની અજ્ઞાનતા (ભ્રમણા) ને લીધે જે જીવની શરીર-ધનમાલ વગેરે જડ પદાર્થોને આત્મા માનવાની બુદ્ધિ છે અને જે મોહનિદ્રાથી આત્માનું ભાન ભૂલેલો છે તે જીવ બહિરાત્મા જાણવો.

**ઉપક્રમ :** 'સિંહાસન' નામના પાંચમા પ્રાતિહાર્ય-અતિશયને કહે છે -

**श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न-**
**सिंहासनस्थमिह भव्यशिखण्डिनस्त्वाम् ।**
**आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-**
**श्चामीकाराद्रिशिरसीव नवाम्बुवाहम् ॥ २३ ॥**

**અન્વય+શબ્દાર્થ :** **(हे पुरुषोत्तम !)** (હે પુરુષોત્તમ !) **भव्यशिखण्डिनः** (ભવ્યજીવો રૂપી મયૂરો) **इह** (અહીં - સમવસરણમાં) **श्यामं** (શ્યામ-લીલા વર્ણવાળા) **गभीरगिरं** (ગંભીરવાણીવાળા) **उज्ज्वलहेमरत्नसिंहासनस्थं** (ઉજ્જ્વળ-નિર્મળ, હેમયુક્ત-સુવર્ણયુક્ત રત્નના સિંહાસન ઉપર રહેલાં-બેસેલાં) **त्वां** (આપને) **चामीकराद्रिशिरसि** (સુવર્ણગિરિના-મેરુપર્વતના મસ્તક/શિખર ઉપર) **उच्चैः नदन्तं** (અતિશય-અત્યંત ગર્જારવ કરતાં) **नवाम्बुवाहं** (નવા મેઘને) **(शिखण्डिन इव)** (મયૂરોની જેમ) **रभसेन** (આતુરતાથી, ઉત્સુકતાથી જુએ છે, નિહાળે છે.) (૨૩)

**સરલાર્થ :** (હે પુરુષોત્તમ !) ભવ્યજીવો રૂપી મયૂરો, સમવસરણમાં લીલા-વર્ણવાળા, ગંભીરવાણીવાળા અને ઉજ્જ્વળ-દેદીપ્યમાન સુવર્ણયુક્ત રત્નના બનેલાં સિંહાસન ઉપર બેસેલાં આપને, સુવર્ણગિરિના(મેરુપર્વતના) શિખર ઉપર અતિશય ગર્જારવ કરતાં નવા મેઘને જેમ મોરો જુએ તેમ ઉત્સુકતાપૂર્વક (આતુરતાથી) જુએ છે. (૨૩)

**વિશેષાર્થ :** કવિ હવે પરમાત્માના સિંહાસનરૂપ પાંચમાં પ્રાતિહાર્યનું પણ સુંદર ઉપમા વડે વર્ણન કરે છે. ઉજ્જ્વળ-દેદીપ્યમાન, સોનાથી મિશ્રિત રત્નના અથવા સોના અને રત્નના બનેલાં સિંહાસન ઉપર પરમાત્મા શ્રીપાર્શ્વનાથ પ્રભુ બેસેલાં છે. પ્રભુ કેવા છે ? તેના બે વિશેષણો કહે છે. (૧) **श्यामं** = શ્યામ-લીલાવર્ણવાળા છે. લોકોમાં સામાન્યથી શ્યામ-શબ્દ કાળાં રંગના અર્થમાં વપરાય છે. પરંતુ કવિઓના સમયનો એટલે કે વ્યવહારનો / મર્યાદાનો વિચાર કરાય તો 'શ્યામ' શબ્દ અને 'નીલ' શબ્દ એક જ છે, સમાન અર્થને જણાવે છે. અર્થાત્ 'શ્યામ' શબ્દ કાળા ઉપરાંત લીલા અર્થને

પણ જણાવે છે. અને 'નીલ' શબ્દ લીલા ઉપરાંત કાળા અર્થને પણ જણાવે છે. જ્યારે જે અર્થ ઘટતો હોય ત્યારે તે અર્થ કરી શકાય છે. અહીં પ્રભુ લીલા વર્ણવાળા હોવાથી 'લીલો' અર્થ કરેલો છે.

પ્રભુનું બીજું વિશેષણ છે-(૨) **गभीरगिरं**-ગંભીરવાણીવાળા...સિંહાસન ઉપર બેસેલાં પ્રભુ દેશના આપતાં હોવાથી આ વિશેષણ યોગ્ય જ છે.

પ્રભુનું ત્રીજું વિશેષણ છે (૩) **उज्ज्वलहेमरत्नसिंहासनस्थम्**-ઉજ્જ્વળ સોના અને રત્નના બનેલાં સિંહાસન ઉપર રહેલાં, બેસેલાં આપને ભવ્યજીવો નિહાળે છે.

હે પ્રભુ ! ભવ્ય જીવોરૂપી મોરો આવા વિશેષણોથી યુક્ત આપને ઉતાવળા-ઉત્સુક બનીને જુએ છે, નિહાળે છે. કોની જેમ ? તે અંગે સુંદર ઉપમા આપે છે. 'ચામીકર' એટલે સોનું. 'સુવર્ણગિરિ' એટલે મેરૂપર્વત. તેના શિખર ઉપર અત્યંત ગર્જના કરતાં નવા મેઘને જેમ મોરો ઉત્સુકતાથી-આતુરતાપૂર્વક જુએ તેમ આપને દેખે છે. સુવર્ણાચલના શિખર ઉપર મેઘને જોઈને જેમ મોરો આનંદ પામે છે તેમ સિંહાસન ઉપર રહેલાં આપને જોઈને ભવ્ય જીવો પ્રમુદિત થાય છે, એમ તાત્પર્ય છે.

અહીં દ્રષ્ટાંતમાં પણ 'મોર' (**मयूर / शिखण्डिन्**) એવા પદનો સંબંધ કરવો. દરેક ટીકાઓમાં પણ તે પ્રમાણે જ સંબંધ કરેલો છે. આમ સુંદર ઉપમા આપી છે. (૧) પ્રભુના સુવર્ણ રત્નના સિંહાસનને સુવર્ણ-ગિરિની, મેરૂ પર્વતની ઉપમા આપી છે. (૨) પ્રભુને મેઘની ઉપમા આપી છે. (૩) પ્રભુની ગંભીર વાણીને મેઘની ગર્જનાની ઉપમા આપી છે અને (૪) ભવ્યજીવોને મોરની ઉપમા આપી છે. (૨૩)

**સમાસવિચાર :** (૧) **गभीरा गीः यस्य स गभीरगीः । तं तथा** (બ.વ્રી.) (૨) **हेममिश्रितानिहेमयुक्तानि वा रत्नानि इति हेमरत्नानि ।** (ત.પુ.) અથવા **हेम च रत्नानि च इति हेमरत्नानि ।** (દ્વન્દ્વ) **तेषां, तैः कृतं वा सिंहासनं इति हेमरत्नसिंहासनम् ।** (ત.પુ.) **उज्ज्वलं तद् हेमरत्नसिंहासनं इति उज्ज्वलहेमरत्नसिंहासनम् ।** (ક.ધા.) **तत्र तिष्ठति इति उज्ज्वलहेम-रत्नसिंहासनस्थः । तं तथा ।** (ઉપપદ ત.પુ.) (૩) **भव्या एव शिखण्डिनः भव्यशिखण्डिनः** (ક.ધા.) (**शिखण्डाः-पिच्छानि विद्यन्ते येषां ते शिखण्डिनो मयूरा इत्यर्थः ।**) (૪) **चामीकरस्य (सुवर्णस्य) अद्रिः इति**

चामीकराद्रिः ।(ષ.ત.પુ.) तस्य शिरः (शिखरं) इति चामीकराद्रिशिरः (ષ.ત.પુ.) तस्मिन् तथा । अम्बु वहति इति अम्बुवाहः । (ઉપપદ ત.પુ.) नवश्च असौ अम्बुवाडिश्च इति नवाम्बुवाहः । तं तथा । (ક.ધા.) (૨૩)

आपातमात्रमधुराः परिणामेऽतिदारुणाः ।
शठवाच इवात्यन्तं, विषया विश्ववञ्चकाः ॥
(ત્રિ.શ.પુ.ચરિત્ર, પર્વ-૧, સર્વ-૩/૬૦)

...અર્થ...

જેમ શઠ-દુર્જનની વાણી મુખે મીઠી પણ પરિણામે ભયંકર હોય છે, તેમ વિષયો આરંભમાં મધુર લાગે છે પણ પરિણામે તે અત્યંત ભયંકર છે તથા આખા જગતને ઠગનારા છે.

न सा दीक्षा न सा भिक्षा, न तद्दानं न तत्तपः ।
न तद् ध्यानं, न तन्मौनं, दया यत्र न विद्यते ॥ १ ॥
(સુક્ત મુક્તાવલિ, પ્ર. ૧૪૩, શ્લોક ૧૦)

...અર્થ...

જેમાં દયા ન હોય...
એવી દીક્ષા નિરર્થક છે,
એવી ભિક્ષા નિરર્થક છે,
એવું દાન નકામું છે,
એવું તપ વૃથા છે,
એવું ધ્યાન ફોગટ છે,
એવું મૌનવ્રત પણ વ્યર્થ છે.
દયા હોય તો જ...
તે સર્વે સાર્થક છે.

**ઉપક્રમ :** હવે 'ભામંડળ' નામના છટ્ઠા પ્રાતિહાર્ય-અતિશયને કહે છે -

**उद्गच्छता तव शितिद्युतिमण्डलेन**
**लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।**
**सान्निध्यतोऽपि यदिवा तव वीतराग !**
**नीरागतां व्रजति को न सचेतनोऽपि ? ॥ २४ ॥**

**અન્વય+શબ્દાર્થ : (हे अर्हन् !** હે અરિહંત પ્રભુ !) **तव** (આપના) **उद्-गच्छता** (ઉપર જતાં, પ્રસરતાં, ફેલાતાં) **शितिद्युतिण्मडलेन** (કાળી અથવા લીલી કાંતિના મંડળ વડે, અર્થાત્ શ્યામ-નીલ કાંતિના સમૂહ વડે અર્થાત્ ભામંડળ વડે) **अशोकतरुः** (અશોકવૃક્ષ) **लुप्तच्छदच्छविः** (લુપ્ત થયેલ, આચ્છાદિત થયેલ પત્રોની છવિ=કાંતિવાળુ) **बभूव** (થયુ હતું) **यदि वा** (અથવા) **हे वीतराग** (હે વીતરાગ પ્રભુ !) **तव सान्निध्यतः अपि** (આપના સાન્નિધ્યથી-સમીપતાથી પણ, વચનશ્રવણાદિ તો દૂર રહો) **कः** (કોણ) **सचेतनः अपि** (પ્રગટ ચેતનાવાળો જીવ પણ) **नीरागतां** (નીરાગપણાને, રાગરહિતપણાને) **न व्रजति ?** (પામતો નથી ?) (૨૪)

**સરલાર્થ :** (હે અરિહંત પ્રભુ !) આપના ઉપર પ્રસરતાં શ્યામ (લીલી)કાંતિ-વાળા મંડળ વડે અર્થાત્ ભામંડળ વડે અશોકવૃક્ષના પત્રની કાંતિ આચ્છાદિત થઈ હતી. (જે લાલ પાંદડા હતા તે લીલા જેવા દેખાવા લાગ્યા.) અથવા હે વીતરાગ ! પ્રભુ ! આપના સાંનિધ્યથી પણ કોણ સચેતન (વ્યક્ત ચેતનાવાળો જીવ) પણ નીરાગતાને (રાગરહિતપણાને) પામતો નથી ? (અર્થાત્ સર્વ પણ સચેતન-અચેતન વસ્તુ નીરાગી બને છે.) (૨૪)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિ છટ્ઠા ભામંડળ-પ્રાતિહાર્યને વિશિષ્ટ કલ્પના દ્વારા જણાવે છે. પ્રભુ જ્યારે સમવસરણમાં બેસીને દેશના આપે છે ત્યારે ઉપર પ્રભુના દેહથી બાર ગણું ઊંચુ અશોકવૃક્ષ હોય છે. આ અશોકવૃક્ષના પત્રો (પાંદડાઓ) આમ તો લાલવર્ણના હોય છે. પરંતુ, પ્રભુ નીલવર્ણવાળા હોવાથી તેઓના શરીરમાંથી નીકળીને ઊંચે જતા નીલકાંતિના સમૂહ રૂપ ભામંડળ વડે (અર્થાત્ તેની નીલકાંતિ વડે) અશોકવૃક્ષના પત્રો લાલવર્ણથી આચ્છાદિત થાય છે, ઢંકાઈ જાય છે. આથી તે અશોકવૃક્ષ નીલકાંતિવાળું થાય છે. અર્થાત્

આપના શરીરની નીલવર્ણી કાંતિ વડે આચ્છાદિત થયેલ અશોકવૃક્ષના પાંદડાઓએ લાલ વર્ણ ત્યજી દીધો છે અને નીલવર્ણી બની ગયા છે.

આ વાતની પુષ્ટિ માટે શ્લોકના ઉત્તરાર્ધમાં કવિ શબ્દછળનો પ્રયોગ કરે છે. તેઓ કહે છે કે, અથવા હે વીતરાગ પ્રભુ ! આપના સાંનિધ્યથી પણ અર્થાત્ આપના વચનોનું શ્રવણ, આપનું દર્શન વગેરે તો દૂર રહો, આપની સમીપતા માત્રથી કોણ વ્યક્ત ચેતનાવાળો (સચેતન) જીવ પણ નીરાગપણાને=રાગરહિતદશાને પામતો નથી ? અર્થાત્ યોગ્યજીવો સ્વ-ભૂમિકા અનુસાર વૈરાગ્ય પામે જ છે. **अपि** (પણ) શબ્દથી સચેતન અને અચેતન=અવ્યક્ત ચેતનાવાળું અશોકવૃક્ષ પણ નીરાગપણાને પામે છે અર્થાત્ લાલવર્ણરહિતપણાને પામે છે એમ અર્થ સમજવો.

અહીં કવિએ જે **સમાધાન** આપ્યું છે તે શબ્દછળથી આપ્યું છે. અર્થાત્ દ્વિ-અર્થી 'રાગ' શબ્દના અર્થને બદલીને સમાધાન આપ્યું છે. 'રાગ' શબ્દનો અર્થ નીલ વગેરે રંગ થાય છે અને સ્નેહાદિ રાગ અર્થ પણ થાય છે. કાવ્યના પૂર્વાર્ધમાં જે વાત છે તેમાં રંગ બદલાય છે. માટે ત્યાં રાગનો રંગ અર્થ કહેલો છે. કવિએ ઉત્તરાર્ધમાં જે સમાધાન આપ્યું છે કે આપના સાંનિધ્યથી કોણ નીરાગતાને પામતો નથી ? અહીં રાગનો અર્થ સ્નેહાદિ લેવાનો છે. અર્થાત્ આપના-વીતરાગપ્રભુના સાંનિધ્યથી જીવો પણ નીરાગી-સ્નેહાદિ-રાગરહિત થાય છે. આ જ નીરાગતાને ઉપર ઘટાવવી હોય તો અશોકવૃક્ષ નીરાગી થાય છે એટલે મૂળભૂત રક્ત (લાલ) વર્ણથી રહિત-નીલવર્ણી થાય છે. આ રીતે દ્વિઅર્થી શબ્દના પ્રયોગ વડે જુદો જુદો અર્થ કરીને સમાધાન કરેલું છે. માટે શબ્દછળ, શબ્દશ્લેષ નામનો કાવ્ય-અલંકાર છે

અહીં પ્રભુના ભામંડળ વડે પત્રને જુદા રંગવાળું કરવું સહેલું છે, સહેલાઈથી થઈ જાય છે. પણ સચેતનનું એટલે કે વ્યક્ત ચેતનાવાળાનું પણ પરિવર્તન લાવવું અર્થાત્ સરાગીમાંથી નીરાગી બનાવવું સહેલું નથી, દુષ્કર છે. એમ **सचेतनोऽपि** માં **अपि** (પણ) શબ્દનો અર્થ છે. પ્રભુના સાંનિધ્યથી સચેતન (વ્યક્ત ચેતનાવાળા) જીવો પણ નીરાગીપણાને પામે છે, તો અચેતન-અવ્યક્ત ચેતનાવાળા અશોકવૃક્ષના વર્ણનું પરિવર્તન થાય, તે બહુ મોટી વાત નથી એમ ભાવ છે.

આ શ્લોકના છેલ્લા ચરણમાં **ઉપા.શ્રી સિદ્ધિચંદ્રજી મ.સા.**એ પહેલાં **सचेतनोऽपि** ને બદલે **विचेतनोऽपि** પાઠનો સ્વીકાર કરેલો છે. આથી તેનો અર્થ આ પ્રમાણે થાય - હે વીતરાગ પ્રભુ ! આપના સાંનિધ્યથી સચેતન (વ્યક્ત ચેતનાવાળો) તો દૂર રહો, કિંતુ **વિચેતન** = વિગત ચેતન = એટલે કે વ્યક્ત ચેતનાથી રહિત પણ કયો જીવ નીરાગતાને = રાગરહિતપણાને પામતો નથી ? **अपि** શબ્દથી સર્વ પણ ચેતન-અચેતન સ્નેહાદિ રહિત થાય છે. અહીં ફરી ખુલાસો કર્યો છે કે, અચેતન (અવ્યક્ત-ચેતનાવાળું) એવું અશોકવૃક્ષ નીરાગતા એટલે પાંદડાના લાલવર્ણથી રહિત થાય છે. આમ **विचेतनोऽपि** પાઠનો પ્રાયઃ પૂર્વે કહેલો જ ફલિતાર્થ છે.

આગળ તેઓએ કહ્યું છે કે, ક્યાંક **सचेतनोऽपि** (અર્થાત્ અહીં સ્વીકારેલો) પાઠ પણ છે. ત્યારે આ પ્રમાણે અર્થ કરવો. અચેતન એટલે અવ્યક્તચેતનાવાળું અશોકવૃક્ષ તો દૂર રહો, કિંતુ સચેતન = વ્યક્ત ચૈતન્યવાળો પણ કયો મનુષ્ય આપના સાંનિધ્ય માત્રથી નીરાગતાને = વૈરાગ્યને પામતો નથી ? અર્થાત્ સર્વ મનુષ્યો પામે જ છે. અચેતન એવા અશોક વૃક્ષાદિનો તો બીજા કોઈપણ ઉપાયથી પ્રતિબોધ કરવાને અર્થાત્ રંગનું પરાવર્તન કરવું શક્ય છે, જ્યારે સચેતન જીવ તો કોઈક જ જ્ઞાની પુરુષ વડે પરિવર્તિત કરી શકાય છે. રાગીમાંથી નીરાગી બનાવી શકાય છે એમ ભાવાર્થ છે. (૨૪)

**સમાસવિચાર :** (૧) **शितिश्च असौ द्युतिश्च इति शितिद्युतिः ।** (ક.ધા.) **तस्याः मण्डलं इति शितिद्युतिमण्डलम् ।** (ષ.ત.પુ.) **तेन तथा ।** અથવા **द्युतेः मण्डलं इति द्युतिमण्डलम् ।** (ષ.ત.પુ.) **शिति (श्यामं/नीलं) च तत् द्युतिमण्डलं इति शितिद्युतिमण्डलम् ।** (ક.ધા.) **तेन तथा ।** (૨) **छदानां छविः इति छदच्छविः ।** (અહીં **स्वरेभ्यः** સિ.હે. (૧-૩-૩૦) સૂત્રથી છ બેવડાયો છે.) (ષ.ત.પુ.) **लुप्ताछदच्छविः यस्य स लुप्तच्छ-दच्छविः ।** (બ.વ્રી.) (૩) **न विद्यते शोकः यस्य स अशोकः ।** (બ.વ્રી.) (૪) **वीतः (विशेषण इतः गतः) रागः यस्मात् स वीतरागः । तस्य संबोधनं तथा** (બ.વ્રી.) (૫) **निर्गतः रागादिति नीरागः** (પ્રાદિ ત.પુ.) **तस्य भावः इति नीरागता** (ભાવમાં **ता** પ્રત્યય) **तां तथा ।** (૬) **सह चेतनया वर्तते यः स सचेतनः ।** (સહાર્થ બ.વ્રી.) (૨૪)

**ઉપક્રમ :** સાતમાં પ્રાતિહાર્ય-દેવદુંદુભિરૂપ અતિશયને વર્ણવે છે -

**भो भोः प्रमादमवधूय भजध्वमेन-**
**मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहम् ।**
**एतन्निवेदयति देव ! जगत्त्रयाय**
**मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ॥ २५ ॥**

**અન્વય+ શબ્દાર્થ : हे देव !** (હે દેવ ! હે પ્રભુ !) **अहं एवं** (હું આ પ્રમાણે) **मन्ये** (માનું છું, સંભાવના-કલ્પના કરું છું કે) **ते सुरदुन्दुभिः** (આપની દેવદુંદુભિ, દેવો વડે વગાડાતી દુંદુભિ=એક પ્રકારનું નગારું) **अभिनभः** (આકાશને વ્યાપીને અર્થાત્ આકાશમાં) **नदन्** (વાગતી-અવાજ કરતી છતી) **जगत्त्रयाय** (ત્રણ જગતને-જગતના લોકોની આગળ) **एतत्** (આ પ્રમાણે, શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યા પ્રમાણે) **निवेदयति** (નિવેદન કરે છે-ઘોષણા-જાહેરાત કરે છે કે) **भो भोः** (આમંત્રણ અર્થમાં, હે ત્રણ જગતના લોકો !) **प्रमादं अवधूय** (પ્રમાદને, આળસને છોડીને-ખંખેરીને) **आगत्य** (આવીને) **निर्वृतिपूरीं प्रति** (નિર્વૃતિનગરની પ્રત્યે, મોક્ષનગરી તરફ જવા માટે) **सार्थवाहं** (સાર્થવાહને, માર્ગમાં લઈ જનારાઓના સ્વામી એવા) **एतं** (આમને- શ્રી પાર્શ્વનાથ પ્રભુને) **(यूयं) भजध्वम्** (તમે ભજો, આશ્રય કરો.) (૨૫)

**સરલાર્થ :** હે દેવ ! હું આ પ્રમાણે માનું છું કે, દેવો વડે વગાડાતી આપની દુંદુભિ (રૂપી પ્રાતિહાર્ય) આકાશમાં વાગતી છતી ત્રણ જગતના લોકોને આ પ્રમાણે જાહેરાત (ઘોષણા) કરે છે કે, હે ત્રણ જગતના લોકો ! તમે પ્રમાદને છોડીને (પાસે) આવીને મોક્ષનગરી (નિર્વૃતિપુરી) તરફ જવા માટે સાર્થવાહ એવા આ (પ્રત્યક્ષ) શ્રી પાર્શ્વનાથ પ્રભુનો આશ્રય કરો. (અર્થાત્ સેવા ઉપાસના દ્વારા શરણ સ્વીકારો. તેઓ ક્ષેમકુશળતાપૂર્વક તમને ત્યાં લઈ જશે.) (૨૫)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં પણ કવિએ સુંદર ઉત્પ્રેક્ષા-કલ્પના દ્વારા ૭માં દેવદુંદુભિરૂપી પ્રાતિહાર્યનું વર્ણન કરેલું છે. સુરદુંદુભિ એટલે પ્રભુ જ્યારે સમવસરણમાં દેશના આપે છે ત્યારે દેવો વડે વગાડાતી દુંદુભિ. (દુંદુભિ એક

પ્રકારનું નગારું છે.) કવિ અહીં કલ્પના કરે છે કે, પ્રભુની દેશનાના અવસરે આકાશમાં રહેલા દેવો દુંદુભિ વગાડે છે, તે પ્રભુનો પ્રાતિહાર્યરૂપ અતિશય છે. આ અતિશયનું સ્મરણ કરીને કવિ કહે છે કે, હે પ્રભુ ! આકાશમાં વાગતી એવી દેવદુંદુભિને જોઈને હું માનું છું, કલ્પના કરું છું કે જાણે આકાશમાં વાગતી આ દુંદુભિ ત્રણ જગતના લોકોને આ પ્રમાણે નિવેદન કરે છે, ઘોષણા કરે છે કે,

'હે ત્રણ જગતના લોકો ! જો તમે લોકો મુક્તિનગરી તરફ જવાની ઈચ્છાવાળા હોવ તો તમે સૌ પ્રમાદને છોડીને, પાસે આવીને મુક્તિનગરી તરફ લઈ જનારા સાર્થવાહ ✽ એવા આ જિનેશ્વરપ્રભુનો આશ્રય કરો. તેઓ તમને મુક્તિ નગર સુધી સહી-સલામતપણે લઈ જશે."

આમ, કવિએ સુંદર ઉત્પ્રેક્ષા (કલ્પના) કરી છે. વ્યવહારમાં પણ એવું દેખાય છે. ક્યાંક સરસ સંગીત વાગતું હોય ત્યારે સહજ રીતે અનેક લોકો ભેગા થઈને ટોળે વળી જાય છે. ક્યારેક ચૈત્યપરીપાટી જેવા પ્રસંગે સવારે પ્રયાણના થોડા સમય પહેલા બેન્ડ વગાડાય છે. એવા આશયથી કે, બેંડનો અવાજ સાંભળી લોકો ચૈત્યપરિપાટી અથવા સામૈયુ વગેરે પ્રસંગે જવાનો સમય થઈ ગયો છે, એમ સમજીને, પ્રમાદ છોડીને આવી પહોંચે છે. પૂર્વના કાળમાં આઠમ-ચૌદશે **સૂર્યયશા** જેવા રાજાઓ પૌષધ-ઉપવાસ વગેરે આરાધના કરાવવા પડહ વગડાવતા. કેટલાંક ગામોમાં વ્યાખ્યાનાદિ સમયે થાળી-ડંકો વગાડાતો હતો. સાંભળીને ગામના લોકો વ્યાખ્યાનનો સમય થઈ ગયો છે એવા ઉપયોગવાળા થઈને વ્યાખ્યાનમાં આવતા હતાં.

તો પછી ત્રણ જગતના નાથની દેવો દ્વારા વગાડાતી દુંદુભિની તો શી વાત કરવી ? એના પ્રભાવથી પણ અનેક લોકોનું ધ્યાન ખેંચાવા દ્વારા પ્રભુ પાસે આવવાનું થાય તે શક્ય જ છે. જો કે દેવદુંદુભિ દ્વારા પૂર્વોક્ત

---

✽ સાર્થને વહન કરે તે સાર્થવાહ કહેવાય. પૂર્વના કાળમાં એક નગરથી બીજા નગરે જતાં રસ્તામાં જંગલ વગેરે પ્રદેશ આવતો હોવાથી વન્ય પશુ, લૂંટફાટ વગેરેનો ભય રહેતો હતો. આથી વેપારી વગેરે વર્ગ સમુદાય-કાફલા સાથે જતાં, આને સાર્થ કહેવાય. અને જેઓ તેની વ્યવસ્થા કરે તેના સૂત્રધારને સાર્થવાહ કહેવાય. તેઓ સાર્થના લોકોને સહીસલામત ઈષ્ટ સ્થાને પહોંચાડતા, ભોજન-રહેઠાણની વ્યવસ્થા કરતાં. પ્રભુ મુક્તિનગર તરફ જવાની ઈચ્છાવાળા લોકો માટે સાર્થવાહ જેવા છે. કારણકે, વન્ય પશુ અને લૂંટારા જેવા રાગ-દ્વેષ, વિષય-કષાય, અહં-મમ વગેરે આંતરશત્રુઓથી રક્ષણ આપવા સમર્થ છે.

ઘોષણા-જાહેરાત એ કવિની એક કલ્પના જ છે તો પણ તે વાસ્તવિકતાથી તદ્દન દૂર નથી. એટલું જ અહીં કહેવાનો આશય છે.

અહીં શ્લોકમાં **निर्वृति** શબ્દ છે પણ **निवृति** શબ્દ નથી. **निर्वृति** શબ્દમાં **निर्** + **वृ** (વરવું) ધાતુ છે. **निवृत्ति** શબ્દમાં **नि** + **वृत्** (વર્તવું) ધાતુ છે. બન્નેયનો ભાવમાં **ति** પ્રત્યય લાગેલો છે. સામાન્યથી 'નિર્વૃતિ' એટલે શાંત થવું અને 'નિવૃત્તિ' એટલે નિવૃત્ત થવું, પાછા ફરવું-અટકવું. છંદની અપેક્ષાએ પણ **निर्वृति** શબ્દ જ ઊચિત છે. કારણકે, **निवृत्ति** શબ્દ-પાઠ લઈએ તો **वसन्ततिलका** છંદનો ભંગ થાય છે. ચોથો ગુરુ અને પાંચમો-છટ્ઠો અક્ષર લઘુ જોઈએ. આથી **निर्वृति** શબ્દ મૂકવાથી જ છંદ અખંડ રહે છે એમ જાણવું. (૨૫)

**સમાસવિચાર : निर्वृतिः एव पुरी इति निर्वृतिपुरी । तां तथा ।** (ક.ધા.) (૨) **सार्थं वहति इति सार्थवाहः ।** (ઉપપદ ત.પુ.) **तं तथा ।** (૩) **जगतां त्रय इति जगत्त्रयम् । तस्मै तथा ।** (ષ.ત.પુ.) (૪) **अभि=व्याप्य नभः (कर्मभूतं) इति** અથવા **नभसि इति अभिनभः ।** (વિભક્તિ-અવ્યયીભાવ સમાસ) (૪) **सुराणां दुन्दुभिः इति सुरदुन्दुभिः ।** (ષ.ત.પુ.) (૨૫)

**चिद्रूपानन्दमयो निःशेषोपाधिवर्जितः शुद्धः ।**
**अत्यक्षोऽनन्तगुणः, परमात्मा कीर्तितस्तज्ज्ञैः॥**
(યોગશાસ્ત્ર, પ્ર. ૭, શ્લો.૮)

**અર્થ : ચિદ્રૂપ, આનંદમય, સર્વ ઉપાધિથી રહિત, શુદ્ધ, ચર્મચક્ષુઓથી પર, અનંત ગુણ યુક્ત એવા આત્માને જ્ઞાનીઓએ પરમાત્મા કહ્યો છે.**

**ઉપક્રમ :** હવે ત્રણ છત્રરૂપ આઠમાં પ્રાતિહાર્ય-અતિશયને કહે છે -

**उद्द्योतितेषु भवता भुवनेषु नाथ !**
**तारान्वितो विधुरयं विहताधिकारः ।**
**मुक्ताकलापकलितोच्छ्वसितातपत्र-**
**व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥ २६ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे नाथ !** (હે નાથ ! હે પ્રભુ !) **भवता** (આપના વડે) **भुवनेषु उद्द्योतितेषु** (ત્રણ ભુવન / જગત પ્રકાશિત કરાયે છતે) ❁ **विहताधिकारः** (હણાઈ ગયેલી છે જગતને પ્રકાશિત કરવાનો અધિકાર= વ્યાપાર જેનો એવો) **तारान्वितः** (તારાઓ સહિત ) **विधुः अयं** (ચંદ્ર આ) **मुक्ताकलापकलितोच्छ्वसितातपत्रव्याजात्** (મોતીઓના સમૂહથી સહિત ઉચ્છ્વસિત=ઉલ્લસિત-શોભતાં એવા ત્રણ છત્રોના બહાનાથી-કપટથી-છળથી) **त्रिधा** (ત્રણ પ્રકારે) **धृततनुः** (ધારણ કરેલ છે શરીરે જેણે એવો) **ध्रुवं** (નિશ્ચિતપણે) **अभ्युपेतः** (આપનો આશ્રય કરે છે, સેવા માટે આવેલો છે.) (૨૬)

**સરલાર્થ :** હે નાથ ! (હું માનું છે કે) આપના વડે ત્રણ ભુવન પ્રકાશિત કરાયે છતે હણાઈ ગયેલ (જગતને પ્રકાશિત કરવાના) અધિકારવાળો, તારાઓથી સહિત એવો ચંદ્ર (જાણે કે) આ મોતીઓના સમૂહથી યુક્ત, ઉલ્લાસ પામતાં, શોભતા એવા ત્રણ છત્રના બહાનાથી (છળથી) ત્રણ પ્રકારે શરીર ધારણ કરીને નિશ્ચે આપનો આશ્રય કરે છે. આપની સેવા માટે આવેલો છે. (અર્થાત્ મસ્તક ઉપર આ ત્રણ છત્રો નથી પણ ત્રણ રૂપ ધારણ કરીને આવેલો પરિવારસહિત ચંદ્ર છે એમ કવિ ઉત્પ્રેક્ષા-કલ્પના કરે છે.) (૨૬)

---

❁ શ્રી કનકકુશલ ગણિવરની ટીકામાં **विहताधिकारः** ને બદલે **विहिताधिकारः** પાઠની પહેલાં સંભાવના કરીને તેનો અર્થ કહેલો છે. **विहितः अधिकारः येन स विहिताधिकारः ।** અર્થાત્ બીજા વડે પૂરો કરાયેલ વ્યાપારવાળો... પોતાનો વ્યાપાર-અધિકાર બીજાએ કરી દેવાથી પોતે વ્યાપારશૂન્ય થયો. જો કે પ્રસિદ્ધ પાઠ જ વધુ યોગ્ય છે.

**વિશેષાર્થ :** આઠમાં છત્રત્રય = ત્રણ છત્ર રૂપ પ્રાતિહાર્યનું પણ વર્ણન કવિ **ઉત્પ્રેક્ષા**-અલંકારપૂર્વક કરે છે. સમવસરણમાં પ્રભુના મસ્તક ઉપર શ્વેત વર્ણના ત્રણ છત્રો હોય છે. ચંદ્રનો પણ વર્ણ સફેદ છે. આથી કવિ સુંદર કલ્પના (ઉત્પ્રેક્ષા) કરે છે કે, હે નાથ ! આપના મસ્તક ઉપર રહેલાં આ ત્રણ છત્રો એ હકીકતમાં ત્રણ છત્રો નથી પણ ત્રણ પ્રકારે ધારણ કરેલાં શરીરવાળો ચંદ્ર જ છે.

**પ્રશ્ન :** ચંદ્રએ આમ શાથી કરવું પડ્યું ?

**જવાબ :** પ્રભુએ પોતાના કેવળજ્ઞાનના બળથી ત્રણેય જગતને પ્રકાશિત કરી દીધા છે. આથી રાત્રિએ જગતને પ્રકાશિત કરવાનો ચંદ્રનો જે અધિકાર-વ્યાપાર હતો તે ભગવાને જ નિષ્પન્ન કરી દીધો. આથી ચંદ્રનો અધિકાર હણાઈ ગયો. ચંદ્ર અધિકારરહિત થઈ ગયો. હવે શું કરવું ? પોતાનું ગૌરવ શી રીતે ટકાવવું ? એવું વિચારતાં ચંદ્રને એક સરસ ઉપાય જડી ગયો.

તેણે પોતાના તારા વગેરે પરિવાર સહિત પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્રોનું રૂપ ધારણ કરી લીધું. ચંદ્ર ત્રણ છત્ર રૂપે બન્યો. બન્નેય સફેદ છે. તેમાં તારાઓએ પણ પોતાનું સ્થાન (ગોઠવણ) કરી લીધું અર્થાત્ ત્રણ છત્રમાં જે મોતીઓના સમૂહની વિશિષ્ટ રચનાઓ છે, ઝૂમખાઓ છે તે તારાઓનું રૂપાંતર છે. આમ આવી મોતીઓના સમૂહની રચનાઓવાળા અને સુંદર-શોભાવાળા સફેદ વર્ણના ત્રણ છત્રના બહાને-છળથી-કપટથી ચંદ્ર ત્રણ શરીર બનાવીને હે પ્રભુ ! આપનો આશ્રય કરે છે, સેવા કરે છે એમ માનું છું.

અહીં કાવ્યમાં કલ્પનાને સૂચવતો કોઈ **इव** વગેરે શબ્દનો પ્રયોગ કરેલો નથી તો પણ તે શેષ જાણવો, ઉમેરવો.

આ શ્લોકનો **ફલિતાર્થ** આ પ્રમાણે છે. ભગવાને જગતને પ્રકાશિત કર્યું. તેથી ચંદ્રે વિચાર્યું કે જગતને પ્રકાશ કરવાનો જે મારો અધિકાર-વ્યાપાર છે તે ભગવાને પૂરો કરી દીધો. આથી મારું કોઈ પ્રયોજન રહ્યું નથી. આથી ત્રણ છત્રના કપટથી ત્રણ પ્રકારે શરીર બનાવીને હે પ્રભુ ! આપની સેવા કરે છે. આ પ્રમાણે 'સંભાવના' છે. આ કલ્પનાસૂચક 'સંભાવના' શબ્દનો ઉલ્લેખ ઉપા.**શ્રી સમયસુંદરગણિ** રચિત ટીકામાં કરેલો છે.

આ પ્રકારે આઠ મહાપ્રાતિહાર્યોનું આઠ શ્લોક દ્વારા વર્ણન પૂરું થયું.

આ આઠને મહાપ્રાતિહાર્ય કહ્યાં છે. અન્ય રીતે પણ પ્રભુના ચોત્રીસ અતિશયો કહેલાં છે. જેમકે, પ્રભુ પગ મૂકે ત્યાં દેવો વડે કમળ રચના થાય, પ્રભુ ચાલે ત્યારે આગળ મહેન્દ્ર ધ્વજ હોય વગેરે. પણ તેમાં આ આઠ

નજીકના અને મુખ્ય માનેલાં છે. તેનો સમાવેશ ચોત્રીસ અતિશયોમાં યથા-યોગ્ય સમજવો. (૨૬)

**સમાસવિચાર :** (૧) **ताराभिः अन्वितः इति तारान्वितः ।** (તૃ.ત.પુ.) (૨) **विशेषेण हतः अधिकारः यस्य सः विहताधिकारः ।** (બ.વ્રી.) (૩) **मुक्तानां कलापः इति मुक्ताकलापः ।** (ષ.ત.પુ.) **तेन कलितानि इति मुक्ताकलापकलितानि ।** (તૃ.ત.પુ.) **आतपात् त्रायन्ते इति आतपत्राणि** (ઉપપદ ત.પુ.) **उच्छ्वसितानि च तानि आतपत्राणि इति उच्छ्वसितातपत्राणि ।** (ક.ધા.) **मुक्ताकलापकलितानि च तानि उच्छ्वसितातपत्राणि इति मुक्ताकलापकलितोच्छ्वसितातपत्राणि ।** (ક.ધા.) **तेषां व्याजं इति मुक्ताकलापकलितोच्छ्वसितातपत्रव्याजम् । तस्मात् तथा ।** (ષ.ત.પુ.) (૪) **धृता तनुः येन स ध्रुततनुः ।** (બ.વ્રી.) (૨૬)

**उपकारिणि वीतमत्सरे वा, सदयत्वं यदि तत्कुतोऽतिरेकः ।**
**अहिते सहसाऽपराधलुब्धे, सरलं यस्य मनः सतां स धुर्यः ॥ १ ॥**

...અર્થ...

ઉપકારીને વિષે અથવા દ્વેષરહિત વ્યક્તિ ઉપર
દયા-સહિતપણું-કોમળતા જો હોય
તો તેમાં અધિકતા-મોટાઈ
શી કહેવાય ?
ખરેખર તો અહિત કરનાર અને
બળપૂર્વક (અવિચારીપણે) અપરાધ કરવામાં
આસક્ત પુરુષને વિષે જેનું મન સરળ
(દ્વેષ-વૈરભાવ વિનાનું)
રહી શકે તે સજ્જનોમાં
અગ્રેસર છે.

**ઉપક્રમ :** હવે રત્ન વગેરેથી નિર્માણ કરાયેલ ત્રણ ગઢની મધ્યમાં સ્થાન કરવા રૂપ અને દેવેન્દ્રો વડે વંદન કરવા યોગ્યપણું રૂપ લોકોત્તર બે અતિશયોને બે કાવ્યો વડે કહે છે -

**स्वेन प्रपूरितजगत्त्रयपिण्डितेन**
**कान्तिप्रतापयशसामिव संचयेन ।**
**माणिक्यहेमरजतप्रविनिर्मितेन**
**सालत्रयेण भगवन्नभितो विभासि ॥ २७ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे भगवन् !** (હે ભગવન્) **प्रपूरितजगत्त्रयपिण्डितेन** (પ્રકર્ષે કરીને ત્રણ જગત જેનાથી પૂરાયેલું છે, ભરાયેલું છે, વ્યાપ્ત થયેલું છે અને તેથી પિંડિત-પિંડરૂપે એકઠા થયેલ છે એવા) **स्वेन** (પોતાના, સ્વકીય-પાર્શ્વનાથ પ્રભુ સંબંધી) **कान्तिप्रतापयशसां** (કાંતિ, પ્રતાપ અને યશના) **संचयेन इव** (જાણે સંચય-સમૂહ-સંગ્રહ હોય એવા) **माणिक्य-हेमरजतप्रविनिर्मितेन** (માણેકરત્ન, સુવર્ણ અને રૂપા/ચાંદી વડે પ્રકર્ષે અથવા પ્રકૃષ્ટ રૂપે (ક્રમશઃ) નિર્માણ કરાયેલાં) **सालत्रयेण** (ત્રણ કિલ્લા વડે / ગઢ વડે) **अभितः** (ચારે બાજુ / સર્વ બાજુએ) **त्वं** (આપ) **विभासि** (શોભો છો.) (૨૭)

**સરલાર્થ :** હે ભગવંત ! જગત જેનાથી પ્રકર્ષે કરીને (ઘણું બધું) ભરાઈ ગયું છે, વ્યાપ્ત થયું છે અને (તેથી સ્થાનના અભાવથી) પિંડરૂપે થયેલ, પોતાના (પાર્શ્વનાથ પ્રભુના) કાંતિ, પ્રતાપ અને યશના જાણે સંચય (સમૂહ / સંગ્રહ)રૂપ હોય તેમ માણેક-રત્ન, સોનું અને રૂપા વડે પ્રકૃષ્ટ રૂપે નિર્માણ પામેલાં (બનેલાં) ત્રણ ગઢ/ કિલ્લા વડે આપ સર્વ બાજુએથી શોભો છો. (૨૭)

**વિશેષાર્થ :** કવિ આઠ પ્રાતિહાર્યના વર્ણન રૂપે સ્તુતિ કરીને હવે રત્નાદિ વડે નિર્માણ કરાયેલ ત્રણ ગઢમાં વચ્ચે બિરાજમાન થવા રૂપે અને દેવેન્દ્રોથી વંદનીય હોવા રૂપે પ્રભુની સ્તુતિ કરે છે. આ સ્તુતિમાં પરમાત્મા પાર્શ્વનાથના ઉત્કૃષ્ટ બાહ્ય વૈભવનું વર્ણન કરેલું છે. કવિ કહે છે -

હે ભગવન્ ! તમે માણેક (રત્ન), સુવર્ણ અને રૂપાથી બનેલાં, દેવો વડે નિર્માણ કરાયેલાં ત્રણ ગઢ (કિલ્લા) વડે સર્વ બાજુએથી સમસ્ત રૂપે

શોભો છો એમ સંબંધ છે.

અહીં **भगवन्** શબ્દનો પ્રયોગ છે. **भगः अस्य अस्ति इति भगवान्** (**मतु** પ્રત્યય લાગેલો છે.) '**भग**' શબ્દના ૧૪ અર્થો શાસ્ત્રમાં બતાવેલાં છે, જેમકે-

**भगोऽर्कज्ञानमाहात्म्य-यशोवैराग्यमुक्तिषु ।**
**रूपवीर्यप्रयत्नेच्छा-श्रीधर्मैश्वर्ययोनिषु ॥ १ ॥**

**અર્થ :** 'ભગ' શબ્દ (૧) સૂર્ય (૨) જ્ઞાન (૩) માહાત્મ્ય/મહિમા (૪) યશ (૫) વૈરાગ્ય (૬) મુક્તિ (૭) રૂપ (૮) વીર્ય (૯) પ્રયત્ન (૧૦) ઈચ્છા (૧૧) લક્ષ્મી (૧૨) ધર્મ (૧૩) ઐશ્વર્ય (૧૪) યોનિ એ ૧૪ અર્થમાં વર્તે છે. પ્રસ્તુતમાં સૂર્ય અને યોનિ સિવાયના બાર અર્થમાં વર્તે છે. આ ૧૨ પદાર્થ-વાળા ભગવાન કહેવાય છે.

ભગવાન ત્રણ ગઢ વડે શોભે છે એમ કહ્યું. તે ત્રણ ગઢ કેવા છે ? તો માણેકરત્ન, સુવર્ણ અને રજત વડે નિર્માણ કરાયેલાં છે. પહેલો અંદરનો નાનો ગઢ રત્નનો બનેલો છે. બીજો તેનાથી મોટો મધ્યનો ગઢ સુવર્ણમય છે અને ત્રીજો સૌથી મોટો બહારનો ભૂમિસ્થ ગઢ રજત-રૂપાથી બનેલો છે. પાર્શ્વનાથ પ્રભુનો નીલ વર્ણ હોવાથી સ્તુતિમાં પહેલો ગઢ માણિક્યરત્નથી-નીલરત્નથી બનેલ કહ્યો છે.

આ ત્રણ ગઢ વિષે કવિ સુંદર કલ્પના કરે છે. આ ત્રણ કિલ્લા કેવા છે ? કવિ કહે છે કે જાણે પોતાના-પાર્શ્વનાથ પ્રભુના ૧. કાંતિ, ૨. પ્રતાપ અને ૩. યશ એ ત્રણનો સંચય, સંગ્રહ-સમૂહ હોય એવા છે. અહીં આ ત્રણનો ત્રણ ગઢ સાથે સરસ મેળ જામે છે. (૧) પાર્શ્વનાથ પ્રભુના શરીરનો વર્ણ (કાંતિ) નીલ = લીલો છે અને પ્રથમ ગઢ પણ માણિક્ય રત્નનો બનેલો કહ્યો છે. જે નીલવર્ણી રત્ન છે. આથી તે પ્રભુના શરીરની કાંતિના (પ્રભાના) સમૂહ જેવો છે.

(૨) વળી જે બીજો ગઢ છે તે સુવર્ણમય છે, સોનાનો બનેલો છે. તે પ્રભુના પ્રતાપ જેવો છે. કવિઓના શાસ્ત્રમાં પ્રતાપને તપેલાં સુવર્ણવર્ણ જેવો કહેલો છે. (૩) ત્રીજો ગઢ ચાંદી-રૂપાનો છે. તે પ્રભુના યશના સમૂહ જેવો છે. કવિઓએ યશને સફેદ-ધોળો કહેલો છે અને રજતનો ગઢ પણ સફેદ છે. આ રીતે ત્રણ ગઢને ત્રણ કાંતિ વગેરે સાથે સરખાપણું હોવાથી ત્રણ ગઢની ક્રમશઃ ૧. કાંતિ ૨. પ્રતાપ અને ૩. યશના સમૂહ/સમુદાય રૂપે કવિએ કલ્પના

કરી છે તે યોગ્ય છે.

કવિ અહીં 'કાંતિ-પ્રતાપ-યશના સંચય/સંગ્રહ/સમૂહના બે વિશેષણો કહે છે. (૧) **स्वेन** એટલે પોતાના સ્વકીય અર્થાત્ તે કાંતિ વગેરેનો સંચય પાર્શ્વનાથ પ્રભુનો પોતાનો છે. (૨) **प्रपूरितजगत्त्रयपिण्डितेन** આ બીજું વિશેષણ છે. કાંતિ-પ્રતાપ-યશનો સંગ્રહ સમુદાય કેવો છે ? તે કહે છે-જેનાથી ત્રણે જગત સંપૂર્ણ ભરાઈ ગયા છે અને પછી પિંડરૂપે બનેલ છે. કહેવાનો ભાવ એ છે કે ત્રણ જગત ભરાઈ જવા છતાં જે બીજા વધેલાં અધિક કાંતિ-પ્રતાપ-યશ છે તેને બીજે સ્થાન નહીં મળવાથી પિંડરૂપ બનેલાં છે અને તે પિંડ એટલે સમવસરણના રત્ન, સુવર્ણ અને રૂપાના બનેલાં ત્રણ ગઢ છે.

આમ આ વર્ણન પ્રભુની ભૌતિક ઋદ્ધિની પ્રકૃષ્ટતાની પરાકાષ્ઠાને સૂચવે છે. (૨૭)

**સમાસવિચાર :** (૧) **प्रपूरितं जगत्त्रयं येन स प्रपूरितजगत्त्रयः ।** (બ.વ્રી.) **स च असौ पिण्डितश्च इति प्रपूरितजगत्त्रयपिण्डितः । तेन तथा** (ક.ધા.) (૨) **कान्तिश्च प्रतापश्च यशश्च इति कान्तिप्रतापयशांसि** (દ્વન્દ્વ) **तेषां तथा ।** (૩) **माणिक्यानि य हेम च रजतं च इति माणि यहेमरजतानि** (દ્વન્દ્વ) **तैः प्र-प्रकृष्टं प्रकर्षेण वा विनिर्मितं इति माणिक्य-हेम-रजत-प्रविनिर्मितम् । तेन तथा ।** (તૃ.ત.પુ.) (૪) **शालानां त्रयं इति शालत्रयम्** (ષ.ત.પુ.) **तेन तथा ।** (૨૭)

**येनैवाऽऽराधितो भावात् तस्याऽसौ कुरुते शिवम् ।**
**सर्वजन्तुसमस्याऽस्य न परात्मविभागिता ॥**
(યોગસાર, પ્રસ્તાવ-૧, શ્લો.૨૦)

...અર્થ...

જે મનુષ્યો આ પરમાત્માની ભાવથી આરાધના કરે છે,
તેનું તે પરમાત્મા કલ્યાણ કરે છે.
સર્વ પ્રાણીઓને વિષે સમાન
એવા આ પરમાત્માને
કોઈ પણ પોતાનું કે પરનું છે એવો વિભાગ નથી.

**ઉપક્રમ :** ભક્ત પંડિતોનું મન હંમેશ ભગવાનમાં રમે છે એમ જણાવે છે -

**दिव्यस्रजो जिन ! नमत्त्रिदशाधिपाना-**
**मुत्सृज्य रत्नरचितानपि मौलिबन्धान् ।**
**पादौ श्रयन्ति भवतो यदिवा परत्र**
**त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव ॥ २८ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन !** (હે જિનેશ્વર પ્રભુ !) **नमत्त्रिदशाधिपानां** (નમતાં-પ્રણામ કરતાં ત્રિદશોના = દેવોના અધિપતિ = સ્વામી, તેના અર્થાત્ ઈન્દ્રના) **दिव्यस्रजः** (દિવ્ય પુષ્પની માળાઓ) **रत्नरचितान् अपि** (રત્નો વડે-વૈડૂર્ય વગેરે વડે બનેલાં પણ) **मौलिबन्धान्** (મસ્તકના વિષે બંધોને અર્થાત્ મુગટોને) **उत्सृज्य** (છોડીને, ત્યાગીને) **भवतः** (આપના) **पादौ श्रयन्ति** (બે ચરણોનો આશ્રય કરે છે. દ્રષ્ટાંત કહે છે-) **यदिवा** (અથવા) **त्वत्संगमे** (આપનો સંગમ મેળાપ થયે છતે) **सुमनसः** (સારા મનવાળા પંડિતો, સજ્જનો) **परत्र** (બીજે ઠેકાણે) **न एव रमन्ते** (રમતાં નથી જ. અર્થાત્ બીજે રતિ/રાગ કરતાં નથી.)(૨૮)

**સરલાર્થ :** હે જિનેશ્વર પ્રભુ ! પ્રણામ કરતાં દેવોના અધિપતિની-ઈન્દ્રની દિવ્ય એવી પુષ્પોની માળાઓ (વૈડૂર્ય વગેરે) રત્નો વડે બનેલા મુગટોને છોડીને આપના બે ચરણોનો આશ્રય કરે છે. (દ્રષ્ટાંતથી પુષ્ટિ કરે છે-) અથવા (આ વાત યોગ્ય છે.) આપનો સંગમ થયે છતે સુમનસ્ = સારા મનવાળા (દેવો અથવા પંડિત પુરુષો-સજ્જનો આપના સિવાય) અન્ય ઠેકાણે નિશ્ચે રતિ કરતાં નથી. (આપનામાં જ રતિ કરે છે.) (૨૮)

**વિશેષાર્થ :** પરમાત્માના ભક્ત એવા ઈન્દ્રો જ્યારે પ્રભુને નમસ્કાર કરે છે ત્યારે બનતી ઘટનાને વિષે કવિ સુંદર કલ્પના કરે છે. કવિ કહે છે, હે જિનેશ્વર પ્રભુ ! જ્યારે દેવોના અધિપતિઓ-ઈન્દ્રો આપને પ્રણામ કરે છે ત્યારે મુગટમાં રહેલી દિવ્ય પુષ્પોની માળા આપના મસ્તકે રહેલાં રત્ન-જડિત એવા પણ મુગટને છોડીને આપના બે ચરણો તરફ ઢળી પડે છે. આપના બે પગનો આશ્રય કરે છે. ઈન્દ્ર નમે છે ત્યારે મસ્તકની માળા પ્રભુના ચરણો તરફ પડે છે. આ ક્રિયાને વિચારીને કવિ એને યોગ્ય ઠરાવવા સુંદર કલ્પના કરે છે કે, અથવા હે પ્રભુ ! આપનો સંગમ-મેળાપ થયે છતે સારા મનવાળા દેવો અથવા

સજ્જનો-પંડિતપુરુષો બીજે ઠેકાણે રાગ કરતાં જ નથી. કિન્તુ, જેમ ફૂલની માળાઓ રત્નજડિત પણ મુગટને છોડીને પ્રભુના ચરણો તરફ ઢળે છે તેમ દેવો-સજ્જનો પણ રાગને છોડીને આપનામાં જ રમે છે, રાગ કરે છે, આશ્રય કરે છે એમ ભાવ છે.

અહીં **सुमनस्** નામથી પુષ્પો પણ કહેવાય છે. આથી તેઓ વડે અર્થાત્ પુષ્પની માળાઓ વડે આપનો આશ્રય કરવો યોગ્ય જ છે. અહીં **सुमनस्** પ્રયોગ એ શબ્દછળ-શ્લેષ નામનો કાવ્ય-અલંકાર છે. ❀ દ્રષ્ટાંત પક્ષે-**सुमनस्** એટલે સારા મનવાળા દેવ-પુરુષ અર્થ થાય અને દાર્ષ્ટાન્તિક-મૂળ વિષયમાં **सुमनस्** એટલે પુષ્પ અર્થ લેવો.

આપનો સંગમ-સમાગમ ન થયો હોય ત્યાં સુધી ભલે બીજા પદાર્થમાં રમે, રાગ કરે. પણ આપનો સંગમ થયે, આપનો સ્પર્શ થયે છતે સારા મનવાળા-સજ્જન પુરુષો, દેવો, સમકિતી જીવો બીજે ક્યાંય રમતાં નથી. સમકિતી આત્માને પરમાત્મા ઉપર જેવો પ્રેમ હોય, રાગ હોય તેવો રાગ સંસારમાં પત્ની, પરિવાર, પૈસો વગેરે આવશ્યક ગણાતી ચીજો ઉપર પણ ન હોય. બે વાત સામસામે આવે ત્યારે આવો અભિગમ હોય. ભરત મહારાજાની સામે એક સાથે ઋષભદેવ પ્રભુનું કેવળજ્ઞાન અને ચક્રરત્નની પૂજાનું કાર્ય ઉપસ્થિત થયું ત્યારે તેઓએ ચક્રરત્નને છોડીને પહેલાં ઋષભદેવ પ્રભુના કેવળજ્ઞાનનો પૂજા-મહોત્સવ કર્યો હતો. તેની જેમ. (૨૮)

**સમાસવિચાર :** (૧) **दिव्याश्च ताः स्रजश्च इति दिव्यस्रजः ।** (ક.ધા.) (૨) **त्रिदशानां अधिपतिः इति त्रिदशाधिपतिः** (ષ.ત.પુ.) (**अन्तमुहूर्तमात्रेण बाल्यकौमारदशे व्यतीत्य अवाप्तयौवनतृतीयदशाः त्रिदशाः ।** ફક્ત એક અંતઃમુહૂર્ત સુધી બાલ્ય અને કુમારપણાની દશાને પસાર કરીને જેમણે યૌવનરૂપ ત્રીજી દશાને પ્રાપ્ત કરી છે તે ત્રિદશ કહેવાય. **तृतीया दशा येषां ते त्रिदशाः देवाः ।** દેવોને પ્રાયઃ યૌવનાવસ્થા હોય છે.) **नमन्तश्च ते त्रिदशाधिपाः इति नमत्त्रिदशाधिपाः ।** (ક.ધા.) **तेषां तथा ।** (૩) **रत्नैः रचिताः इति रत्नरचिताः । तान् तथा ।** (તૃ.ત.પુ.) (૪) **मौलिषु मौलीनां वा बन्धाः इति मौलिबन्धाः । तान् तथा** (ષ.ત.પુ.) (૫) **शोभनं मनः येषां ते सुमनसः ।** (દેવો, પુષ્પો અથવા સારા મનવાળા માણસો) (બ.વ્રી.) (૨૮)

---

❀ અથવા તો 'આપનો સંગ થયે દેવો-સજ્જનો બીજે રાગ કરતાં નથી.' એવી સામાન્ય વાત વડે વિશેષ વાતનું સમર્થન થવાથી અર્થાન્તર-ન્યાસરૂપ કાવ્ય-અલંકાર પણ જણાય છે.

**ઉપક્રમ :** હવે જિનેશ્વર પ્રભુ જેઓને પરોક્ષ રૂપે હોવા છતાં પણ જેઓ જિનેશ્વરના માર્ગનો આશ્રય કરે છે તેઓને પણ જિનેશ્વર ભવથી-સંસારથી તારે છે તે કહે છે -

**त्वं नाथ ! जन्मजलधेर्विपराङ्मुखोऽपि**
**यत्तारयस्यसुमतो निजपृष्ठलग्नान् ।**
**युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव**
**चित्रं विभो ! यदसि कर्मविपाकशून्य : ॥ २९ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे नाथ !** (હે નાથ ! યોગક્ષેમ કરનારા પ્રભુ !) **त्वं** (આપ) **जन्मजलधेः** (જન્મરૂપી, ભવરૂપી સમુદ્રથી) **पराङ्मुखः अपि** (અવળા મુખવાળા, પ્રતિકૂળ હોવા છતાં પણ) **निजपृष्ठलग्नान्** (પોતાની પૂંઠે લાગેલાં-વળગેલાં અર્થાત્ જિનેશ્વરદેવે સેવેલાં જ્ઞાનાદિ માર્ગને અનુસરનારા) **असुमतः** (અસુમાન=પ્રાણવાળા, તેઓને અર્થાત્ પ્રાણીઓને, જીવોને) **यत् तारयसि** (જે તારો છો, ભવજલથી પાર કરો છો) **(तत्** તે) **पार्थिवनिपस्य सतः** (પાર્થિવ=પૃથ્વીપતિ-રાજારૂપ સમર્થ રક્ષક છતાં એવા) **हि** (નિશ્ચિતરૂપે) **तव एव** (આપને જ ઘટે છે.) **युक्तं** (યોગ્ય છે) **हे विभो !** (હે પ્રભુ !) **इदं चित्रं** (આ આશ્ચર્યરૂપ વાત છે.) **यद्** (જે કારણથી) **त्वं कर्मविपाकशून्यः** (આપ જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના વિપાકથી = ફળ રૂપે ઉદયથી શૂન્ય-રહિત) **असि** (છો.) (૨૯)

અહીં શ્લેષ અલંકાર હોવાથી બીજો અર્થ આ પ્રમાણે થાય છે-**पार्थिव-निपस्य**નો અર્થ પૃથ્વીથી-માટીથી બનેલો ઘડો **विपराङ्मुखोऽपि निजपृष्ठ-लग्नान् असुमतः** = અવળા મુખવાળો-વિમુખ હોવા છતાં પણ પોતાની પુંઠે, પાછળના ભાગે વળગેલાં જીવોને **यत् तारयति** કર્મરૂપી જે સમુદ્રજલથી તારે છે, **तद् युक्तमेव** તે યુક્ત જ છે, યોગ્ય જ છે. (૨૯)

**સરલાર્થ :** હે નાથ ! આપ જન્મરૂપી-ભવરૂપી સમુદ્રથી વિમુખ-પ્રતિકૂળ હોવા છતાં પણ પોતાની પૂંઠે લાગેલા (અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિરૂપ જે માર્ગ વડે જિનેશ્વરપ્રભુ મોક્ષે ગયા તે માર્ગને અનુસરનારા) જીવોને જે આપ તારો છો, તે રાજા એવા સમર્થ રક્ષક છતાં આપને જ નિશ્ચે યોગ્ય છે, ઘટે છે.

હે વિભુ ! આ આશ્ચર્યરૂપ વાત છે. જે કારણથી આપ (જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના) કર્મના વિપાકથી (ફળરૂપે ઉદયથી) રહિત છો. (૨૯)

અહીં શ્લેષ હોવાથી **पार्थिवनिपस्य** વગેરેનો બીજો અર્થ આ પ્રમાણે છે - બીજો પણ જે માટીનો ઘડો હોય છે, તે પાણી ઉપર રહેલો તળિયાના ભાગે (**बुध्नतया**) અવળા મુખવાળો હોવા છતાં પોતાની પૂંઠે (તળિયાના ભાગે) વળગેલાં મનુષ્યોને તારે છે, તે યોગ્ય જ છે. પણ તે કર્મના વિપાકથી (પકવવાથી) શૂન્ય નથી. (૨૯)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિ પોતાની કવિત્વ-શક્તિનો-પ્રતિભાનો સુંદર પરિચય આપે છે. આ પદ્યમાં શ્લેષ-અલંકાર-ગર્ભિત વિરોધાભાસ અલંકાર હોવાથી તે વિશેષ શોભે છે. આમાં ખૂબ બળવાન-પ્રૌઢ કલ્પના કરી છે તે જોઈએ.

કવિ આ કાવ્યમાં એ વાત જણાવે છે કે, સ્વયં ભવસાગરથી પાર પામેલા હોવાથી પરમાત્મા પરોક્ષ છે તેમ છતાં પણ જે જીવો જિનેશ્વરે ચિંધેલા માર્ગને-સિદ્ધાંતને અનુસરે છે તેઓને પણ સંસારસાગરથી તારે છે. હે નાથ ! હે યોગક્ષેમ કરનારા પ્રભુ ! આપ જન્મરૂપી સમુદ્રથી **पराङ्मुख** છો - વિમુખ છો. અર્થાત્ જન્મરૂપી સુમદ્રને પાર પામી ચૂક્યા છો, મુક્તિનગરમાં બિરાજમાન છો. અહીં જન્મ-જલધિ શબ્દથી બહુલપણાથી (વિશાળતાના કારણે) જન્મરૂપી સમુદ્ર અર્થાત્ ભવસમુદ્ર એમ કહેલું છે. જન્મ સાથે જરા-મરણ પણ સંકળાયેલા છે. અને તેવા જન્મ-જરા-મરણાદિરૂપ સમુદ્રથી પાર પામવું ઘણું દુષ્કર છે.

છતાં હે પ્રભુ ! આપ તો ભવસમુદ્રથી પાર પામેલ હોવાથી ભવ-સમુદ્રથી **पराङ्मुख** - અવળામુખવાળા છો, વિમુખ છો. ભવ-સમુદ્રના કર્મરૂપી જલનો એક અંશ પણ આપને સ્પર્શતો નથી. તો પણ આપ આપની પૂંઠે કર્મોરૂપી વળગેલાં પ્રાણીઓને-જીવોને તારો છો, પાર ઉતારો છો. અહીં પૂંઠે વળગવું એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ જે મોક્ષમાર્ગ વડે જિનેશ્વર પ્રભુ મોક્ષને પામ્યા અને જે માર્ગ પ્રભુએ ભાખ્યો-બતાવ્યો છે, તે જ માર્ગને તે રીતે અનુસરવું. પૂંઠે વળગનાર જીવોને આપ જે તારો છો તે **पार्थिव-निपस्य सतः** = પૃથ્વીના સ્વામી, સમર્થ=અવશ્ય રક્ષક એવા આપને જ યોગ્ય છે.

**पार्थिवनिप** શબ્દનો અર્થ ખોલતાં **શ્રી કનકકુશલગણિવર**ની ટીકામાં કહ્યું છે કે **पृथिव्याः अयं स्वामी इति पार्थिवः ।** પૃથ્વીનો આ=સ્વામી તે પાર્થિવ એટલે રાજા. **नि-नितरां पाति इति निपः ।** જે અવશ્ય અથવા સર્વથા રક્ષણ કરે-દુર્ગતિથી / પાપ-દોષોથી બચાવે તે 'નિપ' કહેવાય. આ પ્રભુ રાજા અને સમર્થ રક્ષણ કરનારા છે. અથવા **पार्थिवान् नृपान् नितरां पाति इति निपः ।** રાજાઓનું અવશ્ય-સર્વથા રક્ષણ કરે તે પાર્થિવ-નિપ કહેવાય.

કહેવાનો **ભાવ** એ છે કે, હે પ્રભુ ! આપ જગતના અધિપતિ હોવાથી અને છ જીવનિકાયના જીવોનું પાલન / રક્ષણ કરનારા હોવાથી પાર્થિવ (રાજા) અને નિપ (અવશ્ય રક્ષણહાર) છો. આથી પોતાની પુંઠે લાગેલાં અર્થાત્ આપના માર્ગે ચાલનારા જીવોને જે તારો છો, તે આપને યોગ્ય જ છે.

વળી બીજો પણ જે પાર્થિવ=માટીનો બનેલો નિપ=ઘડો હોય છે તે સમુદ્રના પાણી ઉપર રહ્યો છતાં તેનો તળિયાનો ભાગ ઉપર હોય એ રીતે પરાઙ્મુખ=અવળામુખવાળો હોવા છતાં પણ પોતાની પુંઠે વળગેલાં મનુષ્યોને જલથી તારે છે. આ વાત પ્રસિદ્ધ છે. અહીં ઘડાનો જલને લાગેલાં ભાગ કરતાં અન્ય ભાગ અર્થાત્ ઉપર રહેલો તળિયાનો ભાગ તે ઘડાનો પૃષ્ઠ ભાગ સમજવો. (અહીં ઘડાનું મુખ બંધ સમજવું. જેથી અંદર પાણી ન જાય. તેથી ડૂબે નહીં. પણ અંદર રહેલાં વાયુના કારણે તરતો રહે છે અને વળગેલાને પણ તારે છે.)

હે પ્રભુ ! આપ રાજારૂપી શ્રેષ્ઠ રક્ષક છતાં પૂંઠે વળગેલાં જીવોને તારો છો, એ તો જાણે બરાબર છે, પણ આશ્ચર્ય છે કે આપ જ્ઞાનાવરણાદિ કર્મના વિપાકથી = ફળના અનુભવ સ્વરૂપ ઉદયથી રહિત છો. આપ કોઈ પણ કર્મના ઉદયથી રહિત એવી સિદ્ધાવસ્થામાં સ્થિર હોવા છતાં ય આપની પૂંઠે વળગેલાં એટલે કે આપના માર્ગે ચાલનારા ભવ્યજીવોને તારો છો, આ આશ્ચર્યરૂપ છે. પેલો બીજો પાર્થિવનિપ = માટીનો ઘડો તો કર્મના વિપાકથી સહિત છે. અહીં ઘડાના પક્ષે કર્મ એટલે કુંભારની ક્રિયા, તેના વડે કરાયેલ વિપાક એટલે ભઠ્ઠીમાં પકાવવું. તેનાથી રહિત નથી. કિન્તુ, તેવા કર્મના વિપાકથી સહિત છે. કુંભારના ચાકડા ઉપર માટીના પિંડ ઉપર કુંભાર વિશિષ્ટ ક્રિયા (પ્રયત્ન) કરે છે ત્યારે તેમાંથી ઘડો સાકાર થાય છે. પણ તે ઘડો કાચો હોય છે. તેને પછી ભઠ્ઠીમાં પકાવાય છે. ત્યારે તે પાકો બને છે અને પાણી ભરવાને લાયક બને છે. માટે ઘડો કર્મ-પાકથી સહિત છે.

અહીં અતિવૃષ્ટિથી નદીમાં આવેલાં પૂરના પાણીમાં ફસાયેલાં કે અગાસી ઉપર રહેલાં જીવોને હેલિકોપ્ટર દ્વારા નંખાયેલા દોરડાથી બચાવી લેવાય છે એ દ્રષ્ટાંત પણ વિચારવું. પ્રભુ સિદ્ધાવસ્થારૂપી હેલિકોપ્ટરમાં બેસેલાં ભવજલથી પાર છે. છતાં તેઓએ છોડેલા દોરડા રૂપી મોક્ષમાર્ગને જે જીવો પકડે છે. તેઓ બચી જાય છે.

અહીં વિરોધ-અલંકાર આ પ્રમાણે છે. સામાન્ય રીતે તારનારી વસ્તુ તેને તારે છે જે તેને અભિમુખ રહે છે. દા.ત. હોડી તારે છે તો તે તેમાં બેસનારની અપેક્ષાએ સીધી હોય છે. વળી તારનારી વ્યક્તિનો જલાદિ સાથે સંબંધ પણ હોવા જેઈએ. આપ તો ભવજલથી તરી ગયા છો. તેથી ભવજલાદિથી અવળામુખવાળા એટલે કે સાક્ષાત્ સંબંધથી રહિત છો. છતાં આપની પૂંઠે વળગેલાને અર્થાત્ આપના ચાતરેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ માર્ગને અનુસરનારા જીવોને તારો છો, તે આશ્ચર્યરૂપ છે.

જો કે આ વાતનું **સમાધાન** પ્રભુ સમર્થ રાજા હોવાથી અને ઘડાના દ્રષ્ટાંતથી થાય છે. પણ આપ કર્મના વિપાકથી-ઉદયથી રહિત હોવા છતાંય તારો છો તે આશ્ચર્યરૂપ છે. આપ નિષ્ક્રિય છતાં આપના માર્ગે ચાલનારને (વળગનારને) તારો છો તે ખરેખર આશ્ચર્યભૂત છે. પ્રભુના સર્વજ્ઞતા-વીતરાગતાદિ સ્વભાવમાં જ એવું સામર્થ્ય છે કે તેઓને અભિમુખ થનારને-વળગનાર જીવને તેઓ તારે છે. જેમ સૂર્યનો સ્વભાવ જ પ્રકાશ આપવાનો છે અને અગ્નિનો સ્વભાવ જ અભિમુખ થનારની ઠંડી ઉડાવવાનો છે ; તે માટે તેમણે કોઈ વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી. તેમ સમર્થ વીતરાગ પરમાત્માનો સ્વભાવ જ તેઓને વળગનાર-સન્મુખ થનાર જીવોને તારવાનો છે. તે માટે તેઓને કોઈ પણ કર્મક્રિયા કે ઈચ્છા કરવાની જરૂર રહેતી નથી. વળગવાની ક્રિયા તો તરવાની ઈચ્છાવાળા જીવે કરવાની છે.

અહીં **पार्थिवनिपस्य** વગેરે પદો દ્વિ-અર્થી હોવાથી શ્લેષ-અલંકાર પણ છે એમ જાણવું. (૨૯)

**સમાસવિચાર :** (૧) **जन्म एव जलधिः इति जन्मजलधिः** (ક.ધા.) **तस्मात् तथा ।** (૨) **विपराङ् मुखं यस्य स विपराङ्मुखः** (બ.વ્રી.) (૩) **असवः = प्राणाः सन्ति येषां ते असुमन्तः** (અહીં તદ્ધિતનો **मतुप्** પ્રત્યય લાગેલો છે.) (૪) **निजस्य पृष्ठः इति निजपृष्ठः ।** (ષ.ત.પુ.) **तस्मिन् लग्नाः इति**

**निजपृष्ठलग्नाः ।** (ષ.ત.પુ.) **तान् तथा ।** (અહીં **पृष्ठ**ને બદલે **पृष्ठि** એવો પણ પાઠ શ્રી કનકકુશલગણિવરની ટીકામાં દેખાય છે. એમ જાણવું.) (૫) **नितरां पाति इति निपः** (ઉપપદ ત.પુ.) **पार्थिवश्चासौ निपश्च इति पार्थिवनिपः** (ક.ધા.) અથવા **पार्थिवान् नितरां पाति इति पार्थिवनिपः ।** (ઉપપદ ત.પુ.) **तस्य** તથા (૬) **कर्मणां विपाकः इति कर्मविपाकः** (ષ.ત.પુ.) **तेन शून्यः इति कर्मविपाकशून्यः ।** (તૃ.ત.પુ.) ઘડાના પક્ષે **कर्म च विपाकश्च इति कर्मविपाकौ** (દ્વન્દ્વ) **ताभ्यां शून्यः इति कर्मविपाकशून्यः ।** (તૃ.ત.પુ.) અથવા **कर्मणा=कुम्भकारक्रियया कृतः विपाकः पचनं, तेन शून्यः इति कर्मविपाकशून्यः ।** (બે વાર તૃ.ત.પુ.) (૨૯)

**ध्यायतो विषयान् पुंसः, सङ्गस्तेषूपजायते ।**
**सङ्गात् सञ्जायते कामः, कामात्क्रोधोऽभिजायते ॥ १ ॥**

**क्रोधाद् भवति संमोहः, संमोहात् स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रशांद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥ २ ॥**

(ભાગવત ગીતા, અ.૨, શ્લોક ૬૨-૬૩)

...અર્થ...

વિષયોનું ધ્યાન કરનાર પુરુષને
તે વિષયનો સંગ (સંબંધ) ઉત્પન્ન થાય છે,
વિષયના સંગથી કામ ઉત્પન્ન થાય છે,
કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે,
ક્રોધથી સંમોહ (મૂર્ચ્છા) પેદા થાય છે,
સંમોહથી સ્મૃતિનો નાશ થાય છે,
સ્મરણના નાશથી બુદ્ધિનો નાશ થાય છે,
અને બુદ્ધિના નાશથી આત્મા નાશ પામે છે.
અર્થાત્ આત્માના ગુણો નાશ પામે છે. (૧-૨)

**ઉપક્રમ :** હવે વિરોધ-અલંકારપૂર્વક જિનેશ્વર પ્રભુના અચિંત્ય સ્વરૂપને કહે છે -

**विश्वेश्वरोऽपि जनपालक ! दुर्गतस्त्वं**
**किं वाक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश !**
**अज्ञानवत्यपि सदैव कथञ्चिदेव**
**ज्ञानं त्वयि स्फुरति विश्वविकासहेतुः ॥ ३० ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जनपालक !** (હે મનુષ્યોના પાલક, રક્ષણહાર પ્રભુ !) **त्वं** (આપ) **विश्वेश्वरोऽपि** (જગતના ઈશ્વર-સ્વામી હોવા છતાં પણ) **दुर्गतः** (દરિદ્ર છો. અહીં વિશ્વેશ્વર છતાં પણ દરિદ્ર શાથી ? આમ વિરોધ આવ્યો. અહીં સર્વત્ર **अपि** શબ્દથી વિરોધ જણાય છે. માટે તેનું સમાધાન છે - આપ વિશ્વેશ્વર છો છતાં દુર્ગત=દુઃખોથી પામી શકાય તેવા છો.) **हे ईश !** (હે નાથ !) **वा** અથવા **किं** (શાથી) **त्वं** (આપ) **अक्षर-प्रकृत्तिः अपि** (અક્ષર / વર્ણરૂપી સ્વભાવવાળા હોવા છતાં પણ) **अलिपिः** (બ્રાહ્મી વગેરે લિપિ-લેખન પદ્ધતિથી રહિત છો ? જે અક્ષર-સ્વભાવવાળા હોય તે અલિપિ શી રીતે હોય ? આથી વિરોધ છે. તેનું સમાધાન-આપ અક્ષર = અચલ અથવા મોક્ષ સ્વભાવવાળા છો તેથી અલિપિ = લેપ રહિત છો.)

**अज्ञानवति अपि** (અજ્ઞાનવાળા પણ) **त्वयि** (આપને વિષે) **सदैव** (હંમેશા, નિત્યપણે) **विश्वविकासहेतुः** (જગતનો પ્રકાશ કરવામાં કારણ-ભૂત) **ज्ञानं** (જ્ઞાન) **कथञ्चिदेव** (શાથી જ) **स्फुरति** (સ્ફુરે છે ? જે અજ્ઞાનવાળો હોય, તેમાં વિશ્વનું પ્રકાશક જ્ઞાન શી રીતે સ્ફુરે ? એમ વિરોધ છે. સમાધાન કરે છે-**अज्ञान् अवति** = અજ્ઞોને - મૂર્ખ- મૂઢ જીવોનું રક્ષણ કરતે છતે અથવા બોધ પમાડતે છતે, આપનામાં જ્ઞાન સ્ફુરે છે. આથી વિરોધ નથી. (૩૦)

**સરલાર્થ :** હે લોકોના પાલક, રક્ષણહાર પ્રભુ ! આપ વિશ્વના સ્વામી હોવા છતાં પણ દુર્ગત = દરિદ્ર છો. અહીં 'વિશ્વના માલિક છતાં દરિદ્ર' એમ **વિરોધ** આવ્યો. તેનું **સમાધાન** આ રીતે થાય-આપ વિશ્વેશ્વર હોવા છતાં દુર્ગત = એટલે 'દુઃખેથી પ્રાપ્ત કરી શકાય તેવા' છો. એટલે કે દુઃખેથી જાણી શકાય તેવા છો આમ અર્થ કરવાથી વિરોધ આવતો નથી.

અથવા હે ઈશ ! હે નાથ ! આપ અક્ષર (વર્ણ)રૂપ પ્રકૃતિવાળા/

સ્વભાવવાળા હોવા છતાં શાથી લિપિથી (અક્ષરલેખન-પદ્ધતિથી) રહિત છો ? જેઓ 'શ્રી પાર્શ્વ' એમ અક્ષર-સ્વભાવવાળા હોય તેઓ લિપિથી-અક્ષરલેખનથી રહિત શાથી હોય એમ **વિરોધ** છે. તેનું **સમાધાન** છે-આપ અક્ષર=અચલ-સ્થિર પ્રકૃતિ(સ્વભાવ)વાળા છો તેથી અલિપિ=લેપથી=કર્મરૂપ મળના સંબંધથી રહિત છો. આમ વિરોધ નથી.

(હે દેવ !) અજ્ઞાનવાળા પણ આપને વિષે હંમેશા જ જગતનો પ્રકાશ કરવામાં કારણભૂત જ્ઞાન શાથી સ્ફુરે છે ? અહીં પણ જે અજ્ઞાનવાળો હોય તેમાં શી રીતે જ્ઞાન સ્ફુરાયમાન થાય ? એમ **વિરોધ** છે. **સમાધાન** કરે છે-અહીં **अज्ञानवति** નો અર્થ અજ્ઞાનવાળા નહીં પણ **अज्ञान्** = મૂર્ખ, જડ મનુષ્યોનું **अवति** = રક્ષણ કરતે છતે અથવા પ્રતિબોધ કરતે છતે આપનામાં નિરંતર વિશ્વપ્રકાશક જ્ઞાન સ્ફુરે છે એમ અર્થ હોવાથી વિરોધ નથી. (આમ ત્રણ ઠેકાણે બે અર્થવાળા શબ્દના પ્રયોગથી એક અર્થ કરવામાં ત્રણ પ્રકારે વિરોધ ઉઠે છે અને જુદો અર્થ કરવાથી ત્રણ પ્રકારે સમાધાન થાય છે.) (૩૦)

**વિશેષાર્થ :** કવિશ્રી **સિદ્ધસેનસૂરિ** ફરી આ પદ્યમાં પોતાની અપ્રતિમ પ્રતિભા-કવિત્વશક્તિનો પરિચય આપે છે. આ કાવ્યમાં **શ્લેષ-અલંકાર** સહિત **વિરોધાભાસ** અલંકાર છે. શ્લેષ એટલે જે એક જ શબ્દ, પદ અથવા વાક્યના અનેક અર્થ થતાં હોય તેને શ્લેષ (બે અર્થનું જોડાણ) રૂપ અલંકાર કહેવાય. વળી તે બે અર્થો પૈકી એક અર્થ પરસ્પર વિરોધાભાસ ઉભો કરે છે, જ્યારે બીજો અર્થ કરવાથી વિરોધ ટળી જાય છે અને સમાધાન થઈ જાય છે. આવા શ્લેષ અને વિરોધાભાસ અલંકારની આ કાવ્યમાં હારમાળા છે, કારણકે, ત્રણ ત્રણ ઠેકાણે આ અલંકાર યોજેલો છે. આથી આ કાવ્યનો અર્થ ત્રણ વિભાગમાં સમજવાનો છે. ત્રણે ય વિભાગમાં વિરોધ અને સમાધાન થાય છે. તેમ છતાં કલ્પનાની મનોરમતા-સુંદરતામાં જરા પણ ન્યૂનતા-ઓછાશ આવી નથી એમ આ વિષયના નિષ્ણાત પ્રા. હીરાલાલ રસિકદાસ કાપડીયાએ પોતાની પર્યાલોચનામાં નોંધેલું છે.

આ કાવ્યમાં મુખ્યત્વે ભગવાનના ગુણોનું વર્ણન કરેલું છે, અને તે એ રીતે વર્ણવેલું છે કે પહેલી નજરે વિરોધ જણાય. પરંતુ પછી તેનો બીજો અર્થ કરવાથી વિરોધ દૂર થાય છે અને કાવ્ય યથાર્થ જણાય છે. જેમ કે (૧) **વિશ્વેશ્વરોऽપિ૦** એ પ્રથમ અંશમાં વિરોધ-સમાધાન આ પ્રમાણે છે-હે

હોવા છતાં પણ દુર્ગત=દરિદ્ર છો. દુર્ગતનો સીધો અર્થ દરિદ્ર થાય છે. આથી **વિરોધ** આવ્યો. અહીં સર્વત્ર **अपि** (પણ) શબ્દથી વિરોધ જણાવે છે એમ સમજવું. વિશ્વના સ્વામી છતાં દરિદ્ર શી રીતે ? ત્યારે દુર્ગતનો બીજો અર્થ છે- **दुःखेन गतः प्राप्तः इति दुर्गतः ।** દુઃખેથી જણાયેલ, પ્રાપ્ત થયેલ. આપ વિશ્વના માલિક છતાં દુઃખેથી જણાવ છો. આ રીતે અર્થ કરવાથી વિરોધ દૂર થાય છે. અને વાત સાચી પણ છે. પ્રભુ વિશ્વના નાયક હોવા છતાં ય તેઓને યથાર્થ રીતે જાણવા સરળ નથી. પરમાત્માની પ્રતિમાના દર્શન કરનારાઓ-માંથી પ્રભુની વીતરાગતાના, અચિંત્ય કરુણાના, તારકતાના, એકમેવ શરણ્યતાના, અચિંત્ય શક્તિ સંપન્નતાના દર્શન કેટલાંને થતાં હશે ? માટે પ્રભુ દુર્ગત=દુઃખેથી જાણી શકાય, પામી શકાય તેવા છે.

અહીં **શ્રી કનકકુશલ ગણિવર**ની ટીકામાં **दुर्गतः** શબ્દનો અર્થ 'સંસારથી' એમ કરેલો છે. **दुःखेन गम्यते उल्लङ्घ्यते इति दुर्गः संसारः । तस्मात् इति दुर्गतः ।** દુઃખેથી જવાય-ઓળંગાય તે 'દુર્ગ' એટલે સંસાર. તેનાથી... આનો આ પ્રમાણે **ફલિતાર્થ** થાય છે કે, 'હે દુર્ગથી=સંસારથી જનના (મનુષ્યના) પાલક ! રક્ષણહાર ! આપ વિશ્વેશ્વર પણ છો.' જો કે પ્રથમ અર્થ વધુ સારો છે. અથવા બીજી રીતે વિરોધનું ભંજન કરે છે. 'જનપાલકદુર્ગત' નો બીજો અર્થ છે, હે જનપ ! **जनान्** = જનોને **प** = રક્ષનારા, (**जनान् पाति इति जन+प=जनप**) આમ 'જનપ' શબ્દ છૂટો પડવાથી **अलकदुर्गतः** શબ્દ બાકી રહે છે. 'અલક' એટલે કેશ, વાળ. તેનાથી દુર્ગત-એટલે રહિત છો. આમ **जनपालकदुर्गतस्त्वम्** નો અર્થ છે 'હે જનોના પાલનહાર ! આપ કેશથી રહિત છો.' દીક્ષાના ગ્રહણ પછી પ્રભુના કેશની વૃદ્ધિ થતી નથી એ વાત પ્રસિદ્ધ છે.

(૨) **किं वाक्षर०** ઈત્યાદિ બીજા અંશમાં વિરોધ-સમાધાન કહે છે-'હે ઈશ ! આપ અક્ષર-પ્રકૃતિવાળા-અક્ષર (વર્ણ) સ્વભાવવાળા હોવા છતાં અલિપિ=અક્ષર-લેખનપદ્ધતિ રૂપ લિપિથી રહિત છો'. એમ બીજો **વિરોધ** આવે છે. જે **શ્રી પાર્શ્વ'** એમ અક્ષર-સ્વરૂપ હોય તે લિપિ વિનાના શી રીતે હોય ? કેમકે લિપિ અક્ષર સ્વરૂપ જ હોય છે. જુદો અર્થ કરીને **સમાધાન** કરે છે-આપ અક્ષર=એટલે જે ક્ષરે નહીં, જેનું પતન-ચલન ન થાય તે અક્ષર એટલે સ્થિર-અચલ અથવા અક્ષર એટલે મોક્ષ. હે ઈશ ! આપ અક્ષર-સ્થિર-અચલરૂપ અથવા મોક્ષરૂપ સ્વભાવવાળા હોઈને અલિપિ એટલે કર્મરૂપી

મેલના લેપથી-સંસર્ગથી રહિત છો. (મોક્ષમાં ગયેલા આત્માઓ અક્ષર-સ્થિર સ્વભાવવાળા હોય છે અને કર્મરૂપ મેલથી લેપાતાં નથી.)

(૩) **अज्ञानवत्यपि** - આ ત્રીજા અંશમાં પણ **વિરોધ-સમાધાન** આ રીતે છે - હે પ્રભુ ! આપ અજ્ઞાનવાળા હોવા છતાં પણ નિરંતર આપનામાં વિશ્વનો પ્રકાશ કરનારું જ્ઞાન શાથી સ્ફુરે છે ? પ્રગટ થાય છે ? અજ્ઞાનવાળા અને છતાં વિશ્વપ્રકાશક જ્ઞાનવાળા હોવું તે **વિરોધી** છે. આથી વિરોધને દૂર કરવા માટે બીજો યથાર્થ અર્થ કરે છે - **अज्ञान्** + **अवति** એમ બે પદો છે. **अज्ञान्** એટલે અજ્ઞ-મૂર્ખ-બાળ જીવોને, **अवति**=બોધ પમાડનાર અથવા રક્ષણ કરનાર એવા આપનામાં વિશ્વને પ્રકાશિત કરવામાં કારણભૂત જ્ઞાન સદા પ્રગટે છે. આમ બોધ પમાડવું (રક્ષવું) અને જ્ઞાન સ્ફુરવું એ બે વચ્ચે કોઈ વિરોધ નથી.

આ પ્રમાણે સમગ્ર શ્લોકમાં ત્રણ ઠેકાણે શ્લેષ-અલંકાર ગર્ભિત વિરોધાભાસ અલંકારપૂર્વક પ્રભુની સ્તુતિ કરેલી છે તે ખૂબ જ મનોહર છે. અને સહૃદયી વિદ્વાનોના ચિત્તને ચમત્કૃત કરનારી છે. (૩૦)

**સમાસવિચાર** : (૧) **विश्वस्य ईश्वरः इति विश्वेश्वरः** । (ષ.ત.પુ.) (૨) **जनान् पालयति इति जनपालः । जनपाल एव जनपालकः** । (ઉપપદ ત.પુ. પછી સ્વાર્થમાં **क** પ્રત્યય) **तत्संबोधनं हे जनपालक !** અથવા **जनान् पाति इति जनपः** । (ઉપ.ત.પુ.) **तस्य सम्बोधनं हे जनप!** પછી **अलकैः (केशैः) दुर्गतः–रहितः इति अलकदुर्गतः** । (તૃ.ત.પુ.) (૩) **दुःखेन गम्यतेस्म (गतः) प्राप्तो वा इति दुर्गतः** । (ત.પુ.) (૪) વિરોધ પક્ષે-**अक्षराणां प्रकृतिः यत्र स अक्षरप्रकृतिः** । સમાધાન પક્ષે-**न विद्यते क्षरः पतनं यस्याः सा अक्षरा** । (બ.વ્રી) **अक्षरा (अपतनरूपा) प्रकृतिः यस्य स अक्षरप्रकृतिः** । અથવા **अक्षरं = मोक्षः एव प्रकृतिः यस्य स तथा** । (બ.વ્રી. ) (૫) (વિરોધપક્ષે) **न विद्यते लिपिः यस्य स अलिपिः** । (બ.વ્રી) (સમાધાન) **न विद्यते लिपिः लेपः = कर्मसंयोगः यस्य स अलिपिः** । (૬) (વિરોધપક્ષે) **अज्ञानं विद्यते यस्य असौ अज्ञानवान्** (તદ્ધિત **मतुप्** પ્રત્યય) (સમાધાનપક્ષે) (નઞ્ ત.પુ.) **अज्ञान् = मूर्खान् ज्ञानरहितान् जनान् अवति = प्रतिबोधयति रक्षति वा त्वयि** । અહીં સમાસ નથી કિન્તુ પદોના વિભાગની સમજ માટે કહેલું છે. **जनन्ति इति ज्ञाः । न ज्ञाः इति अज्ञाः तान्** । (૩૦)

**ઉપક્રમ :** હવે કવિ જિનેશ્વર પ્રભુની જેઓ અવજ્ઞા કરે છે, તે અવજ્ઞા ભગવાનને વિષે નિષ્ફળ બનીને અવજ્ઞા કરનારાઓના જ દુઃખ માટે થાય છે. આ વાત કમઠના દષ્ટાંતથી ત્રણ કાવ્ય વડે જણાવે છે -

**प्राग्भारसंभृतनभांसि रजांसि रोषा-**
**दुत्थापितानि कमठेन शठेन यानि ।**
**छायापि तैस्तव न नाथ ! हता हताशो**
**ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ॥ ३१ ॥**

**અન્વય+શબ્દાર્થ :** **हे नाथ !** (હે નાથ ! પ્રભુ !) **शठेन** (માયાવી-મૂર્ખ) **कमठेन** (કમઠાસુર-મેઘમાળી વડે) **प्राग्भारसम्भृतनभांसि** (સમસ્તપણે ભરાઈ ગયું છે, વ્યાપ્ત થયું છે ગગન જેના વડે એવી) **रजांसि** (જે ધૂળો, ધૂળની ડમરીઓ) **रोषाद्** (રોષથી, દ્વેષથી) **उत्थापितानि** (પ્રગટ કરેલી, ઉછાળેલી) **तैः** (તે ધૂળ વડે) **तव छाया अपि** (આપની છાયા/કાન્તિ/શોભા પણ) **न हता** (હણાઈ નથી, પરાભવ પામી નથી) **तु** (વળી) **परं** (કેવળ, ફક્ત) **अमीभिः** (આ ધૂળ વડે અર્થાત્ કર્મરૂપ રજ વડે) **अयमेव** (આ જ - તે પોતે જ) **हताशः** (હતાશ થયેલો) **दुरात्मा** (ખરાબ આત્મા) **ग्रस्तः** (વ્યાપ્ત થયો અર્થાત્ કર્મધૂળથી અવગુંઠિત થયો, રગદોળાયો.) (૩૧)

**સરલાર્થ :** હે નાથ ! માયાવી કમઠાસુર વડે સમસ્તપણે વ્યાપ્ત થયું છે આકાશ જેનાથી એવી જે ધૂળો પ્રગટ કરેલી, વિકુર્વેલી, તેનાથી (અવગુંઠન તો દૂર રહો) આપની છાયા-કાન્તિ (શોભા) પણ હણાઈ નથી. વળી, ફક્ત આ ધૂળ વડે અર્થાત્ કર્મોરૂપી ધૂળ વડે આ જ હતાશ થયેલો ખરાબ આત્મા ગ્રસ્ત થયો, વ્યાપ્ત થયો. (૩૧)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં કવિ અધિકૃત ભગવાન **શ્રી પાર્શ્વનાથ પ્રભુ** સંબંધી **દ્રષ્ટાંત** દ્વારા જણાવે છે કે, જેઓ શ્રી જિનેશ્વર પ્રભુની અવજ્ઞા કરે છે, તેનાથી ભગવાનનું કાંઈ પણ બગડતું નથી, કિન્તુ બગાડનારના-અવજ્ઞા કરનારના જ દુઃખ માટે થાય છે. પ્રભુ તો વીતરાગ-સર્વજ્ઞ-નિરંજન-નિરાકાર હોઈને અથવા તેવા સ્વરૂપની પ્રાપ્તિ માટે કટિબદ્ધ હોવાથી પ્રભુનું કાંઈ

પણ બગડતું નથી. કિન્તુ, કર્મક્ષય થાય છે. જેઓ અવજ્ઞા કરે છે તેઓને નુકસાન થાય છે. તેઓ કર્મોથી લેપાય છે. આ વાત જણાવીને કવિએ પ્રભુ પ્રત્યેની પોતાની ભક્તિને જ પ્રદર્શિત કરી છે. એટલું જ નહીં પણ આ કાવ્યમાં પ્રભુ પ્રત્યેની ખુમારીનો પણ રણકાર રણઝણતો જણાય છે.

હવે શ્લોકના અર્થનો વિચાર કરીએ- હે નાથ ! કમઠાસુર વડે આખું ય આકાશ જેનાથી ભરાઈ જાય એવી જે ધૂળની ડમરીઓ આપની તરફ ઉડાડી, પરંતુ, તેનાથી આપ લેપાયા તો નહીં કિન્તુ આપની છાયા એટલે કાંતિ અથવા શોભામાં પણ ઝાંખપ ન આવી, પરાભવ ન પામી. ઉલટું આથી હતાશ થયેલ તે કમઠાસુર પોતે કર્મરૂપી ધૂળથી વ્યાપ્ત થયો. અહીં **તાત્પર્ય** એ છે કે, વાયુથી/ વાવાઝોડાથી પ્રેરાઈને ઉઠેલી ધૂળની ડમરીઓ સૂર્યના પ્રકાશનેપણ હણે છે, ઝાંખો કરે છે. અથવા સૂર્યને આચ્છાદિત કરે છે. જ્યારે આ ધૂળના સમૂહથી તો આપની કાંતિ પણ ન હણાઈ, રજ વડે અવગુંઠિત થવાની વાત તો દૂર રહી. અહીં કમઠ એટલે મેઘમાળી અર્થ સમજવો. કારણકે, મેઘમાળી નામના અસુરનિકાયના દેવે આ ઉપદ્રવ કરેલો. કમઠ તો પૂર્વભવનું નામ છે.

આમ, પોતાનું જ અહિત થતું હોવાથી પરમાત્માની ક્યારેય અવજ્ઞા-આશાતના ન કરવી એમ ભાવ છે. જેમ ચંદ્ર ઉપર કોઈ દ્વેષથી પત્થર નાંખે તો ચંદ્રને વાગવાને બદલે પાછો પડેલો પત્થર પોતાને જ નુકસાન કરી શકે છે, તેમ પ્રભુનો અવર્ણવાદ-અવજ્ઞા કરનાર પણ આત્માનું- પોતાનું જ અહિત કરનારો હોવાથી અવજ્ઞા વગેરે ન જ કરવા જોઈએ, એમ ભાવ છે. પ્રભુની આશાતનાથી ઘણો દીર્ઘ કાળ સંસાર ચલાવે એવું ઘોર મિથ્યાત્વ બંધાય છે. કોઈપણ નાના પણ જીવની આશાતના - અવજ્ઞાથી પાપ કર્મનો બંધ થાય છે. તો દેવ-ગુરુની આશાતનાની તો વાત જ શી કરવી ? માટે તે સર્વથા ત્યાજ્ય છે. આ જ રીતે પરમાત્માનો કોઈ ગુણાનુવાદ કરે, પૂજા વગેરે કરે તો પરમાત્મા તો વીતરાગ હોવાથી તેમને કોઈ ફરક પડતો નથી. પરંતુ, ભક્તિ-ગુણાનુવાદ કરનારને પોતાના પાપોના નાશનો અને પુણ્યાનુબંધી પુણ્યના ઉપાર્જનનો અમૂલ્ય લાભ થાય છે. પૂજ્યોની આશાતના એ જ મિથ્યાત્વ (અશ્રદ્ધા, અજ્ઞાન) છે, અને પૂજ્ય-પુરુષો પ્રત્યે બહુમાનભાવ, ઔચિત્યપૂર્ણ આચરણ, વિનય એ જ સમ્યક્ત્વ (શ્રદ્ધા, સાચુ જ્ઞાન) છે.

બિનસાંપ્રદાયિકતા-ધર્મનિરપેક્ષતાના નામે અંગ્રેજોએ અને આજના શિક્ષણે પૂજ્ય-પુરુષો પ્રત્યે બહુમાનને બદલે ઘૃણા-તિરસ્કાર પેદા કર્યો છે. તેઓને પછાત, જૂનવાણી, અંધશ્રદ્ધાળુ માનવા પ્રેર્યા છે. અને પોતાને આધુનિક, સુધરેલાં, જમાના પ્રમાણે વર્તનારા તરીકે ગણાવ્યા છે. જે ખૂબ દુઃખદ બાબત છે. (૩૧)

**સમાસ-વિચાર :** (૧) **प्राग्भारेण (आधिक्येन सामस्त्येन) सम्भृतः इति प्राग्भारसम्भृतम्** । (તૃ.ત.પુ.) **प्राग्भारसम्भृतं नभः यैः तानि प्राग्भार-सम्भृतनभांसि** । (બ.વ્રી.) (૩૧)

**आत्मौपम्येन सर्वत्र, दयां कुर्वीत मानवः ।**
**अपकारिणि चेत् कोपः, कोपे कोपः कथं न ते ? ॥ १ ॥**
(પારાશરસંહિતા, પ્ર. ૨, શ્લોક. ૧૦૩)

...અર્થ...

મનુષ્યે પોતાની જ ઉપમા વડે અર્થાત્ પોતાના આત્માની જેમ સર્વ પ્રાણીને જાણીને સર્વત્ર દયા કરવી. જો કદાચ 'અપકાર કરનારા ઉપર કોપ કરાય છે' એમ કહો તો કોપ ઉપર જ કોપ કેમ ન કરવો ? (કોપ જ મોટો અપકારી છે માટે તેના ઉપર કોપ કરવો ઉચિત છે.)

**क्रोधः परितापकरः सर्वस्योद्वेषकारकः क्रोधः ।**
**वैरानुषङ्गजनकः क्रोधः क्रोधः सुगतिहन्ता ॥ १ ॥**
(પ્રશમરતિ, શ્લોક. ૨૬)

...અર્થ...

ક્રોધ સંતાપને કરવાવાળો છે, ક્રોધ બધાને ઉદ્વેગ કરવાવાળો છે.
ક્રોધ વૈરયુક્ત સંબંધને ઉત્પન્ન કરનારો છે અને
ક્રોધ સદ્ગતિનો નાશ કરનારો છે. (૧)

**ઉપક્રમ :** પૂર્વવત્

**यद् गर्जदूर्जितघनौघमदभ्रभीमं**
**भ्रश्यत्तडिन्मुशलमांसलघोरधारम् ।**
**दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे**
**तेनैव तस्य जिन ! दुस्तरवारिकृत्यम् ॥ ३२ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिन** ! (હે જિનેશ્વર ! હે વીતરાગ !) **अथ** (વળી) **दैत्येन** (કમઠ નામના અસુર, મેઘમાળી વડે) **गर्जदूर्जितघनौघं** (ગર્જના ગર્જારવ કરતાં ઊર્જિત-પ્રબળ વાદળોનો સમૂહ છે જેમાં તથા) **अदभ्रभीमं** (અત્યંત ભયંકર) **भ्रश्यत्तडित्** (જેમાંથી વિજળી પડી રહી છે એવું) **मुसलमांसलघोरधारं** (મુશળ=સાંબેલું, તેના જેવી માંસલ અર્થાત્ અતિ-પુષ્ટ ઘોર-રૌદ્ર ધારા/પ્રવાહ છટા છે જેમાં એવું) **यद्** (જે) **दुस्तरवारि** (દુઃખેથી તરી શકાય તેવું અસહ્ય ઘણું પાણી) **मुक्त** (મૂક્યું, આપના તરફ છોડ્યું) **तेनैव** (તેના વડે જ, તે દુસ્તર પાણી વડે જ) **तस्य** (તેને, કમઠને) **दुस्तरवारिकृत्यम्** (દુષ્ટ તરવારિ=ખડ્ગ, તલવાર, તેનું કૃત્ય/કાર્ય) **दध्रे** (ધારણ કર્યુ અર્થાત્ કરાયું.) (૩૨)

**સરલાર્થ :** હે જિનેશ્વર ! હે વીતરાગ પ્રભુ ! વળી કમઠ વડે ગર્જારવ કરતાં પ્રબળ વાદળોના સમૂહવાળું, અત્યંત ભયંકર, જેમાંથી વિજળી પડી રહી છે એવું તથા સાંબેલા જેવી અતિપુષ્ટ રૌદ્ર ધારાવાળું, દુઃખેથી તરી શકાય એવું અસહ્ય-અત્યંત ઘણું જે પાણી આપના તરફ છોડાયું, તે દુસ્તર પાણી વડે જ તે કમઠને દુષ્ટ તલવાર (ખડ્ગ) નું કાર્ય કરાયું. (અર્થાત્ દુષ્ટ તલવાર જેમ પોતાના જ ઘાત માટે થાય તેમ તેણે છોડેલું દુસ્તર પાણી પોતાના સાંસારિક દુઃખનું કારણ બનવાથી આત્માના ઘાત માટે થયું.) (૩૨)

**વિશેષાર્થ :** આ પદ્યમાં છદ્મસ્થ અવસ્થામાં પાર્શ્વનાથ પ્રભુને કમઠ-મેઘમાળી દ્વારા જલ-ઉપસર્ગ કરાયો તેનું વર્ણન છે. અહીં દુસ્તરવારિ=દુઃખેથી તરી શકાય એવું પાણી **मुक्तम्** છોડ્યું એમ અન્વય (સંબંધ) છે. શેષ વિશેષણો દુસ્તર-વારિના છે. કેવું હતું તે પાણી ?

(૧) **गर्जदूर्जित०** ગર્જના કરતાં પ્રબળ વાદળોના સમૂહો જેમાં છે, અર્થાત્ તેવા વાદળોના સમૂહ દ્વારા તે પાણી છોડાયેલું છે. (૨) **अदभ्रभीमं** તે પાણી અત્યંત ભયંકર છે. અહીં શ્રી કનકકુશલ ગણિવરની ટીકામાં **अदभ्रभीम** નો સંબંધ સીધો પાણી સાથે કરેલો નથી, પરંતુ વાદળોમાંથી પડતી વિજળી સાથે કરેલો છે. આથી **अदभ्रभीमभ्रश्यतडित्** એમ પાઠ હોવાથી આ પ્રમાણે અર્થ છે,-'અત્યંત ભયંકર પડતી વિજળી છે જેમાં એવું તે પાણી છે.' (૩) **भ्रश्यत्तडित्** ભ્રષ્ટ થતી - વાદળોમાંથી પડતી વિજળી જેમાં છે (૪) **मुसलमांसल० मुशल** અથવા **मुसल** બંનેય પ્રયોગ ચાલે. અભિધાન કોષમાં **मुषल** શબ્દ પણ કહેલો છે. મુસલ એટલે સાંબેલું, ગદા. એના જેવી માંસલ એટલે અત્યંત પુષ્ટ-ઘટ્ટ, ઘોર=રૌદ્ર ધારા છે જેમાં એવું પાણી છોડાયું છે.

કવિ તેવા ભયાનક પાણી છોડવાનું ફળ બતાવે છે. તે પાણીના પૂર હકીકતમાં તેને છોડનાર મેઘમાળી-અસુરનિકાયના દેવ માટે જ **'दुस्तर-वारिकृत्य'** થયું અર્થાત્ ખરાબ-દુષ્ટ તલવારના કાર્ય જેવું થયું. ખરાબ તલવાર હોય તો પોતાના જ ઘાત માટે થઈ શકે છે તેમ કમઠ વડે જે પાણી છોડાયું-પ્રભુ પાર્શ્વનાથને ઉપસર્ગ કરવા-તે પાણી પોતાના જ ઘાત માટે થયું. અર્થાત્ તેનાથી એને સાંસારિક અનેક છેદનાદિ દુઃખનું કારણ બનવાથી પોતાના જ ઘાત માટે થયું. આ રીતે પણ પ્રભુની અવજ્ઞા કરનારને પોતાને જ નુકસાન થાય છે એમ જણાવ્યું છે.

આ કાવ્યમાં ૩જા અને ૪થા ચરણમાં જે બે વખત જુદા જુદા અર્થમાં **'दुस्तरवारि'** શબ્દનો પ્રયોગ છે. તે 'યમક' રૂપ કાવ્ય-અલંકાર છે. કેમકે 'યમક'નું લક્ષણ છે કે કાવ્યના પાદમાં અથવા પાદના એક ભાગમાં અર્થવાળા અને ભિન્ન અર્થવાળા વર્ણોની (અક્ષરોની એક,બે અથવા ઘણા વર્ણોની) સ્વરસહિત વ્યંજનોની આવૃત્તિ થવી તે **યમક** કહેવાય. **सत्यर्थेऽ-न्यार्थानां वर्णानां श्रुतिक्रमैक्ये यमकम्।** (કાવ્યાનુ. ૫/૩) અર્થાત્ તે વર્ણોનું શ્રવણ અને ક્રમ એક સરખો હોય તો તે યમક કહેવાય. અન્ય શ્લોકોમાં પણ આ પ્રમાણે 'યમક' અલંકાર સમજવો. (૩૨)

**સમાસવિચાર :** (૧) **गर्जन्तः ऊर्जिताः घनौघाः यत्र तत् गर्जदूर्जित-घनौघाः।** (અનેકપદ બ.વ્રી.) **घनानां ओघाः इति घनौघाः।** (ષ.ત.પુ.) (૨)

अदभ्रं च तद् भीमं च इति अदभ्रभीमम् । (ક.ધા.) (૩) भ्रश्यन्त्यः तडितः यत्र तत् भ्रश्यत्तडित् । (બ.વ્રી.) (૪) मुसलवद् मांसलाः घोराः धाराः यत्र तत् मुसलमांसलघोरधारम् । (અનેકપદ બ.વ્રી) (૫) दुःखेन तीर्यते इति दुस्तरम् । (ઉપપદ ત.પુ.) અથવા दुस्तरं च तद् वारि च इति दुस्तरवारि । (ક.ધા.) (૬) दुर्-दुष्टा तरवारिः (खड्गः) इति दुस्तरवारि । (ક.ધા.) तस्य कृत्यं इति दुस्तरवारिकृत्यम् । (ષ.ત.પુ.) (૩૨)

**न तथा सुमहार्घैरपि, वस्त्राभरणैरलङ्कृतो भाति ।**
**श्रुतशीलमूलनिकषो विनीतविनयो यथा भाति ॥ १ ॥**

(પ્રશમરતિ, શ્લોક ૬૭)

...અર્થ...

શ્રુત અને શીલની મુખ્ય કસોટી રૂપ વિનય વડે નમ્ર બનેલો પુરુષ જેવો શોભે છે તેવો મહામૂલ્યવાળા પણ વસ્ત્રો અને આભરણોથી વિભૂષિત થયેલો પુરુષ શોભતો નથી.

**विनयायत्ताश्च गुणाः सर्वे विनयश्च मार्दवायत्तः ।**
**यस्मिन्नमार्दवमखिलं स सर्वगुणभाक्त्वमाप्नोति ॥ १ ॥**

(પ્રશમરતિ, શ્લોક ૧૬૯)

...અર્થ...

સર્વે ગુણો વિનયને આધીન છે અને વિનય મૃદુતાને આધીન છે. આથી જેમાં સંપૂર્ણ મૃદુતા વસી છે તે સર્વગુણસંપન્ન થાય છે.
(એટલે કે શ્રેષ્ઠ વિનય મેળવવાનો ઉપાય મૃદુતા-નિરાભિમાનતા છે.)

**ઉપક્રમ :** પૂર્વવત્

> **ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड-**
> **प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः ।**
> **प्रेतव्रजः प्रति भवन्तमपीरितो यः**
> **सोऽस्याभवत् प्रतिभवं भवदुःखहेतुः ॥ ३३ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे प्रभो !** હે પ્રભુ ! **दैत्येन**=કમઠ-મેઘમાળી અસુર વડે) **ध्वस्तोर्ध्वकेश** – (નીચે-લટકતાં, વિખરાયેલાં લાંબા કેશવાળા) **विकृताकृति** (વિકૃત, વિરૂપ, રૌદ્ર, બિભત્સ આકૃતિવાળા) **मर्त्यमुण्डप्रालम्बभृद्** (મનુષ્યોના મસ્તકોના/ડોકાઓના લટકતાં હારને ધારણ કરનાર) **भयद**– (ભય આપનાર, ભયંકર) **वक्त्रविनिर्यदग्निः** (જેના મુખમાંથી અગ્નિ નીકળે છે એવો) **यः** (જે) **प्रेतव्रजः अपि** (પ્રેતનો, દૈત્યનો, પિશાચનો સમૂહ પણ) **भवन्ति प्रति** (આપની તરફ) **ईरितः** (પ્રેરાયો, વિકુર્વીને ઉપસર્ગ કરવા છોડાયો) **स** (તે) **अस्य** (આને, કમઠાસુરને, મેઘમાળીને) **प्रतिभवं** (દરેક ભવે, ભવે ભવે) **भवदुःखहेतुः** (ભવના, સંસારના દુઃખનું કારણ) **अभवत्** (બન્યો, થયો.) (૩૩)

**સરલાર્થ :** (હે પ્રભુ ! કમઠાસુર વડે) નીચે લટકતાં વિખરાયેલાં ઊંચા કેશ-વાળા, રૌદ્રપણાથી વિકૃત (બિભત્સ) આકૃતિવાળા, માનવોના મસ્તકોના હારને ધારણ કરનારા, ભયંકર તથા જેઓના મુખમાંથી અગ્નિ નીકળી રહ્યો છે એવા જે પ્રેતોનો (પિશાચોનો) સમુદાય (વિકુર્વીને) આપની તરફ પ્રેરેલો, છોડેલો તે પ્રેતસમૂહ આ કમઠાસુરને ભવે ભવે સંસારના દુઃખનું કારણ બન્યો. (ટૂંકમાં જે આપની અવજ્ઞા કરે છે તે પોતાને જ દુઃખની ગર્તામાં નાંખે છે.) (૩૩)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં પણ કવિ ભય ઉત્પન્ન કરનાર ઉપસર્ગને વર્ણવીને કહે છે કે, સમર્થ પ્રભુની જેઓ અવજ્ઞા કરે છે તેઓ પોતાને દુઃખની પરંપરામાં નાંખે છે.

અહીં કમઠ દ્વારા જે પ્રેતનો=ભૂત-પિશાચનો સમૂહ પ્રભુ તરફ મોકલાયો

તેનું વર્ણન પાંચ વિશેષણોથી કરેલું છે. તે ભૂત-પ્રેતના સમૂહના (૧) કેશ નીચે લટકતાં - વિખરાયેલાં ઊંચા છે. (૨) આકાર-દેખાવ બિભત્સ-રૌદ્ર છે. ઉપા.સિદ્ધિચંદ્રજી મ.સા.ની ટીકામાં પ્રથમ બે વિશેષણોનો સંબંધ મર્ત્ય (મનુષ્ય) સાથે કરેલો છે, પરંતુ પ્રેતવ્રજ સાથે અન્વય કરવો વધુ ઉચિત લાગે છે. (૩) જેણે મનુષ્યના મસ્તકની-ખોપરીની લાંબી માળા ગળામાં ધારણ કરી છે. (૪) જેઓ ભય આપનારા-ભયંકર છે. (૫) તેઓના મુખમાંથી અગ્નિ નીકળી રહ્યો છે. આવા પ્રકારનો પ્રેતનો સમૂહ પ્રભુ સમક્ષ વિકુર્વીને મોકલ્યો તો પણ પ્રભુ અભય જ રહ્યા અને તેને મોકલનારને જ પ્રત્યેક ભવે સંસારના દુઃખનું કારણ બન્યો. અર્થાત્ એવો કર્મબંધ થયો જેથી અનેક ભવો સુધી દુઃખ ભોગવવું પડે. કારણકે તીર્થંકરની આશાતના અનંત દુઃખદાયી સંસારની વૃદ્ધિનું કારણ બને છે. સિવાય કે તેનો તીવ્ર પશ્ચાતાપ-પ્રાયશ્ચિત કરેલું હોય.

આ કાવ્યમાં પણ યમક-અલંકાર છે. કેમકે, ત્રીજા ચરણમાં **प्रति भवन्तं** છે, તેનો જ અંશ ચોથા ચરણમાં **प्रतिभवं** એ પ્રમાણે દોહરાય છે. (૩૩)

**સમાસવિચાર :** (૧) **ध्वस्ताः ऊर्ध्वकेशाः यस्य स ध्वस्तोर्ध्वकेशः ।** (બ.વ્રી) **ऊर्ध्वं केशाः इति ऊर्ध्वकेशाः ।** (**नाम नाम्ना०** (સિ.હે. ૩-૧-૧૮) સૂત્રથી સમાસ) (૨) **विकृता आकृतिः यस्य स विकृताकृतिः ।** (બ.વ્રી.) (૩) **मर्त्यानां मुण्डानि इति मर्त्यमुण्डानि ।** (ષ.ત.પુ) **मर्त्यमुण्डानां प्रालम्बः इति मर्त्यमुण्डप्रालम्बः ।** (ષ.ત.પુ.) **तं बिभर्ति इति मर्त्यमुण्डप्रालम्ब-भृद् ।** (ઉપપદ ત.પુ.) (૪) **भयं ददाति इति भयदः ।** (ઉપપદ ત.પુ.) (૫) **वक्त्राद् विनिर्यन् इति वक्त्रविनिर्यन्** (પં.ત.પુ.) **तादृशः अग्निः यस्य स वक्त्रविनिर्यदग्निः ।** (બ.વ્રી) (આ પાંચેયનો કર્મધારય સમાસ થાય છે અને તે **प्रेतव्रजः** નું વિશેષણ બને છે. તે આ રીતે-) **ध्वस्तोर्ध्वकेश-श्चासौ विकृताकृतिश्च इति ध्वस्तोर्ध्वकेशविकृताकृतिः । स चासौ मर्त्य-मुण्डप्रालम्बभृद् इति ध्वस्तोर्ध्व...प्रालम्बभृद् । स चासौ भयदश्च इति ध्वस्तोर्ध्व...प्रालम्बभृद्भयदः । स चासौ वक्त्रविनिर्यदग्निः इति ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्डप्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः।** (સર્વત્ર પૂર્વોક્ત પાંચેય અવાન્તર સમાસને દરેકને જોડીને કર્મધારય સમાસ

કરીને સંપૂર્ણ અખંડ મહાસમાસ થાય છે.) (૬) **प्रेतानां व्रजः इति प्रेतव्रजः ।** (ષ.ત.પુ.) (૭) **भवं भवं प्रति इति प्रतिभवम् ।** (અવ્યયીભાવ સમાસ) (૮) **भवस्य दु:खानि इति भवदु:खानि ।** (ષ.ત.પુ.) **तेषां हेतुः (कारणं) इति भवदु:खहेतुः ।** (ષ.ત.પુ.) (૩૩)

**नाऽनार्जवो विशुध्यति, न धर्ममाराध्यत्यशुद्धात्मा ।**
**धर्मादृते न मोक्षो मोक्षात्परमं सुखं नान्यत् ॥ १ ॥**
(પ્રશમરતિ, શ્લો.૧૭૦)

...અર્થ...

ઋજુતા-સરળતા વિનાનો માણસ શુદ્ધ થઈ શકતો નથી,
અશુદ્ધ આત્માવાળો માણસ ધર્મનું આરાધન કરી શકતો નથી,
ધર્મ વગર મોક્ષ મળતો નથી અને
મોક્ષને છોડીને બીજું કોઈ સુખ નથી.

**मूलं भुजङ्गैः शिखरं प्लवङ्गैः शाखा विहङ्गैः कुसुमाश्च भृङ्गैः ।**
**श्रितं सदा चन्दनपादपस्य, परोपकाराय सतां विभूतिः ॥ १ ॥**

...અર્થ...

ચંદનના વૃક્ષનું મૂળ સર્પો વડે,
શિખર વાનરો વડે,
શાખાઓ (ડાળીઓ) પક્ષીઓ વડે
અને પુષ્પો ભમરાઓ વડે
આશ્રય કરાયેલ છે.
આમ દરેક અંગમાં કોઈને કોઈના વડે વાસ કરાયો છે.
ખરેખર !
સજ્જનોનો વૈભવ/સમૃદ્ધિ બીજાઓના
ઉપકાર માટે હોય છે. (૧)

**ઉપક્રમ :** હવે કવિ જેઓ જિનેશ્વર પ્રભુની આરાધના કરે છે, તેઓની પ્રશંસા કરે છે -

**धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसन्ध्य-**
**माराधयन्ति विधिवद् विधुतान्यकृत्याः ।**
**भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः**
**पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥ ३४ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे भुवनाधिप !** (હે ભુવનના નાથ ! જગત્પતિ) **हे विभो !** (હે પ્રભુ !) **ते एव** (તેઓ જ, તે જીવો જ) **धन्याः** (ધન્ય છે, પ્રશંસનીય (**भवन्ति** છે) **ये जन्मभाजः** (જે જન્મને ધારણ કરનારા, જીવો) **भुवि** (પૃથ્વી ઉપર, જગતમાં) **विधुतान्यकृत्याः** (અન્ય કાર્યો છોડીને/ અન્ય કાર્યો રહિત થયેલાં છતાં) **भक्त्या** (ભક્તિ વડે) **उल्लसत्पुलकपक्ष्मल-देहदेशाः** (ઉલ્લાસ પામતાં, વિકસિત થતાં, ખડાં થતાં પુલક અર્થાત્ રોમાંચ/રુંવાટા વડે પક્ષ્મલ=વ્યાપ્ત થયા છે દેહના ભાગો જેઓના એવા) **त्रिसन्ध्यं** (ત્રણેય સંધ્યામાં, ત્રણેય કાળ) **तव पादद्वयं** (આપના બે ચરણોની) **विधिवत्** (વિધિપૂર્વક) **आराधयन्ति** (આરાધના કરે છે.) (૩૪)

**સરલાર્થ :** હે ભુવનાધિપતિ ! પ્રભુ ! હે વિભુ ! તે જીવો જ ધન્ય છે, પ્રશંસનીય છે, કે જે જીવો બીજા (સર્વ) કાર્યો છોડીને ભક્તિથી ઉલ્લાસ પામતાં રોમાંચથી વ્યાપ્ત દેહના અવયવોવાળા થયા છતાં ત્રણેય કાળે (સંધ્યામાં) આપના બે ચરણોની વિધિપૂર્વક આરાધના કરે છે. (૩૪)

**વિશેષાર્થ :** પૂર્વના ત્રણ શ્લોકમાં પ્રભુની અવજ્ઞા કરનારને અશુભ ફળ બતાવીને આ કાવ્યમાં કવિ પ્રભુની આરાધના કરનારાઓની પ્રશંસા કરે છે. આ રીતે પ્રભુના ભક્તોની પ્રશંસા-અનુમોદના કરીને કવિએ પોતાની પરમાત્મા પ્રત્યેની સાચી ભક્તિ પ્રગટ કરી છે.

**શ્રી સીમંધરસ્વામી પ્રભુ**ના સ્તવનમાં ભક્ત હૃદય કવિ કહે છે કે, 'હું તુજ દાસનો દાસ' પ્રભુ ! હું આપના દાસનો-સેવકનો પણ સેવક છું. પ્રભુ ત્યારે જ સાચા વ્હાલા લાગ્યા કહેવાય છે કે જ્યારે પ્રભુના ભક્તો પણ તેને વ્હાલા લાગે.

એક પતિવ્રતા સ્ત્રીને પતિ પ્રત્યે જ્યારે સાચો પ્રેમ હોય છે ત્યારે તે પતિના સગા સંબંધી-માતા-પિતા-ભાઈ-બહેન-વગેરેને પણ પોતાના સમજે છે. તેમ અહીં કવિ પણ પ્રભુને સાચા અર્થમાં ચાહે છે. તેથી પ્રભુના ભક્તોને પણ ચાહે છે. માટે તેઓની પ્રશંસા કરે છે. **વીતરાગસ્તોત્ર**માં પણ પ્રભુના દ્વેષી જીવોનો અપલાપ કરીને પ્રભુના શાસનમાં રત જીવોની સ્તુતિ કરેલી છે. જેમ કે-

**तेभ्यो नमोऽञ्जलिरयं तेषां तान् समुपास्महे ।**

**त्वच्छासनामृतरसैर्यैः आत्माऽसिच्यताऽन्वहम् ॥ प्र.१५-७ ॥**

**અર્થ :** હે ભગવાન્ ! આપને અને આપના શાસનને તો નમસ્કાર છે જ, કિન્તુ જેઓએ આપના શાસન (આજ્ઞાઓ) રૂપી અમૃતરસ વડે દરરોજ-પ્રતિદિન (દુષ્કર્મરૂપ અગ્નિથી બળતા) પોતાના આત્માનું સિંચન કરેલું છે, તે (અગણિત પુણ્યથી પુષ્ટ) આત્માઓને પણ નમસ્કાર થાઓ. (અક્ષીણ ભાગ્યવાળા) તેમને અમોએ આ અંજલિ જોડી છે, અને (પ્રશસ્ત આચરણવાળા) તેમની જ અમે ઉપાસના કરીએ છીએ. (કેમકે તે પ્રવચન(શાસન)રૂપી અમૃતરસ જ સંસારના સંતાપને શાંત કરવાને સમર્થ છે.) આગળ સ્તુતિકારે પ્રભુના પગલાંથી પવિત્ર થયેલ ભૂમિને પણ નમસ્કાર કર્યા છે.

**भुवे तस्यै नमो यस्यां तव पादनखांशवः।**

**चिरं चूडामणीयन्ते ब्रूमहे किमतः परम्॥ प्र.१५-८॥**

**અર્થ :** હે પ્રભુ ! તે ભૂમિને પણ નમસ્કાર થાઓ કે જે ભૂમિ ઉપર આપના ચરણોના નખના કિરણો લાંબો કાળ સુધી મુગટના મણિ જેવા મહિમાને પામે છે. આનાથી વધારે અમે શું કહીએ ? આપના ચરણોથી સ્પૃષ્ટ ભૂમિને પણ નમસ્કાર્ય કહેવાથી અધિક ભક્તિ-વચનો મારી પાસે નથી. અર્થાત્ આપના અવસ્થાનથી પૃથ્વી-જમીન પણ તીર્થ જેવી બનીને નમસ્કારને યોગ્ય થાય છે, તો પછી આપના સંબંધી બીજી કઈ વસ્તુ પૂજનીય ન હોય ? પ્રસ્તુતમાં આપના ચરણોની ત્રિકાળ આરાધના કરનાર ભક્ત તો અવશ્ય પ્રશંસનીય છે, એમ ભાવ છે.

કવિ કહે છે કે, હે ત્રણ ભુવનના સ્વામી ! પ્રભુ ! તે જ આત્માઓ-મનુષ્યો ધન્ય છે, પ્રશંસનીય છે (મને તેઓની છુપી રીતે પ્રશસ્ત ઈર્ષ્યા આવે છે કે,) હે વિભુ ! જગતમાં જે જીવો બીજા સઘળાં સાંસારિક-અર્થ, કામ, વગેરે

સંબંધી કાર્યો છોડીને ભક્તિથી વિકસ્વર થયેલાં, ખડાં થયેલ રોમાંચ વડે (રોમરાજિ વડે) વ્યાપ્ત દેહવાળા થયા છતાં (અર્થાત્ ભક્તિથી સાડા ત્રણ રુંવાટા ખડા થઈ જવા-પૂર્વક) ત્રણેય કાળ આપના બે ચરણોની વિધિ-પૂર્વક આરાધના કરે છે.

અહીં ત્રણ સંધ્યા એટલે સવાર-બપોર-સાંજ. શાસ્ત્રમાં પણ ત્રિકાળ પૂજા કરવાનું વિધાન છે. (૧) સવારે વાસક્ષેપ પૂજાસહિત ધૂપ-દીપક વગેરે યથાયોગ્ય પંચોપચારી રૂપ દ્રવ્ય-પૂજા અને લઘુ-ચૈત્યવંદનરૂપ ભાવપૂજા કરવાની...(૨) બીજી બપોરે મધ્યાહ્ન કાળે અષ્ટપ્રકારી પૂજા સ્વરૂપ દ્રવ્યપૂજા અને ચૈત્યવંદન અથવા દેવવંદન રૂપ ભાવપૂજા. (૩) ત્રીજી સાયંકાલે-સાંજે ધૂપ-દીપક-આરતિ વગેરે દ્રવ્યપૂજા અને લઘુચૈત્ય-વંદનાદિ ભાવપૂજા કરવાની. આમ શ્રાવકના આચારમાં પણ સામાન્યથી ત્રિકાળપૂજા કરવાનું કહેલું છે.

આ પૂજા ફક્ત જડ-ક્રિયાત્મક નથી કરવાની, કિન્તુ ભાવવિભોર બનીને કરવાની છે. આથી શ્લોકમાં તેના બે વિશેષણો કહેલાં છે. **(૧) ભક્તિથી**-બહુમાન-હર્ષોલ્લાસપૂર્વક, જેમાં દેહના રોમાંચ ખડાં થઈ જતાં હોય એ રીતે તન્મય બનીને આરાધના કરવાની છે. **(૨) બીજું વિધિવત્**- વિધિપૂર્વક આરાધના કરવાની છે. જયણાપૂર્વક અને વિધિપૂર્વક બધી ક્રિયા કરવાની છે. ઓછામાં ઓછી જીવહિંસા થાય તેની કાળજી રાખવાની છે. અને નિસીહિ-પ્રદક્ષિણા-પ્રણામ વગેરે દસ ત્રિકોને સાચવીને, તેમાં ઉપયોગ રાખીને ક્રિયા કરવાની છે. આ વિધિ સાચવીને જો ક્રિયા કરાય તો મન જલદી અને વિશેષ એકાકાર બનશે. સરળતાથી પ્રભુમય બનશે અને તેનાથી આરાધક જીવ વિપુલ કર્મક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યનું ભાજન થશે, એમાં શંકા નથી. આ અનુભવગમ્ય વસ્તુ છે. આનાથી જીવને વૈરાગ્ય, વિરતિ વગેરેરૂપ ભાવ-સ્તવના પણ પરિણામ જાગ્રત થાય છે. અને તેથી ક્રમશઃ તેની પ્રાપ્તિ દ્વારા જ્ઞાન-દર્શન-ચારિત્ર-રૂપ ઉત્તમ મોક્ષ માર્ગનો આરાધક બને છે, એમ શાસ્ત્રમાં કહેલું છે. છતાંય આનું સંપૂર્ણ પાલન કરનારા કેટલાં ? જેઓ પાલન કરે છે, તેઓ તેવા વિશુદ્ધ પરિણામને/ભાવોને પામે છે.

માટે જ શાસ્ત્રમાં **કૂવાના દ્રષ્ટાંતથી** શ્રી જિનેશ્વરની દ્રવ્યપૂજામાં કિંચિત્ હિંસા હોવા છતાં ય શ્રાવકોને બતાવી છે. કેટલાંક તરસ્યા માણસો

પાણી માટે કૂવો ખોદવાનું શરુ કરે છે. ત્યારે તેઓ માટી, ઢેફા, કાદવ વગેરેથી મલિન-ગંદા થાય છે. તૃષાતુર, આકુળ-વ્યાકુળ પણ થાય છે. પણ તેઓ પંદર-વીસ ફૂટનો ખાડો ખોદતાં જ્યારે પાણી નીકળે છે ત્યારે ખૂબ આનંદિત થાય છે. પાણી પીને શ્રમને અને તૃષાને શાંત કરે છે. સ્નાનાદિ કરીને એકદમ ચોક્ખા થઈ જાય છે, અને તેથી સ્વસ્થ બને છે. આ જ પ્રમાણે ગૃહસ્થને પણ પ્રભુની દ્રવ્યપૂજા કરતાં કંઈક એકેન્દ્રિય જીવોની હિંસા થાય છે❀ તેથી કંઈક મલિન પણ થાય, પરંતુ જ્યારે તેઓ પ્રભુમાં-પ્રભુના ગુણોમાં એકાકાર બનીને, ભાવવિભોર બનીને વિપુલ કર્મોની નિર્જરાના ભાગી બને છે, ત્યારે પરમ ભાવશુદ્ધિને પામીને આત્મિક આનંદને પ્રાપ્ત કરે છે. જે સમ્યક્ત્વ-વિરતિ આદિ ગુણરત્નનું કારણ બનીને પરંપરાએ ભવથી નિસ્તાર કરનારું થાય છે.

ઋષભદેવ પ્રભુના સ્તવનમાં અવધૂત **શ્રી આનંદઘનજી મહારાજે** કહ્યું છે કે, **'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ રે; કપટરહિત થઈ આતમ અર્પણા રે, આનંદઘન પદ રેહ. ઋષભ૦** જેમાંથી ચિત્તની પ્રસન્નતા ઉત્પન્ન થાય તે પૂજા સાચી છે અને અખંડિત છે, જ્યારે ચિત્ત (મન)માં કોઈપણ પ્રકારના સંકલ્પ-વિકલ્પો ઉઠતાં નથી, અને કપટ-શલ્યરહિત થઈને શુદ્ધ ભાવ ધારણ કરીને પરમાત્માને આત્મા સમર્પિત કરાય છે ત્યારે જ્યાં આનંદનો સમૂહ (ભંડાર) છે એવા આનંદઘન પદની (મોક્ષની) સ્પર્શના કરે છે. (મોક્ષની પ્રાપ્તિ કરે છે.)

(શાસ્ત્રમાં ત્રણ પ્રકારે શલ્ય (કપટ) બતાવ્યા છે. **(૧) માયા**- જેમાં અંદર કાંઈક જુદો ભાવ હોય, બહાર વર્તનમાં કાંઈ જુદો દેખાવ હોય તે માયા. અથવા પાપ-દોષને છુપાવવો તે માયા શલ્ય. **(૨) નિદાન**- એટલે ભક્તિ વગેરેના બદલામાં ભૌતિક ફળની ઈચ્છા-આકાંક્ષા રાખવી, સંકલ્પ કરવો. **(૩) મિથ્યાત્વ**- અંદરમાં પ્રભુ પ્રત્યે અથવા પ્રભુના એકપણ વચન પ્રત્યે અશ્રદ્ધા રાખવી, પ્રભુના વચનના બિનશરતી સ્વીકારનો અભાવ તે મિથ્યાત્વ. પ્રભુ ભક્તિથી આ ત્રણેય દોષ રહિત થઈને પ્રભુને આત્મ સમર્પણ કરવાનો ભાવ ઉત્પન્ન થાય છે. ❀

---

❀ જો કે તે પ્રભુભક્ત શ્રાવકનો હિંસા કરવાનો આશય પણ હોતો નથી. એ તો અનિવાર્યરૂપે કરવી પડતી હોવાથી સ્વરૂપ (દેખીતી) હિંસા છે. પણ અનુબંધ (ઈરાદાપૂર્વકની) હિંસા નથી. જે કરે છે તેમાં પણ યતના રાખે છે, માટે અનુબંધ-અહિંસા છે.

આમ ત્રિકાળ સંધ્યાપૂજા કરવાથી વિશિષ્ટ આત્મકલ્યાણ રૂપ ફળના ભાગી થવાય છે. આથી કવિરાજશ્રી **સિદ્ધસેનસૂરિએ** ત્રણેય કાળ પ્રભુના ચરણોની સેવા-આરાધના કરનારાઓની પ્રશંસા કરીને પોતાની પરમાત્મા પ્રત્યેની પરમ ભક્તિને અને સમર્પણભાવને જ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન :** પરમાત્માની આજ્ઞા પાલનરૂપ દેશવિરતિધર શ્રાવક કે સર્વવિરતિધર સાધુને અહીં કેમ યાદ ન કર્યા ? તેઓ તો અધિક આજ્ઞાપાલનરૂપ ભાવ-ભક્તિના આરાધક છે.

**જવાબ :** આ સ્તોત્ર પ્રભુ-ભક્તિ વિષયક હોવાથી તેનો નિર્દેશ કરેલો નથી. પ્રભુ ભક્તિથી સમકિત/શ્રદ્ધા નિર્મળ થાય છે અને સમ્યગ્દર્શન નિર્મળ થવાથી શ્રાવકધર્મ અને સાધુધર્મ પણ નિર્મળ બને જ છે. તેથી અથવા પરમાત્માની ભાવવિભોર બનીને કરાતી દ્રવ્ય પૂજા, દ્રવ્યસ્તવ પણ સર્વ-વિરતિ (સાધુ) અને દેશવિરતિ (શ્રાવક) ધર્મરૂપ ભાવસ્તવની પ્રાપ્તિનું કારણ બનવાથી ઉપલક્ષણથી પ્રભુની આજ્ઞાનું નિષ્કપટ ભાવથી શુદ્ધ સમ્યક્ત્વ સહિત આરાધન કરનાર શ્રાવકોના દેશવિરતિ ધર્મની અને સાધુઓના સર્વવિરતિ ધર્મની પણ આરાધનાની પ્રશંસા સમજી લેવી. (૩૪)

**સમાસવિચાર :** (૧) **भुवनानां अधिपः इति भुवनाधिपः ।** (ષ.ત.પુ.) (૨) **तिसृणां सन्ध्यानां समाहारः इति त्रिसन्ध्यम् ।** (દ્વિગુ) **तत् तथा ।** (૩) **अन्यानि च तानि कृत्यानि इति अन्यकृत्यानि ।** (ક.ધા.) **विधूतानि अन्यकृत्यानि यैः ते विधूतान्यकृत्याः ।** (બ.વ્રી.) (૪) **देहस्य देशाः इति देहदेशाः ।** (ષ.ત.પુ) **उल्लसन्तश्च ते पुलकाश्च इति उल्लसत्पुलकाः ।** (ક.ધા.) **तैः पक्ष्मलः इति उल्लसत्पुलकपक्ष्मलः ।** (તૃ.ત.પુ.) **स देहदेशः येषां ते उल्लसत्पुलक-पक्ष्मलदेहदेशाः ।** (બ.વ્રી.) (૫) **पादयोः द्वयं इति पादद्वयम्** (ષ.ત.પુ.) **तत् तथा ।** (૬) **जन्मानि भजन्ति इति जन्मभाजः ।** (ઉપપદ ત.પુ.) (૩૪)

**अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।**
**आत्माऽभेदेन यः पश्येदसौ मोक्षं गमी शमी ॥ १ ॥**

અર્થ... જે શમ ગુણવાળો મનુષ્ય કર્મથી થતી વિષમતાને ઈચ્છતો નથી અર્થાત્ કર્મથી થતા સુખ-દુઃખ, ઉત્તમતા-નીચતા વગેરે તરફ ઉપેક્ષા રાખતાં છતાં, શુદ્ધ ચૈતન્યરૂપ બ્રહ્મના અંશ વડે સમસ્ત જગતને પોતાના આત્માથી અભેદ રૂપે જુવે છે, તે મોક્ષગામી થાય છે. (૧)

**ઉપક્રમ :** હવે પૂર્વે જણાવેલાં સ્વરૂપવાળા પરમાત્માની આગળ કવિ પોતાના મનમાં રહેલી આત્માસંબંધી વિનવણી કરવા યોગ્ય અને પ્રાર્થના કરવા યોગ્ય વાતને આઠ કાવ્યો દ્વારા જણાવે છે -

**अस्मिन्नपारभववारिनिधौ मुनीश !**
**मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि ।**
**आकर्णिते तु तव गोत्रपवित्रमन्त्रे**
**किं वा विपद्विषधरी सविधं समेति ? ॥ ३५ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे मुनीश !** (હે મુનિઓના નાથ !) **(अहं एवं) मन्ये** (હું આ પ્રમાણે માનું છું, સંભાવના કરું છું કે) **अस्मिन् अपारभववारिनिधौ** (આ અપાર-અતિ વિસ્તૃત સંસારરૂપી સમુદ્રમાં) **मे** (મને) **(त्वं) श्रवण-गोचरतां** (આપ શ્રવણગોચર=શ્રવણનો વિષય) **न गतः असि** (બન્યા નથી, અર્થાત્ આપનું શ્રવણ કર્યુ નથી.) (વિશેષ અર્થમાં) **वा** (અથવા) **तव गोत्र-पवित्रमन्त्रे** (આપના ગોત્રરૂપી/નામરૂપી પવિત્ર મંત્ર) **आकर्णिते सति** (સંભળાયે છતે) **विपद्विषधरी** (વિપત્તિ-આપત્તિ-દુઃખરૂપ નાગણ) **किं** (શું) **सविधं** (પાસે, નજીક) **समेति** (આવે ? અર્થાત્ નથી જ આવતી.) (૩૫)

**સરલાર્થ :** હે મુનીઓના સ્વામી ! હું એમ માનું છું કે આ અપાર સંસાર-રૂપી સાગરમાં મને આપ શ્રવણનો વિષય બન્યા નથી. (અર્થાત્ મેં આપને સાંભળ્યા નથી.) અથવા આપના નામરૂપી પવિત્ર મંત્રનું શ્રવણ કરાયે છતે આપત્તિ રૂપ નાગણ શું પાસે આવે ખરી ? અર્થાત્ ન જ આવે. (અર્થાત્ જો મેં આપના નામનું શ્રવણ કર્યુ હોત તો વિપત્તિનો-દુઃખનો ડુંગર ન આવી પડત એમ ભાવ છે.) (૩૫)

**વિશેષાર્થ :** કવિ આ પદ્યમાં પણ પ્રભુ પ્રત્યેની દ્રઢ આસ્થા પ્રગટ કરતા કહે છે કે, હે મુનીશ ! હું એમ માનું છું કે આ પારાવાર સંસાર-સાગરમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભવોમાં ભ્રમણ કરતા આપ મારા શ્રવણનો વિષય બન્યા જ નથી. આપને મેં ખરેખર હૃદયથી સાંભર્યા જ નથી. કેમકે, જો આપને હૃદયથી સાંભર્યા હોત તો આ ભવમાં જે વિપત્તિઓ આવી

રહી છે તે ન આવત. આપના નામરૂપી પવિત્ર મંત્રનું હૃદયથી શ્રવણ કરાયે છતે વિપત્તિરૂપી નાગણ-સાપણ શું પાસે આવે ખરી ? અર્થાત્ ન જ આવે.

જેમ અમુક મંત્રનો ઉચ્ચાર કરવાથી નાગણ-સાપણ પાસે આવતી નથી-ઉપદ્રવ કરતી નથી. તેમ આપના નામ-મંત્રરૂપી પવિત્ર મંત્રનું હૃદયથી શ્રવણ કરનારને પણ બાહ્ય-અભ્યંતર રૂપ વિપત્તિઓ પાસે આવતી નથી. જ્યારે મને તો આપત્તિઓની વણઝાર ચાલુ જ છે. તેથી જણાય છે કે, હે પ્રભુ ! અપાર ભવસાગરમાં-અનંતા જન્મોમાં મે આપના નામરૂપી મંત્રનું હૃદયથી શ્રવણ કરેલું નથી. કદાચ **गच्छत्तृणस्पर्शवत्** ન્યાયથી અનુપયોગથી શ્રવણ કર્યુ હશે તો પણ તે ફળદાયી બનતું નથી.

ગચ્છત્ એટલે હાંફળા-ફાંફળા દોડતાં-જતાં એવા વ્યક્તિને રસ્તામાં ઘાસ કે ઝાડના મૂળ ઉપર પગ આવી જાય તો પણ ખ્યાલ આવતો નથી. કોઈ પૂછે કે, રસ્તામાં ઘાસ, ઝાડના મૂળ આવેલાં ? તો કહેશે મને ખબર નથી. તેવી રીતે અનુપયોગથી પ્રભુનું નામ લેવાઈ ગયું હોય પણ તે વિશેષ ફળદાયી બનતું નથી. માટે ચિત્તના ઉપયોગપૂર્વક, બહુમાનપૂર્વક જ પ્રભુનું નામ ગ્રહણ અહીં લેવું.

આ રીતે પ્રભુના નામનું ગ્રહણ પણ વિશિષ્ટ ફળદાયી છે. દસમા ભગવાનના સ્તવનમાં કહેલું છે કે,

**શીતલતા ગુણ હોડ કરતે હૈ, ચંદન કાહી બિચારા,**
**નામ હી તેરો તાપ હરત હૈ, વાકું ઘસત ઘસારા...**

**અર્થ :** હે પ્રભુ ! આપનો શીતલતા ગુણ ચંદન સાથે સ્પર્ધા કરે છે ત્યારે ચંદન તો બિચારું પાછળ રહી જાય છે, કેમકે આપના તો નામમાત્રનું ગ્રહણ જ આંતર-દોષરૂપ તાપને દૂર કરે છે. જ્યારે ચંદનનું કાષ્ઠ તો જ્યારે પાણી સાથે મળીને ઘસાય છે અને વિલેપન કરાય ત્યારે તાપ હરે છે.

આગળ જતાં આજ સ્તવનમાં કહે છે કે, **'તુમ નામે ભવ પારા'** ઉપયોગપૂર્વક-એકાગ્રતાપૂર્વક-તન્મયતાપૂર્વક આપના નામનું ગ્રહણ પણ સંસારથી પાર ઉતારી શકે છે. આ રીતે પ્રભુનું નામ લેનારની બાહ્ય-આંતર આપત્તિઓ દૂર થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. કેમકે, પ્રભુ તેવી આપત્તિઓથી સંપૂર્ણ-સર્વથા મુક્ત છે અને શરણે આવેલાઓને મુક્ત કરનારા છે. (૩૫)

સમાસવિચાર : वारीणां निधिः इति वारिनिधिः । (ષ.ત.પુ.) भव एव वारिनिधिः इति भववारिनिधिः । (ક.ધા.) न विद्यते पारं यस्य स अपारः। (બ.વ્રી.) अपारश्च असौ भववारिनिधिः इति अपारभववारिनिधिः । तस्मिन् तथा । (૨) मुनीनां ईशः इति मुनीशः । (ષ.ત.પુ.) तत्सम्बोधनं तथा । (૩) श्रवणस्य गोचरः (विषयः) इति श्रवणगोचरः । (ષ.ત.પુ.) तस्य भावः इति श्रवण गोचरता । (તદ્ધિત ता પ્રત્યય) तां तथा । (૪) पवित्रश्च असौ मन्त्रश्च इति पवित्रमन्त्रः । (ક.ધા.) गोत्रं एव पवित्र-मन्त्रः इति गोत्रपवित्रमन्त्रः । (ક.ધા.) तस्मिन् तथा (૫) विषं धरति इति विषधरी । (ઉપપદ ત.પુ.) विपदेव विषधरी इति विपद्विषधरी । (ક.ધા.) (૩૫)

भोगा न भुक्ता वयमेव भुक्तास्तपो न तप्तं वयमेव तप्ताः ।
कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥ १ ॥

...અર્થ...

ભોગો ભોગવાતાં નથી પણ આપણે જ ભોગવાઈ જઈએ છીએ,
તપ તપાતો નથી પણ આપણે જ તપી જઈએ છીએ.
(માટે જ કહ્યું છે ‘તપ કરીએ સમતા રાખી ઘટમાં.)
કાળ જતો નથી પણ આપણે જ જઈએ છીએ
અને તૃષ્ણા જીર્ણ થતી નથી પણ આપણે જ જીર્ણ થઈ ગયા છીએ.
(ઘડપણ આવવા છતાં ય તૃષ્ણા તો ઉભી જ હોય છે.)

सुत्यजं रसलाम्पट्यं, सुत्यजं देहभूषणम् ।
सुत्यजाः कामभोगाद्या दुस्त्यजं दम्भसेवनम् ॥ १ ॥
(અધ્યાત્મસાર, દંભત્યાગાધિકાર)

...અર્થ...

રસને વિષે લંપટપણું સુખેથી ત્યજી શકાય છે,
શરીરના આભૂષણો સુખેથી ત્યજી શકાય છે,
કામભોગાદિક સુખે કરીને છોડી શકાય છે,
પરંતુ
દંભનું સેવન દુઃખે કરીને તજી શકાય છે,
દંભ-કપટનો ત્યાગ કરવો દુષ્કર છે. (૧)

**ઉપક્રમ :** ઉપર કહેલી વાતને જ કવિ જુદા પ્રકારે જણાવે છે -

**जन्मान्तरेऽपि तव पादयुगं न देव !**
**मन्ये मया महितमीहितदानदक्षम् ।**
**तेनेह जन्मनि मुनीश ! पराभवानां**
**जातो निकेतनमहं मथिताशयानाम् ॥ ३६ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे देव !** (હે દેવ ! હે પ્રભુ !) **मन्ये** (હું માનું છું કે, સંભાવના કરું છું કે) **मया** (મારા વડે) **जन्मान्तरेऽपि** (અન્ય જન્મમાં, પૂર્વ-ભવમાં પણ) **ईहितदानदक्षं** (ઈચ્છિત/વંછિતનું દાન કરવામાં દક્ષ/ કુશળ એવા) **तव पादयुगं** (આપના બે ચરણો/ચરણ યુગલ) **न महितम्** (પૂજાયા નથી) **हे मुनीश !** (હે મુનીઓના ઈશ ! સ્વામિન્ !) **तेन** (તે કારણથી) **अहं** (હું) **इह जन्मनि** (આ જન્મમાં) **मथिताशयानाम्** (મથિત-વ્યથિત કરાયો છે, પીડિત થયો છે આશય-ચિત્તનો અભિપ્રાય જેના વડે એવા) **पराभवानां** (પરાભવોનું-ઉપદ્રવોનું-અનર્થોનું) **निकेतनं** (ઘર, સ્થાન) **जातः** (થયો છું.) (૩૬)

**સરલાર્થ :** હે દેવ ! હે પ્રભુ ! હું માનું છું કે, મારા વડે અન્ય જન્મમાં પણ વાંછિતનું દાન આપવામાં કુશળ એવા આપના બે ચરણોની પૂજા કરાઈ નથી. હે મુનીઓના સ્વામી ! તે કારણથી (જ) હું આ ભવમાં જેનાથી ચિત્ત વ્યથિત થઈ જાય એવા પરાભવોનું (ઉપદ્રવો અથવા અપમાનોના) સ્થાન (ઘર) રૂપે બન્યો છું. (અર્થાત્ આપની સાચી પૂજા કરનારો તો પરાભવનું સ્થાન બનતો જ નથી.) (૩૬)

**વિશેષાર્થ :** આ પદ્યમાં પણ કવિ પોતાના આંતર-નિરીક્ષણ અને સ્વદોષ-દર્શનપૂર્વક પ્રભુની સ્તુતિ કરે છે. ગયા શ્લોકમાં પ્રભુ શ્રવણ ગોચર થયા નથી એમ કહેલું. અહીં પ્રભુની પૂજા મારા વડે કરાઈ નથી એ વાત જણાવે છે. કવિ કહે છે કે, હે પ્રભુ ! હું માનું છું, સ્વીકારું છું કે બીજા જન્મમાં-પૂર્વભવમાં પણ સર્વ ઈચ્છિતને આપવામાં સમર્થ એવા આપના બે ચરણોની પૂજા મારા વડે કરાઈ નથી. પ્રભુના ચરણોની ઉપાસના, ભક્તિ, સેવા, પૂજા તો પુણ્યાનુંબંધી પુણ્યનો બંધ કરાવી આપવા દ્વારા સકળ વાંછિત

યાવત્ તીર્થંકરપણાની પ્રાપ્તિ કરી આપવા સમર્થ છે. આવી ઉત્કૃષ્ટ પદવી આપવા સમર્થ એ શું સામાન્ય ભૌતિક ઉદય ન કરી શકે ? કરી જ શકે. એવા જીવને જ્યાં જાય ત્યાં સુખ, સગવડ માન-સન્માન વગેરે સુલભ હોય. વળી, તે પુણ્યના ઉદયમાં તેને આસક્તિ પણ થતી નથી.

છતાં આવા મહિમાવંત આપના ચરણયુગલની સેવા મેં પૂર્વે કરી લાગતી નથી. તેના કારણે જ આ ભવમાં જેનાથી આશયના-ચિત્તના અભિપ્રાયના ચૂરેચૂરા થઈ જાય, માનસિક પીડા થાય એવા પરાભવોનું-તિરસ્કાર-ઉપદ્રવ-અપમાનનું હું સ્થાન બન્યો છું. ભાજન થયો છું. જો મેં આપના ચરણોની ભાવપૂર્વક પૂજા કરી હોત તો તેનાથી ઉત્પન્ન થતાં પુણ્યથી પરાભવનું સ્થાન ન બનત. કારણકે, પરમપૂજનીય આપના ચરણોની ઉપાસના-પૂજા કરનાર પૂજનીય બને છે, સન્માનનીય થાય છે, પણ પરાભવનું-તિરસ્કારનું સ્થાન બનતો જ નથી.

અહીં કવિ પોતાના થયેલાં પરાભવના દોષનો ટોપલો બીજાને માથે ન નાંખતાં તેઓ પોતાના જ દોષનું દર્શન કરે છે. મેં આપની ઉપાસના-પૂજા-ભક્તિ ન કરી, તેથી જ હે પ્રભુ ! આ સ્થિતિને પામ્યો છું. આપની ઉપાસના-પૂજા-ભક્તિનો જ એવો મહિમા છે કે તેને કરનાર આત્મા બાહ્ય-અભ્યંતર ઉપદ્રવોથી પરાભવ પામતો નથી. આપત્તિથી ત્રાસી જઈને દીન થાય, બેબાકળો બને તે સામાન્ય જન કહેવાય. આપત્તિમાં સ્વદોષદર્શન કરીને સમ્યગ્ રીતે સહન કરે, સમાધિ રાખે તે મહાજન કહેવાય. કવિ પણ દુઃખથી દીન બન્યા વિના સ્વદોષદર્શન કરીને સમાધિસ્થ છે. પ્રભુ પ્રત્યેની અકાટ્ય શ્રદ્ધા જ આમાં પ્રગટ થાય છે.

આપત્તિને દૂર કરવાની માંગણી કરે તે સામાન્યજન. આપત્તિમાં સમાધિ-સહનશીલતાનો વિચાર (ઉપાય) કરે તે સમજદાર જૈન કહૈવાય. આપત્તિનો સહર્ષ સ્વીકાર કરી સંપત્તિનું કારણ બનાવે તે સુસાધુ પુરુષ કહેવાય. (૩૬)

**સમાસવિચાર :** (૧) **एकस्मात् जन्मनः अन्यज्जन्म इति जन्मान्तरम् । तस्मिन् तथा ।** (મયૂરવ્યંસકાદિ-ત્રણથી ત.પુ. સમાસ) (૨) **पादयोः युगं इति पादयुगम्** (ત.પુ.) (**३**) **ईहितस्य दानं इति ईहितदानम् ।** (ષ.ત.પુ.) **तत्र दक्षं इति ईहितदानदक्षम् ।** (સ.ત.પુ.) (૩) **मुनीश !** પૂર્વવત્ સમાસ (૪) **मथितः (व्यथितः) आशयः यैः ते मथिताशयाः । तेषां तथा ।** (બ.વ્રી) (૩૬)

**ઉપક્રમ :** ફરી કવિશ્રી પોતાની આંતર વ્યથાને પ્રભુ સમક્ષ રજૂ કરે છે, અથવા પ્રભુનું સાચું દર્શન દુર્લભ હોવાનું પોતાના દષ્ટાંતથી કહે છે -

**नूनं न मोहतिमिरावृतलोचनेन**
**पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि ।**
**मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः**
**प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते ॥ ३७ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे विभो !** (હે પ્રભુ !) **नूनं** (નિશ્ચે, નિશ્ચયથી) **मोहतिमिरावृतलोचनेन (मया)** (મોહ=અજ્ઞાનરૂપી અંધકારથી આચ્છાદિત-ઢંકાયેલા-આવરાયેલાં નેત્રોવાળા મારાવડે) **पूर्वं** (પૂર્વે, પહેલાં, પૂર્વજન્મમાં) **सकृदपि** (એક વાર પણ) **(त्वं) न प्रविलोकितः असि** (આપ જોવાયેલાં નથી) **हि** (જે કારણથી) **अन्यथा** (નહીંતર, બીજી રીતે, આપનું દર્શન કરાયે છતે) **मर्माविधः** (મર્મસ્થાનને વીંધનારા, ભેદનારા) **प्रोद्यत्प्रबन्धगतयः** (પ્રકર્ષે ઉત્પન્ન થતી પ્રબન્ધની / પરંપરાની ગતિ=પ્રવૃત્તિ છે જેઓની-અર્થાત્ ઉત્પન્ન થતી પરંપરાની શ્રેણિવાળા/પ્રવૃત્તિવાળા) **एते अनर्थाः** (આ અનર્થો, દુઃખો, કષ્ટો) **मां** (મને) **कथं** (શા માટે) **विधुरयन्ति** (પીડા કરે છે, ક્લેશ પમાડે છે.) (૩૭)

**સરલાર્થ :** હે પ્રભુ ! નિશ્ચે મોહ (અજ્ઞાન) રૂપી અંધકારથી આચ્છાદિત-આવરાયેલાં નેત્રોવાળા મારા વડે પહેલાં આપ એકવાર પણ જોવાયા નથી. કારણકે, નહિતર જો આપના દર્શન થયા હોત તો મર્મ સ્થાનને ભેદનારા, પ્રકર્ષે ઉત્પન્ન થતી પરંપરાની શ્રેણિવાળા આ અનર્થો (બાહ્ય-અભ્યંતર દુઃખો) શા માટે મને પીડા કરે ? ક્લેશમાં પાડે ? અર્થાત્ જો આપ વાસ્તવિક રીતે જ્ઞાનચક્ષુથી જોવાયા હોય તો આ અનર્થો મને પીડા/દુઃખ આપી શકત નહીં. (૩૭)

**વિશેષાર્થ :** કવિ છેલ્લા ત્રણ શ્લોકમાં એકસરખી વાત જુદી જુદી રીતે કરે છે. (૧) ૩૫ મા શ્લોકમાં કહ્યું કે, હે પ્રભુ ! આપને મેં અનંત ભૂતકાળમાં (સાચા અર્થમાં) સાંભળ્યા નથી. આપ મારા શ્રવણનો વિષય બન્યા નથી.

તેથી વિપત્તિઓ પાસે આવે છે. (૨) ૩૬ માં શ્લોકમાં કહ્યું કે, બીજા જન્મોમાં મેં આપના વંછિતદાનને આપમાં સમર્થ ચરણયુગલની પૂજા કરી નથી. આથી ચિત્તને વ્યાકુળ બનાવી દેતાં પરાભવોનું-કષ્ટોનું-અપમાનોનું ભાજન બનેલો છું. (૩) પ્રસ્તુત ૩૭ માં શ્લોકમાં પણ કવિ કહે છે કે, હે પ્રભુ ! ચોક્કસ પૂર્વે અનંતકાળ હું મોહ અર્થાત્ અજ્ઞાન (મિથ્યાત્વ) રૂપ અંધકારના આવરણથી આચ્છાદિત થયેલાં-ઢંકાયેલા નેત્રોવાળો રહ્યો છું. આથી મારા વડે આપ પહેલાં એકવાર પણ સાચી દૃષ્ટિથી જોવાયા નથી, ધ્યાનથી-ઉપયોગપૂર્વક નિરીક્ષણ કરાયા નથી. નહીંતર, જો એકવાર પણ જ્ઞાનરૂપી ચક્ષુથી જોવાયા હોત તો, અને તેથી આપના સાક્ષાત્કાર રૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હોત તો મને આ અનર્થો-કષ્ટો-દુઃખોની વણઝાર શા માટે પીડા કરી શકત. જો આપ ભાવથી-સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ષુથી જોવાયા હોત તો આ અનર્થો-ઉપદ્રવો મને બાધા ન કરી શકત. આપના સમ્યગ્દર્શનના પ્રભાવે તો અનર્થો જ ૧૨ ગાઉ છેટા રહી જાત અને કદાચ આવી પડે તો પણ તેઓ મને વ્યથિત ન કરી શકત એમ ભાવ છે.

લગભગ આ જ વાતની અનુભૂતિની વાત પૂજ્યશ્રી આનંદઘનજી મહારાજે તેરમાં **વિમલનાથ પ્રભુ**ના સ્તવનમાં લલકારી છે –

**દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું ભેટ,**
**ધીંગો ધણી માથે કીયો રે, કુણ ગંજે નર ખેટ,**
**વિમલજિન ! દીઠા લોયણ આજ, મારા સિધ્યાં વાંછિત કાજ,**
**વિમલજિન ! દીઠા લોયણ આજ. (૧)**

**'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો'** એ પ્રથમ જિનના સ્તવનમાં પ્રભુ સાથે પ્રીત બાંધીને આરંભ કરેલી સાધના-યાત્રાને **આનંદઘનજી મહારાજ** ૧૩માં શ્રી **વિમલનાથ પ્રભુ**ના સ્તવનમાં જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે અને પરમાત્માના સાચા દર્શન કરે છે, હૃદયના તાર તારથી પ્રભુના સ્વરૂપની આંશિક અનુભૂતિ કરે છે ત્યારે ઉપરોક્ત શબ્દો તેઓના મુખથી નીકળી પડે છે – 'હે વિમલનાથ પ્રભુ ! આજે મારી આંખોએ આપના દર્શન કર્યા તેથી મારા સઘળા મનોરથ-ઈચ્છિત સફળ થયા છે. અનુભવ-જ્ઞાનથી આપને જોવાની મારી ઈચ્છા પૂરી થઈ છે. તેથી મારા ભૂતકાળના દુઃખો, મિથ્યાત્વ, અજ્ઞાન વગેરે દૂર થયા છે. આપને જ્ઞાનચક્ષુથી નહીં

જોવાનું મારું દુર્ભાગ્ય દૂર થયું છે. અને ભવિષ્યકાળ સંબંધી પણ મારું દુર્ભાગ્ય દૂર થયું છે. મને સુખ માનસિક-આત્મિક-આનંદ અને સંપત્તિની પ્રાપ્તિ (ભેટ) થઈ છે, મેં મારા માથે સમર્થ, શૂરવીર માલિકને ધારણ કર્યો છે, હવે કોણ પામર જન, દુર્જન અથવા મોહ વગેરે શત્રુઓ, દોષો મને પીડા કરી શકે ? હરાવી શકે ? હવે મને કોઈથી ડર નથી. આમ પ્રભુનું અનુભવજ્ઞાનરૂપી ચક્ષુથી દર્શન થવું તે અતિ દુર્લભ અને મહાન સિદ્ધિ છે. મોહ પડળ દૂર થવાથી જ્ઞાનચક્ષુ-અનુભવચક્ષુ ખુલી ગયા અને તેથી દુ:ખ અને દુર્ભાગ્ય દૂર થયા અને આંતરિક નિજાનંદ-પ્રશમાનંદરૂપ સુખ-સંપત્તિની પ્રાપ્તિ (ભેટ) થઈ. હવે મેં સમર્થ સ્વામી માથે કર્યો છે, તેથી કોણ પામરજન મને પરેશાન કરી શકે ? મોહાદિ શત્રુઓના ગાત્રો ઢીલા પડી ગયા છે, તેના સકંજામાંથી હું મુક્ત થયો. નિર્ભય સ્થાનને પામ્યો છું. મને આજે શ્રી વિમલનાથ પ્રભુનો, અરે ! વીતરાગ..નિરંજન, નિરાકાર પ્રભુનો સાક્ષાત્કાર થયો, દર્શન થયું, એનો જ આ સઘળો પ્રભાવ છે.

આમ મોહ એટલે મિથ્યાત્વરૂપી અજ્ઞાનના પડળ દૂર થવાથી આપત્તિના કાળમાં પણ આત્મા આંતરિક રીતે તો સુખમાં જ, સમભાવમાં, શાંતપણામાં જ રહેલો હોય છે. તેમાં પ્રભુના વાસ્તવિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જ કારણભૂત છે.

કવિશ્રી **આ. સિદ્ધસેનસૂરિજી** તો કહે છે કે, પૂર્વે આપને વાસ્તવિક રીતે જોયા હોત તો આ અનર્થો-કષ્ટો જ મને ન આવત, અથવા આવત તો પણ તે પીડાદાયક ન બનત. અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જીવ કદાચ દુ:ખ-કષ્ટને પામે તો પણ તેને સમ્યગ્ રીતે સહન કરવાથી તે અનર્થો **प्रोद्यत्प्र-बन्धगतयः** અર્થાત્ ઉત્પન્ન થતી પરંપરાની પ્રવૃત્તિવાળા (ગતિવાળા) ન જ થાય. અર્થાત્ અનર્થોની પરંપરા ન ચાલે. કિન્તુ, ભોગવાઈને ખતમ થઈ જાય. અને નવા જે કર્મો બંધાય તે તીવ્ર કક્ષાના ન હોય. મંદ હોય આથી કષ્ટોની - સંસારની પરંપરા ચલાવનારા ન હોય. અને જે પુણ્ય બંધાય તે પુણ્યાનુબંધી હોય. શુભ-આશયવાળું હોય. એટલે પુણ્યની ઉત્તરોત્તર પરંપરા ચાલે.  કરુણા-વૈરાગ્ય વગેરે ગુણોની પ્રાપ્તિ હોય. આ સઘળો પ્રભાવ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો છે, પ્રભુના વાસ્તવિક દર્શનની (સાક્ષાત્કારની) પ્રાપ્તિનો છે.

બીજું અનર્થો-દુ:ખો **मर्माविधः**=મર્મને ભેદનારા કહ્યા છે. હૃદય,

મસ્તક વગેરે શરીરનાં, મર્મ સ્થાનો છે. તેના ઉપર આઘાત લાગે તો જીવનું જલ્દી-તત્કાળ મૃત્યુ થાય છે. તેવી જ રીતે ભૌતિક સુખના આશયવાળા જીવને દુ:ખ-કષ્ટ ખૂબ શારીરિક-માનસિક પીડાજનક થાય છે. જે જીવો સંસારના જ સુખમાત્રના તીવ્ર આશયવાળા (અભિલાષુક) છે, તેઓને દુ:ખો-કષ્ટો આવી પડતાં હૈયું ચીરાઈ જાય છે. દુ:ખ ખૂબ ભારેખમ-અસહ્ય લાગે છે. સુખની તીવ્ર આસક્તિવાળા જીવો સુખના યોગે પાપી બની જાય અને સુખના વિયોગે પાગલ બની જાય તે એકદમ સંભવિત છે. પણ જેઓને પ્રભુનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે તેવા જીવોને તો સંસારના સુખો પ્રત્યે હેય-બુદ્ધિ હોવાથી સુખની અવસ્થામાં લીનતા આવતી નથી અને દુ:ખ આવવા છતાં, તે અસહ્ય બનતાં નથી, દીનતા આવતી નથી. તે દુ:ખો હૃદયને અતિશય આઘાત પહોંચાડનારા બનતાં નથી. કિંતુ મારા જ કર્મના ઉદયથી આવેલા છે, અને તે સમભાવથી ભોગવીશ તો નવો કર્મબંધ નહીં થાય. વળી શરીર, સ્વજન, સંપત્તિ વગેરે પણ અનિત્ય છે, પરાયું છે, તો શા માટે તેના ખાતર વિષય-કષાયો કરીને આત્માને પરભાવમાં હોમી દેવો ?

આમ દુ:ખને નહીં ગણકારવું, દુ:ખની સતત ઘણી ચિંતા ન કરવી એ પણ દુ:ખને હળવું કરવા માટેનું ઔષધ છે. કહ્યું છે કે, **'भेषजमेतद् दुःखस्य यद् दुखं नानुचिन्तयेत्'**

વળી, દુ:ખ આવી પડે ત્યારે પોતાનાથી અધિક દુ:ખી જીવો ઉપર નજર કરવાથી પણ દુ:ખની વેદના હળવી બની જાય છે. દા.ત. આર્થિક સંકટ આવે ત્યારે સાદગી અપનાવી લેવી જોઈએ અને બીજાના બંગલા તરફ ન જોતાં પોતાનાથી વધુ દુ:ખી ઝુંપડામાં રહેલા જીવો તરફ નજર રાખવી જોઈએ. કહ્યું છે કે, **'दुःखे दुःखाधिकं पश्य।'**

મારા કરતાં પણ નારકાદિ બીજા જીવો ઘણાં વધુ દુ:ખી છે. વળી આ દુ:ખ કાંઈ કાયમ રહેવાનું નથી. જે દુ:ખ છે તે શરીરાદિ પરભાવની આસક્તિથી છે. માટે આસક્તિ છોડું તો સુખી થઈશ ઈત્યાદિ સમ્યગ્ વિચાર કરવાથી દુ:ખો તેને માટે દોઝખ બનતાં નથી. દુ:ખની અવસ્થામાં પણ હૃદય વલોવાતું નથી. ઉપરથી મન સ્વસ્થ-સ્થિર-પ્રસન્ન-આત્મકેન્દ્રિત રહે છે. આથી વિપુલ કર્મ-નિર્જરા થાય છે. આ પણ પ્રભુને સમ્યગ્દર્શનરૂપી જ્ઞાનચક્ષુથી જોવાનું ફળ છે. બાકી, મોહ અર્થાત્ અજ્ઞાન-મિથ્યાત્વાદિથી આવૃત્ત થયેલ જ્ઞાન ચક્ષુ વડે જોવાનું ફળ આથી વિપરીત જ સમજવું.

આમ કવિવર આચાર્યશ્રીએ પોતાના આત્માનું સમ્યગ્ યથાર્થ નિવેદન કરેલું છે. કારણકે, સમ્યગ્દર્શન અથવા તેને અનુકૂળ અપુનર્બંધક વગેરે અવસ્થાની પૂર્વે અચરમાવર્ત વગેરે કાળમાં જીવ જે ધર્મક્રિયા કરે છે તે મોટે ભાગે મોહ (મિથ્યાત્વ) રૂપી અંધકારથી આચ્છાદિત હોવાથી નિષ્ફળ-પ્રાયઃ છે. વિશેષ ફળ આપી શકતી નથી.

માટે તો અનંતા ભવોમાં કદાચ પ્રભુને જોયા હોય તો પણ ન જોયા બરાબર છે. આ બાબતમાં કવિ આ ભવમાં તો ખૂબ જાગૃત બનીને આત્મનિરીક્ષણ કરે છે. અને પ્રભુના સમ્યગ્દર્શનની અનુભૂતિ કરતાં જોવા મળે છે. (૩૭)

**સમાસવિચાર :** (૧) **मोह एव तिमिरं इति मोहतिमिरम्** । (ક.ધા.) **तेन आवृते इति मोहतिमिरावृते** । (તૃ.ત.પુ.) **मोहतिमिरावृतलोचने यस्य स मोहतिमिरावृतलोचनः** । **तेन तथा** (બ.વ્રી.) (૨) **मर्माणि आ समन्तात् विध्यन्ति इति मर्मविधः** । (ઉપપદ ત.પુ.) (૩) **न अर्थाः इति अनर्थाः** । (નઞ્ ત.પુ.) (૪) **प्रोद्यन्तश्च (उत्पद्यमानाश्च) ते प्रबन्धाश्च इति प्रोद्यत्प्रबन्धाः** । (ક.ધા.) **तेषां गतिः (प्रवृत्तिः) येषु ते प्रोद्यत्प्रबन्धगतयः** । (વ્યધિ. બ.વ્રી.) (૩૭)

**पद्मासनसमासीनो, नासाग्रन्यस्तलोचनः ।**
**मौनी वस्त्रावृतास्योऽयं पूजां कुर्याज्जिनेशितुः ॥**
(વિવેકવિલાસ, ઉલ્લાસ ૧, શ્લો. ૯૭)

...અર્થ...

માણસે પદ્માસન (પલાંઠી)વાળીને, નાકના અગ્રભાગ ઉપર પોતાની દૃષ્ટિ સ્થિર કરીને, પોતાનું મુખ વસ્ત્ર (મુખકોશ)થી બાંધીને કાંઈપણ બોલ્યા વગર શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરવી જોઈએ.

**ઉપક્રમ :** કવિ પૂર્વોક્ત ત્રણ શ્લોકોનું જ તાત્પર્ય પ્રગટ કરે છે -

**आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि**
**नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।**
**जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्रं**
**यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥ ३८ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जनबान्धव !** (હે જીવોના-મનુષ્યોના બંધુ ! હિતકારી પ્રભુ !) **मया** (મારા વડે) **त्वं आकर्णितः अपि** (આપ સંભળાયા-શ્રવણ-ગોચર થયા છતાં) **महितः अपि** (પૂજાયા છતાં અને) **निरीक्षितः अपि** (નિરીક્ષણ કરાયા-જોવાયા છતાં પણ) **नूनं** (નિશ્ચે, ચોક્કસ) **भक्त्या** (ભક્તિથી, ભાવપૂર્વક) **चेतसि** (ચિત્તમાં) **धृतः न असि** (ધારણ કરાયા નથી) **तेन** (તે કારણથી) **दुःखपात्रं** (દુઃખનું પાત્ર, ભાજન) **जातः अस्मि** (થયેલો છું) **यस्मात्** (જે કારણથી, કારણકે) **क्रियाः** (ક્રિયાઓ, દર્શન-શ્રવણ-પૂજનાદિ પ્રવૃત્તિઓ) **भावशून्याः (सत्यः)** (ભાવથી/મનના ઉપયોગથી શૂન્ય-રહિત હોય તો) **न प्रतिफलन्ति** (વિશિષ્ટ ફળ આપનારી-સફળ થતી નથી.) (૩૮)

**સરલાર્થ :** હે જનબાંધવ ! ભવ્ય જીવોના હિતકારી પ્રભુ ! મારા વડે આપ (પૂર્વે) સંભળાયા છતાં, પૂજાયા છતાં અને જોવાયા છતાં પણ નિશ્ચે ભક્તિથી (ભાવપૂર્વક) ચિત્તમાં/હૃદયમાં ધારણ (સ્થાપન) કરાયા નથી. તે કારણથી હું (સંસારમાં) દુઃખનું પાત્ર થયો છું. કારણકે શ્રવણાદિ ક્રિયાઓ ભાવશૂન્ય હોય-ઉપયોગરહિત હોય તો (વિશિષ્ટ) ફળવાળી-સફળ થતી નથી. (૩૮)

**વિશેષાર્થ :** પૂર્વના ત્રણ શ્લોકોમાં ક્રમશઃ કવિએ કહ્યું છે કે, હે પ્રભુ ! મેં પૂર્વભવોમાં આપને સાંભળ્યા નથી, આપના ચરણયુગલની પૂજા કરી નથી અને આપના દર્શન નિર્મળ જ્ઞાનચક્ષુથી કર્યા નથી. આથી જ વિપત્તિ રૂપી નાગણ પાસે આવે છે, પરાભવનું પાત્ર બન્યો છું અને અનર્થોની પરંપરા મને પીડા કરે છે.

પણ એવું તો પ્રાયઃ શી રીતે બને કે પૂર્વના અનંતા ભવોમાં - જેમાં મનુષ્ય તરીકેના પણ અનંતા ભવો થયા હોય અને તેમાં આપને બિલકુલ જોયા કે સાંભળ્યા ન હોય ? અરે ! ક્યારેક ક્યારેક આર્યદેશ-કુળમાં અને તેમાં પણ જૈનકુળમાં પણ જન્મ થયો છે, અને પ્રભુના સમવસરણમાં પણ જઈ ચડ્યા છીએ અને સાક્ષાત્ પ્રભુના દર્શન અને શ્રવણ પણ કર્યા હશે. માટે જ, સામાન્ય-જિન સ્તવનમાં **કવિ શ્રી દીપવિજયજી મહારાજ** કહે છે કે **એક દિન સમવસરણમાં આપણ, જિનગુણ અમૃત પીતા'**, (અબોલડા ! શાના લીધાં છે રાજ ! જીવ જીવન પ્રભુ માહરા !) આનાથી વિશેષ તો શું કહેવું? સમવસરણમાં શ્રવણ-પૂજન-દર્શન બધું જ શક્ય છે. છતાં પણ કવિ અહીં કહે છે કે, આપ શ્રવણ-પૂજન-દર્શનનો વિષય બન્યા નથી તો કેમ ઘટે ?

કવિએ આનું **સમાધાન**-ખુલાસો આ કાવ્યમાં કરેલો છે. કવિ કહે છે કે, પૂર્વે આપ શ્રવણ-પૂજન-દર્શનનો વિષય તો બન્યા છો, પણ હે પ્રભુ ! નક્કી આપ ચિત્તમાં-હૃદયમાં ભક્તિથી ધારણ કરાયા નથી. અર્થાત્, ભારેકર્મીપણાથી અથવા સહજ-સ્વાભાવિક રાગ-દ્વેષ-મોહરૂપી સહજ-મળની તીવ્રતાથી આ શ્રવણાદિ ક્રિયાઓ ભાવથી, બહુમાનથી, ઉપયોગ-પૂર્વક કરાઈ નથી. આથી તે ક્રિયાઓ સમ્યગ્દર્શનાદિરૂપ આત્મવિકાસના બીજ (કારણ) રૂપે બની નથી. આથી તે સઘળી ક્રિયાઓ મને વિશિષ્ટ-વાસ્તવિક ફળ આપનારી બની શકી નથી. જો ભાવથી પ્રભુના વચનોનું શ્રવણ, બહુમાનથી પ્રભુના ચરણોની પૂજા-ઉપાસના-સેવા-ભક્તિ અને અહોભાવથી પરમાત્માના દર્શન કર્યા હોત તો જે વિપત્તિઓ મારે કેડે વળગી છે તે ન વળગત. સંસારમાં જે હું પરાભવનું, તિરસ્કાર-અપમાન-કષ્ટ વગેરેનું પાત્ર બન્યો છું તે ન બનત. અને મર્મનો ભેદ કરનારા, હૃદયને વલોવી નાંખનારા અને ઉત્પન્ન થયેલ ઘણા વિસ્તારવાળા અર્થાત્ જેની પરંપરા ચાલે એવા અનર્થો-કષ્ટો મને પીડા ન કરત.

આમ પ્રભુનું ભાવથી શ્રવણ-પૂજન-દર્શનાદિ ક્રિયાઓ થઈ હોત તો તેના પ્રભાવે જ્ઞાનાવરણ-વેદનીય-દર્શન-મોહનીયાદિ કર્મો શિથિલ થઈ જાત અને તેથી આપત્તિ-પરાભવ-અનર્થો વગેરે આવત જ નહીં. અને કદાચ પૂર્વે બાંધેલાં નિકાચિત જેવા કર્મોના ઉદયથી વિપત્તિ વગેરે આવી પડત તો પણ આપની ભાવપૂર્વક શ્રવણાદિ ક્રિયાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન-સદ્બોધ વગેરે ગુણોના પ્રભાવે તે વિપત્તિઓ આત્માને

માનસિક પીડા ઉપજાવી ન શકત. હૃદય વગેરે મર્મસ્થાનને આઘાત પહોંચાડવા રૂપે પીડા કરનારા ન થાત.

પરંતુ હે પ્રભુ ! પૂર્વે આપને સાંભળ્યા છે, પૂજ્યા છે, નીરખ્યા છે, પણ ચિત્તમાં-હૃદયમાં-અંતઃકરણમાં ભાવથી સ્થાપિત કર્યા નથી. મારું હૃદય-મન તો તે શ્રવણાદિ ક્રિયાઓ કરતાં જાણે અળગું જ રહેતું હતું. અભવી જીવની જેમ. ભગવાન મહાવીરની દેશના સાંભળતાં જેમ કાલસૌરિકનું ચિત્ત અળગું-અલિપ્ત-શુષ્ક રહેતું હતું તેમ કદાચ હું અભવી નહીં હોઉં તો ભારે કર્મી હોઈશ. તેથી જ મારું ચિત્ત-હૃદય તો સાંસારિક ભાવોમાં-વિષય-કષાયમાં અહંકાર-મમત્વ વગેરેમાં જ ઓળઘોળ રહ્યું હશે. માટે તે શ્રવણાદિ ક્રિયાઓ સાવ નિષ્ફળ બની હશે અથવા વિશેષ ફળ આપનારી નહીં બની હોય.

જો ભાવપૂર્વક-હૃદયથી પરમાત્માના વચનોનું શ્રવણ કર્યુ હોત તો મને સમ્યગ્દર્શનની અને સદ્બોધની ક્યારની પ્રાપ્તિ થઈ ગઈ હોત. મગધ-પતિ **શ્રેણિક** જ્યારે ભગવાન મહાવીરની વાણી સાંભળતાં ત્યારે એવા એકાકાર બનતા હતા અને એવી શ્રદ્ધાથી સ્વીકારતાં હતાં કે તેઓને શ્રદ્ધાની આંખોથી નરકાદિ ચારેય ગતિઓ સાક્ષાત્ દેખાતી હતી. આમ હૃદયથી શ્રવણાદિ ક્રિયાઓ કરવાથી જ ક્ષાયિક-સમકિત પામીને આવતી ચોવીશીમાં પ્રભુ જેવા જ આયુષ્ય-શરીર-કાંતિ વગેરેવાળા પ્રથમ તીર્થંકર બનવાને પ્રાયોગ્ય તીર્થંકર નામકર્મ બાંધી દીધું હતું.

આમ મેં સાચા ભાવપૂર્વક-હૃદયથી શ્રવણ વગેરે ક્રિયાઓ કરી નથી માટે જ દુઃખપાત્ર થયો છું. એમાં કોઈ સંદેહ નથી. હવે સત્સંગ-સદ્વિચાર-સદ્જ્ઞાન દ્વારા ભાવયુક્ત ક્રિયા કરનારો થાઉં જેથી મારી શ્રવણાદિ ક્રિયાઓ મને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ કરાવવા દ્વારા સફળ બને, એમ કવિનો ભાવ છે.

વસ્તુતઃ કવિએ અહીં સુંદર સ્વદોષ દર્શન કરવા રૂપ સમ્યગ્દર્શન તો પ્રાપ્ત કરેલું જ છે, એમ જાણવું.

**શ્રી કનકકુશલગણિ**ની ટીકામાં આ શ્લોકનાં **आकर्णितोऽपि०** વગેરે પદો સાથે **न** પદને જોડીને નિષેધાત્મક અર્થ પણ કરેલો છે. જેમકે, હે જગતબંધુ ! મારા વડે આપ સંભળાયા પણ નથી, પૂજાયા પણ નથી, જોવાયા પણ નથી. આપ ભક્તિપૂર્વક-ભાવથી હૃદયમાં ચિત્તમાં-ધારણ કરાયા નથી.

હે જગતબંધુ ! તેથી હું દુઃખપાત્ર થયો છું. કારણકે ક્રિયાઓ ભાવશૂન્ય હોતે છતે વિશિષ્ટ ફળ આપતી નથી. આમ **आकर्णितोऽपि** વગેરે સાથે પણ **न** પદ જોડીને 'સંભળાયા નથી' એમ અર્થ કરેલો છે. પણ તે બરાબર લાગતો નથી. કારણકે ત્યારે **अपि** (પણ) શબ્દનો અર્થ બરાબર બેસતો નથી. આથી પૂર્વે લખેલ અર્થ વધુ યોગ્ય લાગે છે. આ પદ્ય ઉપરથી રચેલી ગુજરાતી સ્તુતિ પણ મળે છે. જેમ કે, **'સુણ્યા હશે, પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે, હે જગતબંધુ ! ચિત્તમાં ધાર્યા નહીં ભક્તિપણે; જન્મ્યો પ્રભુ ! તે કારણે દુઃખપાત્ર આ સંસારમાં, હાં ભક્તિ તે ફળતી નથી જે ભાવશૂન્યાચારમાં'...** (૩૮)

**સમાસવિચાર :** (૧) **जनानां बान्धवः इति जनबान्धवः ।** (ષ.ત.પુ.) **तत्सम्बोधनं हे जनबान्धव !** (૨) **दुःखानां पात्रम् इति दुःखपात्रम् ।** (ષ.ત.પુ.) (૩) **भावेन शून्याः इति भावशून्याः ।** (તૃ.ત.પુ.) (૩૮)

**न भवति, भवति च न चिरं,**
**भवति चिरं चेत् फले विसंवदति ।**
**कोपः सत्पुरुषाणां,**
**तुल्यः स्नेहेन नीचानाम् ॥**

...અર્થ...

સજ્જનોને પહેલાં તો ક્રોધ આવતો જ નથી.
કદાચ આવે તો પણ લાંબો સમય ટકતો નથી, તરત શમી જાય છે.
કદાચ લાંબો સમય ટકે તો પણ ફળ આપવામાં નિષ્ફળ જાય છે.
સજ્જનોનો કોપ આવો અધમ પુરુષોના સ્નેહ જેવો હોય છે.
(અર્થાત્, અધમપુરુષમાં સ્નેહ હોય જ નહીં.
હોય તો લાંબો વખત ટકે નહીં અને કદાચ ટકે તો
ફળ આપવામાં સફળ બનતો નથી.
કારણકે,
સ્વાર્થભર્યો સ્નેહ હોય છે.)

**ઉપક્રમ :** ફરી કવિ પ્રભુના ઉત્કૃષ્ટ છ સંબોધનોપૂર્વક સ્તુતિ કરીને દુઃખાંકુરના નાશ માટે પ્રાર્થના કરે છે -

**त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !**
**कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य !**
**भक्त्या नते मयि महेश ! दयां विधाय**
**दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ॥ ३९ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे नाथ !** (હે સ્વામી ! હે પ્રભુ !) **हे दुःखिजन-वत्सल!** (હે દુઃખીજનો/ લોકો ઉપર વત્સલ=વાત્સલ્યવાળા-સ્નેહવાળા-કૃપાવંત !) **हे शरण्य !** (હે શરણ્ય ! શરણ કરવાને યોગ્ય !) **हे कारुण्य-पुण्यवसते !** (હે કરુણાના પવિત્ર ગૃહ / સ્થાન અથવા હે કરુણા અને પુણ્યના/ધર્મના ગૃહ, સ્થાન, આવાસ !) **वशिनां वरेण्य !** (હે ઈન્દ્રિયોને વશ કરનારાઓમાં / જિતેન્દ્રિયોમાં વરેણ્ય=શ્રેષ્ઠ !) હે મહેશ ! (હે મહેશ ! મહાન ઈશ ! આ છ સંબોધન-પદો છે) **भक्त्या** (ભક્તિથી) **नते मयि** (નમેલા મારા ઉપર/વિષે) **दयां विधाय** (દયા કરીને) **त्वं** (આપ) **दुःखाङ्कुरोद्दलनतत्परतां** (દુઃખના અંકુરાના=ઉત્પત્તિના કારણોનું ઉદ્દલન = વિનાશ કરવા માટે તત્પરતાને, સક્રિયતાને) **विधेहि** (કરો.) (૩૯)

**સરલાર્થ :** હે નાથ ! હે દુઃખીજનો ઉપર વાત્સલ્યવાળા (સ્નેહવાળા) ! હે શરણ કરવાને યોગ્ય ! હે કરુણા અને પુણ્યના ગૃહ (આશ્રય) ! હે ઈન્દ્રિયોને વશ કરનારાઓમાં શ્રેષ્ઠ ! હે મહાન ઈશ ! ભક્તિથી (ભાવથી) નમેલાં એવા મારા ઉપર દયા કરીને આપ દુઃખના અંકુરાઓના=દુઃખની ઉત્પત્તિના કારણોનો મૂળથી વિનાશ કરવા માટે તત્પરતા (ઉતાવળ) કરો. (૩૯)

**વિશેષાર્થ :** આ શ્લોકમાં કવિ પ્રભુને છ ઉત્તમ સંબોધન કરીને શારીરિક-માનસિક દુઃખોના કારણોનો મૂળથી નાશ કરવા માટે પ્રાર્થના કરે છે.

(૧) **હે નાથ !** હે સ્વામી !

(૨) **હે દુઃખીજનવત્સલ !** શારીરિક-માનસિક દુઃખોથી પીડિતજનો ઉપર વાત્સલ્યવાળા, સ્નેહાળ પ્રભુ ! સર્વજીવોને તારવાની ભાવનાથી બાંધેલ

તીર્થંકર નામકર્મવાળા પ્રભુ સ્નેહાળ-કરુણાર્ત્ત કેમ ન હોય ?

(૩) **હે કારુણ્યપુણ્યવસતિ !** હે કારુણ્યના = કરુણાના પુણ્યવસતિ = પવિત્રસ્થાન-આવાસ ! અથવા હે કરુણા અને પુણ્યના પવિત્ર સ્થાન = ઘર-આવાસ ! પ્રભુની કરુણા પણ ઉત્કૃષ્ટ છે અને પુણ્ય પણ ઉત્કૃષ્ટ છે. કારણકે નરક-નિગોદના જીવોને પણ તારવાની ભાવના કરી હતી. અરે ! ભવિ જ નહીં અભવી જીવોને પણ તારવાની ભાવના કરી હતી. કાષ્ઠમાં બળતો સર્પ ઉગારીને કરેલી કરુણા તો સર્વ વિદિત છે.

પુણ્ય પણ પ્રભુનું ઉત્કૃષ્ટ હોય છે. પાંચેય કલ્યાણકોમાં દેવોનું આગમન, મેરુશિખરે ૬૪ ઈન્દ્રો દ્વારા ઉત્કૃષ્ટ જન્મોત્સવ અને નગરની બહાર ઉદ્યાનમાં દીક્ષા-મહોત્સવ ઉજવાય છે. કેવળજ્ઞાન થયા બાદ ઓછામાં ઓછા એક કરોડ દેવો પ્રભુની સેવામાં હાજર હોય છે. ૮ પ્રાતિહાર્યો, ૩૪ અતિશયો અને ૩૫ વાણીના ગુણો-આ બધી પુણ્યની જ પ્રકૃતિ છે ને ? પ્રભુ વિચરતાં હોય ત્યાં છ માસ સુધી મારી, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ-દુષ્કાળ વગેરેનો ઉપદ્રવ ન હોય. રત્ન-સુવર્ણ-ચાંદીના ૩ ગઢમાં બેસી દેશના આપવી વગેરે પુણ્યના જ પ્રકાર છે. આમ પ્રભુ ખરેખર ઉત્કૃષ્ટ પુણ્યના મંદિર-આવાસ છે.

(૪) **હે શરણ્ય :** શરણ લેવાને યોગ્ય. નમુત્થુણં-સૂત્રમાં કહેલાં 'સરણ-દયાણં' 'શરણ આપનારા' એવા વિશેષણ દ્વારા પ્રભુને આગમમાં શરણ્ય કહેલાં જ છે. સંસારના દુઃખોથી અને દોષોથી પીડિત જીવોના પ્રભુ જ સાચા શરણ્ય છે.

(૫) **વશીઓમાં વરેણ્ય !** એટલે પાંચ ઈન્દ્રિયો અને મનને વશ કરનારા તેમજ ૩ ગુપ્તિઓથી=મનગુપ્તિ, વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ રૂપ ૩ ગુપ્તિઓથી ગુપ્ત એવા યોગીઓમાં શ્રેષ્ઠ છે.

(૬) **હે મહેશ !** એટલે મહાન ઈશ-ઈશ્વર ! આવા છ પ્રકારે વિશેષણો સહિત પ્રભુને સંબોધીને કવિ કહે છે કે, હે પ્રભુ ! ભક્તિથી, ભાવથી હું નમેલો છું, મારા ઉપર દયા કરીને દુઃખના અંકુરાઓનું.. દુઃખની ઉત્પત્તિની કારણોનું અર્થાત્ કર્મોનું અથવા રાગાદિ દોષોનું આપ ઉન્મૂલન કરો-નાશ કરવામાં તત્પર બનો, ત્વરા કરો. અહીં કવિ ફક્ત ભૌતિક દુઃખોના નાશ માટે પ્રાર્થના કરતાં નથી, કિન્તુ તેના કારણભૂત ભાવદુઃખો-માનસિક રોગો-રાગ-દ્વેષ-અહંકારાદિ દોષોના નાશ માટે પણ પ્રાર્થના કરી છે. (હવે આ દુઃખોનો

અર્થાત્ તેના કારણભૂત કર્મોનો અને રાગ-દ્વેષ-અજ્ઞાનતાદિ દોષોનો પરિતાપ અસહ્ય થયો છે. આપની કૃપાથી જ તેનો નાશ-ક્ષય શક્ય છે, એમ કવિ ગળગળા બનીને પ્રાર્થના કરે છે.) કોઈપણ મોટા માણસ-રાજા, વડાપ્રધાન વગેરે પાસેથી કાંઈપણ મેળવવું હોય, કામ કરાવવું હોય, પ્રાર્થના-યાચના કરવી હોય તો પહેલાં તેઓને યથાશક્તિ નાની-મોટી ભેટ અને પ્રશંસાના બે પુષ્પો ચઢાવવા જોઈએ. આથી ખુશ થયેલ રાજા વગેરે ઈચ્છિત કાર્ય અથવા ફળને સાધી આપે છે. આ પ્રમાણે લોક-વ્યવહાર દેખાય છે. ભક્તિમાર્ગમાં પણ આ ન્યાય જ અપનાવવો યોગ્ય છે. પરમતારક પરમાત્મા તો સવોત્કૃષ્ટ પુરુષ છે. તેઓ પાસે ખાલી હાથે જાય અને સ્તુતિ દ્વારા પ્રભુના ગુણ ગાવાનું મન ન થાય, બે પ્રશંસાના પુષ્પ ન ચઢાવે તે ખરેખર દ્રવ્યથી અને ભાવથી દરિદ્ર છે. માટે જ શાસ્ત્રમાં પ્રભુના ગુણગર્ભિત અને સ્વનિંદાયુક્ત સ્તુતિ કરવાનું કહેલું છે. પ્રભુ ખુશ થયા વિના ઈષ્ટ-ફળ ભૌતિક કે આધ્યાત્મિક શી રીતે આપશે. ક્યાંક કહ્યું છે ને કે, 'ખુશામત (પ્રશંસા) તો ખુદા કો ભી પ્યારી હૈ.'

**પ્રશ્ન :** પરમાત્મા તો વીતરાગ છે, તેઓ પોતાની પ્રશંસા બીજો કોઈ કરે તો પણ લેશમાત્ર પ્રસન્ન થવાના નથી. તો શા માટે સ્તુતિ-પ્રશંસા કરવાની ?

**જવાબ :** એ વાત ખરી કે પરમાત્મા વીતરાગ હોવાથી તેઓ પોતાની સ્તુતિ-પ્રશંસા કોઈ કરે તો પ્રસન્ન-રાગી કે રાજી થતાં નથી. અને નિંદા કરે તો દ્વેષી પણ થતાં નથી. છતાં પણ પ્રસન્ન થયા વિના પણ સ્તુતિ કરવાનું જે ફળ મળે છે, જેમકે સ્તુતિ કરનાર ઉપાસકના ભક્તના મિથ્યાત્વાદિ પાપના આશ્રવનો અને અહંકારાદિ દોષોનો નાશ થવો, પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન થવું અને તેથી આંતરિક પ્રસન્નતા અને પ્રાયઃ બાહ્ય નિર્વિઘ્નતાની પ્રાપ્તિ થવી વગેરે આ બધુ ફળ તે ભક્તને મળી જ જાય છે. વીતરાગપ્રભુ અનંત-જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-તપ વગેરે અનંત ગુણોના આધાર છે, ધારક છે. વળી તેઓનું પુણ્ય પણ પ્રકૃષ્ટ છે. આથી તેઓને અભિમુખ થનારા જીવો પણ તે તે ગુણોની પ્રાપ્તિ રૂપે શુદ્ધિના અને પુણ્યાનુબંધી પુણ્યના બંધ દ્વારા પુણ્યના ભાગી થાય છે. જે તેઓને પ્રસન્નતા-શાંતિ-સંતોષ-કરુણા-પ્રેમ-ક્ષમા-નિઃસ્પૃહતા વગેરે અગણિત આંશિક પણ અભ્યંતર ગુણોના પાત્ર બનાવે છે અને પુણ્યના પણ ભાગી બનાવે છે. આમ શુદ્ધિ અને પુણ્ય બંને ય ઉત્કૃષ્ટ હોવાથી પ્રભુ વીતરાગ હોવા છતાંય તેઓની ઉપાસના કરનારાઓની

પાત્રતા અને ભાવોલ્લાસ અનુસાર પૂર્વોક્ત ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

સૂર્ય ખુશ ન થવા છતાં બારી-બારણા ખોલીને સૂર્યની અભિમુખ થવાથી જેમ અંધકાર દૂર થઈ પ્રકાશ મળે છે. અગ્નિ ખુશ ન થવા છતાં યોગ્ય અંતરે તાપણું કરનારની સહજ રીતે ઠંડી દૂર થાય છે. કેમકે ઠંડી દૂર કરવી તે તેના સ્વભાવરૂપ છે. તેમ અહીં પણ વિચારવું. અવિધિથી અગ્નિનું સેવન કરે તો અગ્નિ દઝાડે પણ ખરો, તેમ વીતરાગ પ્રભુ દ્વેષ ન કરે પણ તેઓની નિંદા-આશાતના કરનારને તેનાથી અશુભ કર્મબંધ થવા દ્વારા અનર્થ પણ થાય. આમ પ્રાસંગિક વાતથી સર્યું.

પ્રભુ અચિંત્ય-અનંત શક્તિસંપન્ન છે. આ શ્રદ્ધા જ ઉપાસકને-ભક્તને પ્રાર્થના કરવા પ્રેરે છે. માટે પ્રાર્થના એ ભક્તની શ્રદ્ધાની દ્યોતક છે. આમ પરમાત્માના ગુણોની સ્તુતિપૂર્વક કાંઈપણ પ્રાર્થના કરવી યોગ્ય છે. પરંતુ ખાલી માંગણીયા બનીને માંગ માંગ કરવું તે ઉચિત નથી, કેમકે, તેમાં સાચી ભક્તિ નથી. લુખી ભક્તિ છે. આથી જ કવિએ પ્રભુના ઉત્તમ છ વિશેષણો મૂકીને-કહીને પછી જ ઉત્તમ પ્રાર્થના-દુઃખના અંકુરાઓનો (કારણોનો) નાશ કરવાની પ્રાર્થના કરી છે એમ તાત્પર્ય છે. (૩૯)

**સમાસ વિચાર : दुःखिनश्च ते जनाश्च इति दुःखिजनाः ।** (ક.ધા.) **तेषु वत्सलः इति दुःखिजनवत्सलः । तत्संबोधनं तथा ।** (સ.ત.પુ.) (૨) **पुण्या चासौ वसतिश्च इति पुण्यवसतिः ।** (ક.ધા.) **कारुण्यस्य पुण्यवसतिः इति कारुण्यपुण्यवसतिः ।** અથવા **कारुण्यं न पुण्यं च इति कारुण्यपुण्ये । तयोः वसतिः इति कारुण्यपुण्यवसतिः । तत्संबोधनं तथा ।** (ષ.ત.પુ.) (૩) **महां-श्चासौ ईशश्च इति महेशः ।** (ક.ધા.) **तत्संबोधनं तथा ।** (૪) **दुःखानां अङ्कुराः इति दुःखाङ्कुराः। तेषां उद्दलनं इति दुखाङ्कुरोद्दलनम्।** (ષ.ત.પુ.) **तत्र तत्परः इति दुःखाङ्कुरोद्दलनतत्परः ।** (સ.ત.પુ.) **तस्य भावः इति दुःखाङ्कुरोद्दलन-तत्परता।** (ભાવમાં **ता** પ્રત્યય) **तां तथा।** (૩૯)

**ઉપક્રમ :** કવિ ફરી પ્રભુના ગુણોના કથનપૂર્વક પોતાની વ્યથા રજૂ કરે છે -

**निःसंख्यसारशरणं शरणं शरण्य-**
**मासाद्य सादितरिपुप्रथितावदातम् ।**
**त्वत्पादपङ्कजमपि प्रणिधानवन्ध्यो**
**वध्योऽस्मि चेद् भुवनपावन ! हा हतोऽस्मि ॥ ४० ॥**

**અન્વય+શબ્દાર્થ : हे भुवनपावन !** (હે જગતને પવિત્ર કરનારા પ્રભુ!) **निःसंख्यसारशरणं** (નિ:સંખ્ય-અનંત બળના ઘર, આશ્રય, સ્થાન) **शरण्यं** (શરણ/આશ્રય કરવા યોગ્ય) **सादितरिपु !** (હણેલાં છે, નાશ કરેલાં છે, રાગાદિ શત્રુઓ જેના વડે તથા) **प्रथितावदातम्** (પ્રથિત-પ્રસિદ્ધ છે અવદાત-પ્રભાવ જેનો અથવા જેમાંથી તે પ્રસિદ્ધ-પ્રભાવવાળા એવા) **त्वत्पादपंकजं** (આપના બે ચરણ-કમળ રૂપી) **शरणं** (ત્રાણને, રક્ષકને) **आसाद्य अपि** (પ્રાપ્ત કરીને, પામીને પણ) **चेद्** (જો) **(अहं) प्रणिधान-वन्ध्यः** (હું પ્રણિધાનથી-ધ્યાનથી અથવા ચિત્તના સમાધાનથી વંધ્ય-શૂન્ય-રહિત) **अस्मि** (છું) **(तदा अहं** ત્યારે હું) **वध्यः** (વધ કરવા યોગ્ય-મારવા યોગ્ય) **अस्मि** (છું) **हा** (ખેદ-અર્થમાં, ખેદ છે કે) **हतः** (રાગાદિ શત્રુઓથી અથવા દુષ્ટ દૈવથી/ ભાગ્યથી હણાયેલો) **अस्मि** (છું.) (૪૦)

**સરલાર્થ :** હે જગતને પવિત્ર કરનારા પ્રભુ ! અનંત બળના ઘર (આશ્રય), શરણ કરવાને યોગ્ય, હણેલાં છે રાગાદિ શત્રુઓ જેણે, તથા પ્રસિદ્ધ થયો છે પ્રભાવ જેનો (જેન વડે) એવા આપના ચરણ-કમળરૂપી (સમર્થ) રક્ષકને (ત્રાણને) પામીને પણ જો હું પ્રણિધાનથી અર્થાત્ ધ્યાનથી (અથવા ચિત્તની સમાધિથી અથવા નમસ્કારથી) રહિત છું, તો હું વધ કરવા યોગ્ય છું. હાય ! ખેદ છે કે, હું રાગાદિ શત્રુઓથી (અથવા દુર્ભાગ્યથી) હણાયેલો છું. (૪૦)

**વિશેષાર્થ :** આ કાવ્યમાં પણ કવિ પ્રભુને પામીને પણ સમ્યગ્ આરાધી નહીં શકવા બદલ વ્યથા પ્રગટ કરે છે. અહીં કવિને પ્રભુનો-પ્રભુના ધ્યાનાદિનો વિરહ સાલી રહેલો જણાય છે. એટલી હદે કે હે પ્રભુ ! જો હું

આપને પામીને પણ **चेत् प्रणिधानवन्ध्यः** જો આપનું ધ્યાન ન કરી શકું, ચિત્તમાં આપને સ્થાપી ન શકું, ચિત્તનું સમાધાન (સમાધિ) કરી ન શકું અથવા ધર્મમાં ઉદ્યમથી રહિત હોઉં અથવા આપને ભાવથી નમસ્કારથી રહિત હોઉં તો ખરેખર વધ્ય છું, વધ કરવા યોગ્ય છું. આમ કવિએ પ્રભુના ચરણકમળને પામીને પણ સમ્યગ્ આરાધી નહીં શકવાથી પ્રભુના વિરહની વ્યથા પ્રગટ કરી છે. આ વ્યથામાં જ પ્રભુની આરાધનાની તીવ્ર ઝંખનાના દર્શન થાય છે.

પ્રભુના કેવા **पादपङ्कज** = ચરણરૂપી કમળને પામીને પણ નહીં આરાધવા બદલ કવિ વ્યથા અભિવ્યક્ત કરે છે, તે જણાવવા પદ્યમાં પાંચ વિશેષણો મૂકેલાં છે. (૧) **निःसंख्यसारशरणं** - જેમાં કોઈપણ સંખ્યા નથી તે નિઃસંખ્ય અર્થાત્ અનંત સારનું=બળનું ઘર-આશ્રય અર્થાત્ અનંત બળવાળા પ્રભુના ચરણો છે. (૨) **शरणं** - ત્રાણ, રક્ષક. ભવસમુદ્રમાં પડતા જીવોને શાસન કરવા દ્વારા દુઃખો અને દોષોથી રક્ષણ આપનાર છે. (૩) **शरण्यं** – શરણ કરવા યોગ્ય - આશ્રયણીય છે. (૪) **सादितरिपु**– જેણે રાગાદિ શત્રુઓનો નાશ કરેલો છે, એવા પ્રભુના ચરણકમળ છે. કહ્યું છે કે, **રુધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય.** રાગ ગયાના પ્રતીક રૂપે પ્રભુના તનનું રક્ત/લોહી પણ સફેદ હોય છે. (૫) **प्रथितावदातं** - પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો અથવા જેના વડે એવા પાદ-પંકજ છે અથવા બંને વિશેષણ ભેગા જ હોય છે, તેથી (સાદિત=) નાશ કરાયો છે (રિપુનો=) રાગાદિ શત્રુઓનો પ્રસિદ્ધ એવો (અવદાત=) પ્રભાવ જેના વડે એવા પ્રભુના ચરણ કમળ છે. અર્થાત્ રાગાદિ શત્રુઓના પ્રસિદ્ધ પ્રભાવનો નાશ કરનાર પ્રભુના ચરણ કમળ છે.

અહીં **ઉપા. શ્રી સિદ્ધિચંદ્રજી મહારાજ**ની ટીકામાં પાઠાન્તર આપેલો છે. ૩ જા ચરણમાં **वन्ध्य**ને ઠેકાણે **बन्धो** પાઠ છે. તેથી **हे प्रणिधानबन्धो** એટલે 'પ્રણિધાન કરવામાં બંધુ-મિત્ર સમાન' એમ સંબોધન છે અને ૪ થા ચરણમાં **वध्योऽस्मि** ને બદલે **वन्ध्योऽस्मि** પાઠાન્તર છે. આથી આપના ચરણકમળ રૂપ શરણને પામીને જો હું 'વન્ધ્ય છું' અર્થાત્ નિષ્ફળ છું તો હાય ! ખેદની વાત છે- હું દુર્ભાગ્ય વડે માર મરાયો છું એવો અર્થ થાય છે. જો કે પ્રથમ પાઠ પ્રસિદ્ધ અને નિર્દોષ જ છે.

અહીં કવિ કોઈ દુઃખ આવી પડતાં પોતાને નિષ્ફળ અને દુર્ભાગી

જણાવતાં નથી. પણ આવા પ્રભાવ યુક્ત પ્રભુના ચરણ કમળનું ધ્યાન-ચિત્ત સમાધિ વગેરેની પ્રાપ્તિ ન થવાથી પોતાને નિષ્ફળ મનાવે છે. તેઓને વિનાશી-તુચ્છ-દુઃખમિશ્રિત-દુઃખના પ્રતિકારરૂપ-પરાધીન-દુઃખ-ફલક અને વિભાવ (પરભાવ) સ્વરૂપ ભૌતિક સુખના વિરહથી વ્યથા નથી, પરંતુ સ્વાધીન-સ્વચ્છ-શાશ્વત-સ્વભાવરૂપ-અનંત-અક્ષય-નિરાબાધ એવા આત્મિક, આધ્યાત્મિક સુખના કારણભૂત પ્રભુના પ્રણિધાનથી=ધ્યાન-ચિત્તની સમાધિ વગેરેથી રહિત હોવાની વ્યથા છે, એ વ્યથા તો અપેક્ષાએ સારી-પ્રશસ્ત ગણાય અને તેની અભિવ્યક્તિ કવિએ આ કાવ્યમાં કરેલી છે. (૪૦)

**સમાસવિચાર :** (૧) **निर्गता संख्या यस्मात् तत् निःसंख्यम् ।** (બ.વ્રી.) અથવા **निर्गतं संख्यायाः इति निःसंख्यम् ।** (પ્રાદિ ત.પુ.) **निसंख्यं च तत्-सारं (बलं) च इति निसंख्यसारम् ।** (ક.ધા.) **तस्य शरणं (गृहम्) इति निसंख्यसारशरणम् । तत् तथा ।** (ષ.ત.પુ.) (૨) **सादिता रिपवः येन तत् सादितरिपु ।** (બ.વ્રી) **तत् तथा ।** (૩) **प्रथितः (प्रसिद्धः) अवदातः (प्रभावः) यस्य येन वा तत् प्रथितावदातम् ।** (બ.વ્રી.) **तत् तथा ।** અથવા બીજો અને ત્રીજો સમાસ સળંગ એક જ છે. તેથી આ પ્રમાણે વિગ્રહ થાય- **प्रथितश्चासौ अवदातश्च इति प्रथितावदातः ।** (ક.ધા.) **रिपूणां प्रथितावदातः इति रिपुप्रथितावदातः ।** (ષ.ત.પુ.) **सादितः रिपुप्रथिताव-दातः येन तत् सादितरिपुप्रथितावदातम् । तत् तथा** (બ.વ્રી.) (૪) **तव पादः इति त्वत्पादः ।** (ષ.ત.પુ.) **त्वत्पाद एव पङ्कजं इति त्वत्पाद-पङ्कजम् । तत् तथा** (ક.ધા) (૫) **प्रणिधानेन वन्ध्यः इति प्रणिधानवन्ध्यः ।** (તૃ.ત.પુ.) (૬) **भुवनानां पावनं इति भुवनपावनम् ।** (ષ.ત.પુ.) **तत्सम्बोधनं हे भुवनपावन! ।** (૪૦)

**दिवा पश्यति नो घुकः काको नक्तं न पश्यति ।**
**अपूर्वः कोऽपि कामान्धो दिवानक्तं न पश्यति ॥ १ ॥**
(ઉપદેશમાલા વૃત્તિ.)

અર્થ...ઘુવડ દિવસે જોઈ શકતું નથી અને કાગડો રાત્રે જોઈ શકતો નથી. કામાંધ પુરુષ કોઈ નવો જ છે કે જે દિવસે અને રાત્રે પણ જોઈ શકતો નથી.

**ઉપક્રમ :** ફરી કવિ અનેક સંબોધનોપૂર્વક પ્રભુને સંકટમોચનની પ્રાર્થના કરે છે -

**देवेन्द्रवन्द्य ! विदिताखिलवस्तुसार !**
**संसारतारक ! विभो ! भुवनाधिनाथ !**
**त्रायस्य देव ! करुणाह्रद ! मां पुनीहि**
**सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥ ४१ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे देवेन्द्रवन्द्य !** (હે દેવેન્દ્રો વડે, ઈન્દ્રો વડે વંદનીય/નમસ્કાર કરવા યોગ્ય) **विदिताखिल वस्तुसार !** (હે જાણેલો છે સમસ્ત વસ્તુઓનો સાર-પરમાર્થ જેમણે એવા પ્રભુ !) **हे संसारतारक !** (હે સંસારથી તારનારા !) **हे विभो !** (હે વિભુ ! હે પ્રભુ !) **हे भुवनाधिनाथ!** (હે જગતના નાથ) **हे करुणाह्रद** ! અથવા હે કરુણાહ્રદ ! (હે કરુણાયુક્ત હૃદય-વાળા ! અથવા હે કરુણાના હ્દ-મોટા સરોવર સમાન !) **हे देव !** (હે દેવ ! હે પ્રભુ !) **अद्य** (આજે, હમણાં) **त्वं** (આપ) **भयदव्यसनाम्बुराशेः** (ભય આપનારા-ભયંકર સંકટરૂપી સમુદ્રથી, દુઃખસાગરથી) **सीदन्तं माम्** (સીદાતા, પીડાતા એવા મને) **त्रायस्व** (રક્ષો, મારી રક્ષા કરો) **मां (च)** (અને મને) **पुनीहि** (પવિત્ર કરો, શુદ્ધ કરો.) (૪૧)

**સરલાર્થ :** હે દેવેન્દ્રોથી વંદનીય પ્રભુ ! હે સમસ્ત વસ્તુના સારને (રહસ્યને) જાણનારા ! હે સંસારથી તારનારા ! હે વિભુ ! હે જગતનાં સ્વામી ! હે કરુણાયુક્ત હૃદયવાળા ! (અથવા કરુણાના મોટા સરોવર જેવા) હે દેવ ! હમણા સીદાતા એવા મને ભય આપનારા (ભયંકર) સંકટ રૂપી સાગરથી રક્ષો, મારી રક્ષા કરો અને મને પવિત્ર કરો. (૪૧)

**વિશેષાર્થ :** આ પદ્યમાં પણ કવિ પ્રભુને સાત વિશેષણોથી સંબોધન કરીને બે પ્રકારની પ્રાર્થના કરે છે. (૧) ભયંકર સંકટવાળા શારીરિક-માનસિક આપત્તિઓના સાગરથી સીદાતા-પીડાતા એવા પોતાની રક્ષા કરવા માટે પ્રાર્થના કરે છે અને (૨) બીજી પ્રાર્થના કરે છે કે, હે પ્રભુ ! મને પવિત્ર કરો, શુદ્ધ કરો.

પહેલી પ્રાર્થના મુખ્યત્વે દુઃખોથી મુક્ત કરવા અંગે છે. અને બીજી પ્રાર્થના હિંસાદિ પાપોથી અને કષાયાદિ દોષોથી મુક્ત કરીને પવિત્ર કરવા અંગે છે. અથવા તો 'મને પવિત્ર કરો' એવી બીજી પ્રાર્થના કરી હોવાથી પ્રથમ પ્રાર્થનામાં 'ભયંકર સંકટ' તરીકે વિષય-કષાય, મિથ્યાત્વ-અહંકાર-મમકાર વગેરે દોષો પણ લઈ શકાય. કેમ કે, તેમાંથી મુક્ત થવાથી જ પવિત્ર થવાય છે.

બીજી પ્રાર્થના મુખ્ય છે, કેમકે તે સમાધિ, સદ્ગતિ અને સિદ્ધિગતિનું કારણ છે. પાપ અને દોષો જેમ જેમ ઘટે તેમ તેમ જ જીવને સમાધિ વગેરે સુલભ થાય. પણ આ બીજી પ્રાર્થનાની પ્રાપ્તિ માટે નિર્વિઘ્નતા પણ જરૂરી છે. અલ્પ સત્ત્વવાળો જીવો સંકટથી ઘેરાયેલાં હોય તો પાપમુક્તિની-દોષમુક્તિની સાધના કરવા તત્પર થતાં નથી. માટે પ્રથમ તીવ્ર કક્ષાના દુઃખોથી મુક્તિની પ્રાર્થના કરી. સતત અશાતા અને દુઃખોથી ગ્રસ્ત નરકના જીવોને, અત્યંત પરાધીનતા અને મૂઢતા હોવાથી તિર્યંચના જીવોને, તેમજ મનુષ્ય ગતિમાં સતત અર્થ-કામની ચિંતા અને પ્રવૃત્તિમાં ગળાડૂબ રહેવાથી અને દેવગતિમાં પરિગ્રહ-મૂર્ચ્છા અને ભોગના અતિરેકથી પાપમુક્તિ-દોષમુક્તિ દુષ્કર છે. નરક અને તિર્યંચ ગતિમાં તો ધર્મનું શ્રવણ, શ્રદ્ધા પણ અતિ દુર્લભ છે. દેવગતિમાં શ્રવણ અને શ્રદ્ધા શક્ય હોવા છતાં આચરણ (વિરતિ) ખૂબ દુર્લભ છે. મનુષ્યગતિમાં પણ અનાર્ય દેશ-કુળમાં ધર્મનું શ્રવણાદિ દુર્લભ જ છે. આર્ય દેશ-કુળમાં જ ધર્મનું શ્રવણ-શ્રદ્ધા અને વિરતિ ધર્મનું પાલન શક્ય છે. તેમ છતાં વિશિષ્ટ (પુણ્યાનુબંધી) પુણ્યોદયે જ દોષનાશ-આત્મશુદ્ધિના ભાવોનું ઘોડાપુર ઉમટે છે. માટે આવા અનેક કર્મોના વિપાકોનું જોર કાંઈક ઘટે તો જ જીવ ઉલ્લાસપૂર્વક ધર્મની આરાધના, પાપત્યાગ અને દોષનાશપૂર્વક પવિત્ર બની શકે છે.

પરમાત્માને વારંવાર ગળગળા બનીને પ્રાર્થના કરવાથી આવી સ્થિતિની પ્રાપ્તિ અવશ્ય સુલભ થાય છે. આવી દુઃખસંકટથી રહિત થવાની અને પાપ-દોષથી રહિત અવસ્થાની પ્રાપ્તિની તીવ્ર પ્રાર્થનાથી તેને અનુકૂળ સંયોગ પણ (આ પ્રાર્થના દ્વારા બાંધેલા પુણ્યાનુબંધી પુણ્યથી) સુલભ થાય છે. આવી હૈયાના ભાવપૂર્વકની પ્રાર્થના જ ખૂબ મહાન છે. અને પ્રાર્થક જીવના અભ્યુદય (પુણ્યપ્રકર્ષ) અને આધ્યાત્મિક-ઉન્નતિ (શુદ્ધિ-પવિત્રતા) નું કારણ બને છે.

આ પ્રાર્થના કરતાં પહેલાં કવિએ પ્રભુના જે સાત વિશેષણોરૂપે સંબોધનો કહેલાં છે તે પણ પરમાત્મા પુણ્ય અને પવિત્રતાના ભંડાર હોવાના સૂચક છે.

**'देवेन्द्रवन्द्य'** અને **'भुवनाधिनाथ'** એ બે સંબોધનો પુણ્ય-ઋદ્ધિના સૂચક છે અને **'विदिताखिलवस्तुसार' અને 'करुणाह्रद'** વિશેષણો ગુણ-સમુદ્ધિ-શુદ્ધિના સૂચક છે. 'સંસારતારક' 'વિભુ' 'દેવ' આ ત્રણ વિશેષણો બંનેય પ્રકારના વૈભવનો નિર્દેશ કરે છે એમ યથાયોગ્ય વિચારવું.

**'करुणाह्रद'** ને ઠેકાણે ક્યાંક **'करुणाहृद'** પાઠ દેખાય છે. પણ તે બરાબર લાગતો નથી. **ઉપા.શ્રી સિદ્ધિચંદ્રજી મ.**ની ટીકામાં **करुणाहृदय** પાઠ છપાયો છે પણ તે અશુદ્ધ છે કારણકે તેનો અર્થ **दयाहृद** કરેલો છે. **हृदय** માં ત્રણ અક્ષર હોવાથી છંદનો ભંગ થાય છે. માટે **हृद** અથવા **ह्रद** પાઠ હોઈ શકે. તેમાં પણ **उपलक्षणत्वाद् दयासमुद्र !** એવા ટીકાના વચનથી **करुणाह्रद** પાઠ જ ઉચિત લાગે છે. કારણકે હ્રદ એટલે મોટું સરોવર એ સમુદ્રનું ઉપલક્ષણ-સૂચક બની શકે. પરંતુ, **हृद**=હૃદય એ સમુદ્રનું સૂચક ન બની શકે. માટે **ह्रद** પાઠ જ હોવો જોઈએ. શેષ ત્રણે ય ટીકામાં સ્પષ્ટરૂપે **ह्रद** પાઠ છે. મહેસાણા પાઠશાળાના સાર્થ, પુસ્તકમાં **हृद** પાઠ છાપેલો છે, પરંતુ અર્થ તો 'સરોવર' જ કરેલો છે. માટે **ह्रद** પાઠ જ શુદ્ધ છે એમ માનવું ઉચિત લાગે છે. (૪૧)

**સમાસવિચાર** : (૧) **देवानां इन्द्राः इति देवेन्द्राः ।** (ષ.ત.પુ.) **तै वन्द्य इति देवेन्द्रवन्द्यः । तत्सम्बोधनं तथा ।** (૨) **अखिलानि च तानि वस्तुनि इति अखिलवस्तुनि** (ક.ધા.) **अखिलवस्तूनां सारः इति अखिलवस्तुसारः ।** (ષ.ત.પુ.) **विदितः अखिलवस्तुसारः येन स विदिताखिलवस्तुसारः । तस्य सम्बोधनं तथा ।** (બ.વ્રી.) (૩) **तारयतीति तारकः । संसारात् तारकः इति संसारतारकः । तत्संबोधनं तथा ।** (૪) **अधिकश्चासो नाथश्च इति अधिनाथः ।** (ત.પુ.) **भुवनानां अधिनाथ इति भुवनाधिनाथः ।** (ષ.ત.પુ.) **तत्संबोधनं तथा ।** (૫) **करुणायाः ह्रदः इति करुणाह्रदः । तत्संबोधनं तथा ।** (૬) **अम्बुनो राशिः इति अम्बुराशिः ।** (ષ.ત.પુ.) **व्यसनानां अम्बुराशिः इति व्यसनाम्बुराशिः ।** (ષ.ત.પુ.) **भयं ददातीति भयदः ।** (ઉપપદ ત.પુ.) **भयदश्चासौ व्यसनाम्बुराशिरिति भयदव्यसनाम्बुराशिः । तस्मात् तथा ।** (ક.ધા.) (૪૧)

**ઉપક્રમ :** હવે કવિ પરમાત્માની ભક્તિના ફળ તરીકે ભક્તિની જ માંગણી કરતાં કહે છે -

**यद्यस्ति नाथ ! भवदङ्घ्रि सरोरुहाणां**
**भक्तेः फलं किमपि सन्ततिसञ्चितायाः ।**
**तन्मे त्वदेकशरणस्य शरण्य भूयाः**
**स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ॥ ४२ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे नाथ !** (હે નાથ ! હે પ્રભુ !) **भवदङ्घ्रि (दंह्रि) सरोरुहाणां** (આપના ચરણોરૂપી કમળોની) **सन्ततिसञ्चितायाः** (સતત-નિરંતરપણે સંચિત અથવા પરંપરા વડે સંચય કરાયેલ) **भक्तेः** (ભક્તિનું) **यदि** (જો) **किमपि** (કાંઈપણ) **फलं अस्ति** (ફળ છે) **तत्** (ત્યારે, તો) **हे शरण्य!** (હે શરણ કરવાને યોગ્ય પ્રભુ !) **अत्र भुवने** (આ લોકમાં/ભવમાં) **भवान्तरे अपि** (બીજા ભવમાં પણ) **त्वदेकशरणस्य मे** (ફક્ત આપના જ એક શરણવાળા, આપનું જ શરણ સ્વીકારનારા એવા મને) **त्वमेव** (આપ જ) **स्वामी** (સ્વામી, નાથરૂપે) **भूयाः** (થાઓ.) (૪૨)

**સરલાર્થ :** હે નાથ ! આપના ચરણકમળની સતત અથવા પરંપરા વડે એકઠી (સંચિત) કરાયેલી ભક્તિનું જો કાંઈપણ ફળ હોય તો તેનાથી હે શરણ્ય ! હે આશ્રયણીય પ્રભુ ! આ લોકમાં (ભવમાં) અને પરભવમાં પણ આપનું જ એકમાત્ર શરણ સ્વીકારનારા એવા મને આપ જ સ્વામી (નાથ) રૂપે થાઓ. (આપની ભક્તિના બદલામાં મને ભવોભવ આપનું શરણ-ભક્તિ જ મળો એમ ભાવ છે.) (૪૨)

**વિશેષાર્થ :** પરમાત્માની જુદી જુદી અનેક પ્રકારે સ્તુતિ કરીને હવે કવિ પોતે કરેલી પ્રભુભક્તિના સમૂહના વિશિષ્ટ ફળની પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે. સાચા પરમાત્માના ભક્તથી સહજ રીતે થઈ જાય અને છાજે એવી ફળની પ્રાર્થના અહીં કરવામાં આવી છે. કવિ કહે છે કે, હે નાથ ! હે સ્વામિન્ ! અત્યાર સુધી અનેક ભવની પરંપરા વડે અથવા સતત-સાતત્ય-પૂર્વક કરેલી આપના ચરણકમળોની ભક્તિનું = ઉપાસનાનું-પૂજાનું જો

કોઈ ફળ હોય તો તેનાથી-આ ભવમાં અને પરભવમાં-આપના જ એકમાત્ર શરણને સ્વીકારનારા એવા મને હે શરણ્ય પ્રભુ ! આપ જ સ્વામી-નાથ-માલિક-આરાધ્ય તરીકે પ્રાપ્ત થાઓ.

આમ કવિએ અહીં એકત્રિત થયેલ પ્રભુ ભક્તિના સમુદાયના ફળરૂપે પણ વિશિષ્ટ પ્રભુ-ભક્તિની જ માંગણી કરી છે. કારણકે પરમાત્માના ખરા ભક્ત માટે પરમાત્મ-ભક્તિથી વિશેષ બીજું કાંઈ હોતું નથી. માટે જ કોઈ કવિએ કહ્યું છે ને કે, **'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી, જેહશું સબલ પ્રતિબંધ લાગો'**, હે પ્રભુ ! મારા મનમાં તો સાધનાના અંતિમ ઉત્કૃષ્ટ ફળ સ્વરૂપ 'મુક્તિ' કરતાં પણ તારી ભક્તિ-તારા પ્રત્યેની શ્રદ્ધા-બહુમાન-સેવા-ઉપાસના-જ અધિક કર્તવ્યરૂપે વસી ગઈ છે. તેમાં જ, ભક્તિમાં જ મારો મજબૂત પ્રતિબંધ છે, અનુરાગ છે. કારણકે, **'ચમક પાષાણ જિમ લોહને ખેંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો'**. જેમ ચમક પાષાણ-લોહચુંબક સહજ રીતે-સ્વભાવથી જ લોખંડને ખેંચે છે, આકર્ષે છે, તેમ આપના પ્રત્યેનો મારો જે ભક્તિ-રાગ છે, તે સહજ રીતે મુક્તિને લાવી આપશે. એને માટે મારે બીજો પ્રયત્ન કરવાની, વલખાં મારવાની જરૂર નથી. મારે તો ફક્ત આપના પ્રત્યે-આપના વચનો પ્રત્યે-શાસન પ્રત્યે મજબૂત અનુરાગ જ ઉભો કરવાની જરૂર છે. (ઋષભદેવ સ્તવન-પં. ૬)

આમ, ઉપરોક્ત પંક્તિમાં પણ કવિએ મુક્તિને બદલે ભક્તિની જ અભિલાષા કરી છે. સાચા ભક્તને મુક્ત બનીને પ્રભુની તુલ્ય-સમાન બની જવાની પણ તમન્ના હોતી નથી. કવિ ધનપાળે પણ **ઋષભ-પંચાશિકા**માં આ જ વાત કરી છે કે,

**होही मोहुच्छेओ तुह सेवाए धुवं ति नंदामि ।**
**जं पुण तत्थ न वंदिअव्वो तेण झिज्झामि ॥ १ ॥**

અર્થ : હે પ્રભુ ! મારી જે આપના પ્રત્યેની અવિહડ ભક્તિ છે, તેથી મારા મોહનો ઉચ્છેદ-સમૂલો નાશ નિશ્ચિતપણે થશે, તેથી હું ઘેલમાં છું, આનંદમાં છું. પણ ત્યારે આપણે બંને સરખા થઈ જવાથી આપ ભગવાન અને હું ભક્ત, આપ આરાધ્ય અને હું સેવક-નમસ્કાર કરનારો એવો ભેદ નહીં રહેવાથી હું ઝુરી રહ્યો છું, સંતપ્ત થઈ રહ્યો છું. મારું દાસત્વ ચાલ્યું જાય તે મને મંજૂર નથી. આવી દાસત્વની-ભક્તપણાની ખુમારી સાચા ભક્તોને હોય છે.

માટે તેઓ સમસ્ત ભક્તિના ફળરૂપે ફરી સાતત્યપૂર્ણ ભક્તિની જ પ્રાર્થના કરે છે.

અહીં પણ કવિએ આ જ પ્રાર્થના કરીને પોતાની સાચા ભક્ત તરીકેની ખુમારી વ્યક્ત કરી છે. જે સોનાના ઘડા જેવી હોવાથી કદાચ ભવાંતરમાં જતાં થોડું આંતર પડી જાય, તૂટી જાય તો પણ સંપૂર્ણ મૂલ્ય ઉપજે એવી હોય છે. અર્થાત્ તેવી ભક્તિ ભવાંતરમાં ફરી વધુ તીવ્રતાથી પ્રાપ્ત થાય છે. માટે મોક્ષને અનુકૂળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ સામગ્રીની પ્રાપ્તિ થવાપૂર્વક જ મોક્ષનું-અક્ષતપદનું અવશ્ય કારણ બને છે.

કાવ્યમાં **त्वदेकशरणस्य मे** = 'આપના જ એકમાત્ર શરણે આવેલાં મને' એવા વચનો દ્વારા સાંસારિક પૈસો-પરિવાર-પત્ની-પ્રતિષ્ઠા-કાયા વગેરે ભૌતિક નાશવંત પદાર્થના શરણનો નિષેધ કરેલો છે. પ્રભુના અનન્યભાવે શરણાગતને તો આ બધા પદાર્થો પરભાવ-પરાયા રૂપે લાગે છે. માટે જ નરસિંહ મહેતા જેવા પ્રભુભક્તને ભક્તિ કરતાં જ્યારે સમાચાર મલ્યા કે, તારી પત્ની 'રામ બોલો ભાઈ રામ' થઈ ગઈ છે, ત્યારે તે શોક કરવાને બદલે નાચી ઉઠ્યો હતો- **ભલું થયું ને ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ'** પ્રભુની સાચી ભક્તિમાં પ્રભુ જેમ વહાલા-શરણ્ય લાગે એટલેકે **एस अट्ठे, एस परमट्ठे** = આ જ અર્થ - પ્રયોજન - સાધ્ય - શરણ્ય છે, આ જ પરમાર્થ પણ છે એવું પ્રતીત થાય છે. પણ તેટલું પર્યાપ્ત નથી. કિન્તુ **सेसे अणट्ठे**=બાકીના સર્વ પરભાવો-પત્ની-પૈસો-પરિવાર-પ્રતિષ્ઠા-કાયા વગેરે અનર્થરૂપ છે. અશરણ રૂપ છે. તેઓની આસક્તિ સંસારથી તરવામાં-આત્મકલ્યાણમાં અવરોધરૂપ છે એવી પણ પ્રતીતિ થવી જોઈએ. અન્યત્ર પણ કહ્યું છે કે,

**अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम ।**
**तस्मात् कारूण्यभावेन रक्ष रक्ष जिनेश्वर ! ॥ १ ॥**

**અથ :** હે જિનેશ્વર પ્રભુ ! મારે તું જ શરણ રૂપ છે. બીજી કોઈ પરવસ્તુ શરણ્ય નથી. તેથી કરુણાભાવથી મારું રક્ષણ કર, રક્ષણ કર.

પેલા પ્રભુભક્ત દેવપાળે, કોથળિયા શેઠે અને અષ્ટાપદ તીર્થ ઉપર રાવણે પણ પ્રસન્ન થયેલાં શાસનદેવ પાસે, ધરણેન્દ્ર પાસે ભક્તિનું ફળ ભક્તિ જ માંગેલું. અમરકુમાર, સુદર્શન, દ્રૌપદી, શ્રીપાળ, શ્રીદેવી, મોતીશા શેઠ વગેરેએ પરમાત્માનું-પંચ પરમેષ્ઠીનું-અરિહંતનું અનન્યભાવે, અશરણ

-ભાવે શરણ સ્વીકાર્યું તો કેવી પ્રાર્થના ફળી ! ક્રમશઃ યજ્ઞકુંડ અને શૂળીનું સિંહાસન થયું, પોતાની લજ્જા અધિષ્ઠાયકદેવે સલામત રાખી, કોઢ રોગ દૂર થયો, સર્પ ફૂલની માળા બન્યો, ફાંસીનો માંચડો તૂટી ગયો વગેરે અનેક અપાયો-ઉપદ્રવો પણ દૂર થયા છે. તો રાગ-દ્વેષ, વિષય-કષાય, અહં-મમત્વ, ઈર્ષ્યા-અસૂયા, નિંદા-કૂથળીરૂપી આંતરશત્રુઓનો નાશ કરે તેમાં શી નવાઈ ? ફક્ત ભક્ત-હૃદયને તેમાંથી છૂટવાનો તલસાટ જોઈએ.

અહીં કવિ પ્રભુનું અનન્યભાવે શરણ સ્વીકારીને સમસ્ત ભક્તિના ફળ તરીકે 'હે પ્રભુ ! ભવોભવ આપ જ શરણરૂપે-સ્વામીરૂપે પ્રાપ્ત થાઓ.' એમ પ્રાર્થના કરે છે. તેના બે કારણ છે. (૧) એક તો તેમણે પ્રભુ-ભક્તિનો, રસાસ્વાદ ચાખ્યો છે, માણ્યો છે. (૨) બીજું કારણ એ કે તેમણે સમસ્ત સાધનાના ફળ સ્વરૂપ જે પ્રશમભાવ-આત્મતૃપ્તિનો અનુભવ છે તે પ્રભુ ભક્તિથી પ્રાપ્ત કરેલો છે. માટે જ તેઓ આવી પ્રાર્થના કરે છે.

પ્રસ્તુત કાવ્યમાં **सन्ततिसंचितायाः** માં **सन्तति** નો અર્થ કાયમ ચાલુ-સતતપણે-નિરંતર અથવા પરંપરા છે. તેનાથી સંચિત ભક્તિ એમ અર્થ લેવાનો છે. શ્રી કનકકુશલગણિની ટીકામાં **सन्तत०** એવો પાઠાન્તર પણ સૂચવેલો છે. ત્યારે **सन्तत =** એટલે નિરંતર અર્થ જ લેવો. (૪૨)

**સમાસવિચાર** : (૧) **सरसि रुहन्ति इति सरोरुहानि ।** (ઉપ.ત.પુ.) **भवतः अंह्रयः (अङ्घ्रयः) इति भवदङ्घ्रयः ।** (ષ.ત.પુ.) **भवदंह्रयः एव सरोरुहः इति भवदंह्रिसरोरुहः ।** (ક.ધા.) **तेषां तथा ।** (અહીં જો કે ભગવાનના ચરણો બે જ છે, તેથી દ્વિવચન આવવું જોઈએ. તો પણ જે બહુવચનનો પ્રયોગ કરેલો છે, તે પ્રભુના પૂજ્યપણાનું જ્ઞાપક છે એમ **ઉપા.શ્રીસિદ્ધિચંદ્રજી** મ.ની ટીકામાં કહેલું છે. વળી ગૌરવને યોગ્ય વસ્તુને વિષે એક કે બે અર્થમાં પણ બહુવચન **गुरावेकश्च** સિ.હે. (૨-૨-૧૨૪) સૂત્રથી વિહિત છે. (૨) **सन्तत्या सञ्चिता इति सन्ततिसञ्चिता ।** (તૃ.ત.પુ.) અથવા **सन्ततं यथा स्यात् तथा सञ्चिता इति सन्ततसञ्चिता ।** (ક્રિયાવિશેષણ સાથે સમાસ) **तस्याः तथा ।** (૩) **त्वं एव एकः इति त्वदेकः ।** (ક.ધા.) **त्वदेकः शरणं यस्य स त्वदेकशरणः ।** (બહુવ્રીહિ) અથવા **त्वमेव एकं शरणं यस्य स त्वदेकशरणः ।** (બ.વ્રી.) (૪) **भवाद् अन्यः भवः भवान्तरम् । तस्मिन् तथा ।** (મયૂરવ્યંસકાદિ ગણ પાઠથી સમાસ) (૪૨)

**ઉપક્રમ :** હવે કવિ આ સ્તવનનું ફળ બતાવવાપૂર્વક ઉપસંહાર કરે છે અને પોતાના નામનું સૂચન કરતાં કહે છે -

**इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र !**
**सान्द्रोल्लसत्पुलककञ्चुकिताङ्गभागाः ।**
**त्वद्बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्ष्या**
**ये संस्तवं तव विभो ! रचयन्ति भव्याः ॥ ४३ ॥**

**जननयनकुमुदचन्द्र ! प्रभास्वराः स्वर्गसम्पदो भुक्त्वा ।**
**ते विगलितमलनिचया अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥ ४४ ॥**

**અન્વય+શબ્દાર્થ : हे जिनेन्द्र !** (હે જિનેશ્વર પ્રભુ !) **हे विभो !** (હે વિભુ !) **हे जननयनकुमुदचन्द्र !** (હે મનુષ્યોના નયન-ચક્ષુરૂપી કમળોને વિષે ચન્દ્ર સમાન ! પ્રભુ ! અહીં ગર્ભિત રીતે 'કુમુદચંદ્ર' એવું કવિનું દીક્ષા સમયનું નામ સૂચવેલું છે.) **इत्थं** (આ પ્રમાણે, ઉપર કહ્યા પ્રમાણે) **समाहितधियः** (સમાહિત-બુદ્ધિવાળા, સમાધાનયુક્ત-મતિવાળા, પ્રભુમાં સ્થિર-એકાગ્ર બુદ્ધિવાળા તથા) **सान्द्रोल्लसत्पुलककञ्चुकिताङ्गभागाः ।** (સાન્દ્ર-ગાઢ-સઘન, ઉલ્લસિત થતાં-ઉત્પન્ન થતાં પુલક-રોમાંચ વડે કંચુકિત-વેષ્ટિત-વ્યાપ્ત થયેલ દેહના (સર્વ) ભાગવાળા, તેમજ) **त्वद्बिम्बनिर्मलमुखाम्बुजबद्ध-लक्ष्याः** (આપના બિંબના-પ્રતિમાના નિર્મળ-દેદીપ્યમાન જે મુખરૂપી કમળ, તેને વિષે બંધાયેલ લક્ષ્યવાળા અર્થાત્ બિંબમાં જેઓએ પોતાની દ્રષ્ટિ સ્થાપિત કરી છે એવા) **ये भव्याः** (જે ભવ્ય જીવો) **तव संस्तवं** (આપના સ્તોત્રને) **विधिवत्** (વિધિપૂર્વક) **रचयन्ति** (કરે છે, ભણે છે, પાઠ કરે છે) **ते** (તે ભવ્ય જીવો) **प्रभास्वराः** (પ્રકર્ષે, અત્યંત દેદીપ્યમાન) **स्वर्ग-सम्पदः** (સ્વર્ગની સંપત્તિને, દેવલોકના વૈભવને) **भुक्त्वा** (ભોગવીને) **विगलितमलनिचयाः (सन्तः)** (વિશેષે ગળી ગયો છે, નાશ પામ્યો છે કર્મરૂપી મેલનો સમૂહ જેઓનો એવા થયા છતાં) **अचिरात्** (ક્ષણવારમાં, અલ્પકાળમાં) **मोक्षं** (મોક્ષને/સિદ્ધસ્વરૂપને) **प्रपद्यन्ते** (પ્રાપ્ત કરે છે.) (૪૩) (૪૪)

**સરલાર્થ :** હે જિનેન્દ્ર ! હે વિભુ ! હે મનુષ્યના નેત્રરૂપી કમળોનો વિકાસ કરવામાં ચંદ્ર સમાન પ્રભુ ! ઉપર કહ્યા પ્રમાણે એકાગ્ર (સમાધિયુક્ત)

બુદ્ધિવાળા, અત્યંત ઉલ્લાસ પામતાં રોમાંચ વડે વ્યાપ્ત થયેલા દેહના અવયવોવાળા, તેમજ આપના બિંબના નિર્મળ (દેદીપ્યમાન) મુખરૂપી કમળ ઉપર સ્થિર કરેલી દષ્ટિવાળા જે ભવ્ય જીવો વિધિપૂર્વક આપના સ્તોત્રનો પાઠ કરે છે, તેઓ અત્યંત દેદીપ્યમાન સ્વર્ગની સંપત્તિને (વૈભવને) ભોગવીને (મનુષ્યભવમાં ઉત્તમકુળમાં જન્મ લઈને, દીક્ષા ગ્રહણ કરીને સર્વવિરતિની સાધના દ્વારા) વિશેષથી (સંપૂર્ણપણે) કર્મરૂપી મેલનો નાશ કરીને અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત કરે છે. (૪૩-૪૪)

**વિશેષાર્થ :** કવિશ્રી **સિદ્ધસેનસૂરિજી** આ કાવ્યમાં પ્રસ્તુત સ્તોત્રનો ઉપ-સંહાર કરતાં સ્તોત્રના પાઠનું ફળ બતાવે છે. આ પદ્યમાં પ્રભુના ત્રણ-ત્રણ સંબોધનો છે ! આગળ પણ ૩૯ માં શ્લોકમાં ૬ સંબોધનો હતાં અને ૪૧માં શ્લોકમાં ૭ સંબોધનો હતાં. જ્યાં સંબોધનો હોય છે ત્યાં પરમાત્મા સાથે વધુ તાદાત્મ્યનો-નિકટતાનો ભાવ જાગૃત થાય છે. અહીં ત્રણ સંબોધનો આ પ્રમાણે છે. **(૧) હે જિનેન્દ્ર !** હે જિનોના-૧૪ પૂર્વી, અવધિ-જ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને સામાન્ય કેવળજ્ઞાનીઓના ઈન્દ્ર-ઈશ-સ્વામી ! **(૨) હે વિભુ ! (૩) હે જનનયનકુમુદચન્દ્ર !** મનુષ્યોના નેત્રરૂપી કુમુદો-ચંદ્ર-વિકાસીકમળોને વિષે ચંદ્ર સમાન પ્રભુ ! કુમુદ એ ચંદ્રવિકાસી કમળ છે. ચંદ્રનો ઉદય થાય ત્યારે આ કમળો ખીલે છે અને ચંદ્ર આથમે ત્યારે આ કમળો બીડાઈ જાય છે. આથી જેમ ચંદ્રનો ઉદય થતાં ચંદ્રવિકાસી કમળો ખીલી ઉઠે છે અને આનંદપ્રદ બને છે, તેમ આપના દર્શન થતાં ભવિકોના નયનરૂપી કમળો પણ ખીલી ઉઠે છે-આનંદિત થાય છે. તેમાં ચમક આવે છે.

અહીં કવિ **શ્રી સિદ્ધસેનસૂરિજી**એ 'કુમુદચંદ્ર' એવા શબ્દના પ્રયોગ દ્વારા પોતાના દીક્ષા ગુરુ આ.**શ્રી વૃદ્ધવાદિદેવસૂરિ**એ દીક્ષા સમયે આપેલું **'કુમુદચંદ્ર'** એવું પોતાનું નામ પણ સૂચવેલું છે.

આવા ત્રણ સંબોધનપૂર્વક કવિ કહે છે કે, જે ભવ્યો આપના સ્તોત્રનો પાઠ કરે છે તેઓ અલ્પકાળે મોક્ષ પામે છે. અહીં ભવ્ય જીવોના પણ ત્રણ વિશેષણો કહેલાં છે. કેવા ભવ્ય જીવો ? તો (૧) **इत्थं समाहित-धियः ।** આ સ્તોત્રમાં પૂર્વે કહ્યા પ્રમાણે પ્રભુભક્તિથી ભાવિત થઈને સમાહિત = સમાધિસ્થ-સ્થિર બુદ્ધિવાળા થયેલાં ભવ્યજીવો તેમજ (૨) **सान्द्रोल्लसत्पुलककञ्चुकिताङ्गभागाः ।** **सान्द्र=**ગાઢ-સઘન-તીવ્ર ઉલ્લાસ પામતાં જે

રોમાંચો, તેના વડે **कंचुकित**=વ્યાપ્ત શરીરના પ્રદેશોવાળા પ્રભુમાં એકાકાર થવાથી સ્તુતિ કરનાર ભવ્યજીવના સાડા ત્રણ કરોડ રૂંવાડા ખડાં થઈ જાય છે.

(૩) **त्वद्‌बिम्बनिर्मल...** આપના બિંબનું (પ્રતિમાનું) જે નિર્મળ-દેદીપ્યમાન મુખારવિંદ, તેના ઉપર જેમણે પોતાની બે આંખોને સ્થિર કરી છે, સ્થાપેલી છે. (અહીં **શ્રી કનકકુશલગણિ**એ બીજો અર્થ કરેલો છે-બિંબ જેવું, ચંદ્રના મંડલ જેવું અથવા દર્પણ વગેરેમાં રહેલાં પ્રતિબિંબના જેવું જે આપનું નિર્મળ મુખરૂપીકમળ, તેના ઉપર બદ્ધ-લક્ષ્ય અર્થાત્ સ્થિર કરેલી દષ્ટિવાળા.) આવા જે ભવ્યજીવો આપનું સ્તોત્ર ભણે છે તેઓ શીઘ્ર અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય-તપ સ્વરૂપ મોક્ષ પામે છે.

પ્રભુના બિંબના દર્શનનો ઘણો મહિમા સ્તુતિઓમાં વર્ણવેલો છે, જેમકે

**પ્રભુ દર્શન સુખસંપદા, પ્રભુ દર્શન નવનિધ,**
**પ્રભુ દર્શનથી પામીએ, સકલ પદારથ સિદ્ધ'**

**અર્થ :** પ્રભુનું દર્શન એ જ સુખ-સંપત્તિ છે, એ જ નવનિધાન છે, પ્રભુદર્શનથી ચિત્તમાં એવો આહ્‌લાદ પ્રગટ થાય છે કે એમાં જ સુખસંપત્તિ અને નવનિધિ સમાઈ જાય છે. પ્રભુદર્શનથી જગતના સકળ ભૌતિક પદાર્થો ચક્રવર્તિપણું, ઈન્દ્રપણું વગેરે તો સિદ્ધ થઈ જ શકે છે પણ અંતરમાં એવો સંતોષરૂપી ગુણ પ્રગટ થાય છે કે જેના આનંદ આગળ સર્વ ભૌતિક પદાર્થો વામણા લાગે. એની ઈચ્છા જ ન થવાથી સર્વ પદાર્થોની સિદ્ધિ હૃદયમાં જ અનુભવાય. આવું સિદ્ધિ-સુખ પણ પ્રભુદર્શનથી પ્રાપ્ત થાય છે.

**दर्शनं देवदेवस्य०** માં દેવાધિદેવનું દર્શન પાપનો નાશ કરનારું, સ્વર્ગની સીડી અને મોક્ષનું સાધન (કારણ) કહેલું છે. **दर्शनात् दूरित-ध्वंसी**=પ્રભુના દર્શનથી પાપોનો નાશ થાય છે.

અહીં જે વિશિષ્ટ ફળ બતાવેલું છે તે પ્રભુનું સ્થિર-એકાગ્રચિત્તે દર્શન સમજવું અને તે દર્શન ફક્ત બિંબનું જ નહીં પણ બિંબના માધ્યમથી પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન સમજવું.

પરમાત્માના આવા દર્શનનું-સ્તુતિનું-ધ્યાનનું ઉત્કૃષ્ટ ફળ તો મોક્ષ જ બતાવ્યું છે. પરમાત્માની આજ્ઞાપૂર્વક પ્રભુમય બનેલો આત્મા કર્મક્ષય કરતો અને વિશુદ્ધિને પામતો છતો સર્વકર્મનો ક્ષય કરી શકે છે. પણ તેમ સીધે સીધો મોક્ષ મળવો દુષ્કર છે. કેમકે સાધક આત્માના કર્મો વિશેષ અધિક હોવાથી આયુષ્ય પૂરું થવાના સમયે શેષ રહી જવાનો સંભવ છે. આથી

કવિએ કહ્યું કે, **स्वर्गसम्पदो भुक्त्वा** સ્વર્ગની સંપત્તિનો ભોક્તા બનીને મોક્ષે જાય છે. તે પણ જેવી તેવી નહીં પણ **प्रभास्वराः** દેદીપ્યમાન, ઉત્તમ સંપત્તિ.

**શંકા :** આવી સ્વર્ગની સંપત્તિને પ્રાપ્ત કરનારો આત્મા તેમાં આસક્ત થઈ જાય તો સંસારનું પરિભ્રમણ ન વધે ?

**સમાધાન :** સાચી વાત છે, પરંતુ નિરંજન, વીતરાગ એવા પરમાત્માની ભક્તિના શુભ ધ્યાનના પ્રભાવથી આસક્તિના અનુબંધો (સંસ્કારો) લગભગ ક્ષીણ થઈ જાય છે.

પ્રભુનું ધ્યાન કરનારને સ્વર્ગની સંપત્તિની લેશમાત્ર ઈચ્છા હોતી નથી. આત્માની સંતોષ - સ્વરૂપરમણતાની સંપત્તિ સામે સ્વર્ગની સંપત્તિ તૃણવત્ ભાસે છે. સંસારને વધારનાર અને હેય-છોડવા જેવી લાગે છે.

આવા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળેલી હોવાથી સ્વર્ગની સંપત્તિ પણ આસક્તિ કરાવીને સંસારમાં રખડાવી શકતી નથી.

**શંકા :** આ રીતે પ્રભુના દર્શન-ભક્તિ-ધ્યાન દ્વારા જ કર્મક્ષય થઈ જાય તો શું ચારિત્રનું ગ્રહણ કરવાની કોઈ જરૂર નથી ? શું વ્યવહારમાર્ગની ક્રિયા કરવાની આવશ્યકતા નથી ?

**સમાધાન :** અહીં એ સમજવું કે કાવ્યના રચયિતા મહાત્મા પણ પોતે ચારિત્રધર જ છે. એટલે ચારિત્રની-સંયમની-સર્વવિરતિની પણ જરુરત તો છે જ. પાંચ મહાવ્રત સ્વરૂપ, સમભાવરૂપ અને સર્વજીવ સ્નેહ-પરિણામ સ્વરૂપ સર્વવિરતિ ધર્મના વિશુદ્ધ ઉપયોગપૂર્વકના પાલનથી જ આવા વિશુદ્ધ-સ્થિર એકાગ્રભાવે પ્રભુના દર્શન-ધ્યાનની ભૂમિકા-યોગ્યતા સર્જાય છે. માટે ચારિત્ર જરુરી જ છે.

આથી જ સ્વર્ગની સંપત્તિ ભોગવવી અને મોક્ષની પ્રાપ્તિ રૂપ ફળ વચ્ચે બીજું એક ફળ જણાવનારું વિશેષણ મૂકેલું છે - **ते विगलितमल-निचयाः ।** સ્વર્ગના સુખના ભોગવટાથી સર્વકર્મનો ક્ષય થતો નથી, કિન્તુ (પુણ્યાનુબંધી) પુણ્યનો ક્ષય થાય છે અને સર્વ કર્મનો ક્ષય કર્યા સિવાય મોક્ષ મળી શકતો નથી. આથી અનાસક્તિપૂર્વક સ્વર્ગની સંપત્તિનો ભોગવટો અને મોક્ષની પ્રાપ્તિ વચ્ચે સર્વકર્મરૂપ મેલનો ક્ષય કરનારી સાધના અપેક્ષિત છે. અને તે સર્વ કર્મક્ષય મનુષ્યભવ પામીને-ઉત્તમ ધાર્મિક કુળમાં જન્મ લઈને, ભાવ ચારિત્રની-સર્વવિરતિ ધર્મની સાધનાથી જ શક્ય છે. આથી પૂર્વોક્ત વિશેષણ વડે ગર્ભિત રીતે ચારિત્રનું ગ્રહણ સૂચવેલું જ છે.

આ રીતે 'ભાવથી પરમાત્મામય બનેલો આત્મા **વિગલિતમલ-નિચયાઃ** કર્મરૂપી અથવા વિષય-કષાયાદિ દોષ રૂપી મેલનો **વિ**=વિશેષે-સંપૂર્ણપણે-ફરી મલિન ન થાય એ રીતે નાશ કરનારો થાય છે. આમ કહેવા દ્વારા કર્મ અને દોષોના નાશ વિના કોઈનો પણ મોક્ષ ન થાય એમ સૂચવેલું છે. કર્મો અને દોષોનો આંશિક નાશ થાય તેને **નિર્જરા** કહેવાય. અને સંપૂર્ણ નાશ થાય તેને **મોક્ષ** કહેવાય... જ્યાં સુધી સંપૂર્ણ નાશ ન થાય ત્યાં સુધી નિર્જરાનો જ સહારો લેવો પડે. અને તે પણ અંશતઃ મોક્ષ જ છે. જેમ લાખ-લાખ રૂપિયાનું ઉપાર્જન કરે તે જ કરોડપતિ બની શકે, તેમ જે સંયમપૂર્વક નિર્જરા ધર્મનું(તપનું) સેવન કરે તે જ સંપૂર્ણ મોક્ષને પામી શકે, એમ ભાવ છે. પરમાત્માનું ધ્યાન એ પણ ધ્યાનરૂપ અભ્યંતર તપ હોવાથી વિશિષ્ટ કર્મનિર્જરાનું સાધન છે એમ જાણવું.

અહીં **શ્રી માણિક્યચંદ્રમુનિ** સિવાયની ત્રણ ટીકામાં ટીકાકાર ભગવંત જણાવે છે કે, મહાકવિ **શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ** વડે રચેલું હોવાથી આ સ્તોત્રમાં પ્રાયઃ દરેક વૃત્તમાં (પદ્યમાં-શ્લોકમાં) મંત્રો હોવાની સંભાવના છે,પરંતુ તે મંત્રો તેવી પરંપરાનો અભાવ હોવાથી અહીં કહ્યા નથી. સ્વયં સુગુરુની કૃપાથી વિચારવા...તેવા ગુરુની પરંપરાથી જાણવા ઈત્યાદિ..

જો કે આવા પ્રભાવક સ્તોત્રનાં પ્રત્યેક પદ્યો-કાવ્યો જ પ્રભાવક હોય છે. એ માટે જુદા મંત્રો હોય તો પણ તેનું મૂળ શું એ સંશોધનનો વિષય છે. જ્યારે પદ્યોની-કાવ્યની પ્રભાવકતામાં સંશય જ નથી. કારણકે ૧૧ માં કાવ્યની રચના વખતે કવિ દ્વારા જ ચમત્કાર સર્જાયેલો. કેમકે, ત્યારે પ્રભુ પાર્શ્વનાથનું બિંબ શિવલિંગનો ભેદ કરીને પ્રગટ થયું હતું. ભક્તામરસ્તોત્રની જે ૨૮ ચમત્કારયુક્ત કથાઓ મળે છે, તેમાં પણ તેના પદ્યોનો પાઠ કરવાથી જ અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી દેવી સ્વયં અથવા તેમનાથી પ્રેરિત અન્ય કોઈ ચમત્કાર કરે છે. ઈષ્ટ પ્રાપ્તિ, વિઘ્નનું નિવારણ વગેરે કરે છે. છતાં ય ઉપરોક્ત મંત્રો અંગેનું વિધાન તે તે કાળના પ્રભાવને અનુસરીને થયું હોય એવું બની શકે.

આ મહાકાવ્યના પ્રથમ ૪૩ શ્લોકો વસંતતિલકા છંદમાં છે અને અંતિમ ૪૪મો શ્લોક આર્યા છંદમાં છે એમ જાણવું.

આમ કલ્યાણ-મંદિર સ્તોત્રના અર્થનું અને કિંચિત્ વિવેચનનું લખાણ પૂરું થયું. (૪૩) (૪૪)

**સમાસવિચાર** : (૧) समाहिता धीः येषां ते समाहितधियः (બ.વ્રી.) (૨) जिनानां इन्द्रः इति जिनेन्द्रः । (ષ.ત.પુ.) तत्संबोधनं तथा । (૩) उल्लसन्तश्च ते पुलकाश्च इति उल्लसत्पुलकाः । (ક.ધા.) सान्द्रं सान्द्राः वा उल्लसत्पुलकाः इति सान्द्रोल्लसत्पुलकाः । (ક્રિયાવિશેષણ અથવા કર્મધારય સમાસ) तैः कञ्चुकताः इति सान्द्रोल्लसत्पुलककञ्चुकिताः । (તૃ.ત.પુ.) तादृशाः अङ्गभागाः येषां ते सान्द्रोल्लसत्पुलककञ्चुकिताङ्गभागाः । (બ.વ્રી.) अङ्गनां भागाः इति अङ्गभागाः (ષ.ત.પુ.) (૪) तव बिम्बं इति त्वद्‌बिम्बम् । (ષ.ત.પુ.) मुखमेव अम्बुजमिति मुखाम्बुजम् । (ક.ધા.) निर्मलं च तद् मुखाम्बुजं इति निर्मलमुखाम्बुजम् (ક.ધા.) त्वद्‌बिम्बस्य निर्मलमुखाम्बुजं इति त्वद्‌बिम्बनिर्मलमुखाम्बुजम् । (ષ.ત.પુ.) त्वद्‌बिम्बनिर्मलमुखाम्बुजे बद्धं लक्षं यैस्ते त्वद्‌बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्षाः । (બ.વ્રી.) (૪૩) (૫) जनानां नयनानि इति जननयनानि (ષ.ત.પુ.) तानि एव कुमुदानि इति जननयनकुमुदानि । (ક.ધા.) जननयनकुमुदेषु चन्द्रः इव इति जननयनकुमुदचन्द्रः । (સ.ત.પુ.) तस्य सम्बोधनं तथा । (૬) स्वर्गस्य सम्पदः इति स्वर्गसम्पदः । (ષ.ત.પુ.) तास्तथा । (૭) मलस्य निचयः इति मलनिचयः । (ષ.ત.પુ.) विगलितः मलनिचयः येभ्यः ते विगलितमल-निचयाः । (બ.વ્રી.) (૪૩) (૪૪)

આ પ્રમાણે મહાકવિ **શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી**એ રચેલ શ્રી **કલ્યાણમંદિર** સ્તોત્રનું - યુગપ્રધાન આચાર્યસમ શાસનપ્રભાવક પૂજ્યપાદ **પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ**ના શિષ્ય મુનિ **શ્રી રત્નવલ્લભવિજયજી મ. સા.** દ્વારા લખાયેલ ઉપક્રમ-અન્વય-શબ્દાર્થ-સરલાર્થ-વિશેષાર્થ-સમાસાદિરૂપ વિવેચન સમાપ્ત થયું.

॥ શુભં ભવતુ શ્રમણસંઘસ્ય । ઈતિ શમ્ ॥

ॐ ह्रीँ अर्हं नमः । ऐं नमः ।

# चतुर्विंशति-जिनस्तुतयः ।

(વર્તમાન ચોવિશીના તીર્થંકરોની ગુર્જરાનુવાદ સહિત સ્તુતિઓ)

**કર્તા : મુનિ શ્રી રત્નવલ્લભવિજયજી મ.સા.**

उपक्रमः (भूमिका)

**नत्वा सुभक्त्याऽथ जिनेन्द्रपादौ,**
**संसारपारस्य गतौ सुनावौ ।**
**अंह्री गुरूणां प्रणिपत्य सम्यक्,**
**मोहादिहालाहलहारिमन्त्रौ ॥ १ ॥** (इन्द्रवज्रा[१])

**संस्मृत्य चित्तेन सरस्वतीं च,**
**तेषां प्रसादात्प्रकरोमि शक्त्या ।**
**सत्कालजैनेन्द्रगणस्य रम्यं,**
**स्तोत्रं निरस्ताऽखिलजन्तुदोषम् ॥ २ ॥** (इन्द्रवज्रा)

## ઉપક્રમ (ભૂમિકા)

**પ્રેમસુધા** - (ચોવીશ ભગવાનની સ્તુતિ કરતાં પહેલાં સ્તુતિકાર પાંચ શ્લોક વડે ભૂમિકા કરે છે.)

(૧) સંસારરૂપી સમુદ્રનો પાર પામવા માટે શ્રેષ્ઠ નૌકા (સ્ટીમર) સમાન શ્રી જિનેશ્વર પ્રભુના બે ચરણોને અત્યંત ભક્તિથી નમસ્કાર કરીને તેમજ મોહ વગેરે હલાહલ (તીવ્ર) વિષનું હરણ (નાશ) કરવામાં મંત્ર સમાન ગુરુના બે ચરણોમાં સમ્યક્ રીતે-મન, વચન, કાયાથી પ્રણામ કરીને (૨) અને સરસ્વતીનું-વિદ્યાદેવીનું ચિત્તમાં સ્મરણ કરીને, તે સર્વની કૃપાથી વર્તમાન-કાલીન જિનેશ્વરોના-તીર્થંકરોના સમૂહનું જીવોના સર્વ દોષોનો નાશ કરનારા સ્તોત્રને (સ્તુતિઓના સમૂહને) શક્તિ અનુસારે કરીશ-રચીશ.

આ બે શ્લોકનું યુગ્મ-જોડકું છે, અને તે મંગલાદિ ચતુષ્ટયને જણાવનારું છે. તેમાં **(૧) મંગલ :** શ્રી જિનેશ્વરપ્રભુ અને ગુરુના બે ચરણોને નમસ્કારરૂપ અને સરસ્વતીના સ્મરણરૂપ મંગલ છે. **(૨) વિષય :** ચોવિશ તીર્થંકરોની સ્તુતિ એ વિષય (અભિધેય) છે. **(૩) પ્રયોજન :** પ્રભુભક્તિ અને તેના દ્વારા

---

૧. કૌસમાં વૃત્તના = છંદના નામો છે.

જીવોના દોષોનો નાશ એ અનંતર પ્રયોજન (સાધ્ય) છે. મોક્ષ એ પરંપરાએ પ્રયોજન છે. (૪) **અધિકારી :** સ્તોત્રની-પ્રભુભક્તિની અભિરૂચિવાળા જીવો. (૫) **સંબંધ :** યથાયોગ્ય ગુરુપરંપરા અથવા વાચ્ય-વાચકાદિ સંબંધ સ્વયં વિચારવો. પ્રથમ શ્લોકના પ્રથમ ચરણમાં अथ શબ્દ મંગલ-વાચક છે અથવા આરંભ અર્થમાં છે. (૧) (૨)

## ॐ अर्हं नमः । ऐं नमः ।

**काव्यप्रभा- (स्वोपज्ञवृत्तिः) उपक्रम :-** अथ परमात्मभक्त्याकृष्टचेताः स्तुतिकारश्चतुर्विंशति-जिनेश्वराणां स्तुतीन् चिकीर्षुस्तावदादावेव स्तुति-पञ्चकनोपक्रमाऽपरनामोपोद्घातं कर्तुकामः, आद्यस्तुतिद्वयेन च श्रोतृजन-प्रवृत्तिहेतुभूत-मङ्गलादिचतुष्टयोद्घाटनस्य चिकीर्षुः स्तोत्रप्रासाददृढपीठ-बन्धं विदधाति - **नत्वे**त्यादिना । आद्यश्लोकद्वयं युग्मं भवति ।

**अथ संसारपारस्य गतौ सुनावौ जिनेन्द्रपादौ नत्वेति** सम्बन्धः । **अथ** - शब्द आरम्भार्थो मङ्गलवाची वा ज्ञेयः । जिनेन्द्रस्य पादौ इति **जिनेन्द्रपादौ** । विशेष्यपदमेतद् । **नत्वे**ति प्रणम्य । स्तोतव्यावधिकोत्कर्ष-स्वापकर्षोपल-क्षितक्रियाविशेषो नमस्कारः । तं कृत्वा इत्यर्थः । किंविशिष्टौ पादावित्याह-**संसारे**त्यादि । संसारसमुद्रस्य पारगमनायेत्यर्थः । **सुनावौ**-अविसंवादितया स्वेष्टस्थाननयनसमर्थत्वात् शोभने नावौ सुनावौ । द्विवचनेन प्रत्येकं पादः सुनौरस्तीति विवक्षितमस्ति । इदं चेष्टदेवतानमस्काररूपं **मङ्गल**मिति ज्ञेयम् ।

पुनः किं कृत्वेत्याह-**गुरूणां अंह्री प्रणिपत्ये**ति अन्वयः । **गुरूणां** धर्मो-पदेष्टृणां अज्ञानान्धकारनाशकानां **अंह्री** पादौ । तावेव विशेषयति-**मोहादि-हालहलहारिमन्त्रौ** । **मोह** इति मिथ्यात्वरूपं अज्ञानं, तद् आदौ येषां रागादीनां ते मोहादयः । ते एव **हालाहलमिति** सद्य आत्मगुणघातित्वेनोग्र-विषम् । तं हर्तुं शीलं ययोः इति मोहादिहालाहलहारिणौ । तौ च तौ मन्त्रौ चेति मोहादिहालाहलहारिमन्त्रौ । **प्रणिपत्ये**ति नमस्कृत्य ।

पुनः किं कृत्वेति द्वितीयश्लोकेनाह-**चित्तेन** मानसेन मनसीत्यर्थः । **सरस्वतीं** विद्यादेवीं भारतीं **संस्मृत्य** स्मृतिविषयां कृत्वा । एवं त्वा-प्रत्ययाभिहितप्राक्कालीनक्रियामभिधाय उत्तरकालक्रियां प्रकटयति-**स्तोत्रं** स्तुतिस्तोमं **प्रकरोमि** रचयामि । कथम् ? **तेषां प्रसादात्** । अनन्तरोदित-

कस्य स्तोत्रमित्याह-**सत्कालजैनेन्द्रगणस्येति** जिनेन्द्राणां सम्बन्धी अयमिति ***तस्येद***मिति (सि.हे.६-३-१६०) सूत्रेण अण् - प्रत्यये सति **जैनेन्द्र** इति रूपं सिद्धम् । स चासौ गणश्चेति जैनेन्द्रगणः । **सन्नि**ति वर्तमानः । स चासौ कालश्च इति **सत्कालः** वर्तमानाऽवसर्पिणी, तस्य सम्बन्धी यो जैनेन्द्रगणः तस्य स्तोत्रम् । अथवा **सन्** वर्तमानः कालः आधारतया यस्य स सत्कालः । बहुव्रीहि-समास :। ततश्च सत्काल इति कोऽर्थः ? सत्कालाश्रित इति । वर्तमानाऽवसर्पिणी-कालवर्ती इति यावत् । सत्कालश्चासौ जैनेन्द्रगणश्चेति सत्कालजैनेन्द्रगणः । तस्य विषयस्येति वर्तमानाऽवसर्पिणीगतचतुर्विंशति-तीर्थङ्कराणामित्यर्थः । किंविशिष्टं स्तोत्रमित्याह-**रम्यम्** सुन्दरं मनोहरमिति यावत् । पुनः स्तोत्रं विशिनष्टिः **निरस्ते**त्यादिना । **निरस्ता** दूरीकृता विनाशिता इति यावत् **अखिलाः** समस्ताः जन्तूनां **दोषाः** विषय-कषायाः प्राणातिपातादीनि वा येन तत् **निरस्ता-खिलजन्तुदोषम्** । यद्यपि न स्तोत्रमात्रेण अशेषदोषराशिविनाशो भवति, तथापि स्तोत्रोपहतदोषांशद्वारा श्रद्धाज्ञानविरत्याद्युत्तरोत्तरगुणभावेन परम्परयाऽशेषदोषनाशो भविष्यतीति आशयः।

प्रथमश्लोके प्रथमचरणे **अथे**ति शब्दः माङ्गल्यवाची आरम्भार्थो वा ज्ञेयः। श्लोकद्वयेऽपि मङ्गलादिचतुष्टयमधिकारी च निर्दिष्टोऽस्ति । तथाहि-देवगुरुप्रणमनं वाग्देवीस्मरणं च **मङ्गल**भूतमस्ति । **तेषां प्रसादा**दिति पदाभ्यां यो गुरुप्रसादः कथितस्तेन गुरुपर्वक्रमलक्षणः **सम्बधः** कल्पनीयः । वाच्यवाचकादिरूपस्तु सम्बन्धः स्वयमेवोहनीयः । **विषय**स्तु सत्काले-त्यादिपदैः वर्तमानचतुर्विंशतिजिनाः स्तोत्रविषयीभूता इति **विषयः** (अभिधेयः) स्पष्टमुपन्यस्तोऽस्ति । **अधिकारिण**स्तु प्रभुभक्तिरुचिभाजो जन्तव इति ज्ञेयम् । **प्रयोजनं** तु द्विप्रकारम्, अनन्तर परंपरं च । तत्र **अनन्तरं** प्रयोजनं सुभक्त्येति-पदसूचिता परमात्मभक्तिरेव । तज्जन्यदोषविगमो वा । **परंपरं** तु प्रयोजनं मोक्ष एव । तच्च निरस्ताऽखिलजन्तुदोषमितिपदेन व्यक्तं निर्दिष्टमिति भूमिकारूपाद्यश्लोकद्वयार्थः।।। १-२ ।।

**उपक्रम :** प्रारब्धमपि जिनेशस्य स्तोत्रं दुष्करमित्याह –

> **विज्ञोऽपि येषां न विभुर्विधातुं**
> **स्तोत्रं च योगी किल सर्ववेदी ।**
> **तेषां पुरोऽहं शकलायमानः,**
> **कथं स्वमत्या प्रभवामि कर्तुम् ॥ ३ ॥ (उपजातिः)**

**પ્રેમસુધા :** સ્તોત્ર રચવાનો આરંભ કરવા છતાં તે દુષ્કર છે, તે કહે છે - વિજ્ઞ=વિશિષ્ટ મતિવાળા પંડિત પુરુષ અને સર્વવેદી=સર્વજ્ઞ એવા યોગી પુરુષ પણ किल=નિશ્ચે જેઓનું (સંપૂર્ણ) સ્તોત્ર કરવાને સમર્થ નથી, તો તેઓની આગળ ઠિકરા જેવો-ટુકડા જેવો હું કઈ રીતે પોતાની બુદ્ધિથી સ્તોત્ર રચવાને સમર્થ થાઉં ? અર્થાત્ સમર્થ ન જ થઈ શકું. (જે કામ સંપૂર્ણ ઘડાથી ન થાય તે ઠિકરાથી થોડું થવાનું છે એમ ભાવ છે.)

**काव्यप्रभा- विज्ञोपीत्यादि । विज्ञोऽपी सर्ववेदी च योगी येषां स्तोत्रं विधातुं न विभु**रित्यन्वयः । विशेषं जानाति इति **विज्ञः** सोऽपि विशिष्टो विद्वानपि, किं पुनरविज्ञ इत्यपिशब्दार्थः । पुनः कर्त्रन्तरं समुच्चिनोति **योगीति** ज्ञानदर्शनचारित्ररूपयोगवान् । स तु छद्मस्थोऽपि स्यादित्याह–**सर्ववेदी** सर्वज्ञः पुरुषस्त्रयोदशमगुणस्थानकवर्ती सयोगी केवलीत्यर्थः । **किलेति** सत्ये निश्चये वाऽव्ययः । **येषां** जिनेश्वराणामिति पदं शेषम् । **स्तोत्रं** काव्यरूपं **विधातुं न विभुः**, संपूर्णतया कर्तुं न समर्थः । गुणानामनन्तत्वात् वचनानां च क्रमभावित्वाद् , आयुषश्चाल्पत्वादिति भावः ।

**तेषां पुरः शकलायमानोऽहं स्तोत्रं कर्तुं कथं प्रभवामी**त्यन्वयः । तेषां **पुर** इति अग्रे **अहं** स्तुतिकारः **स्वमत्या** निजबुद्ध्या **कथं** केन प्रकारेण, स्तोत्रमितीहापि सम्बध्यते, **कर्तुं प्रभवामि** रचितुं समर्थो भवामि ? न कथञ्चिदित्यर्थः । यदि तावत् पूर्णकलशकल्पः सर्ववेदी योग्यपि यत्कार्यं जल–धारणादितुल्यं स्तोत्ररूपं विधातुं न शक्नोति, तत्कार्यं शकलाय–मानेनाऽवयवकल्पेन कर्परतुल्येन वा मन्दमतिना मया कथं करिष्यते ? न शक्यमेवेति भाव इति भूमिकातृतीयश्लोकार्थः ॥ ३ ॥

**उपक्रम :** **ननु** स्तोत्रकरणाय असमर्थश्चेत्, तर्हि कथमारब्धं भवता ? न हि अशक्ये कार्ये मतिमतां प्रवृत्तिः प्रशंसास्पदमित्याशङ्कां **समाधातुं** स्तोत्र-विधाने हेतुमुपन्यस्यति -

**तथापि तेऽनन्तगुणस्य भक्त्या,**
**स्तोत्राय वृत्तिर्विमतेश्च धाष्ट्र्यात् ।**
**श्रद्धान्विते वा विकलेऽपि भाति,**
**बालो यथाग्रे स्वपितुः प्रलापी ॥ ४ ॥ (उपजातिः)**

**પ્રેમસુધા :** (જો અસમર્થ છો તો શા માટે સ્તુતિ કરો છો ? બુદ્ધિશાળી જીવોને અશક્ય કાર્યમાં પ્રવૃત્તિ કરવી તે પ્રશંસનીય થતી નથી. માટે સ્તુતિ ન કરવી જોઈએ. આવી શંકાનું સમાધાન કરે છે-) તો પણ, હું અસમર્થ છું છતાં પણ, હે પ્રભુ ! અનંતગુણવાળા તારા પ્રત્યેની ભક્તિના વશથી ધૃષ્ટતાથી-અતિ સાહસિક બનીને આપના સ્તોત્રની રચના કરવા માટે મતિહીન એવા પણ મારી પ્રવૃત્તિ થઈ રહી છે. અથવા નબળા-અસમર્થ પણ શ્રદ્ધાળુ પુરુષની (શુભકાર્યમાં) પ્રવૃત્તિ શોભે છે. દૃષ્ટાંત તરીકે, જેમ બાળક પિતાની આગળ (શ્રદ્ધાથી-સરળપણાથી) કાલું ઘેલું બોલે તો પણ શોભે છે, તેમ...(મારી સ્તુતિ માટેની પ્રવૃત્તિ પણ શોભાવાળી થશે...જ્યાં ખૂબ શ્રદ્ધા છે ત્યાં શક્તિ-અશક્તિનો વિચાર ગૌણ થઈ જાય છે.)

**काव्यप्रभा- तथापीत्यादि । तथापि ते स्तोत्राय भक्त्या वृत्तिर्भवतीति** अन्वयः । **तथापि** असमर्थोऽपि सन्नहं **ते** तव जिनेशस्य । किंविशिष्टस्य तवेत्याह-**अनन्तगुणस्य** अगण्यगुणस्य । **स्तोत्राय वृत्तिरिति** प्रवृत्तिः । भवतीति शेषः । कस्य प्रवृत्तिः ? **विमतेः** विगतमतेः, ममेति शेषः । कथं प्रवृत्तिरित्याह **भक्त्या** प्रशस्तरागातिशयेन । पुनः कथं प्रवृत्तिः ? **धाष्ट्र्यादि**ति । अतिसाहसिकत्वेनेति । **अयं भावः** विगतमतेरपि मम भक्ति-वशेन भगवद्विषयकभक्तिरागाकृष्टचित्तत्वेन धृष्टतयाऽतिसाहसिकत्वेन च बलात् प्रेरितस्य स्तोत्राय प्रवृत्तिर्जायते ।

**ननु** कथमशक्तस्यापि स्तोत्र-विधाने प्रवृत्तिर्घटते शोभते वेत्याशङ्क्य **समाधत्ते-श्रद्धान्विते** भक्तिरागवति **विकलेऽपि** असमर्थेऽपि पुरुषे क्व-

चित्शुभकार्ये इति शेषः, प्रवृत्तिः **भाति** शोभते । दृष्टान्तेन समर्थयते-**यथा बालः स्वपितुरग्रे प्रलापी** इति अन्वयः । यथा **बालः** शिशुः **स्वपितुः** निजजनकस्य **अग्रे** समक्षं **प्रलापीति** यद्वा तद्वा जल्पन्नपि सरलतया **भाति** शोभते, तथा अहमपि भक्त्या स्तुवन् शोभिष्ये इति भावः । इति भूमिकाचतुर्थश्लोकार्थः ॥ ४ ॥

---

**विधायैवमुपोद्घातं मनस्तापाऽपहारिणः ।**
**स्तोत्रस्य श्रीजिनेन्द्राणां करिष्ये तद् यथाक्रमम् ॥ ५ ॥**

**પ્રેમસુધા :** આ પ્રમાણે મનના તાપને હરનારા, શ્રી જિનેશ્વરોના સ્તોત્રની ભૂમિકા રચીને હું તેને (સ્તોત્રને) ક્રમસર કરીશ. (૫)

આ પ્રમાણે ભૂમિકા રચીને હવે સ્તુતિકાર પ્રતિજ્ઞા પ્રમાણે અર્થાત્ પૂર્વે નિર્દેશ કર્યા પ્રમાણે ક્રમસર ૨૪ તીર્થંકરોની સ્તુતિનો આરંભ કરે છે -

**काव्यप्रभा-एवं** पूर्वोक्तरीत्या **उपोद्घातं** स्तोत्रसौध-भूमिकाकल्पं **विधायेति** कृत्वा **जिनेन्द्राणां** प्रतीतरूपाणां **तद्** इति स्तोत्रं परामृशति । **करिष्ये** विधास्ये । अहमिति शेषः । किंविशिष्टं स्तोत्रमित्याह**मनस्तापाऽपहारिणः** । मनसस्तापो रागद्वेषविषयकषायाऽऽकुलितचित्तत्वम् । तं अपहर्तुं शीलं यस्य तत् मन्स्तापाऽपहारि । तस्य तथा । कथं करिष्ये इत्याह-**यथाक्रमम्** । पूर्वानूपूर्व्या जिनेन्द्राणां क्रममनतिक्रम्येति यथाक्रमम् । क्रिया-विशेषणमेतत् । इति श्लोकपञ्चकेन कृता चतुर्विंशतिजिनस्तोत्रपीठिका समाप्ता ॥५॥

एवं स्तोत्र-भूमिकां निबध्याऽधुना **'यथोद्देशं निर्देशः'** इति न्यायेन प्रागुद्दिष्टचतुर्विंशतिजिनेन्द्राणामाद्यजिनेशस्यैव स्तुतिं कर्तुमुपक्रमते स्तुतिकारः -

## ❀ अथ प्रथमं जिनेन्द्रं श्रीआदिनाथं स्तुतिविषयीकरोति-

आद्यो मुनिः क्षितिप आदिम **आदिनाथः**
तीर्थङ्करः प्रथमधर्मकरो युगादौ ।
श्रेयांसकारितमहत्तपपारणोऽस्ति,
भव्यांस्तु पारय भवाब्धिजलात् त्वमीश ! ॥ १ ॥ (वसन्ततिलका)

**પ્રેમસુધા :** તેમાં પૂર્વાનુપૂર્વી ક્રમથી પહેલાં પ્રથમ જિનેશ્વર **શ્રી આદિનાથ પ્રભુ**ની સ્તુતિ કરે છે. સ્તુતિનો અર્થ આ પ્રમાણે છે - **અર્થ :** આ યુગની આદિમાં, શરૂઆતમાં (અર્થાત્ ત્રીજા આરાના અંતે અને ચોથા આરાના આરંભ કાળે) પ્રથમ સાધુ, પ્રથમ પૃથ્વીપાળ-રાજા, પ્રથમ તીર્થંકર અને પ્રથમ ધર્મના કરનારા અર્થાત્ ઉપદેશક તથા શ્રેયાંસકુમાર વડે જેઓના મહાનતપનું (વર્ષિતપનું) પારણું કરાયેલું છે, એવા **શ્રી આદિનાથ પ્રભુ** છે. હે ઈશ ! સ્વામી ! તમે ભવ્ય જીવોને ભવરૂપી સમુદ્રથી પાર કરો, પાર ઉતારો. (૧)

**काव्यप्रभा-** अथ प्रथमं जिनेन्द्रं श्रीआदिनाथं स्तुतिविषयीकरोति-**आद्य** इत्यादिना । **युगादौ श्रीआदिनाथः आद्यमुनिरित्यादिरूपोऽस्ति** इत्यन्वयः । **युगादाविति** अस्यामवसर्पिण्यां तृतीयारकपर्यन्ते यौगलिकव्यवहारपरि-समाप्तौ चतुर्थारकस्यादौ कार्मभूमिकव्यवहारस्यादावित्यर्थः । स हि पुरुषाणां द्वासप्ततेः स्त्रीणां च चतुःषष्ठेः कलानां धर्मादिचतुष्पुरुषार्थानां च दर्शयिता बभूवेति । कः ? **आदिनाथ** इति प्रथमजिनेश्वर ऋषभदेवापरनामा श्री आदीश्वरो भगवान् । किंविशिष्टोऽसावित्यस्य विधेयतया विशेषणाणि प्रतिपादयति-**आद्ये**त्यादिना । **आद्यः** प्रथमः **मुनि**रिति यो जगत्तत्त्वं मन्यते स मुनिः साधुः व्रतीत्येकार्थः । पुनः विशेषयति **आदिमः क्षितिप** इति नृपतिः । **तीर्थङ्कर** इत्यत्रापि आदिम इति पदमनुवर्तते । **तीर्थ**मिति प्रवचनं द्वादशाङ्गीरूपं, चतुर्विधः सङ्घो वा । तत् करोति स्थापयतीति तीर्थङ्करः । विशेषणान्तरमाह-**प्रथमधर्मकरः** । प्रथमश्चासौ धर्मकरश्चेति प्रथमधर्मकरः । धर्मं कर्तुं शीलमस्येति धर्मकरः । *हेतुतच्छीलानुकूले०* (सि.हे.५-१-२०३) इति सूत्रात् ट-प्रत्ययः । श्रुतचारित्राख्यधर्मोपदेशक इत्यर्थः ।

---

❀ દરેક સ્તુતિ પહેલાં આ રીતે ઉપક્રમ (અવતરણિકા) છે તે સંસ્કૃત ટીકાનો જ ભાગ સમજવો.

पुनः किंविशिष्टः ? **श्रेयांसे**त्यादि । श्रेयांसेन संजातजातिस्मरणेन स्वपरिचितेन कारितं महत्तपस्य-बृहत्तपसः **पारणं** निष्ठागमनं यस्य स **श्रेयांसकारितमहत्तपपारणः** । अत्र तप-शब्दः सकारान्तवद् अकारान्तोऽप्यस्तीति ज्ञेयम् । **अस्ति** भवति । श्रीआदिनाथो भगवान् इदृग्विशेषणविशिष्टोऽस्तीति भावः।

एवं स्तुत्वा तमेव प्रार्थनाविषयीकरोति-**हे ईश** ! हे प्रभो ! हे समर्थ-स्वामिन् ! **त्वं भव्यान्** मोक्षगतियोग्यान् जीवान्। **तुः** पादपूरण अवधारणे वा स च भिन्नक्रमः। किम् ? **भवाब्धिजलादि**ति भव एव अब्धिः भवाब्धिः। तस्य यज्जलं, तस्मात् जलात् **पारय** पारं कुरु एव इत्यर्थः। इति प्रथमजिन-स्तुत्यर्थः॥ १॥

## अथ श्रीअजितनाथजिनं स्तौति -

**मोहः कृताऽखिलजयो विजितो हि येन,**
**सोऽयं ममाऽपि जयकार्यजितो जिनोऽस्तु ।**
**यद्वारके च जिनसप्ततियुक्शतं वै,**
**मर्त्यस्य लोकमखिलं समलङ्चकार ॥ २ ॥**

**(वसन्ततिलका)**

**प्रेमसुधा :** હવે **શ્રી અજીતનાથ પ્રભુ**ની સ્તુતિ કરે છે. જેણે સમસ્ત (સંસારી) જીવો ઉપર જય કર્યો છે, વિજય મેળવ્યો છે એવો (પણ) મોહ જેઓ વડે જીતાયેલો છે, પરાસ્ત કરાયો છે, તે આ (હૃદયસ્થ પ્રત્યક્ષ) **શ્રી અજિતનાથ જિનેશ્વર** મને પણ મોહ ઉપર વિજય અપાવનારા થાઓ, કે જેમના-જે શ્રી અજિતનાથ ભગવાનના વારા વખતે અર્થાત્ પૃથ્વીતલ ઉપર વિચરણ કાળે સમસ્ત મનુષ્ય-લોકને અર્થાત્ તેની સર્વ કર્મભૂમિઓને એકસોને સિત્તેર (૧૭૦) તીર્થંકર પ્રભુએ અલંકૃત કરેલી હતી. અર્થાત્ ત્યારે સર્વોત્કૃષ્ટ સંખ્યામાં વિહરમાન તીર્થંકરો હતાં. (૨)

**काव्यप्रभा- मोहे**त्यादि। **कृताऽखिलजयो मोहो हि येन विजित** इत्यन्वयः। कृतो विहितः **अखिलानां** समस्तानां संसारिजीवानां **जयः** अभिभवलक्षणो येन स कृताखिलजयः । कश्चासौ ? **मोह** इति मिथ्यात्वादिरूपमज्ञानं कषायादिचारित्रमोहनीयकर्मरूपो वा । मोहेन हि प्रायः सर्वजगज्जन्तवो

वशीभूताः। तादृशो मोहो **हि** निश्चयेन **येन विजितः** पराजित मूलतो निर्नाशित इत्यर्थः । यत्सर्वनाम्नोक्तं विशेषणांशं तच्छब्दसूचितेन विशेष्यांशेन सह सम्बन्धयति–**सोऽयमित्यादि। सोऽयमजितो जिनः ममापि जयकार्यस्तु** इति सम्बन्धः । **स अयम**िति मानस–प्रत्यक्षीभूतः, **अजितो जिन** इति द्वितीयो जिनेश्वरः **ममाऽपि**, न केवलं स्वयमेव मोहविजेता स्यादित्यपिशब्दार्थः। जयं कारयतीति जयकारीति विग्रहः कार्यः । **जयकारी** जयहेतुरित्यर्थः **अस्तु** भवतु । मोहस्येति गम्यम् । यतो भगवान् ***जिणाणं जावयणं*** इति शक्रस्तवपदाभ्यां अन्यसत्त्वानामपि रागादीनां जयहेतुरुक्तोऽस्तीति ध्येयम्।

पुनः किंविशिष्टोऽजितो जिन इत्याह–**यद्वारके** इत्यादि। अन्वयः सुगम एव । यस्य वारके इति **यद्वारके** यस्मिन् पृथ्वीतले विद्यमाने सतीत्यर्थः । **जिनसप्ततियुक्शत**मिति जिनानां सप्ततिरिति जिनसप्ततिः । तया युक्–युक्तमिति जिनसप्ततियुक्। तच्च तत् शतं चेति जिनसप्ततियुक्शतम्। यद्वा शतमिति पृथक् पदं ज्ञेयम्। सप्ततिशतजिना इत्यर्थः। कर्तृपदमेतद्। ते हि **अखिलं** सकलं **मर्त्यस्य लोक**मिति मनुष्यवासोपलक्षितं सार्धद्वीपद्वयरूपं क्षेत्रं **समलञ्चकारेति** सर्वभरतैरावतमहाविदेहविजयान् स्वास्तित्वेन भूषयामासुरित्यर्थः। इति द्वितीयजिनस्तुत्यर्थः॥ २॥

## अथ श्रीसम्भवनाथजिनं नौति स्तुतिकारः –

दुःसम्भवामपि कृतिं प्रकरोति शक्यां,
दुष्कालविघ्नहतिकृन्ननु यत्प्रभावः।
गर्भे स्थिते भवतु **सम्भव**! भो! जिनेश!
रागादिशत्रुगणनाशकरो ममाऽपि ॥ ३ ॥
(वसन्ततिलका)

**प्रेमसुधा :** હવે **શ્રી સંભવનાથ પ્રભુ**ની સ્તુતિ કરે છે - જેઓનો પ્રભાવ દુ:ખેથી સંભવિત એવા પણ કાર્યને શક્ય-સંભવિત બનાવે છે, ગર્ભમાં રહ્યા છતાં પણ જેઓનો પ્રભાવ (ઘણું ધાન્ય ઉત્પન્ન થવાના કારણે) દુષ્કાળનો નાશ કરનારો થયો હતો, તેવા **હે શ્રી સંભવનાથ !** જિનેશ્વર પ્રભુ ! આપ મારા પણ રાગાદિ શત્રુઓના સમૂહનો નાશ કરનારા થાઓ. (૩)

**काव्यप्रभा- दुःसम्भवा**मित्यादिना। **भो सम्भव! जिनेश! भवान् ममापि**

**रागादिशत्रुगणनाशकरो भवतु** इति अन्वयः । किं विशिष्टः सम्भवो जिन इत्याह-**यत्प्रभावे**त्यादि । यस्य प्रभाव इति यत्प्रभावः । **दुःसम्भवाम**पीति दुःखेन सम्भवो निष्पतिर्यस्याः सा दुःसम्भवा । ताम् । काम् ? कृतिं कार्यम् । दुःसम्भवामपि कृतिं यत्प्रभावः **शक्यां** सफलां **प्रकरोति** विदधातीत्यर्थः ।

विशेषणान्तरमाह-**ननु** निश्चितं **गर्भेऽपि स्थिते यत्प्रभावो** यस्यानुभावो **दुष्काल-विघ्नहतिकृ**दिति प्रभूतशस्यस्य सम्भवात् दुर्भिक्षो-पद्रवविनाशकर आसीदिति शेषम् । स एवंविधो भो **सम्भव ! जिनेश!** हे तृतीय-जिनेन्द्र! **ममापि रागादिशत्रुनाशकरो भवतु इति** संटङ्कः । रागादयो एव शत्रवो मुक्तिमार्गे प्रतिपन्थिभूतास्ते रागादिशत्रवः । तेषां यो गणः समूहः, तस्य नाशकरः इति रागादिशत्रुगणनाशकरः । आदिशब्दाद् द्वेषादीनां परिग्रहः । **नाशो** हननं तत् कर्तुं शीलं यस्य स नाशकरः । **ममाऽपी**त्यत्र अपिशब्दो भिन्नक्रमः सम्बध्यते । तेन न केवलं दुष्कालविघ्नविनाश-करोऽपि तु मम रागाद्यान्तरोपद्रवानामपि विनाशकरो भवान् भवत्वित्यर्थः । इति प्रार्थनागर्भितस्तृतीयजिनकाव्यार्थः ॥ ३ ॥

## अथ श्रीअभिनन्दनस्वामिनं स्तुवन्नाह -

यज्जन्म कर्मरिपुमर्मभिदार्थमासीत्,
लोकान्तिकैश्च नवकैरभिनन्द्यमानः ।
दीक्षार्थकारितसुदृष्टिस्तुरीयनाथः,
रत्नत्रयीं च शिवदां प्रददातु मह्यम् ॥ ४ ॥
(वसन्ततिलका)

**પ્રેમસુધા : હવે શ્રી અભિનંદનસ્વામી પ્રભુ**ની સ્તુતિ કરે છે - જેઓનો જન્મ કર્મરૂપી શત્રુઓના મર્મને અર્થાત્ કષાયોને ભેદી નાંખવા માટે હતો, વળી જેઓ નવ લોકાન્તિક દેવો વડે પ્રશંસા કરાયા હતાં. તથા દીક્ષાનું ગ્રહણ કરવા માટે જેઓને દૃષ્ટિ કરાવાયેલ અર્થાત્ લોકાંતિક દેવો વડે વિજ્ઞપ્તિ અથવા સ્મરણ કરાવાયેલ. (જો કે, પ્રભુ જાણતાં જ હતાં છતાં તેવો તેઓનો અનાદિ સિદ્ધ આચાર છે, મર્યાદા-વ્યવહાર છે.) અથવા ત્રીજા ચરણનો બીજો અર્થ છે- દીક્ષાનું ગ્રહણ કરવા માટે ભવ્ય જીવોને જેઓ વડે દૃષ્ટિ કરાવાઈ હતી એવા ચોથા પ્રભુ **શ્રી અભિનંદનસ્વામી** મને શિવ-મોક્ષ આપનારી રત્નત્રયીને (સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રને) આપનારા થાઓ. (૪)

**काव्यप्रभा-** यज्जन्मेत्यादि । **दीक्षार्थकारितसुदृष्टि-तुरीयनाथो मह्यं रत्नत्रयीं प्रददातु** इति सम्बन्धः । **दीक्षार्थ**मिति प्रवज्याग्रहणाय **कारिता सदृष्टि** येन स दीक्षार्थकारितसुदृष्टिः । शोभना **दृष्टिः** परिणाम इति सुदृष्टिः । भव्यजीवानामिति शेषम् । स चासौ तुरीयनाथ इति **दीक्षार्थकारितसुदृष्टि-तुरीयनाथः । तुरीय** इति चतुर्थो **नाथः** भगवान् श्रीअभिनन्दनस्वामीति ।

किंविशिष्टोऽसौ तुरीयनाथः श्रीअभिनन्दनस्वामीत्याह-**यज्जन्मे**-त्यादि । **कर्मरिपुमर्मभिदार्थं यज्जन्म आसीदि**त्यन्वयः । कर्म एव रिपुरिति **कर्मरिपुः ।** तस्य यद् **मर्म** कषायरूपं, तस्य **भिदा** क्षय इति कर्मरिपुमर्मभिदा । तस्यै **कर्मरिपुमर्मभिदाथर्म् । तदर्थाऽर्थेन** (सि.हे.३-२-७२) इति सूत्रेण चतुर्थी-तत्पुरुषसमासः । अथवा कर्मरिपुमर्मभिदा **अर्थः** प्रयोजनं यस्य तत् तथा । विशेषणपदमेतद् । एवं किमस्तीत्याह-**यज्जन्म** । यस्य जन्म इति यज्जन्म । विशेष्यपदमेतद् । **आसीत्** अभूत् ।

पुनः किंविशिष्टोऽभिनन्दनस्वामीत्याह-**नवकैर्लोकान्तिकैश्च अभि-नन्द्यमानः ।** नव संख्या मानं येषां ते नवकाः । तैः नवसंख्याकैर्लोकान्ति-कैरिति पञ्चमदेवलोकस्थैर्देवविशेषै**रभिनन्द्यमानः** प्रशस्यमानः प्रार्थ्यमान इति यावत् । अभिनन्द्यते च भगवान् दीक्षाग्रहणस्य संवत्सरे कालेऽवशिष्टे सति लोकान्तिकैर्देवैः, जानन्नपि च भगवान् विज्ञप्यते स्मार्यते वा प्रवज्या-स्वीकृत्यै, तथा तेषां अनादिसिद्धजीताचारत्वादिति ।

एवंविधो चतुर्थो भगवान् **मह्यं रत्नत्रयीं** ज्ञानदर्शनचारित्ररूपां मोक्षमार्गं, किंविशिष्टां रत्नत्रयीमित्याह **शिवदां** सिद्धिप्रदां मह्यं **प्रददातु**-अर्पयतु इति प्रार्थनापूर्वकश्चतुर्थजिनस्तुत्यर्थः ॥ ४ ॥

## अथ श्रीसुमतिनाथप्रभुमभिनन्दन्नाह -

सौमत्यदायि**सुमते! जिन!** मङ्गलाज!
मिथ्यात्वदाहशमनं कुरु भो जनानाम् ।
मातुश्च गर्भगत एव सुबुद्धिदायी,
मह्यं मुदा विमलदर्शनदः सदाऽस्तु ॥ ५ ॥

(वसन्ततिलका)

**ગુજરાતી ભાવાનુવાદ :** હવે **શ્રી સુમતિનાથ પ્રભુની** સ્તુતિ કરે છે - સુમતિને (સારી બુદ્ધિને) આપનાર **હે સુમતિનાથ પ્રભુ !** મંગલાદેવીના જાયા ! આપ ભવ્યજનોના મિથ્યાત્વરૂપી દાહનું શમન કરો. ગર્ભમાં રહ્યા છતાં જ માતાને સુંદર-ન્યાયિક બુદ્ધિ આપનારા છો. વળી આપ મને હંમેશા સુખેથી નિર્મળ-દર્શન= તાત્ત્વિક સમ્યગ્દર્શન આપનારા થાઓ. (૫)

**काव्यप्रभा- सौमत्येत्यादि । भो ! मङ्गलाज ! सौमत्यदायिसुमते ! जिन !** त्वं **जनानां मिथ्यात्वदाहशमनं कुरु** इति अन्वयः। शोभना मतिर्यस्य स सुमतिः। तस्य भावः सौमत्यम् सद्बुद्धिः । तद् दातुं शीलं यस्य स सौमत्यदायी शुभबुद्धिप्रद इत्यर्थः । स चासौ सुमतिश्च सौमत्यदायिसुमतिः । तस्या ऽऽ-मन्त्रणं तथा । मङ्गलाया जातः इति मङ्गलाजः । मङ्गलाख्यमातृक इत्यर्थः । तत्सम्बोधनं तथा । जयति स्म रागद्वेषादिसमस्तदोषानिति **जिनः** । तत्सबोधनं तथा ।

**मिथ्यात्वेत्यादि । मिथ्यात्वं** नाम विपरीतदर्शनं धर्मादावधर्मबुद्धिः, अधर्मादौ च धर्मबुद्धिः, मिथ्यात्वमोहनीयकर्मोदयजनिता सम्यग्दर्शनादि-गुणविघातिनी तीव्रकदाग्रहादिग्रहग्रसिता कलुषिता मतिरिति यावत् । मिथ्यात्वमेव **दाहो** ज्वरः इति मिथ्यात्वदाहः । तस्य **शमनं** उपशमनं सम्यग्-दर्शनस्य प्रादुर्भावात्मकं मिथ्यात्वदाहशमनं त्वं **कुरु** विदधातु इति प्रार्थना । केषां ? **जनानां** भव्यजीवानामित्यर्थः, अन्येषां तदयोग्यत्वादिति ।

स्वार्थमपि प्रार्थयते स्तुतिकारः – **गर्भगत** इति गर्भस्थ **एव च मातुः यः सुबुद्धिदायी** । प्रतीतमेतद् यदुत गर्भगत एव भगवान् सुमतिनाथः निजमातुः कलहायन्तौ प्रति न्याय्यां मतिं प्राचिकटदिति । असौ सुमतिनाथप्रभुः **मह्यं मुदेति** सुखेन सानन्दं **सदा** सर्वकालं **विमलदर्शनदः** निर्मलसम्यक्त्वदायी **अस्तु** भवतु इति प्रार्थनाद्वय-गर्भितः श्री पञ्चमजिनकाव्यार्थः ॥ ५ ॥

## श्रीपद्मप्रभस्वामिनं प्रशंसन्नाह-

निर्लेपपद्मवदनाविलगात्रवक्त्रः
**पद्मप्रभो**ऽत्यजदशाश्वतभोगसौख्यम् ।
कैवल्यमाप्य रचितं जिनशासनं यैः
उत्तारयन्तु भवपङ्कदलात् समस्तान् ॥ ६ ॥ (वसन्ततिलका)

**પ્રેમસુધા :** હવે **શ્રી પદ્મપ્રભસ્વામીની** સ્તુતિ કરે છે-નિર્લેપ-સ્વચ્છ કમળ જેવા અકલંકિત-અમલિન શરીર અને મુખવાળા **શ્રી પદ્મપ્રભસ્વામી**એ અશાશ્વત ભોગસુખોનો ત્યાગ કર્યો. જેઓએ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને શ્રી જિનશાસનની રચના-સ્થાપના કરી, તેઓ ભવરૂપી કાદવના સમૂહથી સમસ્ત ભવ્ય જીવોને ઉગારો, ઉદ્ધાર કરો. (गात्रना = શરીરના ગ્રહણથી જ वक्त्रनું = મુખનું ગ્રહણ થઈ જાય છે, છતાં મુખની પ્રધાનતા બતાવવા **ગાત્રવક્ત્ર** એમ મુખનું જુદું ગ્રહણ કરેલું છે.) (૬)

**काव्यप्रभा- निर्लेपे**त्यादि । **पद्मप्रभोऽशाश्वतभोगसौख्यं अत्यजदि**ति संबन्धः । य इति पदं शेषम् । ततश्च यः **पद्मप्रभः** षष्ठो जिनेश्वरः **अशाश्वत**मिति नश्वरं, तच्च तद् **भोगसौख्य**मिति अशाश्वतभोगसौख्यम् । किं विशिष्टः पद्मप्रभप्रभुरित्याह-**निर्लेपपद्मवदनाविलगात्रवक्त्रः** । निर्लेपश्चासौ पद्मश्च इति निर्लेपपद्मः, तस्येव इति निर्लेपपद्मवत् । यद्यपि पद्मः निर्लेप एव भवतीति लोके कविसमये च प्रसिद्धिरस्ति तथापि निर्लेप इति स्वरूपविशेषणं द्रष्टव्यम् । तद्वद् **अनाविले** अकलुषिते निर्मले **गात्रवक्त्रे** कायमुखे यस्य स तथा । यद्यपि गात्रग्रहणे वक्त्रं गृहीतमेव, तथापि गात्रे वक्त्रस्य, प्रधानत्वेन पृथग्ग्रहणं ज्ञेयम् । अस्ति चायं न्यायः 'सामान्य-ग्रहणेऽपि सति विशेषग्रहणम्' यथा 'ब्राह्मणा आयाताः, वशिष्ठोऽपि आयातः ? इत्यादौ तथा दर्शनाद् ।

अशाश्वतभोगसुखं त्यक्त्वा तैः किं कृतमित्याह-**यैः** पद्मप्रभस्वामिभिः **कैवल्यं** केवलज्ञानरूपं **आप्य** अधिगम्य, मोहाख्यं महारिपुं सर्वथा निहत्येति अर्थाल्लभ्यते । न हि मोहं सर्वथाऽनिहत्य वीतरागभावमनासाद्य कश्चि-त्केवली भवतीति । **जिनशासनं** द्वादशाङ्गरूपं चतुर्विधसङ्घरूपं वा तीर्थं **रचितं** जगद्हिताय स्थापितम् । यत्तदोर्नित्यसम्बन्धात् 'ते जिनेश्वरा' **इति पदे** आक्षिप्येते । **समस्तान्** चातुर्गतिकान् सर्वभव्यजीवान् विशेषतो मनुष्यान् । **भवपङ्कदलात्**-संसारकर्दमसमूहात् **उत्तारयन्तु** पारं नयतु उद्धारयन्तु वा इति यावदिति षष्ठजिनकाव्यार्थः ॥ ६ ॥

## अथ श्रीसुपार्श्वनाथजिनं अभिनन्दति -

लसितगुण**सुपार्श्वः** पार्श्वमातङ्गयक्षः,
हृदयकमलचिन्ताऽचिन्त्यलक्षाय दक्षा ।
जिनपतिनतिपुण्यात् लभ्यते सातशान्तिः,
सुरपतिकृतसेवः यच्छ मे मोक्षलक्ष्मीम् ।। ७ ।।
(मालिनी)

**પ્રેમસુધા :** હવે **શ્રી સુપાર્શ્વનાથપ્રભુ**ની સ્તુતિ કરે છે - સુંદર, શોભતા ગુણવાળા **શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ** પડખે રહેલાં માતંગ નામના યક્ષવાળા છે. જેમનું હૃદયરૂપી કમળમાં કરાતું ધ્યાન (ચિંતા) એ અચિંત્ય લક્ષ્યની-ફળની પ્રાપ્તિમાં દક્ષ છે, કુશળ છે. વળી જે જિનેશ્વરોના નમસ્કાર વડે થતાં પુણ્યથી સાતા = પુણ્યાનુબંધીપુણ્ય જનિત સુખ અને શાંતિ = પ્રશમભાવની પ્રાપ્તિ થાય છે. ઈન્દ્ર વડે સેવાયેલાં તેઓ મને મોક્ષરૂપી લક્ષ્મીને આપો. (૭)

**काव्यप्रभा- लसिते**त्यादि । अन्वयः सुगम एव । **लसिता** इति कमनीयाः शोभमानाः । लसिता गुणाः यस्य स लसितगुणः । स चासौ सुपार्श्वनाथ इति **लसितगुणसुपार्श्वः** । किंविशिष्टोऽसावित्याह- **पार्श्वमातङ्गयक्षः** । **पार्श्वे** समीपे मातङ्गो यक्षः यस्य स पार्श्वमातङ्गयक्षः । मातङ्गयक्षो हि तस्याधिष्ठायको देवो भवति । पुनः किंविशिष्ट इत्याह-**हृदयकमले**त्यादि । अत्र यस्येति पदं शेषं भवति । ततश्च यस्य **हृदयकमलचिन्ता** हृदय एव कमलं **हृदयकमलम्,** तस्मिन् **चिन्ता** इति ध्यानं, अस्य किंफलमित्याह-**अचिन्त्ये**त्यादि । अचिन्त्यं च अकल्पनीयं च तल्लक्षं चेति अचिन्त्यलक्षम् । तस्मायिति **अचिन्त्यलक्षाय** तादृशलक्षप्राप्तावित्यर्थः, **दक्षा** कुशला भवति । लभ्यते च हृदयकमलमध्ये श्री अरिहंत-ध्यानान्मोक्षं यावत् फलमिति ।

तिष्ठतु तावत् ध्यानं, जिनेशस्य नमस्कारोऽपि बहुफलोऽस्तीत्याह- **जिनपतिनती**त्यादि । **जिनानां** सामान्यकेवलिनां पतिः स्वामी **जिनपतिः** जिनेश्वरस्तीर्थङ्करः । तस्य **नतिः** भावतः कायिको यो नमस्कारः । तस्य **पुण्यात् सातशान्तिः लभ्यते** इति **सम्बन्धः** । **सात**मिति पुण्यानुबन्धि-पुण्यजनितं बाह्यं पौद्गलिकं, तद्युक्ता **शान्तिः** प्रशमरूपा इति सातशान्तिः । यद्वा सातं च शान्तिश्च इति सातशान्ती इति पदच्छेदो ज्ञेयः । **लभ्यते** प्राप्यते ।

परमप्रार्थनीयं प्रार्थयते **सुरपतीत्यादि** । **सुरपतिभिरिन्द्रैः कृता** विहिता **सेवा**–उपासना यस्य स **सुरपतिकृतसेवः** सुपार्श्वनाथ इत्यर्थः । **मे मोक्ष-लक्ष्मीं यच्छेत्यन्वयः** । **मोक्षः** सकलकर्मक्षयलक्षणो महानन्दरूपो वा । स एव लक्ष्मीः मोक्षलक्ष्मीः, तां मोक्षलक्ष्मीं **मे यच्छ** मह्यं प्रददातु इति सप्तमजिन-स्तुत्यर्थः ॥ ७ ॥

## अथ श्रीचन्द्रप्रभस्वामिनं वन्दते -

ज्ञात्वा दुःखाभितप्तं जगदिदमखिलं यः कृपाभावभावात्,
किञ्चाप्त्वा तीर्थनामाऽत्यजदखिलसुखं प्राप्तकैवल्यलक्ष्मीः ।
स्याद्वादं वावदूकः समुपदिशति यो जैनतत्वं सुशुद्धं,
**चन्द्राख्यः** श्रीजिनेशः जितसकलगुणः स्यान्महानन्दहेतुः ॥ ८ ॥

(स्रग्धरा)

**प्रेमसुधा :** હવે **શ્રી ચંદ્રપ્રભસ્વામી**ની સ્તુતિ કરે છે - જેઓએ સકળ જગતને (શારીરિક અને માનસિક) દુઃખોથી પીડિત થયેલું જાણીને, વળી જેઓએ કરુણા (કૃપા) રસથી (પૂર્વના ત્રીજા ભવમાં જગતના જીવોને તેવા દુઃખોથી મુક્ત કરીને મોક્ષસુખ પ્રાપ્ત કરાવવાની તીવ્ર ભાવનાથી) તીર્થંકર નામકર્મને બાંધીને-નિકાચિત કરીને (છેલ્લા ભવમાં) સર્વ સંસારના સુખોનો ત્યાગ કર્યો અને કેવળજ્ઞાન રૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરનારા થયા. વળી સ્યાદ્વાદ-સિદ્ધાંતને કહેવામાં કુશળ જેઓ અત્યંત શુદ્ધ એવા જૈન-તત્વનો અર્થાત્ શ્રી જિનેશ્વરદેવે કહેલ તત્વનો અથવા જિનધર્મના તત્વનો ઉપદેશ આપનારા છે એવા (મોહનો નાશ દ્વારા) સર્વ ગુણોને પ્રાપ્ત (પ્રગટ) કરનારા **શ્રી ચંદ્રપ્રભ-સ્વામી** પ્રભુ (મારા-સર્વના) મહાનંદના = મુક્તિ સુખના કારણ થાઓ. (૮)

**काव्यप्रभा- ज्ञात्वेत्यादि** । **य इदमखिलं जगद् दुःखाभितप्तं ज्ञात्वेति** अन्वयः । **इदमिति** प्रत्यक्षं, **अखिलं** समस्तं, **जगद्** लोकत्रयं, किंभूतं ? **दुःखाभितप्तमिति दुःखं** शारीरं मानसञ्च, तेन **अभितप्तं** संतप्तं पीडित-मित्यर्थः । इत्थं ज्ञात्वा किं कृतमित्याह–**किञ्चेति** पुनः **कृपाभावभावादिति कृपायाः** करुणायाः अकामसर्वजीवदुःखप्रहाणेच्छारूपाया यो **भावो** रस आन्तरसंवेदनमिति यावत्, तस्य **भावात्** सद्भावात् स्वात्मनि परिणमनादिति

यावत् । **तीर्थनाम** इति तीर्थङ्करत्वप्रयोजकं तीर्थकृन्नामकर्म, तद् **आप्त्वा** बद्ध्वा इत्यर्थः । एवं विधाय किंकृतमित्याह-**अखिलसुखं** समस्तं भौतिकं पौद्गलिकं सुखं **अत्यजत्**-तत्याज । ततः **प्राप्तकैवल्यलक्ष्मी**रिति प्राप्ता **कैवल्यमिति**-केवलज्ञानमेव **लक्ष्मीः** संपत् येन स तथा ।

**स्याद्वादं** अनेकान्तवादं **वावदूकः** वचनकुशलः सन् यः **सुशुद्ध**मिति सप्तनय-सप्तभङ्गीसहितं पूर्वापरविरोधपरिहारस्वरूपं **जैनतत्वं** जिनोक्त-जीवाजीवादिवस्तुस्वरूपं सम्यग् उपदिशति, स **जितसकलगुणः** जिताः प्रकटिताः सकला गुणाः येन स तथा, निःशेषकर्मक्षयप्रकटितानन्तगुण इत्यर्थः । कोऽसौ ? **चन्द्राख्य** श्रीजिनेश इति पदैकदेशेऽपि पदोपचारात्, **चन्द्रप्रभः** प्रभुः अष्टमो जिनेश्वरो भगवानित्यर्थः । प्रार्थयते-**स्यान्महानन्दहेतु**रिति । अत्र मम भव्यानामिति वा पदं शेषं दृष्टव्यम् । **स्यात्** भवतु **महानन्दस्य** मोक्षस्य **हेतुः** कारणमित्यर्थः । इति अष्टमजिनकाव्यार्थः ॥

## अथ श्रीसुविधिनाथप्रभुं वन्दमान आह -

सुविधिरविधिनाशी मोक्षशिक्षाविधाता
स **सुविधि**जिननाथः स्याज्जगत्शान्तिदाता ।
त्रिजगदपि यदीयं शासनं स्वीकरोति,
सकृदपि भुवि दृष्टा दुष्कृतौघं हरन्ति ॥ ९ ॥ (मालिनी)

**प्रेमसुधा : :** હવે સુવિધિનાથ પ્રભુને વંદના કરતાં કહે છે-સારો, સમ્યક્ અથવા સંપૂર્ણ વિધિ=એટલેકે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીરૂપ મોક્ષ-માર્ગ જેઓ પાસે છે, તથા જેઓ અવિધિનો અર્થાત્ મોક્ષમાર્ગની વિરાધનાનો નાશ કરનારા છે, અને મોક્ષ સંબંધી-મોક્ષના કારણભૂત શિક્ષાના- ઉપદેશના કરનારા છે, તે સુવિધિનાથ પ્રભુ જગતને શાંતિ આપનારા થાઓ. ત્રણેય જગતના જીવો જેઓનું શાસન (આજ્ઞા) સ્વીકારે છે, તેઓ સુવિધિનાથ પ્રભુ એકવાર પણ (ભાવથી) જોવાયા છતાં દુષ્કૃતોના સમૂહને હરે છે / દૂર કરે છે. (૯)

**काव्यप्रभा- सुविधि**रित्यादि । **सुविधिजिननाथः जगत्शान्तिदाता स्या**दिति अन्वयः । किंविशिष्ट सुविधिजिनः इत्याह - सु=सम्यक्, सुष्ठु वा परिपूर्ण-

तया **विधि**रिति सम्यग्दर्शनज्ञानचारित्ररूपः रत्नत्रयात्मको मोक्षपथः यस्य स **सुविधिः** । पुनः किंविशिष्टः ? **अविधिनाशी** । न विधिः दुष्टु वा विधिरति अविधिः मोक्षपथविराधना । तं नाशयितुं शीलं यस्य स **अविधिनाशी** । पुनस्तमेव विशेषयति-**मोक्षे**त्यादि । मोक्षस्य मोक्षानुकूला वा **शिक्षा** उपदेश इति मोक्ष-शिक्षा । तस्या **विधाता** कर्ता तथा । कश्चासावित्याह-**स सुविधिजिननाथः** नवमो जिनवरः । कथं भवतु ? **जगत्शान्तिदाता** । **जगतां** जगज्जीवानां शान्तिरिति दुःखानां दोषानां च प्रशमस्तस्येत्यर्थः । **दाता** विधाता **स्याद्** भवतु ।

त्रिजगदपीत्याद्यन्वय सुगमः । **त्रिजगदिति** ऊर्ध्वाधस्तिर्यग्लोकत्रयं, तदन्तर्वर्ति-चेतनाऽचेतनपदार्थाः विशेषतो जीवाः **यदीयं** येषां **शासनं** आज्ञां **स्वीकरोति** अङ्गीकरोतीत्यर्थः । **अयं भावः** – ये त्रैलोक्यवर्तिनः सर्वे चेतनाः पदार्था मोक्षगामिनः संसारगामिनो वा स्युः, ते सर्वे जिनेश्वरस्य शासनं आज्ञारूपं स्वीकुर्वन्ति । **ननु** कथं संसारिणोऽपि जिनाज्ञानुयायिनः स्युरिति **चेत्, उच्यते** यथा जिनाज्ञाया आराधकाः शिवगामिनो भवन्ति, तथा जिनाज्ञाया एव विराधका अनन्तदारुणसंसारे परिभ्रमणशीला भवन्ति । ततश्च यदित्थं भवभ्रमण-प्रयोजिका या विराधना, तस्याः सम्बन्धिनी (प्रतियोगिनी) जिनाज्ञैव भवति । न हि अन्यस्य कस्यचिद्राजादेराज्ञाया विराधना नियमेन संसारभ्रमण-हेतुर्भवति, अपि तु जिनेश्वरस्यैवेति अतो विराधनाद्धारेण जिनाज्ञैव भवभ्रमणहेतुर्भवेदिति न सा विराद्धव्येति भावः । उक्तं च –

**रन्नो आणाभंगे इक्कुच्चिय होइ निग्गहो लोए ।**
**सव्वण्णुआणभंगे अनंतसो निग्गहो होइ ॥ (संबोधसित्तरी गा.४२)**

अपि चोक्तं **श्री वीतरागस्तोत्रे** कलिकालसर्वज्ञैर्यथा-

**आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥ इति ॥**

(वीत.स्तो.प्र.१९,श्लो.४)

भगवदाज्ञा **आराद्धे**ति त्रिकरणशुद्ध्या सम्यगाराधिता सती **शिवाय**-मोक्षाय, **विराद्धे**ति अज्ञानप्रमादादिभिरवधीरिता सती **भवाय** संसाराय जायते इति ।

एवं चात्र सर्वत्र प्रवृत्तौ श्रीजिनेश्वरस्याऽऽज्ञैव, शासनमेव हेतुर्भवतीति सम्यगुक्तं – **त्रिजगदपि यदीयं शासनं स्वीकरोतीति** । ये एवंभूताः प्रभाव-

वन्तो प्रकृष्टगुणवन्तो भगवन्तो वीतरागाः प्रकृते श्री सुविधिनाथास्ते **सकृदपि** एकवारमपि **भुवि** पृथ्वीतले **दृष्टाः** भावतो ज्ञानचक्षुषाऽवलोकिताः सन्तः द्रष्ट्राणां **दुष्कृतौघं** पापसमूहं **हरन्ति** निर्जरन्ति क्षपयन्तीत्यर्थः। **अयमाशयः**- यदि जिनेश्वराणां वीतरागाणां सद्भूतगुणैरवलोकनमपि तावद् दूरितापहारि, तर्हि तेषां स्तुतिजापध्यानादीनां आज्ञापालनविधिसहितानां क्रियमाणानां तु का वार्तेति भाव इति नवमजिनस्तुत्यर्थः॥ ९॥

## श्रीशीतलनाथप्रभुं स्तुतिगोचरं करोति -

धर्मात्मशस्याय सुशस्यवृष्टिः,
पापाख्यघर्मापहरः समीरः।
गर्भेऽपि दाहस्य पितुः प्रणाशी,
हे **शीतला**ऽर्हन् ! रचय प्रशान्तिम्॥ १०॥ (इन्द्रवज्रा)

**પ્રેમસુધા : શ્રી શીતલનાથપ્રભુ**ની સ્તુતિ રચે છે - ધર્મરૂપી પાકને (ઉગાડવા) માટે શ્રેષ્ઠ વૃષ્ટિ/વરસાદ સમાન, પાપરૂપી ગરમીને દૂર કરનાર (ઠંડા) પવન રૂપ, તથા ગર્ભમાં હોતે છતે જેઓના પ્રભાવથી માતાનો સ્પર્શ કરતાં જ પિતા - દઢરથના (પિત્તના) દાહનો નાશ થયો હતો એવા **હે શીતલનાથ !** અરિહંત પ્રભુ ! આપ પ્રકર્ષે (સર્વની) શાંતિ કરો. (૧૦)

**काव्यप्रभा- धर्मात्मे**त्यादि। **हे शीतलाऽर्हन् ! प्रशान्तिं रचये**ति सम्बन्धः। किं विशिष्टोऽसौ शीतलोऽर्हन्नित्याह-**धर्मात्मे**त्यादि। **धर्मात्मे**ति ज्ञानादि-रत्नत्रयरूपं दानादिधर्मस्वरूपं वा यत् **शस्यं** धान्य तस्मै तन्निष्पादनायेत्यर्थः, **सु** अत्यन्तं **शस्या** शोभना इति **सुशस्या** रसयुक्ता प्रभूतधान्योत्पत्त्यनुकूला। काऽसौ ? **वृष्टिः** वर्षा। सुशस्या च सा वृष्टिश्चेति **सुशस्यवृष्टिः।**

पुनः किंविशिष्टः शीतल इत्याह-**पापख्ये**त्यादि। पापमेव आख्यं स्वरूपं यस्य तत् पापाख्यं, किम् ? घर्म औष्ण्यम्। पापाख्यं च तद् घर्म चेति पापाख्यघर्म। तं अपहरतीति **पापाख्यघर्मापहरः समीरः** शीतवायुरित्यर्थः। यथा समीरो घर्मं शमयति तथा शीतलोऽर्हन् पापं प्रशमयति विनाश-यतीत्यर्थः।

पुनस्तमेव विशेषयति**गर्भेऽपी**त्यादिना। अत्र यत्तदौ शेषौ द्रष्टव्यौ। ततश्चैवमर्थः-यः किल **गर्भे**ऽ**पि** मातुरुदरेऽपि स्थिते **पितुः दाहस्य** ज्वरस्य

**प्रणाशी** शमयिता बभूव, श्रूयते च त्रिषष्ठ्यादिषु प्रबन्धेषु यदुत गर्भस्थेऽपि प्रभौ जनन्याः स्पर्शमात्रेण तत्कालं पितुः **दृढरथस्य** पित्तदाहोपशमः सञ्जात इति । अत एव तस्य **शीतल** इति नाम स्थापितं पितृभ्यामिति ज्ञेयम् । एवं स्तुतो भगवान् प्रार्थ्यते-**हे ! शीतलाऽर्हन्** । इति दशमो जिनेश्वरः, तस्य सम्बोधनम् । **प्रशान्ति**मिति प्रकर्षेण प्रकृष्टा वा शान्तिरिति प्रशान्तिः, तां **रचय** कुर्वित्यर्थः । इति दशमजिनस्तुत्यर्थः ॥ १० ॥

## अथ श्रीश्रेयांसनाथप्रभोर्गुणोत्कीर्तनं करोति -

**श्रेयांस**! भो ! कथमहो ! त्वयि हृत्स्थितेऽपि,
दोषा अनेकभविका विगलन्ति जन्तोः ?
यद्वा मयूरसुरवा ननु नष्टबन्धान्,
कुर्वन्ति किं न भुजगान् किल चन्दनस्थान् ॥ ११ ॥
(वसन्ततिलका)

**प्रेमसुधा :** હવે **શ્રી શ્રેયાંસનાથ પ્રભુ**ની સ્તુતિ કરે છે - **હે શ્રેયાંસનાથ પ્રભુ !** અહો આશ્ચર્ય છે કે, આપ હૃદયમાં હોતે છતે જીવના અનેક ભવોના (સંચિત) પાપો શી રીતે વિલય-નાશ પામે છે ? (દ્રષ્ટાંત દ્વારા સમાધાન કરે છે -) અથવા મોરના સુંદર અવાજો = ટહુકારો ખરેખર શું ચંદનના વૃક્ષ ઉપર રહેલાં-વીંટળાયેલાં સર્પોને બંધનરહિત-શિથિલ બંધનવાળા કરતાં નથી ? અર્થાત્ કરે જ છે. (**ભાવાર્થ** એ છે કે જેમ મોરના ટહુકારથી ચંદનના વૃક્ષ ઉપર રહેલાં સર્પો ભયથી શિથિલ-બંધનવાળા-બંધનરહિત થાય છે તેમ આપ હૃદયમાં હોતે છતે જીવના પાપના બંધનો પણ દૂર થઈ જાય છે તેમાં કોઈ આશ્ચર્ય નથી.) (૧૧)

**काव्यप्रभा- श्रेयांसे**त्यादि । **भो! श्रेयांस! त्वयि हृत्स्थितेऽपि दोषाः कथं विगलन्ती**ति अन्वयः । **भो श्रेयांस!** इति एकादशमजिनेश्वरस्य सम्बोधनम् । **त्वयि हृत्सिथितेऽपी**ति भवति मनसि वसति सति **दोषाः** इति रागद्वेषादयः कामक्रोधादयश्च भावात्मका हिंसादयो वा प्रवृत्त्यात्मकाः । किंविशिष्टा द्दोषास्तदाह-**अनेकभविकाः** अनेके भवा इति अनेकभवाः । ते सन्ति येषां ते अनेकभविकाः, अनेकभवनिष्पन्ना जन्मजन्मान्तरसञ्चिता इत्यर्थः । अतोऽ-

नेकस्वराद् (सि.हे.७-२-६) इति सूत्राद् मत्वर्थीय इकः प्रत्ययः। **अयं भावः** भगवति हृदये स्थिते सति आत्मस्था दोषाः कथं नश्यन्ति इति शङ्का ।

तामेव समाधत्ते-**यद्वे**त्यादि । **यद्वा ननु मयुरसुरवाश्चन्दनस्थान् भुजगान् नष्टबन्धान् किं न कुर्वन्ति ?** इति सम्बन्धः । **यद्वा** अथवा **ननु** निश्चितं मयूरस्य-सु शोभना रवाः **सुरवाः** मधुरटहुकाराः इति मयूरसुरवाः, **चन्दन-स्थान्** चन्दन-वृक्षशाखावेष्टितानित्यर्थः । कानित्याह **भुजगान्** सर्पान् किंविशिष्टान् ? नष्ट-बन्धान् विगतबन्धान् । इदं तु विधेयात्मकं विशेषण-मस्ति । **किं न कुर्वन्ति ?** अपि तु कुर्वन्त्येवेत्यर्थः।

अत्र काव्ये भगवति हृदि स्थिते दोषा विगलन्ति इत्यर्थस्य मयूरादि-साधारणदृष्टान्तेन समर्थितत्वात् **अर्थान्तरन्यासः** काव्यालंकारो ज्ञेयः । यथा वनमध्यस्थितस्यापि मयूरस्य टहुकाराः चन्दनवृक्षस्थान् भुजगान् नष्टबन्धान् विदधाति तथा हृदयस्थोऽपि भगवान् जीवान् अनेकजन्मान्तरीयकर्मबन्धन-रहितान् करोतीत्यत्र न कश्चिच्चित्रमिति एकादशमजिनस्तुत्यर्थः ॥ ११ ॥

## अथ श्रीवासुपूज्यप्रभुं प्रशंसन्नाह -

चतुर्वर्णसङ्घस्य सौख्यप्रदाता,
जिनेशस्य तीर्थस्य सम्यक् प्रवक्ता ।
सुरेन्द्रैश्च सर्वैः कृता यत्सपर्या,
स वो वासुपूज्यः प्रदद्यात् सुचर्याम् ॥ १२ ॥
(भुजङ्गमप्रयातम्)

**प्रेमसुधा :** હવે **શ્રી વાસુપૂજ્યસ્વામી**ની સ્તુતિ કરે છે-ચતુર્વિધ સંઘને સુખ (સમાધિ) આપનારા તેમજ શ્રીજિનેશ્વર પ્રભુના શાસનના સમ્યક્=હિતકર વચનો બોલનાર અથવા સસૂત્ર વચનો કહેનાર, તથા સર્વ દેવેન્દ્રોએ જેઓની પૂજા કરી છે તે **શ્રી વાસુપૂજ્યસ્વામી** તમને સુંદર ચર્યા-આચરણ આપો. (૧૨)

**काव्यप्रभा- चतुवर्णे**त्यादि । **स वासुपूज्योः वः सुचर्यां प्रदद्यादि**ति अन्वयः । किंविशिष्टः स वासुपूज्य इत्याह-**चतुर्वर्णे**त्यादि । य इति शेषः । चत्वारि वर्णाः भेदाः प्रकाराः यस्य स **चतुवर्णः** चतुर्विध इत्यर्थः । स चासौ सङ्घश्च इति चतुर्वर्णसङ्घः । तस्य सौख्यप्रदाता समाधिदातेत्यर्थः । उक्तं च

*समाधिसौख्यान्न परं च सौख्यमिति हृदयप्रदीपषट्त्रिंशिकायाम्* । पुनः किंविशिष्टः ? **जिनेशस्य** सम्बन्धिनस्**तीर्थस्य** शासनस्य **सम्यक्प्रवक्ता** । **सम्यक्** भव्यजीवबोधानुकूलं स्याद्वादगर्भितं संसारनिर्वेदसंवेगादिगुणाधान-कृद्वचनं प्रवक्तीति **प्रवक्ता** उपदेष्टा । पुनः विशेषयति-**सुरेन्द्रैश्चे**त्यादिना । **सर्वैः सुरेन्द्रैः** देवेन्द्रैः उपलक्षणत्वादसुरेन्द्रैश्च । अथवा सर्वैरितिविशेषणात्-समस्तानां चतुष्षष्टेः इन्द्राणां ग्रहणम् । तैर्यस्य **सपर्या** पूजेति **यत्सपर्या कृता** विहिता विशेषतो जन्मकल्याणकादिष्विति गम्यम् । **स वासुपूज्यः** द्वादशमो भगवान् **वः** युष्मभ्यं **सुचर्यां** शोभनाचारं चारित्रमिति यावत् **प्रदद्यात्** अर्पयतु इत्यर्थ इति द्वादशमजिनकाव्यार्थः ॥ १२ ॥

## अथ श्रीविमलनाथस्वामिनं श्लाघते -

याचे न दिव्यसुखमर्हनहं तवाग्रे,<br>
याचे न चापि विशरारुनृजन्मसौख्यम् ।<br>
याचे तु मोक्षमखिलं **विमलाख्यनाथ** !<br>
चक्रीशमाप्य भुवि को समितां नु वाञ्छेत् ? ॥ १३ ॥

(वसन्ततिलका)

**પ્રેમસુધા :** હવે **શ્રી વિમલનાથ પ્રભુ**ની સ્તુતિ કરે છે - હે અરિહંત ! **વિમલનાથ પ્રભુ !** હું આપની પાસે દેવલોકના સુખની માંગણી કરતો નથી. વળી મનુષ્ય જન્મના નાશવંત સુખોની પણ યાચના કરતો નથી. પરંતુ, સંપૂર્ણ મોક્ષની-સિદ્ધિગતિની યાચના કરું છું. ખરેખર, ચક્રવર્તી રાજાને પામીને ઘઉંના લોટને કોણ માંગે ? અર્થાત્ કોઈ ન માંગે. (ઉલટું, નવસેરો હાર જેવી કિંમતી વસ્તુ માંગે. તેમ ભવોદધિતારક સમર્થ પ્રભુને પામીને કોણ ઐહિક નાશવંત પૌદ્ગલિક વસ્તુ માંગે ? એમ ભાવ છે.) (૧૩)

**काव्यप्रभा- याचे** इत्यादिना । **हे विमलाख्यनाथ ! हे अर्हन् ! अहं तवाग्रे दिव्यसुखं न याचे** इति अन्वयः। **हे विमलाख्यनाथ !** हे त्रयोदशमजिनवर ! **हे अर्हन्** । अष्टप्रातिहार्यादिपूज्य ! **अहं तवाग्रे** तव पुरः **दिव्यसुखं** स्वर्गसुखं **न याचे** न प्रार्थये अशाश्वतत्वात् पौद्गलिकत्वात् पराधीनत्वाच्च, भवता निषिद्धत्वादिति यावत् । अपि चाहं **विशरारुनृजन्मसौख्य**मिति **विशरारु**-

विनाशशीलं च तद् **नृजन्मसौख्यं** मानवभवपौद्गलिकसुखमिति विशरारु-नृजन्मसौख्यम्। तन्न **याचे** नाभिलषामि। पूर्वोक्तहेतुभिरेव।

तर्हि किं प्रार्थयसे इति जिज्ञासायामाह-**तु** इति पक्षान्तरसूचकोऽव्ययः। अहं पुनः **अखिलं** सर्वकर्मक्षयात्मकमित्यर्थः। कम्? **मोक्षं** सिद्धिं याचे। तस्यैव भगवत्कृपालभ्यमोहक्षयकार्यत्वेन दुष्करत्वादिति।

**ननु** मोक्षरूपं फलं दुर्लभं परोक्षञ्चेति प्रभूतजन्मसाधनालभ्यमस्ति। अतः सुलभस्य प्रत्यक्षस्य च भोगसुखस्यैव प्रार्थना ज्यायसीत्याशंङ्क्याह-**चक्रीश-माप्येत्यादि। भुवि चक्रिणमाप्य को नु जनः समितां वाञ्छेदि**त्यन्वयः। **भुवि** लोके **चक्रीशं** चक्रवर्तिनं षट्खण्डाधिपतिं **आप्य** आसाद्य **को नु** इति वितर्के, **समिता**मिति गोधूमचूर्णरूपां **वाञ्छेत्** अभिलषेदिति। न कोऽपीत्यर्थः। **अयमाशयः** यथा लोके प्रभूतैश्वर्यवतश्चक्रवतिर्नः पुरो न कोऽपि समितां याचते, अपि तु सौवर्णहारादिकं बहुमूल्यं वस्तु। तद्वन्महा-समर्थं अचिन्त्यशक्तियुक्तं योगिनं तीर्थङ्करं प्राप्य मोक्षलक्षणस्योत्कृष्ट-फलस्यैव प्रार्थना न्याय्या, भोगसुखस्य गोधूमचूर्णकल्पस्य निमित्तान्तरेणापि लभ्यत्वादिति त्रयोदशमजिनस्तुत्यर्थः॥ १३॥

## अथ श्रीअनन्तनाथप्रभुं स्तुतिगोचरं करोति -

विश्वात्मवैश्वानरशान्तिवारि,
मिथ्यात्वरोगोपशमे गदारिः।
अनन्तजातेश्च मृतेः कृतान्तः,
सोऽनन्तनेतः! कुरु मे भवान्तम्॥ १४॥
(उपजातिः)

**પ્રેમસુધા :** હવે **શ્રી અનંતનાથ પ્રભુ**ની સ્તુતિ કરે છે. વિશ્વ = સંસાર - જગતરૂપી જે વૈશ્વાનર = અગ્નિ, તેને શાંત કરવામાં પાણી સમાન, મિથ્યાત્વ એટલે વિપરીત મતિ, અજ્ઞાનતારૂપી રોગનું શમન કરનાર વૈદ્ય (અથવા ઔષધ) સમાન, તથા અનંત જન્મ અને મરણનો નાશ કરવામાં યમરાજ સમાન (અથવા અનંત જન્મ-મરણનો અંત કરનાર) એવા **હે શ્રી અનંતનાથ ભગવાન !** આપ મારા ભવના - સંસારના અંતને (અર્થાત્ મોક્ષને) કરનારા થાઓ. (૧૪)

**काव्यप्रभा- विश्वात्मे**त्यादि ! **हे अनन्तनेतः ! स त्वं मे भवान्तं कुरु** इत्यन्वयः । किं विशिष्टोऽनन्तनाथ इत्याह-**विश्वात्मे**त्यादि । **य** इति पदं शेषम् । **विश्वात्मा** जीवाजीवादिजगद्रूपो शारीरमानसादिदुःखोपद्रवैर्विषय-कषायैरार्तरौद्रध्यानाभ्यां वा ज्वलितत्वाद् यो **वैश्वानरो** वह्निः स विश्वात्म-वैश्वानरः । अत एतोक्तं-*अट्टे लोए* इति । **आर्तो** दुःखितोऽयं लोकः । रोगादिशारीरदुःखैः आर्तध्यानादिमानसदुःखैश्च पीडितत्त्वादिति । तस्य **शान्तये** प्रशमनाय **वारीव** नीरनिभ इति **विश्वात्म-वैश्वानरशान्तिवारि** ।

पुनः सोपमं विशेषणं योजयति-**मिथ्यात्वे**त्यादि । **मिथ्यात्व**मिति-विपरीतज्ञानं धर्मादिष्वधर्मादिबुद्ध्यात्मकं, तदेव रोग इति मिथ्यात्वरोगः । तस्य **उपशमे** उपशमनाय नाशायेत्यर्थः । **गदारि**रिति **गदानां** रोगानां **अरिः** शत्रुरिति **गदारिः** वैद्यः औषधं वेत्यर्थः ।

